—: પ્રકાશકનું નિવેદન :—

વહાલા વૈષ્ણવોને જણાવતાં આનંદ અનુભવી રહયો છું.શ્રી ગોવર્ધનનાથજીના અનુગ્રુહ,શ્રી વલ્લભની કૃપા,શ્રી ગુરૂદેવની આજ્ઞા સાથે આશીર્વાદ અને વલ્લભી વૈષ્ણવોના સહકારથી આ શ્રી હરિરાયજી મહાપ્રભુનાં વચનામૃત તથા જીવનચરિત્રનું પુસ્તક વલ્લભના પ્યારા વહાલા વૈષ્ણવોનાં કરકમલમાં મુકતાં આનંદ થાય છે. આનંદ એ તો શ્રીપૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રીયશોદાસંગલાલીત શ્રીનંદનંદનનું સ્વરૂપ છે, એ તો ભગવદીયોની ભગવત મંડલીમાંથી જ પ્રાપ્ત થાય, મારા પ્રકાશનના નાનામોટા ૧૫ પુસ્તકો અત્યાર સુધિમાં છપાણાં છે તે વૈષ્ણવો અને ગો—સ્વામી બાલકો એ વાંચી આશીૃવાદ રૂપી પત્રો પણ આવ્યા છે.હવે ૧૬મું પુસ્તક ઉપર જણાવ્યું તેમાં સો વચનામૃત,લીલાપ્રસંગો,ટુંકુ જીવનચરિત્ર, દશમર્મનો ભાવાર્થ સાથે આશોચદર્પણ અને પુષ્ટિમાર્ગ વિશે ટુંકમાં સમજણ આપી છે. તે પણ વૈષ્ણવોને વાંચીને આનંદ આવશે એવી આશા રાખુ છું. મારા પ્રકાશનનો હેતુ મારા નિવેદનમાં આપું જ છું. હું પ્રકાશનમાં જે વધારો થાય તે રકમ નવા પ્રકાશનમાં અને વધારો થાય તો કોઈ ધાર્મિક ફંડમાં વિનિયોગ કરાવું છું. અને અમુક પુસ્તક દરેક વલ્લભ—વંશ જ બાલકોને પધરાવી આપુ છું અને સત્સંગમંડળમાં કે દ્રવ્ય સહાયકોને ભેટમાં આપુ છું. એ સિવાય કોઈ નિષ્કિંચન વૈષ્ણવ હોય તેઓ ને ફ્રિ આપુ છું. મારા પુસ્તકોનો સદઉપયોગ થશે ત્યાં જ પધરાવું છું.પરંતુ તે મુળરકમ પુરી થઈ ગયા બાદ વધારામાંથી આપુ છું.હું લેખક કે સંપાદક નથી, પરંતુ કોઈ પુરાણુ પુસ્તક હાથ આવી જાય અને મારૂં દીલ થાય એટલે તે ગો—બાલકોની આજ્ઞા મેળવીને તે પુસ્તકમાંથી સંકલન કરી ને પ્રકાશન કરૂં છું અને તેને આજીવિકાનું સાધન બનાવતો નથી. લાલચ એક જ છે કે ભગવતનામનો પ્રચાર શ્રી મહાપ્રભુજીના સંદેશા રૂપે વૈષ્ણવોના ઘરેઘરે પહોંચાડવો એ જ અભિલાષા છે માટે દરેક વૈષ્ણવોને વિનંતી કરૂં છું. કે આપણા આચાર્યો રચીત ગ્રંથોનું વાંચનમનન કરી સેવા અને સંતસંગમાં મસ્ત બની આપના સંગમાં રહેલા વૈષ્ણવોને પણ ભક્તિ ભાવમાં તરબોળ કરશો. તો જ આપણે વલ્લભના સાચા વફાદાર સેવક બની શકશું. એ જ લી. દા. ઠા. ગોરધનદાસ કરશનદાસ વીઠલાણીનાં સદૈન્ય ભગવત સ્મરણઃ

શ્રી નાથજી સ્ટોર્સ એમ.જી. રોડ, માંગરોળ. ફોન—૨૨૩૬૦૯,રે.૨૩૪૯૧	**શ્રી મધુવન નોવેલ્ટી** જેઈલ રોડ, માંગરોળ. ફોન—૨૨૩૫૩૬,રે.૨૨૩૪૯૨	**જીતેન્દ્રકુમાર વીઠલાણી** **શ્રી મધુરેશ સ્ટોસ** જોધપુર ગેઈટ, જામખંભાળીયા. ફોન—૨૩૪૦૫૮

ગુરૂદેવ—ગો—૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજ – તિલકાયત નાથ દવારા
ગો—વા—૫—ભ—શાંતિલાલ પુંજાલાલ ચોકસી, હઃ ૫—ભ—ગં—સ્વ.—રાધાબેન, ચિ. વલ્લભદાસ, ચિ. ઘનશ્યામ તથા અ.સૌ. કુસુમબેન ભદ્રેશકુમારનાં શ્રી ગુરૂદેવના ચરણોમાં દંડવત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ ઈ—૩—આનંદ એપાર્ટમેન્ટ વાસણા ટેલીફોન એક્ષેંજની પાછળ અમદાવાદ
ફોન—(૦૭૯)૨૬૦૧૩૮૭

....

ગુરૂદેવ —ગો—૧૦૮ શ્રી ગોવિંદરાયજી તિલકાયત મહારાજ નાથદવારા
ગો—વા—૫—ભ— ઠાકોરલાલ પુંજાલાલ ચોકસી હ.૫—ભ—ગં.—કમળાબેન, ચિ. માધવદાસ, અ.સૌ.મીનાબેન, ચિ. રાજેન્દ્ર – અ.સૌ. હેમાબેન ચિ. જયેશ, અ.સૌ. પિન્કીબેન, ચિ.—ગં.સ્વ. શ્રુતિબેન રમેશચંદ્ર કાપડીયા, ચિ.—અ.સૌ.જયશ્રી બેન ગિરીશચંદ્ર ઝવેરી, ચિ.—અ.સૌ. સુધાબેન કૃષ્ણ કાન્ત ચોકસીનાં શ્રી ગુરુદેવના ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રીકૃષ્ણ. ન્યુ મોતીલાલ જ્વેલર્સ, પડીપોળ માંડવી રોડ વડોદરા.ફોન—માધવભાઈ (૦૨૬૫) ૨૬૬૨૭૪૦.

....

ગુરૂદેવ—ગો—૧૦૮— શ્રી વ્રજભુષણ લાલજી મહારાજ (કાંકરોલી નરેશ) કાંકરોલી
ગો—વા—૫—ભ— ભગવાનદાસ પુંજાલાલ ચોકસી, હ.ગં.સ્વ.મદનબેન, ચિ. હરિદાસ—અ.સૌ.ઉષાબેન, ચિ. મનોજકુમાર, અ.સૌ. કુસુમબેન, ચિ.નરેન્દ્ર કુમાર, અ.સૌ.મીનાબેન, ચિ. અતુલકુમાર, અ.સૌ.હર્ષાબેન, ચિ.ભારતીબેન, વસંતકુમાર દેસાઈનાં શ્રી ગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ, વડોદરા. નરેન્દ્રકુમાર ફોન—(૦૨૬૫) ૨૨૮૧૦૪૭.

....

ગુરૂદેવ—ગો—૧૦૮— શ્રી વ્રજભુષણ લાલજી મહારાજ (કાંકરોલી નરેશ) કાંકરોલી
૫—ભ—જી—પી—ચોકસી એડવોકેટ તથા અ.સૌ. સુશીલાબેન, ચિ.ડો. બકુલાબેન, ચિ.જયેશકુમાર, અ.સૌ.નિશાબેન ચિ. અભિષેક, ચિ.અભિજીતનાં શ્રીગુરૂદેવના ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ, અભિષેક કલાસીસ, જે.સી. ઈન્વેસ્ટ કન્સલટન્ટ, તથા ચોકસી એન્ડ કું. જી.પી. ચોકસી. એડવોકેટ મારવાડી બિલ્ડીગ ગાંજાવાલા લેન બોરીવલી(વેસ્ટ) મુંબઈ—૪૦૦૦૯૨
ફોન—(૦૨૨)૮૯૩૮૯૭૨, ૮૯૩૫૪૮૫, ૮૯૫૩૩૨૨૮

....

ગુરૂદેવ —ગો—૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજ પોરબંદર.
ગો—વા—હરિદાસ નારણદાસ ઠકરાર, ગો—વા દિવાળીબેન હરીદાસ, ૫—ભ ઓધવજી નારણદાસ અ.સૌ. કંચનબેન ઓધવજી, ગોરધનદાસ નારણદાસ, અ.સૌ. શાંતાબેન ગોરધનદાસ, તથા પરિવારનાં શ્રી ગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ

॥ શ્રી નવનીત પ્રિય વિજયતે ॥

શીક્ષાપત્રના રચનાર

શ્રી હરિરાયજીનાં એકસો વચનામૃત

સાથે ટૂંકું જીવન ચરિત્ર, લીલા પ્રસંગો દશર્મમનો ભાવાર્થ, સેવા વિશેની ટુંકી સમજુતી, પંચાક્ષર મંત્ર, ગર્ભસ્તોત્ર ભાવાર્થ સાથે આશોચ દર્પણ

શ્રી દ્વારકેશ પ્રભુના ચરણોમાં સમર્પિત

આવૃતિ પહેલી
પ્રત ૨૦૦૦
પ્ર. ૨૦૦૩

પ્રકાશન સહાય
રૂા. ૧૫-૦૦
પોસ્ટે ખર્ચ સાથે

સંકલન-પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન

ઠા. ગોરધનદાસ કરશનદાસ વીઠલાણી-માંગરોળ-૩૬૨૨૨૫.

શ્રી નાથજી સ્ટોર્સ
એમ.જી. રોડ, માંગરોળ.
ફોન-૨૨૩૬૦૯,રે.૨૨૩૪૯૧

શ્રી મધુવન નોવેલ્ટી
જેઈલ રોડ, માંગરોળ.
ફોન-૨૨૩૫૩૬,રે.૨૨૩૪૯૨

શ્રી મધુરેશ સ્ટોર્સ
જોધપુર ગેઈટ,
જામખંભાળીયા.
ફોન-૨૩૪૦૫૮

—: રત્નકણિકા :—

૧. અન્યાશ્રય અને અસમર્પિત બે દુસાધ્ય રોગ છે. એ મટાડયા વિના પુષ્ટિમાર્ગમાં પ્રગતિ થાય જ નહિ. ૨. જે વૈષ્ણવ અન્યાશ્રય કરતો હોય અન્યની ઉપાસના કરતો હોય તેને કદી મળવું નહિ. તેના ઘરનું કાંઈ પણ લેવું નહિ. ૩. આપણા સ્વામી પુષ્ટિ પ્રભુ શું કરવા સમર્થ નથી. કે બીજા દેવદેવીઓ પાસે દોડવું પડે. ૪. આપણા જીવનમાં કલ્યાણ કરનારાં બે સાધનો છે. એક તો આપણા શ્રી ઠાકોરજીમાં દઢ વિશ્વાસ અને બીજો ભગવદભક્તોનો સંગ આ બન્ને સત્સંગમાંથી જ સુલભ બને. ૫. શ્રી ઠાકોરજીનાં ચરણકમલમાં સર્વ તિર્થો બિરાજે છે. માટે આપણા સેવ્ય સ્વરૂપને છોડી બીજે ભટકવું નહિ. ૬. સંસારનાં ક્લેશથી બચવું હોય તો પ્રભુ સેવા કરી, ચિતમાં ઉદવેગ કરશો તો પણ કૃષ્ણને કરવું હોય તે જ કરશે. ૭. ભગવદીયો પ્રસન્ન થાય તો પ્રભુ પ્રસન્ન થાય ભગવદીયના સંગથી પુષ્ટિમાર્ગની રીત સમજાય.

૮. શ્રી ઠાકોરજીની સેવા કોઈના ભરોસે સોંપવી નહી.

૯. આપણી માથે જે સ્વરૂપ બીરાજતું હોય તેની સેવા આપણે જ કરવી.

ગુરૂદેવ—ગો—૧૦૮— શ્રી વલ્લભલાલજી મહારાજ મુંબઈ મિ—લી—ગો—૧૦૮ શ્રી વ્રજનાથલાલજી મહારાજ કચ્છમાંડવી, ગો—વા—પ—ભ—દામજી માધવજી રાયઠ્ઠા ગો—વા—સંતોકબેન દામજી, હઃપ—ભ— દેવજીભાઈ દામજીભાઈ, અ.સૌ. મુકતાબેન દેવજીભાઈ, રમેશકુમાર દેવજીભાઈ, રશ્મિબેન રમેશકુમાર, જીતેશકુમાર દેવજી, અ.સૌ. ચાંદનીબેન જીતેશકુમાર, અ.સૌ. રંજનબેન ચત્રભુજ વીઠલાણી રાજકોટ, અ.સૌ. નીતાબેન કિશોરકુમાર માંડળીયા પોરબંદર. અ.સૌ. સંગીતાબેન શશીકાન્ત લાખાણી પોરબંદર, અ.સૌ. સરલાબેન મહેશકુમાર કાનાબાર કુકસવાડા, અ.સૌ. પ્રફુલાબેન રમેશકુમાર એતા કેશોદ, તથા રાયઠ્ઠા પરિવારનાં શ્રી ગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ, આશીષ ટ્રેડર્સ ધાણીવારી ગલી પોરબંદર ફોન—૨૪૬૫૫૨, રે. ૨૫૩૦૩૨.

……

ગુરૂદેવ—ગો—૧૦૮ શ્રી વ્રજ ભુષણલાલજી — મહારાજ જામનગર

પ—ભ— માધવજી નાનજી ધનેશા, ગો.વા.પ.ભ. પાર્વતિબેન માધવજી, ઠા. કાન્તીલાલ માધવજી, અ. સૌ. મંજુલાબે કાન્તીલાલ, મુકેશકુમાર માધવજી, અ.સૌ. કુસુમબેન મુકેશકુમાર, પ્રદિપકુમાર માધવજી, અ.સૌ. ભાવનાબેન પ્રદિપકુમાર તથા પરિવારનાં શ્રી ગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ માધવમીલ, કેશોદ રોડ, માંગરોલ—૩૬૨ ૨૨૫. ફોન — ૨૨૨૦૩૬. મે. એમ. એમ. કું. ટાવર રોડ માંગરોળ. ફોન—૨૨૨૦૪૦.

……

।। શ્રી નવનીત પ્રીય વિજયતે ।।

।। શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુ વિજયતે ।।

✤ શ્રીહરિરાયજીનું ટૂંકુ જીવન ચરિત્ર લીલાપ્રસંગો સાથે ✤

શ્રીહીરરાયજીનું પ્રાગટય સં. ૧૬૪૭ ના ભાદરવા વદ ૫ ને દિવસે થયું. શ્રીહરિરાયજી શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ થયા. શ્રીમદવલ્લભાચાર્યજીનું પ્રાગટય સં. ૧૫૩૫ના ચૈત્રવદ ૧૧ને દિવસે થયું. ત્યારબાદ આપને ત્યાં બે લાલજી (૧) શ્રી ગોપીનાથજી (૨) શ્રીવિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજી) શ્રીમહાપ્રભુજીના દ્વિતિય લાલજી શ્રી વિઠ્ઠલનાથજી, નાદ્વિતિય લાલજી શ્રી ગોવિંદરાયજી થયા અને શ્રી ગોવિંદરાયજીના શ્રી કલ્યાણરાજીને ત્યાં ત્રણ લાલજી (૧) શ્રીહરિરાયજી, (૨) શ્રીગોપેશ્વરજી, (૩)વિઠ્ઠલનાથજી, શ્રીમહાપ્રભુજીના વંશમાં સેવારસ તથા કથારસનો પ્રવાહ શ્રીહરિરાયજીને સિધ્ધ થયોહતો, શ્રીહરિરાયજીને બ્રહ્મસંબંધનો લાભ પણ શ્રીગુંસાઈજીનાં ચતુર્થલાલ શ્રીગોકુલનાથ દ્વારા પ્રાપ્ત થયો હતો. શ્રી ગોકુલનાથજીનું જીવન ચરિત્ર જુઓ તો આપશ્રી ની અલૌકિક સેવાકથા વિશેની ઉતમ ભાવનાની માહિતી મલશે. શ્રીહરિરાયજી પણ એવા મહાનુભાવીઓની છાંયા હોય એ સંભવિત છે. શ્રી ગોકુલનાથજી એક મહાન આચાર્ય મહાનુભાવી ભગવદભાવ નિમગ્ન ગોસ્વામીશ્રી હતા. તેઓ શ્રી આચાર્યજી તથા શ્રીગુંસાઈજીનાં ગ્રથોનું અવલોકન કરી તેને આચરણમાં લેતા હતા. એવી આપશ્રીને સ્વમાર્ગ ઉપર રુચિ હતી., શ્રીહરિરાયજી પણ સેવા, કથા, સત્સંગ વિષે ખુબ રૂચિ ધરાવતા. શ્રીગુંસાઈજીએ શ્રી વિઠ્ઠલનાથજી, શ્રીઠાકોરજીનું સ્વરૂપ આપશ્રીના દ્વિતિય લાલજી શ્રી ગોવિંદરાયજી માથે પધરાવેલ તે સ્વરૂપ શ્રી વિઠ્ઠલનાથજીની સેવા શ્રીહરિરાયજી કરતા હતા, શ્રી હરિરાયજી ભુતલ ઉપર ૧૨૦ વર્ષ બિરાજી સેવા અને કથારસથી અને આપના ગ્રથો દ્વારા અનેક જીવોને પ્રભાવિત કરી દીધા છે. શ્રીહરિરાયજીના સમયમાં જ શ્રી ગોર્વધનનાથજીને વ્રજમાંથી મેવાડમાં – નાથ દ્વારામાં પધરાવ્યા હતા. તેનાં બે કારણો હતા, એક તો યવનોના ઉપદ્રવનું, તે કારણ તો મીષ માત્ર હતું. ભકતોને આપેલાં વરદાન માટે પણ આપ વ્રજ માંથી મેવારમાં પધાર્યા

હતા, તે દરમ્યાન શ્રી હીરરાયજી એ પણ આપના સેવ્ય સ્વરૂપ
વિઠ્ઠલનાથજીને (મેવાડ) નાથ દ્રવારામાં પધારાવ્યા હતા, શ્રીહરિરાયજી
ભગવદ વિરહની ભાવના એટલી તો તીવ્ર હતી કે એમનું દર્શન થતાં
જીવને શ્રીગોર્વધનધરણનાં દર્શનનો અનુભવ થઈ જતો,
ગોવર્ધનનાથજી જો પોતાને થોડો ઘણો પણ શ્રમ થયો હોય તો તે
હરિરાયજીને જણાવતા (નિવેદન કરતાં) શ્રી હરિરાયજી પણ આપ
સેવ્ય સ્વરૂપ સાથે શ્રીનાથજી ની પણ સેવાનો આગ્રહ રાખત
શ્રીહરિરાયજી વૃધ્ધાવસ્થામાં ખિમનોર બિરાજતા તે સમય દશ દિગ
વિજયી પણ તરૂણ એવા શ્રી ગોસ્વામી શ્રી પુરૂષોતમજી નાથદવાર પધાર
ત્યારે ઉષ્ણકાલનો સમય હતો. તેથી શ્રી નાથજીને ગ્રીષ્મઋતુ
નિયમાનુલાર મોજડી ધરી શકાય તેમ ન હતું. પરંતુ શ્રી પુરૂષોતમ
પ્રભુને સેવાશુંગાર કરવા હતા. તેમણે બહુભાવથી ગજમોતીની ભરાવે
મોજડીઓ શ્રીજીને ધરવા દેવા તે સમયના તિલકાય શ્રીને આગ્ર
કર્યો.તિલકાયશ્રીએ મોજડીઓ રાજભોગ પર્યન્ત ધરવા દેવાની આ
આપી. પરંતુ પુરૂષોતમજીએ ગજમોતીની હલકી મોજડીઓ રાજભો
પછી ઉત્થાપન સુધિ ધરી રાખવા પરિચારકોને સમજાવ્યું. અને તેમ પ
થયું. પરંતુ શ્રીનાથજી તો સુકુમાર છે. આવાં લાંબા સમય સુધિ મોજ
ધરાવવાથી પશ્રિમ પડશે. આવો વિચાર બાલપંડિત ગોસ્વામીને
આવ્યો. તેથી શ્રીનાથજીએ બિમનોરમાં બિરાજતાં અને માનસી સેવ
દવારા સાક્ષાત આનંદનુભવ કરતા શ્રીહરિરાયજીને આ વાતો જણાવી
શ્રી હરિરાયજી પોતે શ્રીપ્રભુને પરિશ્રમ ન પડે તેને માટે સવારી સદ
તૈયાર રાખતા, શ્રી હરિરાયજીએ તુરત જ ઘોડા ઉપર સવારી કરી સત્વ
ત્યાં પધારી મોજડીઓ વિજય કરી. શ્રીપુરૂષોતમજીમાં હગાધ પાણિત
હતું. છંતા શ્રીનાથજી એમને શ્રી હરિરાયજી જેવી સાનુભાવતા ન હતા
કાર કે શ્રી હરિરાયજી રહસ્ય સમજતા. તેમજ સમજાવતા. એક વખત
શ્રી પુરૂષોતમજીને શ્રીસુબોધિનીજી ઉપર પ્રકાશ લખતાં સંદેહ પડયો અ
તેથી પોતે ખિન્ન થયા. એમને ખિન્ન થયેલાં જોઈ એક વુધ્ધ બાઈએ
પુછયું કે જો આપની મહેર હોય તો શ્રીહરિરાયજી પાસે મેં જે શ્રવણ કર્
છે તે હું આપને નિવેદિત કરૂં. ૧. અને તેના નિવેદનથી રી પુરૂષોતમજીનો

સંદેહ નિવૃંત થયો અને પોતે બાઈને ધન્યવાદ આપ્યો. શ્રી હરિરાયજીએ ૧૨૦ વર્ષ જેવા દીર્ઘાયુષ્ય પર્યત ભુતલ ઉપર બિરાજી શુધ્ધ પુષ્ટિનુ દાન શરણાગત જીવોને કર્યું. શ્રી હરિરાયજીની કૃપાથી અનેક વૈષ્ણવોને પ્રભુકૃપાનું ફલમલ્યું. શ્રીગોકુલનાથજી તથા શ્રીહરિરાયજીનાં હદય એટલાં ઉદાર હતાં કે નીચ વા ઉચ્ચનો ભેદ રાખ્યા વિના સર્વને ભજનાનંદનો અનુભવ કરવાનો અધિકાર પોતે આપ્યો અને ભજનાનન્દના રસિકભક્તો બ્રાહ્મણ અગરે અન્ય ઉતરતાં વર્ણપણ ઉતરતા નથી એમ એઓશ્રી માનતા.શ્રી હરિરાયજીની દિનતા તો એવી હતી કે પોતાના ગ્રંથથી ઈતિ થી ઈતિ શ્રીહરિરાયજી વિરચિત એમ પોતે હરિના દાસ એવું નામ ધારણ કરે છે. શ્રીહરિરાયજીના જીવનમાં ત્રણ ભાગ થઈ શકે એમ છે. એક ભાગમાં પોતે કેવલ ભગવત્સેવા કરે છે. બીજા ભાગમાં શ્રીમહાપ્રભુજી શ્રીગુંસાઈજી તથા શ્રી ગોકૂલનાથજી કૃત ગ્રંથોનું પર્યાવલોકન કર્યુ. અને ગ્રંથો પર ટીકા કરી કેટલાક સ્વતંત્ર ગ્રંથો પણ લખ્યા, અને ત્રીજા ભાગમાં નિદિધ્યાસન અથવા શ્રી વ્રજાધીશના વિપ્રયોગમાં નિમગ્ન થઈ રહયા. આપશ્રી નાથદ્વારામાં બિરાજી શ્રીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરતાં હતાં. શ્રીનાથજીની સેવામાં કંઈ પણ ભુલ થતી ત્યારે શ્રીનાથજી શ્રીહરિરાયજીને જણાવતાં અને શ્રી હરિરાયજી પધારી ભુલ સુધારતા. આમ શ્રીનાથજીના તિલકાયત મહારાજ શ્રીપણ શ્રી હરિરાયજીનું ખુબ જ માન રાખતાં. એકવખત શ્રીહરિરાયજી પરદેશ બિરાજતા હતા, ત્યારે તેમને ભવિષ્યની વાતનો હદયમાં પ્રકાશ થયો, કે તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીનાં વહુજી ટુંક સમયમાં લીલામાં પધારશે. સેવામાં સહાયક શ્રી વહુજી લીલામાં જતાં શ્રી ગોપેશ્વરજીને દુઃખ થશે.તેથી તેમને લાગશે કે હવે હું એકલો કેવીરીતે સેવા કરીશ ? શ્રી પ્રભુને પરિશ્રમ પડે એવો આ દેહ નકામો છે. આમ ગોપેશ્વરજી દુઃખી થશે. એટલે શ્રી હરિરાયજીને આ ભવિષ્ય જણાતાંની સાથે જ શ્રીગોપેશ્વરજીને શિખામણના પત્રો લખવા માંડયા. કારણ કે શ્રી હરિરાયજી એ પ્રથમથી જ જાણ્યું કે શ્રી ગોપેશ્વરજી ગૃહભુગની વેદના રૂપી લૌકિક દુઃખથી ભગવત્સેવામાંથી બહિર્મુખ થશે અને તેમ થાય તે યોગ્ય નહિ. એમ સમજી શ્રી હરિરાયજી એ એક પછી એક શિક્ષાના પત્રોશ્રી ગોપેશ્વરજી ઉપર પરદેશ થી મોકલવા

માંડયાં. શ્રી ગોપેશ્વરજી તો પત્રો વાંચતા જ નહિ. ભગવત્સેવા કર્યા કરતાં, જેવા પત્રો આવે કે તુરત જ ગોખલામાં નાખી મુકતા, આખરે શ્રી ગોપેશ્વરજીના વહુજી લીલામાં પધાર્યા અને શ્રી હરિરાયજી ધારતા હતા તેમ શ્રી ગોપેશ્વરજીનું ચિત ભગવત્સેવામાં ન રહયું.ત્યારે એક સેવક વૈષ્ણવે હરજીવનદાસને તુરત પુછયું કે શ્રીહરિરાયજીના પત્રો આવે છે કે કેમ ? ત્યારે હરજીવનદાસે ગોખલામાં રાખેલાં પત્રો કાઢયાં તેમાંથી શ્રી ગોપેશ્વરજી એ એક પત્ર કાઢયો તે પ્રથમ પત્ર નીકળ્યો, એ પ્રથમ શિક્ષાપત્રવાંચતાં જ શ્રી ગોપેશ્વરજીના ચિતને આશ્વાસન મળ્યું. લૌકિક દુઃખ ભુલ્યા અને પ્રભુની સેવામાં તત્પર થયા. એમ કૂલ ૪૧ પત્રો શ્રી હરિરાયજીના આવ્યા હતા. તે વાંચ્યા, તેનું મનન કર્યું. વ્રજભાષામાં દરેક પત્રના શ્લોક ઉપર વિવેચન કર્યુ. શ્રી હરિરાયજી પ્રત્યેક પ્રત્રનાં પ્રારંભમાં પુષ્ટિમાર્ગીય સંમ્પ્રદાયનું ગુઢરહસ્ય સમજાવે છે. અને અન્તના શ્લોકમાં કવચિત પોતાના ઘર સંબંધી અંગત બાબતો લખે છે. શ્રી હરિરાયજીએ ૪૧ શિક્ષા પત્રો પરદેશથી શ્રી ગોપેશ્વરજીને મોકલ્યા પણ જયારે એમને માલમ પડયું કે શ્રી ગોપેશ્વરજી તો એકપણ પત્ર વાંચતા નથી ત્યારે ૪૧ પત્રો લખી વધુ લખવાનું બંધ કર્યું જો વધુ પત્રો લખ્યા હોત તો તેમાંથી આપણને વધુ જાણવાનું મળત. આથી એટલું તો સિધ્ધ થાય છે કે શ્રી ગોસ્વામી બાલકો પરદેશથી સંસ્કૃત ભાષામાં કામકાજનાં પ્રસંગમાં પત્ર મોકલતાં અને તેમાં શિક્ષાદાયક વચનામૃતો પણ લખતા. શ્રી હરિરાયજીએ સંસ્કૃતમાં વ્રજ ભાષમાં ગુજરાતીમાં અને મારવાડી ભાષામાં અનેક નાના મોટા ગ્રંથો કિર્તનો ઘોળપદ રચ્યાં છે. આપશ્રી એ અને શ્રીગોકુલનાથજીએ પ્રગટ કરેલ ૮૪—૨૫૨—વૈષ્ણવની વાર્તા ઉપર ભાવ પ્રકાશની નાની મોટી ટીકાઓ રચી તે વાર્તા સાહિત્યને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું છે. શ્રી હરિરાયજીએ વચનામૃતો પણ ઘણાં કરી વૈષ્ણવોને તેમનો લાભ આપ્યો છે તેમાંથી એકસો વચનામૃત અહી આપેલાં છે. તે વૈષ્ણવોને બોધદાયક થશે. શ્રી હરિરાયજીની સાત બેઠકો છે. (૧) શ્રી ગોકુલમાં શ્રી છિઠ્ઠલનાથજીનાં મંદિરમાં, (૨) શ્રીનાથદવારામાં શ્રી વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં (૩) ખીમનોરમાં,(૪) શ્રી જેસલમેરમાં શ્રી ગિરિધરનાથજીના મંદિરમાં, (૫) શ્રી ડાકોરમાં શ્રી ગોમતીજીના કિનારે (૬) શ્રી સાવલી

માં,(૭) જંબુસરમાં, શ્રી હરિરાયજી સેવા સત્સંગ અને કથા રસમાં એવા તો મગ્ન હતા કે એમને ભગદાવેશના રસનો આનંદ સદા રહેતો હતો, શ્રી નાથજીની સાથે શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ઠાકોરજી) પણ સાથે નાથ દવારા પધાર્યા. પછી શ્રી હરિરાયજી શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં બિરાજતા હતા.અને પોતાના સેવ્ય સ્વરૂપ શ્રી વિઠ્ઠલનાથજીની સેવા કરતા હતા. એટલે શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં આજે પણ આપશ્રીનાં બેઠકજી બિરાજે છે.મંદિરની સામે જ બિરાજતાં બેઠકજીમાં બિરાજીને આપશ્રી દરોરજ રાત્રે ભગવદ વાર્તા કરતા હતા. ઘણા વૈષ્ણવો નિયમિત રીતે ભગવદ વાર્તા સાંભળવા આવતા. ભગવદ વાર્તાનો ક્રમ ઘણી વખત મધરાત સુધિ ચાલે તો કોઈને સમયનું ભાન રહેતું નહિ. ભગવદ વાર્તા પુરી થયા બાદ મંદિરમાંથી બહાર જઈને વૈષ્ણવો ભગવદ વાર્તાના રસાવેશમાં ભગવદ વાર્તાનું મનન—ચિંતન અંદરો—અંદર કરતા,અને ઘોળ—કિર્તન ગાતાં. આખી રાત પણ પસાર કરતાં.બાજુમાં કેટલાંક જૈન કુટુંબો રહેતા હતા. જેમને આનાથી ઉંઘમાં ખલેલ પડતી. તેમણે શ્રી હરિરાયજીને વૈષ્ણવોનાં આવા વર્તન અંગે ફરિયાદ કરતાં શ્રી હરિરાયજી એક દિવસ ભગવદ વાર્તા પછી બહાર વૈષ્ણવોની પાસે આવ્યા. ત્યારે તેમણે જોયું તો ભગવદ લીલાનાં ગુણગાનમાં મગ્ન બનેલ વૈષ્ણવો ઘોળ—કિર્તનમાં ઓતપ્રોત થઈ ગયા અને વચ્ચે શ્રીનાથજી બાવા સ્વંય નૃત્ય કરતા હતા. વૈષ્ણવો પર પ્રભુની આવી કૃપા જોઈને અને વૈષ્ણવોની આવી સ્મરણ—ભક્તિ જોઈને શ્રી હરિરાયજી ગદગદ થઈ ગયા અને તેમણે એક પદ ગાયું.

હો વારી ઈન વલ્લભીયન પર,
મેરે તન કો કરૌં બિછોના, શિશ ધરૂં ઈન કે ચરનન તર,
ભાવ ભરી દેખો ઈન અંખિયન, મંડલ મધ્ય બિરાજત ગિરિધર
યે તો મેરે પ્રાણજીવન ધન, દાન દિયે હૈ શ્રી વલ્લભવર.
પુષ્ટિ મારગ પ્રકટ કરિ બેકો, પ્રગટે શ્રી વિઠ્ઠલ દ્વિજ—વપુધર,

આવો અગાધ પ્રેમ ભાવ વૈષ્ણવો ઉપર શ્રી હરિરાયજીનો હતો અને આવા અનેક પ્રસંગો શ્રી હરિરાયજીના છે. તેનું વર્ણન થઈ શકે નહિં. અહીં તો સુક્ષમ વર્ણન આપેલું છે.

॥ શ્રી નવનીત પ્રીય વિજયતે ॥

શ્રી હરીરાયજીના વચનામૃત

પુષ્ટિમાર્ગના સિધ્ધાંતો

જે માર્ગમાં જે જીવનો અંગીકાર થયો હોય તે જીવે તે માર્ગનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ એટલા માટે જે જીવોને અંગીકાર પુષ્ટિભક્તિ માર્ગમાં થયેલો છે, તેમણે પોતાના પુષ્ટિભક્તિ માર્ગનાં શરણ એટલે શું, સર્મપણ અને સેવા એનું સ્વરૂપ શું વગેરે જાણવું જોઈએ. એ જણાવવા માટે શ્રીહરિરાયજીએ (સ્વમાર્ગીય શરણ સર્મપણ સેવાદિનિરૂપણ) નામનો એક ગ્રંથ પ્રકટ કરેલો છે. એ ગ્રંથના શ્રવણમનનથી સ્વમાર્ગ વિષયના સર્વ સંદેહો ટળી જતા હોવાથી એ ગ્રંથનું સરલ ભાષાંતર પહેલું આપવામાં આવે છે.

હવે જેનો અંગીકાર પુષ્ટિભક્તિમાર્ગમાં થયેલો છે એવા નિજ જનોને બોધ થવા માટે, સૂક્ષ્મ રીતે વિચાર કરીને આ સ્વમાર્ગનો સર્વ પ્રકાર સ્પષ્ટ કરવામાં આવે છે. ૧.

ઉપર પ્રમાણે, શ્રીહરિરાયજી ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરીને પુષ્ટિમાર્ગીમાં શું શું જાણવાનું છે,તે જણાવવા માટે પુષ્ટિમાર્ગીના સર્વ સિધ્ધાંતોનો સંગ્રહ સૂક્ષ્મ રીતે કરે છે. પોતે જે માર્ગમાં પ્રવેશ કરેલો હોય તે સ્વમાર્ગ કહેવાય. પુષ્ટિમાર્ગમાં જેમને પ્રવેશ થયો હોય તેમનો સ્વમાર્ગ તે પુષ્ટિમાર્ગ જ છે. જયાં સુધિ પુષ્ટિમાર્ગનું બધું સ્વરૂપ ટુંકમાં સમજાવવામાં આવે નહિ ત્યાંસુધિ તેમાં જાણવાનું શું છે. તેની ખબર પણ પડે નહિ. માટે શ્રીહરિરાયજી પહેલા સાત શ્લોકમાં પુષ્ટિમાર્ગના બધા સિધ્ધાંતો સૂક્ષ્મમાં સમજાવી દે છે.

—: સિધ્ધાંતોનું સૂક્ષ્મ સ્વરૂપ :—

શ્રીકૃષ્ણ: શરણં મમ એ અષ્ટાક્ષરમંત્રવડે નામગ્રહણ કરીને, શરણે જઈને અને બ્રહ્મસંબધમંત્ર વડે શ્રીગુરૂદેવ દ્વારા સર્વસર્મપણ કરીને સેવા કરવી. બ્રહ્મસંબંધ થયાથી સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, માટે બ્રહ્મસંબંધ થયા પછી અવશ્ય સેવા કરવી. સેવા કરી કયારે સાર્થક થઈ કહેવાય કે જયારે દેહ,ગૃહ,ધન વગેરેનો ઉપયોગ પ્રભુની સેવા વિના બીજે સ્થલે ન

થાય. દેહ વગેરેનો બીજે વિનિયોગ ન જવા માટે શરીરથી અને ધનથી પ્રભુની સેવા કરો,એ પ્રમાણે તનથી અને ધનથી સાધનસેવા કરતાં ફલસ્વરૂપ માનસી સેવા સિધ્ધ થશે. એ માનસી સેવા આ માર્ગમાં ફલરૂપ છે એમ સમજવું. ૨—૩.

—: હવે સેવાના પ્રકાર અને એના ફલના સૂક્ષ્મ ભેદો ઉપદેશે છે. :—

માનસી સેવા ત્રણ પ્રકારે થાય છે. તેથી તેના અધિકારી ત્રણ પ્રકારના છે. ઉતમ,મધ્યમ અને કનિષ્ઠ. એ ત્રણે અધિકારીના ભેદથી માનસી સેવાનાએ ત્રણ પ્રકારો છે. તે ત્રણ પ્રકારો માનસી સેવામાં આવી જતા હોવાથી ફલરૂપ છે, એટલા માટે જ તે પ્રકારો કહયા છે. સેવામાં ત્રણ ફલ છે. ૪.

સેવા તો માનસી એક્સરખી જ છે, માટે ફલરૂપ થયા પછી પણ તેવી જ રહેવાની,વિલક્ષણ થશે નહિ.જે સેવા નિરંતર કરવામાં આવતી હોય તે જ સેવા પ્રભુની કૃપાથી ફલરૂપ બને છે, એટલે સેવામાં કાંઈ તફાવત પડતો નથી. એટલા માટે સેવાના બધા પ્રકારો ફલરૂપ છે. કેમકે આ પ્રકારો ફલરૂપ માનસી સિદ્ર થયા પછી થાય છે.૫.

પ્રભુએ જેવું વરણ કર્યુ હોય તેવે પ્રકારે સેવા પ્રાપ્ત થાય છે. એટલે કે પ્રભુએ કૃપા કરીને જેવા ઉતમ મધ્યમ અથવા કનિષ્ઠ અધિકારનું દાન કર્યૂ હોય તેવીજ સેવા તે જીવ કરી શકે છે. તે જ સેવા પછીથી ફલરૂપ માનસી થાય છે, માટે ફલરૂપ માનસી સેવા અને તે પહેલાંની સેવા એ બન્ને તફાવત સાથે કહેવાય છે. એટલે કે અધિકાર પ્રમાણે જે સેવા ફલરૂપ માનસી બને ત્યારે એ સેવા વિલક્ષણ છે એમ સમજવું. પહેલાંની સેવા જ ફલરૂપ માનસી થઈ જાય છે.ત્યાર પછી સેવાનાં સ્વરૂપમાં ફેરફાર થઈ જાય છે એમ ભાવાર્થ છે. ૬.

સેવાના એ પ્રકારો સેવાફલના શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા ગ્રંથથી સમજી લેવા. સેવાનાં ત્રણ ફલ છે. એક તો લોકમાં કોઈ પણ સ્થલે ન જોવામાં આવે તેવું અલૌકિક અદ્‌ભુત સામ્થર્ય, બીજું ફલ સાયુજય છે. શ્રી પુરૂષોતમની સાથે તે સ્વરૂપે જોડાવું તે, પુરૂષોતમમાં લીન થવું તે પણ સાયજ્ય છે. વૈકુંઠ આદિ લોકમાં દિવ્ય

અધિકાર મળે છે. સેવાનો અધિકાર વૈકુંઠમાં દેહ મળવાથી પ્રાપ્ત થઈ શકે છે. ૭.

આ પુષ્ટિમાર્ગમાં સૂક્ષ્મ રીતે જો સંગ્રહ કરવામાં આવે તો આટલો જ સિંધ્ધાંતોનો સંગ્રહ છે. ૮.

—: શરણે જવાનો પ્રકાર :—

જીવ જયારે શરણે જાય છે, ત્યારે પ્રભુ તેનો અંગીકાર પુષ્ટિભકિતમાર્ગમાં કરે છે, માટે પહેલાં પ્રભુને શરણે જવું જોઈએ. પ્રભુ પણ ગીતામાં આજ્ઞા કરે છે કે :— '' સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને એકને શરણે આવ '' આ શરણ તે આ સંપ્રદાયમાં શ્રીવલ્લભકુલના બાલકના મુખારવિંદથી શ્રી કૃષ્ણઃ શરણં મમ એ અષ્ટાક્ષરનું ગ્રહણ કરવું એ જ છે. એનો પ્રકાર શ્રીહરિરાયજી પંદર શ્લોકથી વર્ણવે છે.

તેમાં પહેલાં જેની શરણગતિ સિધ્ધ થયેલી છે, એટલે કે જે જીવ પ્રભુને શરણે ગયેલો છે, તેણે શું કરવું જોઈએ તે કહેવામાં આવે છે. શરણે ગયેલો કોણ સમજવો કે જે શ્રીમહાપ્રભુજીના માર્ગના ગુરૂ—દ્વારા શરણે ગયેલો હોય શ્રીમહાપ્રભુજી આપ પુષ્ટિભકિતમાર્ગના આચાર્ય છે. આપનો માર્ગ તે પુષ્ટિભકિતમાર્ગ છે. એ માર્ગના ગુરૂ શ્રીમહાપ્રભુજીના જ વંશમાં પ્રકટ થયેલા મહાનુભાવી શ્રીગોસ્વામીબાલકો છે, માટે પરંપરાથી અને માર્ગમર્યાદાને અનુસરીને તેમના દ્વારા પ્રભુને શરણે જાય તે શરણે ગયો કહેવાય.

—: શરણે ગયા પછી શું શું કરવું તે જણાવે છે. :—

ઉપર કહયા પ્રમાણે શરણે ગયા પછી અને પ્રભુએ શરણે લીધા પછી, પોતાના સ્વામી, માલીક, નાથ સર્વદુઃખ હર્તા શ્રીહરિ જ છે,અને હું એમનો સેવક છું,દાસ છું, એવી ભાવના કરવી જોઈએ. ભકિત એટલે સેવા. સેવાની સિધ્ધિ માટે લોકના વ્યવહારનાં કાર્યો કરવાં અને વેદમાં કહેલા વર્ણાશ્રમના નિત્ય નૈમિતિક ધર્મો પણ આચરવા. ૯—૧૦.

—: શું ન કરવું ? :—

શું કરવું જોઈએ, તે તો જણાવ્યું. હવે શું શું ન કરવું તે જણાવે છે. બીજા માર્ગનો આશ્રયન જ કરવો. પ્રભુ જયાં ન બિરાજતા હોય

તેવા દેશનો આશ્રય ન કરવો. દાસનો ધર્મ એ જ છે કે જ્યાં પોતાના સ્વામી હોય ત્યાં જ રહેવું જોઈએ, માટે પ્રકટ સ્વરૂપે પ્રભુ જ્યાં દર્શન ન આપતા હોય,તે દેશનો સ્વપ્ને પણ આશ્રય કરવો નહિ. પોતાના પ્રભુની સેવા ત્યજીને, મારૂં આ તીર્થથી કલ્યાણ થશે એમ સમજીને તીર્થનો પણ આશ્રય કરવો નહિ. એટલે ભગવાનને છોડીને તીર્થમાં જ રહેવાથી મારૂં કલ્યાણ થશે, એમ માનીને તીર્થનો આશ્રય કરવો નહિ. વળી અભિમાનથી હું જ કર્તા છું, જે કરૂં છું તે હું જ કરૂં છું એમ ન માનવું.વૈદિક, તાંત્રિક મંત્રો ઉપર પોતાનો બધો આધાર રાખવો નહિ. મંત્રોથી પ્રભુ મને મળશે એમ ધારીને તે મંત્રોનો આશ્રય કરવો નહિ. તેમ જ યજ્ઞયાગાદિક કર્મ કરીશ તો જ પ્રભુ મળશે. એમ માનીને બીજા કર્મોનો આશ્રય ન કરવો. ૧૧ા.

ઉપર એમ કહેવામાં આવ્યું કે સર્વ ધર્મનો ત્યાગ કરવો, કોઈનો આશ્રય કરવો નહિ, એમ કરવાથી તો દોષ લાગે, કેમ કે જ્યારે સર્વનો ત્યાગ થાય ત્યારે દોષ લાગ્યા વિના કેમ રહે ? એ સંશય પ્રાપ્ત થતાં આપશ્રી આજ્ઞા કરે છે.

—: ચાર પુરૂષાર્થો :—

બધા દોષોની નિવૃતિ થઈ જવા માટે પ્રભુની સેવા પ્રભુનું સ્મરણ કરવું. પ્રભુમાં જ ધર્મની દષ્ટિ કરવી. ઉપર બતાવેલા દોષનો નાશ થવા માટે ધર્મસ્વરૂપ પ્રભુ શ્રીહરિ જ છે એમ સમજવું. શ્રીહરિ વિના બીજો કોઈ આશ્રય નથી, એમ સમજવું બીજા ધર્મો ઉપરથી આસકિત ઉઠી જાય તો પણ સર્વ દોષો ચાલ્યા જાય. મુખ્ય ધર્મરૂપ પ્રભુ જ છે, એમ દઢ થઈ ગયા પછી બીજાનો આશ્રય વગેરે છોડવાથી કોઈ પણ દોષ લાગે નહિ. દોષની નિવૃતિ થવામાટે શ્રીહરિને ધર્મસ્વરૂપ જોવા એટલે કૃતાર્થતા છે. ૧૨.

પ્રભુમાં ચાર પુરૂષાર્થમાંના ધર્મરૂપ પુરૂષાર્થની બુધ્ધિ થવા માટે ઉપર કહયું. હવે અર્થરૂપ પણ શ્રીહરિ છે, તે આપશ્રી બતાવે છે. પુરૂષાર્થ ચાર પ્રકારના છે. ધર્મ,અર્થ,કામ, અને મોક્ષ. ધર્મરૂપ પ્રભુ જ છે, તે ઉપરના અર્ધા શ્લોકથી સિધ્ધ થયું. હવે અર્થરૂપ જે બીજો પુરૂષાર્થ છે, તે પણ શ્રીહરિસ્વરૂપ જ છે, એમ આજ્ઞા કરે છે :—

'પ્રભુ પોતાની ઈચ્છાથી જ સર્વ કરશે' એ સિધ્ધાંત દઢ કરવો તે વિવેક. વિવેક ધૈર્ય અને આશ્રય એ પ્રાપ્ત ન થયા હોય તો દીનતાથી એમ સમજવું કે પ્રભુ અર્થરૂપ છે. અર્થ નામનો બીજો પુરૂષાર્થ પણ મારા પ્રભુ જ છે એમ સમજવું કે પ્રભુ અર્થરૂપ છે. ભકતો પાસે પ્રભુને પ્રસન્ન કરવાનું કાંઈ પણ સાધન હોય તો તે માત્ર દીનતા જ છે.,' એમ શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે, વિવેક, ધૈર્ય, ભક્તિ વિગેરેથી રહિત અને પાપ કરવામાં આસકત થયેલા એવા મને શ્રીકૃષ્ણ જ શરણરૂપ છે, એટલે સર્વાંશે દુષ્ટ એવા જીવને શ્રીકૃષ્ણ વિના બીજા કોણ શરણે લે ?

ત્રીજો પુરૂષાર્થ કામ છે, માટે તે પુરૂષાર્થરૂપ પણ પ્રભુ છે, એમ આજ્ઞા કરે છે :—

દરેક જીવને સુખની અને આનંદની ઈચ્છા થાય છે. મને સુખ કેમ મળે અને તે કાયમ કેમ રહે, તેવો આનંદનો લહાવો કેવી રીતે હું લઈ શકું, એવી કામના દરેકના મનમાં થાય છે, અને તે માટે જીવ અનેક પ્રયત્નો કરે છે. પણ તે બધા નકામા છે. પોતાની એ કામના સફળ કરવા માટે પુર્ણ આનંદ સ્વરૂપ શ્રીહરિ જ સમર્થ છે, એમ જાણવું જોઈએ. જે પોતે આનંદથી પૂર્ણ હોય તે જ આનંદ મેળવવા માટે થતી કામનાઓ પુરી શકે. પ્રભુ વિના બીજું કોઈ પૂર્ણાનન્દ નથી એમ જાણીને, તેજ બધી કામના પુરશે એમ નિશ્ચય કરીને કામરૂપ પુરૂષાર્થ પણ શ્રીહરિ જ છે, એમ જાણવું. ધર્મ પ્રભુ સેવા અર્થ પ્રભુ પોતે કામ પ્રભુના દર્શનની કામના મોક્ષ પ્રભુની લીલામાં પ્રાપ્તિ એ પુષ્ટિના ચાર પુરૂષાર્થ છે.૧૩.

મોક્ષરૂપ પણ પ્રભુ જ છે, એમ આજ્ઞા કરે છે :—

સાધનો કરવાથી મોક્ષ થતો નથી. કેમ કે શ્રીહરિ જ મોક્ષ સ્વરૂપ છે. તે શ્રીહરિના દાસ થઈ જઈએ તો મોક્ષ જ મળી ગયો એમ સમજી લેવું. જ્યારે એ દયાલુ પ્રભુ કૃપા કરીને પોતાના દાસ તરીકે જીવનો અંગીકાર કરે, ત્યારે ભગવદીય પણું પ્રાપ્ત થઈ જાય. તે પ્રાપ્ત થતાં મોક્ષ મળી જ ગયો એમ સમજવું. સદાનંદ શ્રીકૃષ્ણનાં દાસાનુદાસ અનુચરો મોક્ષની આકાંક્ષા કદાપિ રાખતા જ નથી. સારાંશ કે પ્રભુના દાસ થવું એ જ મોક્ષ છે. અને મોક્ષરૂપ પુરૂષાર્થ પ્રભુ છે એમ જાણવું તે જ ખરૂં જ્ઞાન છે. ૧૩ાા.

—: સાધન પણ શ્રીકૃષ્ણ :—

દેશ વગેરે સાધનો અને ચાર પ્રકારના પુરૂષાર્થો પણ શ્રીકૃષ્ણ જ છે એમ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે :—

દેશ વગેરે સાધનરૂપ શ્રીકૃષ્ણ જ છે એમ ૧૧—માં અને બારમાં શ્લોકથી સિધ્ધ કર્યું છે. બીજા માર્ગનો આશ્રય ન કરવો એમ આપશ્રીએ ૧૧—માં શ્લોકમાં કયુ છે. તેથી એમ સિધ્ધ થાય છે કે કલિકાલ મહાદોષયુકત છે, અને તેના દોષ સર્વને લાગે છે. માટે તેમાં ઉત્પન્ન થયેલા બીજા દોષવાળા માર્ગ કરતાં આ નિર્દોષ પ્રભુના નિર્દોષ ભકિત માર્ગમાં જ રહેવું એ વિશેષ કલ્યાણકારક છે. એ ઉપરથી એમ જ સમજવું કે ભકિતમાર્ગમાં પ્રભુનું શરણ લેવામાં કાળ બાધ નથી કરતો, કેમ કે એ કાલરૂપ સાધન શ્રીહરિ થાય છે. બીજા દેશનો આશ્રય ન કરવો એમ કહેવાથી દેશરૂપ પણ પ્રભુ જ છે. અને બધું શ્રીહરિ જ કરે છે એમ કહેવાથી કર્તા પણ શ્રીકૃષ્ણ જ છે, એમ સિધ્ધ થાય છે. તીર્થનો આશ્રય ન કરવો એથી સાબિત થયું કે, દ્રવ્યરૂપ સાધન પ્રભુ જ છે. માટે તેનો આશ્રય કરવો. મંત્રનો આધાર ન રાખવો એમ કહેવાથી મંત્રરૂપ સાધન પણ શ્રીકૃષ્ણ જ છે એમ સિધ્ધ થયું. બીજા કર્મોનો આશ્રય ન કરવો પણ પ્રભુની સેવા તે કર્મ છે એમ માનવું એમ કહેવાથી કર્મરૂપ સાધન પણ શ્રીકૃષ્ણ જ છે એમ સાબિત થાય છે. એ પ્રમાણે ૧૧—૧૨ શ્લોકમાંથી એ રહસ્ય નિકળે છે કે, દેશ,કાલ,દ્રવ્ય,કર્તા, મંત્ર અને કર્મ એ છ સાધનો દોષવાળાં થઈ ગયેલા છે, પરંતુ ભકિતમાર્ગ નિદોર્ષ પ્રભુનો નિદોર્ષ માર્ગ હોવાથી તે માર્ગનો આશ્રય કરતાં, એ છ સાધનરૂપ શ્રીકૃષ્ણ જ છે એવો દઢ નિશ્ચય થતાં સર્વ દોષો દુર થઈ જાય છે. તેમજ ચાર પુરૂષાર્થરૂપ શ્રીકૃષ્ણ જ છે એ પ્રમાણે પ્રયાસપૂર્વક નિરંતર મનમાં સ્મરણ કરવું કે મારાં સર્વસાધન અને મારા સર્વપુરૂષાર્થ સદાનંદ શ્રીકૃષ્ણ જ છે. ૧૪—૧૫.

—: કેમ બચશે ? :—

હવે બાધક વસ્તુથી કેવી રીતે બચવું, એ આપશ્રી આજ્ઞા કરે છે :—

પ્રભુનું શરણ ગ્રહણ કર્યા પછી પ્રાયશ્રિત વગેરેમાં બુધ્ધિ રાખવી નહિ. મતલબ કે પ્રાયશ્રિત કરવાથી જ હું પવિત્ર થઈશ, એવી ભાવના

થયા હોય અને તે દુર કરી શકાય તેવા ન પણ હોય, તો પણ મારૂં શરણ માત્ર શ્રીહરિ જ છે એમ સ્મરણ કરવું. એથી એમ નિશ્ચય કરવો કે પ્રભુનું શરણ લીધા પછી પણ જો નાના કે મોટા દોષ આવી પડે, તો તેને દુર કરવા માટે પ્રાયશ્ચિતો ન આચરતાં, પ્રાયશ્ચિતથી જ મારા દોષ દુર થશે એમ ન માનતાં, પ્રભુને હું શરણે છુ. સર્વ દોષથી રહિત એવા માર્ગમાં પ્રભુએ મારો અંગીકાર કર્યો છે, એમ સ્મરણમાં લાવવું. શ્રીમહાપ્રભુજીએ એટલા માટે જ આજ્ઞા કરી છે કે : '' અશક્ય હો અથવા સારી પેઠે શક્ય હો, પણ સર્વથા પ્રભુ જ મારૂં શરણ છે'' એ ચુકવું નહિ. ૧૬–૧૭.

—: બાધક શું છે ? :—

શરણ સિધ્ધ થયા પછી શું શું કરવું તે સૂક્ષ્મમાં જણાવીને, હવે બાધક થઈ પડે તેવાં કાર્યોની સુચના કરે છે.

અન્યાશ્રય એટલે પોતાના સ્વામી પ્રભુ વિના બીજા કોઈનો આશ્રય કરવો તે. એવો અન્યાશ્રય કદાપિ ન જ કરવો. અર્થાત પોતાના પ્રભુ વિના બીજા કોઈનો આશ્રય કદાપિ ન કરવો.શ્રીમહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે કે,અન્યાશ્રય કદાપિ કરવો નહિ કેમ કે તે સર્વથા બાધ કરનારો છે. શ્રી ગુંસાઈજી પણ આજ્ઞા કરે છે કે :— અન્ય દેવતાઓના સંબંધનો ગંધ પણ ગળાને બાધા કરે છે, અર્થાત ગળુ કપાવે છે. પોતે પોતાની ઈચ્છાથી બીજે સ્થળે જવું નહિ. જ્યાં પોતાના સ્વામી બિરાજતા ન હોય ત્યાં જવું નહિં જેમ સ્ત્રી પોતાની ઈચ્છા મુજબ સ્વચ્છંદપણે પોતાના સ્વામીનું ગૃહ છોડીને બીજે સ્થળે જતી નથી, તેમ પોતાની ઈચ્છા પ્રમાણે જવું નહિ તેમજ બીજે સ્થળે પોતાની ઈચ્છા પ્રમાણે જવું નહિં તેમજ બીજે ઠેકાણે જઈને પ્રાર્થના કરવી નહિ. કોઈપણ મુશકેલી આવી પડે તો બીજાની પાસે તે મુશ્કેલી દુર કરવા માટે પ્રાર્થના કરવી નહિં. પ્રભુ સર્વ વ્યાપક છે, અંતર્યામી છે, તો આપણાં મનની વાત શું નથી જાણતા ? આપણાં દુઃખો શું નથી સમજતા ? પ્રભુ બધું જાણે છે, સમજે પણ છે, તો આપણાં દુઃખો પોતે જ દુર કરશે, એમ માનીને પણ પ્રભુ પાસે પ્રાર્થના કરવી નહિ.

વળી એ કરૂણાના નિધિએ આપણને ઉતમોતમ ફલ આપવાનો સંકલ્પ ક્યો હોય, અને એ પ્રભુ દુઃખો દઈને આપણી પરીક્ષા પણ કરતા હોય, અને એ વખતે ધીરજ ન રાખતાં જીવ બુધ્ધિથી કાંઈ પ્રાર્થના કરીને દ્રવ્ય,

ઘરબાર, જેવી તુચ્છ વસ્તુ માગી લઈએ તો પ્રભુ તો તે આપશે જ, પણ તેથી ઉતમોતમ ફળ મળવાનો લાભ જતો રહેશે, અને એટલા જ ફળથી એ જીવ પોતાને કૃતાર્થ માને છે એમ માનીને સાધારણ ફળ તરત જ પ્રભુ આપશે અને મુખ્ય ભજનાનંદનું દાન કરશે નહિ; માટે પ્રભુપાસે પ્રાર્થના કરવી નહિ, પોતાના સ્વામી અંતર્યામી છે, સર્વ જાણે છે, એ વાતમાં સંદેહ હોય તો જ પ્રાર્થના થઈ શકે અને એ વાત ચોકકસ રીતે બુધ્ધિમાં દઢ થઈ હોય કે પ્રભુ સર્વસમર્થ છે તો કોઈપણ દિવસે પ્રાર્થના કરવાની ઈચ્છા જ ન થાય. શ્રીમહાપ્રભુજી પણ એ જ આજ્ઞા કરે છે. ૧૮.

—: પ્રભુમાં અવિશ્વાસ ન કરવો તે ઉપદેશે છે :—

પોતાના સ્વામીમાં કોઈ દિવસ અવિશ્વાસ ન લાવવો. રાવણનાં પુત્ર ઈન્દ્રજીતે હનુમાનજીને બાંધવા માટે બ્રહ્માસ્ત્ર મોકલ્યું, અને તેને માન આપી હનુમાનજી બળીયા છતાં બંધાયા. પછી રાક્ષસોએ બ્રહ્માસ્ત્રની ઉપર હનુમાનજીને સખ્ત રીતે બાંધવાં માટે મોટાં દોરડાં શરીરે લપેટયાં. ઈન્દ્રજીતે વિચાર કર્યો કે આ મુર્ખ રાક્ષસોને બ્રહ્માસ્ત્રનાં બળનો કાંઈ ખ્યાલ ન આવ્યો, અને તેના ઉપર દોરડાં બાંધી બેઠા ! હવે બ્રહ્માસ્ત્રનું બળ ચાલ્યું ગયું અને હવે બીજું શસ્ત્ર હનુમાનને પણ કાંઈ કરી શકશે નહિ. આ દષ્ટાંતથી એમ સમજવું કે ગમે તેમ થાય તો પણ આપણા પ્રભુ ઉપર અવિશ્વાસ લાવવો નહિ. તે જે કરે તે સારૂં કરે છે. એમ દઢ નિશ્ચય રાખવો. લૌકિક અને વૈદિક કાર્યોમાં આસકિત રાખવી નહિ. લૌકિક કાર્યો કરીને મને યશ મળશે, મારી નામના થશે એવી પણ ઈચ્છા રાખવી નહિ, તેમજ વૈદિક કાર્યો કરીને સ્વર્ગ મળશે એવી પણ ફલની ઈચ્છા રાખવી નહિ. ૧૯.

—: લૌકિક વૈદિક. :—

❖ લૌકિક વૈદિક કાર્ય કેવી બુધ્ધિથી કરવાં, તે જણાવે છે. ❖

લૌકિક વૈદિક ન છુટકે કરવાં પડે તો તે કરવાં. પણ કાર્ય કરતી વખતે તેમાં આસકત થવું નહિ. જેમ કોઈ મજુર ગમે તેવો કિમતી માલ લઈ જતો હોય, પણ તે માલ સાથે તેનો કાંઈ સંબંધ નથી, તે તો માત્ર તેને ભાર જ સમજે છે, તેમ તે કાર્યોને બોજારૂપગણીને કરવાં. બધે સ્થળે મમતાનો ત્યાગ કરવો. જેમ મજર પોતે પડેલા બોજામાં મમતા—

—માની બેસે તો દુઃખી થાય, તેમ તે લૌકિક વૈદિક કાર્યોમાં મમતા રાખવી નહિ; અને એવી રીતે એ કાર્યો ઠીકઠીક સાધી લેવાં. જેમ મજુરને પોતાના માથેનો બોજોઠેકાણે પડયા વિના ચેન પડતું નથી, તેમ એ કાર્યરૂપ બોજો બરાબર સાધિને સંતોષ માનવો. પોતે અલગ રહીને કાર્ય કરવું. ૨૦.

હૃદયમાં લોભ ન કરવો. દ્રવ્યનો લોભ થવાથી તેની પ્રાપ્તિ માટે અનેક પ્રયત્નો કરવા પડે; અને તેથી પ્રભુની સેવાથી વિમુખ થવું પડે છે, માટે લોભ કદી કરવો નહિ. જે આવી મળેતેમાં સંતોષ માનવો. પ્રભુએ જેટલું આપ્યું હોય તેમાં સંતોષ માનીને તે ધનનો વિનિયોગ પ્રભુની સેવામાં કરવો. અથવા તો પ્રભુની સેવામાં લોભ ન કરવો; એટલે કે પરાતપર પૂર્ણ પુરૂષોતમ ઉતમ પદાર્થના ભોક્તા છે, માટે એમની સેવા માટે જે પદાર્થો આવશ્યક હોય તે ઉતમમાં ઉતમ લઈ આવીને અંગીકાર કરાવવા, તેમાં દ્રવ્યની કરકસર કે લોભ કરવો નહિં. પ્રભુની ઈચ્છાથી જે મળ્યું હોય તેનાથી પ્રભુની સેવા કરવી. ૨૦ાા.

શરણના જે ધર્મો હોય તે સિધ્ધ થતાં શરણે જવું. ઉપર જે ધર્મો બતાવવામાં આવ્યા છે, તે શરણે ગયેલા જીવોના ધર્મો છે, શરણે ગયા પછી જીવે શું કરવું એ તેમાં જણાવ્યું છે. શરણે ગયા પહેલાં કેટલાક ધર્મો સિધ્ધ થવા જોઈએ, અને તે સિધ્ધ થયા પછી શરણે જવું. શ્રીકૃષ્ણના આશ્રયનું પોષણ કરનાર વિવેક અને ધૈર્ય છે. વિવેક એટલે 'શ્રીહરિ પોતાની ઈચ્છા મુજબ કરશે' એમ જાણવું તે, 'બધાં દુઃખો સહન કરવાં' તે ધૈર્ય. એ બન્ને શ્રીકૃષ્ણનો દઢ આશ્રય જવામાં નિરંતર કારણરૂપ છે. શ્રીકૃષ્ણના આશ્રયનું નિરંતર પોષણ કરનાર વિવેક અને ધૈર્ય છે, એ વિવેક અને ધૈર્યનું, શ્રીકૃષ્ણ અને તેમનાં આશ્રયનું સ્વરૂપ વિવેક ધૈર્યાશ્રય ગ્રંથ, કૃષ્ણાશ્રયગ્રંથ આદિથી સમજવું. પ્રયાસ કરીને વિવેક, ધૈર્યાશ્રયની હૃદયમાં ભાવના કરવી. ૨૧—૨૨.

ઉપર પ્રમાણે વિવેક, ધૈર્ય, અને શ્રીકૃષ્ણનો આશ્રય જેને સિધ્ધ થઈ ગયેલ છે, તેના ધર્મો સંક્ષેપથી બતાવ્યા. અથવા તો સંક્ષપથી જ જો કહેવામાં આવે તો શ્રીકૃષ્ણનો આશ્રય કરીને રહેલા જીવનો આ મુખ્ય ધર્મ છે, તે એ છે કે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરીને, શરણે જઈને, શરણ ગયેલાઓના ધર્મો ઉપર પ્રમાણે જાણીને શ્રીકૃષ્ણનો આશ્રય કરવો જોઈએ. ૨૩.

—: શરણે ગયા પછી શું કરવું? :—

શ્રીકૃષ્ણનો આશ્રય કર્યા પછી શું કરવું તે આપશ્રી નીચેના [illegible] શ્લોકથી જણાવે છે :—

ઉપર કહયા પ્રમાણે શરણધર્મ સિધ્ધ થયા પછી જીવે સમર્પણ કરવું. જીવને બ્રહ્મસંબંધ થાય અને તે સર્વ પ્રભુને સમર્પે અને અહંતામમતા છોડી દે તે સમર્પણ કહેવાય. તે સમર્પણ કર્યા પછી, સમર્પણના સાધન માટે, સમર્પણ સાર્થક, થવા માટે શું કરવું જોઈએ, તે કહેવામાં આવે છે. ૨૪.

—: બ્રહ્મસંબંધથી શો અધિકાર મળે છે, તે જણાવે છે :—

—: બ્રહ્મસંબંધ—સંસ્કાર :—

બ્રાહ્મણના બાલકને વૈદિક કર્મો કરવાનો અને વેદ ભણવાનો અધિકાર જ્યારે તેને ગાયત્રીમંત્રનો ઉપદેશ કરીને યજ્ઞોપવીત (જનોઈ) સંસ્કાર કરવામાં આવે છે. ત્યારે મળે છે. ગાયત્રીમંત્રથી યજ્ઞોપવિત સંસ્કાર થયા પછી તે બ્રાહ્મણ બાલક વૈદિક કર્મો કરવાનો અધિકાર ધરાવે છે. એ જ દષ્ટાંત પ્રમાણે જીવને જ્યારે બ્રહ્મસંબંધ થાય છે, ત્યારે તે જીવને જ્યારે બ્રહ્મસંબંધ થાય છે, ત્યારે તે જીવ સેવાનો અધિકારી બને છે. શ્રીવલ્લભકુલ દ્વારા બ્રહ્મનો સંબંધ થવો એ એક સંસ્કાર છે. એ સંસ્કાર અલૌકિક છે, અને તે થયા પછી જ સેવા કરવાનો અધિકાર મળી શકે છે. માટે સેવાના સંસ્કારરૂપ બ્રહ્મસંબંધ થયા પછી નિરંતર સેવા કરવી. ગાયત્રી મંત્રનો ઉપદેશ થયા પછી, યજ્ઞોપવિત ધારણ કર્યા પછી, જો બ્રાહ્મણ બાલક સંધ્યાદિક ન કરે તો જેમ બ્રાહ્મણપણાથી ટળી જાય છે, તેમ બ્રહ્મસંબંધ થયા પછી સેવા ન કરે તો વૈષ્ણવપણું રહે નહિં. માટે બ્રહ્મસંબંધરૂપી સંસ્કાર થયા પછી સંબંધ ધરાવતી સર્વ વસ્તુઓમાં બ્રહ્મનો સંબંધ થયેલો છે, માટે એ સર્વનો વિનિયોગ નિરંતર સેવામાં જ કરવો. ૨૫.

શ્રીમહાપ્રભુજી સિધ્ધાંત રહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે :— બ્રહ્મસંબંધ કરવાથી સર્વ દોષો દુર ચાલ્યા જાય છે. સર્વ લોકોના જીવ અને દેહના સર્વ દોષો નાશ પામે છે, ફરીથી લાગતા નથી.' એ આજ્ઞા પ્રમાણે પોતાનામાં પણ એવી ભાવના કરવી કે, હું સર્વ દોષથી મુક્ત થઈ ગયેલો છું. જીવ પોતે સ્વભાવથી જ દુષ્ટ છે.

પ્રભુ દોષરહિત અને સમ હોવાથી, તેમનો સંબંધ જીવને થવાથી તે જીવપણ દોષરહિત થઈ જાય છે. બ્રહ્મસંબંધ થયા પછી કોઈપણ સમયે પ્રભુને સમર્પ્યા વિનાની વસ્તુ પોતાના ઉપયોગમાં કદાપિ લેવી નહિ. સેવકનો ધર્મ એ જ છે કે પોતાના સ્વામીની આજ્ઞા વિના કાંઈ પણ કરવું નહિ. પોતાના સ્વામીની આજ્ઞાથી પોતાના સ્વામીના ઉપયોગમાં આવી ગયા પછી જે કાંઈ મળી જાય તે જ પોતાના ઉપયોગમાં લેવું જોઈએ. તેવી જ રીતે પ્રભુને સમર્પ્યા પછી પ્રસાદી અન્ન જ લેવું. અસમર્પિત પદાર્થોનું જો ભક્ષણ કરવામાં આવે તો બ્રહ્મસંબંધની ભાવનાનો નાશ થાય. પ્રભુને જે વસ્તુ ન સર્મપાયેલી હોય તે વસ્તુ બ્રહ્મસંબંધ વિનાની ગણાય છે. પોતાને બ્રહ્મસંબંધ થયો છે, અને પોતે બ્રહ્મસંબંધવિનાની વસ્તુ ને ઉપયોગમાં લે તો બ્રહ્મસંબંધની જે ભાવના છે કે, હું દોષથી રહિત થયો છું, એ ભાવનાનો નાશ થઈ જાય.મતલબ કે દોષવાળો તે જીવ થાય. માટે સર્વથા કોઈપણ સમયે અસમર્પિત અન્ન લેવું નહિ. ૨૬–૨૭.

—: બધું પ્રભુને સમર્પવું એની સૂક્ષ્મ – બારીક સમજણ આપે છે :—

લોકોના વ્યવહારના કાર્યોમાં જે વસ્તુ વાપરવાની હોય, વિવાહાદિક કાર્યોમાં, જ્ઞાતિભોજન વગેરે કાર્યોમાં જે વસ્તુ વાપરવાની હોય તે બધી વસ્તુ પ્રભુને સર્મપણ કરીને પછી તે વસ્તુનો ઉપયોગ કરવો, વેદના યજ્ઞ વગેરે કાર્યમાં પણ પહેલાં પ્રભુને સમર્પ્યા પછી જ જોઈતી વસ્તુઓ ઉપયોગમાં લેવી,એટલા માટે જ સર્વ કાર્યોમાં પહેલાં પ્રભુને સર્મપણ અવશ્ય કરવું જોઈએ, શ્રાદ્ધાદિક વૈદિક કાર્યોમાં વિષ્ણુને નિવેદન કરેલા અન્નથી બીજા દેવતાઓનું યજન કરવું એમ પદમપુરાણમાં કહયું છે. શ્રીમદ્‌ભાગવતમાં તે સિધ્ધાંત પ્રકટ છે. વળી જે વસ્તુ જેવી રીતે સમર્પણ કરવાને યોગ્ય હોય તે વસ્તુ તેવી રીતે સમર્પવી, જેમ વસ્ત્ર વગેરે. તે વિષે વધારે ખુલાસો આગળ આપવામાં આવશે. ૨૮.

યજ્ઞયાગાદિકમાં અને વિવાહાદિકમાં સર્વ પદાર્થો પ્રભુ સમક્ષ ધરવા, અને પ્રભુની આજ્ઞા લીધા પછી યજ્ઞયાગાદિક અને વિવાહાદિક કાર્યો સાધી: લેવા. સેવકનો ધર્મ એ જ છે કે પોતાના સ્વામીને દેખાડયા વિના

અને તેની આજ્ઞા થયા વિના કાંઈ પણ સ્વતંત્ર રીતે કરવું નહિ, એ જ પ્રમાણે અહી પણ પ્રભુને નિવેદન કર્યા વિના કોઈ પણ લૌકિક વૈદિક કાર્યો સ્વતંત્ર રીતે ન કરવાં, પરંતુ સર્વ નિવેદન કરીને આપની આજ્ઞા મેળવીને જ સર્વ કાંઈ કરવું એ સેવકનો મુખ્ય ધર્મ છે, ૨૯॥.

પોતે જે પદાર્થનો ઉપયોગ કર્યો હોય, તે પદાર્થ પ્રભુને સમર્પવો નહિ એમ આપશ્રી આજ્ઞા કરે છે :—

અર્ઘભુકત એટલે જે પદાર્થ આપણા ઘરમાં હોય, જેમ કે ફલફુલ, વસ્ત્ર વગેરે, તેમાંથી થોડો ભાગ પોતાના વપરાશમાં લીધેલો હોય તો, તે વધેલા બાકીનો ભાગ અર્ઘભુકત કહેવાય. તે પોતાના વાપર્યા પછી બાકી વધેલો અર્ઘભુકત પદાર્થ સદાનંદ શ્રીકૃષ્ણને કદાપિ સમર્પવો નહિ એમ નિશ્ચય કરવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે :— 'દેવનાદેવ શ્રીઠાકુરજીને અર્ઘભુકત કદાપિ સમર્પવું નહિ' આ ઉપરથી અર્ઘભુકત પ્રભુને ધરવાની શ્રીહરિરાયજીએ ના કહી તેમાં મુખ્ય કારણ પણ સહજમાંજ જાણી શકાય છે. ૩૦.

આ સ્થલે એવો સંશય થાય છે—પહેલાં કહયુ કે પ્રભુને સમર્પ્યા વિના કાંઈ પણ લેવું નહિ. પ્રભુને ન સમર્પાયેલી વસ્તુ ત્યજી દેવી, ત્યારે ઘરમાં જે વસ્તુ આવશે તે પ્રભુને સમર્પાશે જ, પ્રભુને સમર્પ્યા વિના પોતાના ઉપયોગમાં લઈ શકાશે નહિ, જો નહિ લઈ શકાય તો અર્ઘભુકત એટલે પોતાના સમર્પવાનો વખત જ ન આવવો જોઈએ. જયારે વખત જ નહિ આવે તો પછી એમ કહેવાની શી જરૂર છે કે અર્ઘભુકત વસ્તુ પ્રભુને ન જ ધરવી ? વૈષ્ણવના ઘરમાં દરેક પદાર્થ પ્રભુને નિવેદન કર્યા પછી જ બીજા કાર્યોમાં વપરાય છે. પહેલાં વપરાતો જ નથી. પહેલાં વપરાય તો અર્ઘભુકત થયેલો કહેવાય, અને તે પ્રભુને ધરવો એમ કહેવું પણ યોગ્ય કહેવાય; પરંતુ પ્રભુને સમર્પ્યા વિના કાંઈ લેવું જ નહિ એમ પહેલાં કહયું છે, તેથી પ્રભુને નિવેદન કર્યા વિના વૈષ્ણવો કાંઈ લેતા જ નથી, તો પછી તેમના ઘરમાં અર્ઘભુકત કોઈ વસ્તુ થશે જ નહિ,અને નહિ થાય તો પછી તે પ્રભુને ન ધરવી એમ શા માટે કહેવું ?જે વસ્તુ અર્ઘભુકત થવાની ન જ હોય તે પ્રભુને ન ધરવી એમ કહેવાની શી જરૂર છે ? અર્ઘભુકત વસ્તુ થવાની જ ન હોય તો તેની ના પાડવાની કાંઈ જરૂર જ નથી. આ સંશય પ્રાપ્ત થતાં સમાધાન કરે છે કે :—

જો કે અર્ધભુક્ત પદાર્થ જ ન હોવાથી તેનાં સમર્પણનો નિષેધ કરવાની શી જરૂર છે, એ શંકા પ્રાપ્ત થાય છે, તો પણ એક રીતે બારીકીથી જોતાં અર્ધભુક્ત પદાર્થ મળી શકે છે. જેમ કે કોઈ વૈષ્ણવ, બ્રહ્મસંબંધ જેને થયેલો છે એવો કોઈ ભગવદીય, પહેલાં જ પોતે બધું પ્રભુને બ્રહ્મસંબંધ થતી વખતે સમર્પણ કરી દીધું છે, એવું મનમાં લાવીને પહેલાં ઉપયોગમાં નહિ લીધેલો પણ પદાર્થ ઉતાવળથી, ભ્રાંતિથી જો પોતાના ઉપયોગમાં લઈ લે, અને બાકી વધેલો જો પ્રભુને સમર્પવા તૈયાર થાય તો તે ન સમર્પવો એમ રહસ્ય છે. શ્રીમહાપ્રભુજી જે અર્ધભુક્તનો નિષેધ કરે છે, તે ઉપર કહેલી રીત પ્રમાણે થયેલા અર્ધભુક્તનો કરે છે. વસ્તુતઃ અસમર્પિત પદાર્થ ન લેવો એમ કહેવાથી કોઈ પદાર્થ પ્રભુને સમર્પ્યા વિના લેવાય જ નહિ અને ન લેવાય તો અર્ધભુક્ત, ઉપયોગમાં લીધા પછી બચેલો પદાર્થ પણ ગણાય જ નહિ, તો પછી તે પ્રભુને સમર્પવો કે નહિ, તેવો પશ્ર જ ન ઉઠાવાય; પણ કોઈ વૈષ્ણવ એમ મનમાં માની બેસે કે મેં પહેલાં બધું પ્રભુને સમર્પ્યું છે, હવે પ્રભુને સમર્પવાની શી જરૂર છે, એવી ભ્રાન્તિ તે વૈષ્ણવને થાય અને કોઈ પદાર્થનો પોતે ઉપયોગ કરે અને બાકી વધેલો જો ભગવત્કાર્યમાં વાપરે તો તે વાપરવો નહિ એમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું સૂક્ષ્મ ઉંડું રહસ્ય છે, તેથી જ અસમર્પિત અને અર્ધભુક્ત એવા બે ભેદ કરીને તેનો નિષેધ કર્યો છે. ૩૧—૩૨.

સિધ્ધાંત રહસ્ય ગ્રંથમાં અસમર્પિત વસ્તુ વર્જવી અને અર્ધભુક્ત પદાર્થ પ્રભુને ન સમર્પવો એમ જે આજ્ઞા છે, તેનું ઉંડું રહસ્ય શ્રીહરિરાયજી બતાવે છે :—

સિધ્ધાંત રહસ્ય ગ્રંથમાં અસમર્પિત વસ્તુ વર્જવી એમ સામાન્ય રીતે આજ્ઞા કરી છે. એટલે કે શેમાં વર્જવી કેવી રીતે વર્જવી, ક્યા કાર્યમાં વર્જવી એ સ્પષ્ટ નથી, માટે અર્ધભુક્ત પદાર્થ પ્રભુને ન સમર્પવો એમ બીજી વાર આજ્ઞા કરી એમાં અર્ધ એટલે અર્ધા પ્રમાણમાં ભુક્ત એટલે ભોગવેલી વસ્તુ, તે અર્ધભુક્ત કહેવાય છે.ભોગ કરવા લાયક વસ્તુનો ભોગ પ્રભુને તે વસ્તુ સમર્પ્યા વિના કરવો નહિ, એવો પણ આશય છે. ભોગ એટલે ઉપયોગ, મતલબ કે જે વસ્તુનો ઉપયોગ કર્યો હોય તે વસ્તુ પ્રભુને સમર્પવી નહિ, તેમ જે વસ્તુ પ્રભુને સમર્પાયેલી નથી, તેનો ઉપયોગ

પોતે પણ કરવો નહિ, એવી રીતના ભેદનો સ્પષ્ટ ખ્યાલ રહેવા સંદેહરહિત થશે એમ જાણવું. ૩૩—૩૪.

પ્રભુને નિવેદન કર્યા પછી તે પદાર્થ પોતાના ઉપયોગમાં લેતા નથી, તેનું કારણ બતાવે છે :—

પ્રભુને નિવેદન કરેલા પદાર્થોનું ગ્રહણ કરવું, કારણ કે આ સેવામાર્ગ પૂજામાર્ગથી જુદો છે. સેવામાર્ગમાં પરાત્પર પૂર્ણ પુરૂષોતમની સેવા છે, માટે નિવેદન કરેલા પદાર્થો પોતાના ઉપયોગમાં લઈ શકાય છે. પૂજામાર્ગમાં એ પુરૂષોતમના અંશોની, અવતારોની, કલાઓની પૂજા કરવામાં આવે છે, માટે તેમાં નૈવધ લઈ શકાતું નથી. સેવામાર્ગ અને પૂજામાર્ગ એવી રીતે સેવામાર્ગ જુદા હોવાથી પૂજામાર્ગની રીતિ સેવામાર્ગમાં આવી શકે નહિ. દષ્ટાંત:—પુજામાર્ગમાં એવું લખ્યું છે કે :—'મારી' પાસે ધરેલા દીવાનો ઉપયોગ બીજા કાર્યમાં કરવો નહિ' એમ ભગવાન પાસે આજ્ઞા કરે છે, તો તે આજ્ઞા પૂજામાર્ગ માટેની છે, પણ તે સેવામાર્ગમાં લાગુ પડી શકે નહિ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે :—નિવેદન કર્યા પછી તે પોતાના ઉપયોગમાં ન લેવું એમ જે કહયું છે, તે પૂજામાર્ગ માટે છે એમ સમજવું, સેવામાર્ગમાં પ્રભુને સર્વ નિવેદન કરવામાં આવે છે, 'પુત્રાદિ,ગૃહ,પ્રાણ વગેરે બધું પ્રભુને નિવેદવું.' વળી 'જે આલોકમાં ઈષ્ટ હોય,પોતાને અત્યંત પ્રિય હોય, તે સર્વ પ્રભુને અર્પણ કરવું.' વગેરે વાકયોથી સર્વ સમર્પણ કર્યા પછી પોતાના ઉપયોગમાં તે લઈ શકાય છે, માટે સેવામાર્ગમાં પૂજામાર્ગની રૂઢિ સવીકારાતી નથી. ૩૫.

જન્મપર્યત એવી ભાવના થવાથી મનુષ્યોને સર્વ સ્થલે બ્રહ્મસંબંધ થશે. જેમ ગંગાજીથી બીજા જલમાંના દોષો દુર થાય છે,અર્થાત તે જલ ગંગારૂપ થાય છે, તેમ ઉપર કહયા પ્રમાણેની ભાવના કર્યાથી મનુષ્યોને સર્વ સ્થલે બ્રહ્મનો સંબંધ થશે એટલે નિર્દોષપણું પ્રાપ્ત થશે. સર્વ રીતે તે દોષરહિત બનશે. ૩૬.

નવરત્ન ગ્રંથમાં જેવા જેવા પ્રકારની ચિંતાઓ શ્રીમહાપ્રભુજીએ નિરૂપણ કરેલી છે, તે નવરત્ન ગ્રંથથી સમજીને કદાપિ તે ચિંતાઓ વૈષ્ણવોએ કરવી નહિ એવો નિશ્ચય છે. જે જે ચિન્તાઓ થાય તે ન કરવી. ૩૭.

એપ્રમાણે બ્રહ્મસંબંધરૂપ સંસ્કાર થયા પછી સર્વ ચિંતાઓથી રહિ થઈને સાક્ષીની પેઠે ભગવાનની કૃતિને જોતાં જોતાં સુખેથી સેવામાં તત્પ થવું. ૩૮.

—: સેવા કેમ કરવી ? :—

ઉપર પ્રમાણે શરણ અને સમર્પણનું વિવેચન કરીને હવે સેવાવિધિ નિરૂપણ આપશ્રી કરે છે :—

સમગ્ર સેવાવિધિ પણ અનુક્રમે લખવામાં આવે છે. સેવાને અંગે જે જે કરવાનું છે, તે સર્વ લખાય છે. પહેલાં ઉતમ પ્રકારથી મૂર્તિમાં સેવ કરવી એમ કહેવામાં આવે છે. ભગવત્સ્વરૂપની ઉતમ પ્રકારથી સેવ કરવી જોઈએ એમ જણાવવામાં આવે છે. ૩૯.

મૂર્તિમાં ભગવાનનું જ્ઞાન, સાકાર ભગવાન મૂર્તિમાં પ્રવેશ કરે છે તેથી થાય છે એમ એક મત છે. અર્થાત મૂર્તિમાં ભગવાનનો આવેશ થાય છે. એ આવેશ સાકાર આવેશ છે, કેમ કે મૂર્તિ સાકાર છે. ત્યા સાકાર મૂર્તિમાં ભગવાનનો સાકાર આવેશ થયેલો હોવાથી મૂર્તિમ ભગવાનનું જ્ઞાન થાય છે એમ કેટલાક માને છે. ભકિતમાર્ગની દૃષ્ટિએ ત માનવાનું નથી, ભકિતમાર્ગનાં જ્ઞાન પ્રમાણે તો મૂર્તિ પ્રભુસ્વરૂપ છે મૂર્તિ જુદી છે, અને તેમાં ભગવાનનો જુદો આવેશ થાય છે, એમ માનવા નથી. સાક્ષાત જ મૂર્તિ દેખાય છે તે પ્રભુસ્વરૂપ જ એમ જાણવાનું છે ૪૦.

પૂજામાર્ગમાં મંત્રવિધિમાં પુજય દેવતાઓનું અર્ચન થાય છે. વેદમ જે જે મંત્રો કહેલા છે, તે તે મંત્રોથી તે તે દેવતાઓનું પુજન પુજામાર્ગમ કરવામાં આવે છે. પુજામાર્ગ કરતાં ભકિતમાર્ગમાં વિશેષ આ છે. મૂર્તિ સાક્ષાત પુર્ણ પુરૂષોતમ સ્વરૂપ થાય છે. જેમ પારસમણિના સંગથી લોખં વગેરે ધાતુ સુર્વણરૂપ બની જાય છે, તેમ તે મૂર્તિ પણ સાક્ષાત શ્રીકૃષ્ણ સ્વરૂપ થાય છે. એ કારણથી જ ભકિતમાર્ગમાં સેવા મુખ્યત્વે કરીને ભાવવડે થાય છે, અને એ ભાવવડે એ સ્વરૂપમાં જે કાંઈ સેવા કરવામ આવેલી હોય તે સાક્ષાત શ્રીકૃષ્ણની જ સેવા થઈ, એમ જાણવું. ૪૧—૪૨

—: સેવા બે રીતે થાય.:—

—: સેવાના ત્રણ પ્રકારો આપશ્રી વર્ણવે છે :—

પ્રભુની સેવા બે પ્રકારની છે. એક સેવા તો સર્વનો ત્યાગ કરીને થઈ શકે છે અને બીજી સેવા સર્વનો ત્યાગ કર્યા વિના થઈ શકે છે, માટે ત્યાગ અને અત્યાગ એવા ભેદથી સેવા બે પ્રકારની છે. વ્યાવૃતિ એટલે ગૃહસ્થધર્માનુસાર સર્વ પ્રવૃતિ કરવી તે. એ વ્યાવૃતિનો ત્યાગ કર્યા પહેલાં અત્યાગદશામાં પણ ત્યાગ કરવાપણું તો છે જ, તે આગળના શ્લોકમાં સ્પષ્ટ કરે છે. ૪૩.

જ્યારે ગૃહસ્થાશ્રમમાં પણ સ્થિતિ હોય એટલે કે ગૃહસ્થ તરીકેની પ્રવૃતિ ચાલુ હોય તો પણ મનથી સર્વનો ત્યાગ કરવો એ ઉત્તમ છે. વ્યાવૃતિ છતા પણ તેમાં આસક્તિ ન રાખતાં પ્રભુમાં મન જોડી દેવું તે મનથી કરેલો ત્યાગ કહેવાય છે અને તે કરવો ઉતમ છે. સર્વનો ત્યાગ ન કર્યો હોય તે પક્ષમાં ગૃહસ્થાશ્રમ સાધનોમાં અનુકુલ જોઈએ. એટલે કે સેવાદિક સાધનોમાં સ્ત્રીપુત્રાદિક અનુકુલ હોવાં જોઈએ. ગૃહમાં રહીને સેવા કરવા સ્વધર્મ વડે જ નિરંતર શ્રીકૃષ્ણનું ભજન કરવું. જો અધર્મ કરે તો હીન યોનિમાં એનો જન્મ થાય છે, માટે ગૃહમાં રહીને પોતાના ધર્મવડે નિરંતર શ્રીકૃષ્ણ સેવા કરવી. ૪૪—૪૫.

ભગવાનની મૂર્તિમાં યથાયોગ્ય પ્રાપ્ત થયેલા દ્રવ્યો વડે શ્રીહરિનું પુજન કરવું. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે :— ‘ જેવા અને જેટલા ઉપચારો — પદાર્થો મળી આવ્યા હોય, તે વડે શ્રીકૃષ્ણનું ભકિતપૂર્વક પૂજન કરવું’ અર્થાત ભકિતમાર્ગની મર્યાદા પ્રમાણે જે પદાર્થો મળી આવે તે પદાર્થો વડે ભગવાનની પ્રતિમામાં બિરાજતા શ્રીહરિનું પૂજન કરવું. ૪૬.

પૂજનનો પ્રકાર સેવાના પ્રકાર સાથે મેળવીને કહે છે :—

પહેલાં તો સ્થાન એટલે મંદિર આદિ સંપાદન કરીને, અને ભોગ ધરવાની સામગ્રી પણ તૈયાર કરીને શય્યામાંથી શ્રીહરિને જગાડવા. બુહારી મંદિરવસ્ત્ર કરીને પ્રભુને બિરાજવાનું મંદિર, અને સિંહાસન પણ સ્વચ્છ રીતે તૈયાર રાખવુ. ભોગ ધરવાની સામગ્રી પણ તૈયાર રાખવી. પછી પ્રભુને જગાડવા. પ્રભુને શય્યામાંથી જગાડીને સવારથી સાંયકાલ પર્યંત બધી સેવા કરો. પ્રાતઃકાળથી સેવાનો અને પુજાનો જે ક્રમ છે, તે પ્રમાણે કરો. આપશ્રીએ તો પ્રાતઃકાલમાં પ્રારંભમાં સેવાનો ક્રમ કેવી રીતે

છે, તે માત્ર સંક્ષેપમાં શરૂઆતના ભાગ તરીકે જણાવીને, એમ આજ્ઞા કરી કે સેવાપૂજાના તે ક્રમ પ્રમાણે તમે સેવાપૂજા કરો.૪૭.

સેવામાં અને પૂજામાં શો ભેદ છે, તે આપશ્રીએ પ્રથમ જણાવ્યા છે,તો પણ અત્રે તેનું ફરીને વિશેષ સ્પષ્ટીકરણ કરે છે :—

સેવા કરવામાં લૌકિક યુકિત જાણવી જોઈએ. જેમ કોઈ લૌકિક બાલક સવારમાં ઉઠે છે, ત્યારે તેની માતા પુત્રસ્નેહને લીધે તે બાળકને માટે આગળથી જ તૈયાર કરી રાખેલા ખાવાના પદાર્થો આપે છે, તેમ પ્રભુમાં બાલભાવ રાખીને પ્રભુને જગાડયા પહેલાં ભોગસામગ્રી સ્નેહભાવથી સિધ્ધ કરી રાખવી. એ સેવામાં સનેહ સર્વે નિયમો કરી આપે છે. જેમ માતા પુત્રને સ્નેહથી લાડ લડાવે છે, પાળે છે,પોષે છે, તેમ તે જ ભાવથી પ્રભુની સેવા કરવી.પૂજા કરવામાં આવે છે, ત્યારે તેમાં મુખ્ય શાસ્ત્રના વિધિને માનવામાં આવે છે, શાસ્ત્રમાં ઠંડા જલથી પ્રભુને સ્નાન કરાવવાનું લખ્યું છે, માટે ગમે તેવી શીતકાલની ઋતુમાં પણ પ્રભુને ઠંડા જલથી જ સ્નાન કરાવવું, એમ પૂજા માર્ગમાં છે. ત્યાં વિધિને એટલે શાસ્ત્રમાં જે લખેલું છે, તેને મુખ્ય માનવામાં આવે છે, એટલે વિધિ સ્નેહથી વિરૂધ્ધ છે કે, સ્નેહયુકત છે, એમ વિચાર કરવામાં આવતો નથી. સ્નેહથી વિરૂધ વિધિને મુખ્ય નિશ્રય માનીને ભગવાનની પૂજા પૂજામાર્ગીય લોકો કરે છે.પરંતુ સેવામાર્ગ શાસ્ત્રનો વિધિ નથી.ભાવનો વિધિ છે એટલે આપણા પુષ્ટિપ્રભુને તો ગીષ્મઋતુમાં પણ ગરમ જળથી સ્નાન કરાવવાનો વિધિ છે. પણ આપણા આશ્રર્યાઓએ વેદની મર્યાદા રાખીને એક દિવસ જેઠસુદ પુનમ સ્નાન યાત્રા ને દિવસે ઠંડા જળથી સ્નાન કરાવવાનો ક્રમ રાખેલ છે.૪૮.

—: ગુરૂ કેવા હોય ?:—

ગુરૂ કેવા કરવા જોઈએ, તેનાં સંબંધમાં શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં જેવી રીતે આજ્ઞા કરી છે, તેવી રીતે શ્રીહરિરાયજી પણ અહિં આજ્ઞા કરે છે :—

ગુરૂ ભકિતમાર્ગને અનુસરનારા હોવા જોઈએ, વળી શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ રહેનારા જોઈએ તેમજ શ્રીભાગવતનાં તત્વને જાણનારા અને દંભ—ડોળ કરવો વગેરેથી રહિત એવા નર, તે ગુરૂ કહેવાય. ૪૯.

ઉપર જણાવેલ ગુરૂ ન મળે તો કેમ કરવું, તે આપશ્રી જણાવે છે :—

ઉપર જણાવેલા સદગુરૂએ જે ઉપદેશ કરેલો હોય તે પ્રમાણે ચાલવાથી સર્વ કાર્ય સિધ્ધ થશે જ. અર્થાત ઉપર જેમનું સ્વરૂપ વર્ણન કરવામાં આવ્યું છે તેવા ગુરૂના અભાવમાં એવા ગુરૂએ જે ઉપદેશ આપેલો

હોય તે જ નિયમ રૂપ છે એમ માનવું. નિયમમાં રાખનાર ગુરૂ ન હોય તો તેમના ઉપદેશને નિયામક તરીકે માનવો.

હવે જો કે આધુનિક તીર્થરૂપ ગુરૂઓ ઉપર જણાવેલા ગુરૂ જેવા નથી, તો પણ તેઓ જે ઉપદેશ આપે છે, તે તો પહેલાં વર્ણવેલા સદગુરૂએ જ કહેલો ઉપદેશ આપે છે, માટે હાલનાં ગુરૂઓ તેવા ન હોવા છતા પણ તેમની પાસેથી જો ઉપદેશ લેવામાં આવે તો તે ઉપદેશ પહેલાં બતાવેલા મુખ્ય સદગુરૂના ઉપદેશની પેઠે જ ફળશે. જો દુઃસંગરૂપી દોષથી બુધ્ધિ ભ્રમિત થઈ નહિ હોય તો, જો ખરાબ પુરૂષોની સંગતિથી બુધ્ધિ દુષ્ટ થઈ હશે, તો તે ઉપદેશ ફલિત થશે નહિ. ગુરૂ ગમે તેવા હોય તો પણ જે ઉપદેશ આપે છે, તે ઉપદેશને પ્રકટ કરનારા ગુરૂ કેવા છે તે જ વિચારવું જોઈએ, અને દુઃસંગથી બચવું જોઈએ. ૫૦–૫૧.

સેવા વિષે પણ જેવો વિધિ તેવા ગુરૂએ કહયો હોય તે જ વિધિ સમજવો. ઉપર જણાવેલાં લક્ષણો જેમાં હોય તેવા ગુરૂશ્રીએ સેવાની જે પ્રણાલિક બાંધી હોય તે જ પ્રમાણે ચાલવું. શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુંસાઈજીએ, શ્રીગોકુલનાથજીએ, શ્રીહરિરાયજીએ, અને મહાનુભવીઓએ સેવા કેવી રીતે કરવી જોઈએ, એ સંબંધે ગ્રંથો પ્રકટ કરીને જે આજ્ઞા કરી હોય તેને વિધિરૂપ સમજીને અનુસરવું. ખરો વિધિ તે જ છે, બીજો કલ્પી કાઢેલો વિધિ ફલને સિધ્ધ કરી શક્તો નથી. પોતાની ઉચી યોગ્યતા હોય નહિ અને સ્વચ્છંદ રીતે સેવામાં પણ નવો પ્રકાર ઉભો કરે તો તેથી ફલસિધ્ધિ થાય નહિ. ૫૨.

ઉદ્રેગ ન થાય તેટલા માટે પ્રેમસહિત શ્રીકૃષ્ણનાં સ્વરૂપમાં અંલકારો ધરાવવા. વસ્ત્ર તથા આભરણ અને સિંહાસન, પીછવાઈ આદિથી પ્રભુને શણગારવા. વસ્ત્રાભરણો આદિની રચના એવી કરવી કે પ્રભુના સ્વરૂપની સુંદરતા પોતાના મનને રોકનારી થાય. પ્રભુના સ્વરૂપની સુંદરતાને નીરખીને ત્યાંથી પાછું હઠવાનું મન થાય જ નહિ. ૫૩.

શ્રીહરિના લીલાયુક્ત સ્વરૂપમાં ચિતનું 'પરોવવું, તેનું નામ સેવા છે એમ સિધ્ધાંત મુકતાવલીમાં કહયું છે, તેથી પ્રભુની સુંદરતાથી પોતાનું મન પ્રભુમાં રહે તેવી રીતે શૃંગાર કરવા. સેવાનો ઉધમ તેને માટે જ છે. સેવા એવી રીતે કરવી જોઈએ કે પ્રભુમાં મન પરોવાયેલું રહે તેવી ફલરૂપ

સેવાના સાધન તરીકે, દેહથી અને દ્રવ્યથી કરવામાં આવતી સેવાને માનવામાં આવે છે. તનુજાવિતજા સેવા માનસી ફલરૂપ સેવાનું સાધન છે, એમ સિંધ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ કહયું છે. ૫૪—૫૫.

એ પ્રમાણે અન્ન વગેરે વસ્તુનો પ્રભુમાં ઉપયોગ સિધ્ધ કરી બતાવતાં, સ્ત્રી વગેરે જો સેવાને અનુકુલ હોય તો તેઓ પાસે જ સેવા કરાવવી. શ્રીગુસાઈજી શ્રીનાથજીની પ્રાર્થના કરે છે કે :— 'હે કમલલોચન, અમારા ધરાવેલા પદાર્થોનો ભોગ આપે કરવો જ જોઈએ. જો નહિ કરો તો પુષ્ટિમાર્ગીય મર્યાદા નષ્ટ થઈ જશે.' અન્ન વગેરે વસતુનો એવી રીતે જયારે પ્રભુમાં જ ઉપયોગ સિધ્ધ થયો, તો સ્ત્રી વગેરે પણ જો અનુકુલ હોય તો તેમની પાસે પણ પ્રભુની સેવા જ કરાવવી. ૫૬.

ભાર્યા આદિની સ્થિતિ જો ઉદાસીનપણાવડે જ રહેતી હોય તો પોતે સેવા કરવી જોઈએ. સ્ત્રીપુત્ર આદિ સેવા કરવાથી ઉદાસીન રહે તો પોતે જ સેવામાં જોડાવાથી સેવા કરવામાં વ્યગ્રતા રહે છે, અને સેવા બરોબર ન થઈ શકે તો સ્વધર્મની હાનિ થવાથી થનારી અપકીર્તિનો ભય પણ થાય છે. માટે જે સેવાથી વિમુખ થઈને બેસે તેને તેવી જ રીતે રહેવા દઈને પોતે સેવા કરવી. પહેલાં શ્લોકનાં છેલ્લા બે પદોનો સંબંધ બીજા શ્લોક સાથે પણ લઈ શકાય છે. એટલે કે ભાર્યા આદિ સેવાથી ઉદાસીન હોય તો તેમનો ત્યાગ ન કરવો, પણ પોષણ કરવું. કેમ કે ત્યાગ કરવાથી લોકમાં અપકીર્તિ થાય તે અપકીર્તિનો ભય હોય તો સેવામાં પણ વ્યગ્રતા એટલે ઉચું મન રહે, માટે તેઓનું પોષણ કરવું. રોગી દેહ વાળાની પેઠે આતુર થઈને દુઃખી થઈને તેનું પોષણ કરવું. સ્ત્રી આદિ સેવા ન કરે તેથી દુઃખ તો થાય, પરંતુ તે સેવામાં બીજી હરકત નથી કરતાં અને પોતે બ્રહ્મસંબંધ કરેલો છે એવો હૃદયમાં વિચાર કરીને સવર્થા તેનું પોષણ કરવું. ૫૭—૫૮.

જો તે આસુર હોય અને પોતાને કૃષ્ણસેવા કરવા ન દે, તો તેનો પત્યિાગ જ કરવો એવો નિશ્ચય છે. સ્ત્રી આદિ આસુર ભાવવાળા હોય, પોતે સેવા કરે નહિ અને આપણને સેવા કરવા દે પણ નહિ, તો તેવા આસુરના ત્યાગ જ કરવો એ સિધ્ધાંત છે. ૫૯.

ભકિતમાર્ગમાં એવો નિયમ છે કે, જેઓ ભક્ત ન હોય તેઓ સાથે કદાપિ ભકતોએ વસવું નહિ. સ્વીકાર કરીને પણ સ્મૃતિમાં કહેલા ધર્મોનો ત્યાગ ભકિતમાર્ગીયજનોએ કરવો. કારણ કે ધર્મશાસ્ત્રથી પણ ભકિતશાસ્ત્ર બલવદ છે એવી મર્યાદા છે.મન્વાદિપ્રોકત શાસ્ત્રથી પણ ભકિતશાસ્ત્ર બલવદ હોવાથી ભકિતમાર્ગમાં જેનો અંગીકાર થયેલો છે, તેઓએ સ્માર્ત ધર્મો ત્યજવા. ૬૦.

ચિત શ્રીહરિમાં રાખીને વૃતિ મેળવવા માટે પ્રયત્ન કરાવવો. પોતાનો વ્યાપારાદિક ઉધમ ચાલી રહયો હોય, તો તેને માટે પોતે પ્રયાસ ન કરતાં બીજા પાસે તે યત્ન કરાવવો; અને પોતાનું ચિત શ્રીહરિમાં રાખવું. જો વૃતિ મુદલે હોય જ નહિ, તો એક પ્રહર સુધિ સેવાપરાયણ થઈને રહેવું. એટલે કે બીજા સમયમાં વૃતિ (રોજગાર) માટે ઉધમ કરવો. જો વૃતિ સહજમાં જ સિધ્ધ થતી હોય તો માત્ર શ્રીકૃષ્ણમાં આસકિત રાખીને રહેવું જોઈએ. તોપછી વૃતિ માટે થોડો પણ પ્રયાસ કરવા પ્રેરાવું નહિ. ૬૧—૬૨.

—: વિમુખતા.:—

શ્રીહરિની સેવા માટે પ્રયાસ કરતાં જેટલો સમય શ્રીહરિથી વિમુખ થવાયું તેથી વૈમુખ્ય દોષ ઉત્પન્ન થયો અને તેનાં નિવારણ માટે નિયમ પૂર્વક શ્રીમદભાગવતનો પાઠ કરવો. ૬૩.

ચિત ખળભળી ઉઠવાથી શ્રીહરિથી વિમુખ થઈ જવાય છે, તેથી પણ વૈમુખ્યદોષ લાગે છે. તેનો નાશ કરવા માટે જે કાંઈ આપતિ આવી પડે તે સહન કરવી. કોઈ કઠોર વચન કહી જાય, કોઈના તરફથી કાંઈ તાડનાદિ કરવામાં આવે તો પણ તે સહન કરવું. કોઈ ખરાબ પુરૂષોએ નિંધો હોય અથવા અપમાન કરાયેલો હોય, કોઈ દુષ્ટ પુરૂષે ઠપકો આપ્યો હોય, ઈર્ષ્યા કરેલી હોય અથવા માર્યો હોય કે બાંધ્યા હોય, વૃતિ—ચાલતી રોજગારી – છોડાવી દીધી હોય,કોઈ થુંકયું હોય, મૂત્ર કરી ગયું હોય, મુર્ખાએ એવી રીતે ઘણે પ્રકારે હેરાન કર્યો હોય તો પણ દુઃખમાં આવી પડેલા અને કલ્યાણની ઈચ્છાવાળા માણસે પોતા વડે પોતાનો ઉધ્ધાર કરવો.' એમ શ્રીમદ્‌ભાગવતમાં ઉદ્રવ પ્રત્યે ભગવદ્‌વાક્ય છે. માટે પ્રભુના

લોભ ન રહે માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી, કારણ કે કામ અનેલોભ પ્રભુની પ્રાપ્તિની આડે આવનારા બે મહાન પહાડો છે, તેને દુર કરવા માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી. વળી મારો આ છેલ્લો જન્મ છે એમ જાણવું, તેમજ પ્રભુ મારે માથે બિરાજે છે. માટે હું કૃતાર્થ છું એમ પણ સ્મરણ કરવું. બ્રહ્મસંબંધ કરવાથી સર્વ દોષો દુર થઈ જાય છે, મારો છેલ્લો જન્મ છે, હજારો વર્ષના વિયોગ પછી પ્રભુનો સંબંધ થયો માટે હું કૃતાર્થ છું એમ દઠતાથી માનવું. ૬૫.

—: સેવાવિચાર :—

ઉપર કહયા પ્રમાણે ચિતવડે નિશ્ચય કરીને આ લોક અને પરલોકની અપેક્ષા રાખ્યા વિના અંતઃકરણ સ્થિર કરીને શ્રીહરિમાં માતાપિતાવત્ વિશ્વાસ રાખવો. જેમ માતાપિતામાં બાલકને એવો વિશ્વાસ હોય છે કે તે મારૂં બુરૂં નહિ કરે, તેમ પ્રભુમાં પણ વિશ્વાસ રાખવો કે અમારૂં સારૂં જ કરશે એવો દૃઢ વિશ્વાસ રાખીને તત્પર થઈને પહેલાં લૌકિક યુકિતવડે સેવા કરવી. લૌકિક યુકિત એ જ કે પ્રભુને બાલભાવથી સેવવા. અથવા તો એક પતિવ્રતા સ્ત્રી જેમ પતિની સેવા કરે છે, તેમ પ્રભુની સેવા કરવી. દેશકાલનો પણ વિચાર કરવો. જેવો દેશ હોય, જેવો સમય હોય, શીતકાલ, ઉષ્ણકાલ કે ગમે તે હોય તેનો પણ સેવામાં વિચાર કરવો. અ પ્રભુની અવસ્થાનો વિચાર કરવો, જે અવસ્થાનું સ્વરૂપ હોય તે અવસ્થા અનુકુલ સેવા કરવી. બાલ્યાવસ્થા કે કિશોરાવસ્થા એનો વિચાર કરી તદનુકૂલ સેવા કરવી. ૬૬—૬૭.

સેવા માટે વ્યર્થ વચન કહેવું નહિ, ખોટું બોલવું નહિ. ચ મુખરતાદોષ છે. એ દોષ મોટામાં મોટો છે. મારી કૃતિથી જ આ બધું બ છે, એમ પણ માનવું નહિ. જે જીવકૃતિથી જ સિધ્ધ થતું હોય તે પરિત્યાગ કરવો. જેમ કે 'સાધનસંપતિથી પ્રભુ કદાપિ પ્રસન્ન થતા નથી, એમ શ્રીસુબોધિનીજીમાં કહયું છે, તેમ જ બહુ જ કલેશ કરીને પ્રયત્ન જે મેળવ્યું હોય તે પ્રભુને સમર્પવું નહિ. જે મેળવાતાં સેવાથી વિમુ થઈને ઘણો જ કલેશ પ્રાપ્ત કરીને પ્રયાસ કરવો પડયો હોય તે પ્રભુ સમર્પવું જોઈએ નહિ. ભગવાન કહે છે કે :— 'ભકતો થોડું પણ પ્રેમ

તો તેથી મને સંતોષ થતો નથી. એટલે કે ભક્તિવિના જે મને ઘણું પણ ધરાય છે, તે મને સંતોષ આપવા પુરતું નથી. ' ૬૮.

લોકમાં જે બહુ ઈષ્ટ હોય, લોકો જેને બહુ ઈચ્છતા હોય, અને પોતે ઘણા સમયથી ચિંતામાં વિચારી રાખેલી હોય તે વસ્તુ પ્રભુને ભક્તિથી સમર્પવી. એ વસ્તુ સર્વથા સેવાસંબંધી જે હોવી જોઈએ બીજી નહિ એ ખાસ દયાનમાં રાખવું. ' જે ઈષ્ટ હોય દત (આપેલું) હોય, હુત (હોમેલું)હોય, જ પેલું હોય, જે આચર્યુ હોય, જ પોતાને પ્રિય હોય, તે મને અર્પવું, મને આપવાથી તે અનન્તરૂપ થાય છે,' એમ શ્રીભાગવત કહે છે. ૬૯.

તેમ જ જ્યારે ભીતરની સેવાનો સમય ન હોય ત્યારે બહારની સેવા પણ મુખ્ય સેવાની પેઠે જ કરવી. પ્રભુનાં શ્રીઅંગનાં અને બીજા બીછાવવાનાં વસ્ત્રોનું પ્રક્ષાલન કરવું આદિ સેવા પણ મુખ્ય સેવારૂપ જ જાણીને કરવી. ૭૦.

એક વેળાએ, બે વેળાએ અથવા તો ત્રણ વેળાએ પ્રભુ સેવા કરવી. જેટલી વાર પ્રભુની સેવા બને તેટલી વાર કરવી. સ્વધર્મનું આચરણ કરવું. નિત્ય અને નૌમતિક કર્મ પણ સ્વધર્મનું અંગ હોવાથી કરવું. નિત્યકર્મ સંધ્યાવંદન વગેરે છે. નૈમિતિક કર્મ કોઈપણ નિમિતને લીધે કરવામાં આવે છે., જેમ કે પોતાને ત્યાં પુત્રનો જનમ થાય તો તેને અંગે જે જાતકર્મ આદિ સંસ્કારો કરવાના છે તે કરવા. નિત્ય અને નૈમિતિક કર્મો એ બન્ને મુખ્ય સ્વધર્મનું અંગ હોવાથી તેનું આચરણ પણ કરવું. ૭૧.

પોતાના ધર્મથી જે વિલક્ષણ ધર્મ, જે કર્યાથી પોતાના ધર્મને બાધ નડે, તે ધર્મથી આગ્રહ પૂર્વક નિવૃતિ રાખવી,એવો નિશ્રય છે. વૈષ્ણવોનો ધર્મ ભગવત્સેવા છે, સેવામાં જે પ્રતિબંધ નાખનારો ધર્મ હોય તે વિધર્મ કહેવાય. એ વિધર્મને આગ્રહથી ત્યજી દેવો, એમ સિધ્ધાંત છે. કદાચ તેવા ધર્મની સિધ્ધિ થાય તો પણ મુખ્ય ભગવદધર્મ છે, તેથી ભગવદધર્મનું સર્વ ધર્મથી વિશેષપણું છે. એ ભગવદધર્મનું આચરણ કરતાં સર્વ ધર્મો સિધ્ધ થઈ જાય છે. જેમ મૂલમાં જલસિચન કરવાથી આખા વુક્ષને પુષ્ટિ મળે છે, તેમ સર્વ ધર્મનું મુળ જે ભગવદધર્મ, તેનું આચરણ કરવાથી સર્વ ધર્મોની સિધ્ધિ થાય છે માટે જ સર્વથી શ્રેષ્ઠ ભગવત્સેવા છે. ૭૨.

ઈંદ્રિયરૂપી ઘોડો બહુ જ બલવાન છે, માટે તેનો સારી પેઠે નિગ્રહ સવર્થા કરવો એવો મત છે. મતલબ કે પોતે ઈંદ્રિયોને વશ થવું નહિ, પણ ઈંદ્રિયોને પોતાને સ્વાધિન રાખવી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે :– ' વિષયોનો આવેશ જેના ચિતમાં થયો છે, તેવા પુરૂષોમાં પ્રભુનો આવેશ થતો નથી ! પ્રભુ તેવા હદયોમાં બિરાજતા નથી.' વળી કહયું છે કે – ' હરણ સ્વરની લાલસાથી કર્ણન્દ્રિયને વશ થઈને માર્યો જાય છે. હાથી ચામડીને લીધે માર્યો જાય છે. પતંગીયો દીવાનું રૂપ જોઈને નેત્રેંદ્રિયથી માર્યો જાય છે,ભમરાઓ સુંગધ માટે નાસિકેંદ્રિયને વશ થઈને મરે છે, મીન–માછલાં જીભના સ્વાદથી માછીમારોથી મરે છે એ પ્રમાણે એક એક ઈન્દ્રિયની ગફલતીથી ઉપરનાં એક એક પ્રાણીઓ મરે છે, તો જે માણસ પાંચે ઈન્દ્રિયોને ગફલતીમાં રહેવા દે અને એનો નિગ્રહ કરે નહિ તો તેની શી દશા થાય ? ' તેમજ પરોપકારના જે ધર્મો જેવા કે કુવા, ધર્મશાળા, સદાવ્રત વગેરે ભગવત્સેવારૂપ ઉતમોતમ ધર્મપાસે દુર્બલ છે. કારણ કે એ પરોપકારના ધર્મનું ફલ માત્ર સ્વર્ગ છે, એ સ્વર્ગનું સુખ તો જ્યાં સુધિ પુણ્ય હોય છે, ત્યાં સુધિ જ મળે છે; પછીથી આ લોકમાં આવવું પડે છે.ભગવાન શ્રીગીતાજીમાં આજ્ઞા કરે છે કેઃ–'તે પુણ્યશાળી લોકો વિશાળ સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ખુટી જતાં મૃત્યુલોકમાં પ્રવેશે છે.' તો એવા નાશવંત ફળ આપનારાં પરોપકાર આદિ ધર્મો અવિનાશિ અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફળ આપનારા ભગવત્સેવારૂપ ધર્મપાસે દુર્બલ હોય જ એમાં શું આશ્રય છે? ૭૩.

ઉપર પ્રમાણે સ્વધર્માચરણ કરતાંકરતાં ભગવાનને આવેશ થાય છે આવેશ થયાથી પ્રભુની સેવાના સાધનોમાં નિષ્ઠા જો થાય, તો તે નિશ્ઠા થયા પછી નિત્ય પ્રભુની સેવા કરવી. નિત્યસેવા કરવાથી પ્રભુમાં અને પ્રભુસેવારૂપ સાધનમાં નિષ્ઠા થાય છે, ભાવ થાય છે, માટે સેવા નિત્ય કરવી. ૭૪.

સર્વસ્વરૂપ શ્રીકૃષ્ણ જ છે એમ જાણીને હદયમાં દીનતા લાવવી એટલે કે હું સૂક્ષ્મ, અને સર્વ દોષથી ભરેલો જીવ ક્યાં અને સર્વસ્વરૂપ નિદોર્ષ, પુર્ણ ગુણવિગ્રહ એવા પ્રભુ ક્યાં ? એવી ભાવનાવાળી દીનતા

દીનતા વિના બીજું જીવ શું

તેમ છે? 'હું કરૂં છું' એવા અહંકારનો સર્વથા ત્યાગ કરવો. 'હું કરૂં છું' એવું મનમાં કદાપિ ન લાવવું. ૭૫.

—: જયપાઠ. :—

શ્રહરિની સેવામાં પણ સન્માન મેળવવાની ઈચ્છા ન રાખવી. અર્થાત શ્રીહરિની સેવા કરીને તેનાથી લોકો તરફના માનમરતબાની ઈચ્છા ન જ રાખવી જોઈએ. શ્રીહરિનાં ગુણો નિરંતર ગાવા અને શ્રીહરિના નામનું કીર્તન સભામાં ઉભા રહીને પણ કરવું. પોતે સભામાં ઉભો રહેલો હોય, તે વખતે પણ કોઈની શરમ રાખ્યા વિના, બીજા સાંભળે તેનો ભય રાખ્યા વિના ભગવાનનું નામ અવશ્ય લેતાં રહેવું. કહેવાનો આશય એ છે કે, ગમે તે સમયમાં, ગમે તે ઠેકાણે પણ શ્રીહરિનું નામ છોડવું નહિ.નવરત્નગ્રંથની ટીકામાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે; 'ક્ષણવાર પણ જો અષ્ટાક્ષરનો ત્યાગ કરે તો આસુરાવેશ થાય' શ્રીમહાપ્રભુજી પણ નવરત્નમ્ ગ્રંથમાં એજ આજ્ઞા કરે છે કે :— ' તેથી સર્વાંશે 'શ્રીકૃષ્ણ શરણં મમ્ ' એમ નિરંતર બોલતા રહેવું. શ્રીમદ ભાગવતમાં પણ એ જ આજ્ઞા છે :— ' શ્રીહરિનાં ચરિત્રનાં ગીતો, શ્રીહરિનાં જ નામો ગાતાં ગાતાં લજજા રહિત થઈ, સંગ છોડીને વિચરવું. ૭૬.

કોઈનો પણ ભય રાખ્યા વિના કોઈની પણ સ્પૃહા—પરવા રાખ્યા વિના પોતે જ શ્રીકૃષ્ણમાં ચિત લગાડવું.નિરંતર શ્રીકૃષ્ણમાં ચિત રાખીને શ્રીકૃષ્ણ નામનો ઉચ્ચાર કરવામાં કોઈનો ભય અને કોઈની દરકાર ન કરવી. મુખ્ય સાધન એ જ છે કે નિત્ય શ્રીમદ્ ભાગવતનું કીર્તન કરવું. શ્રીમદ્ ભાગવતનો પાઠ નિત્ય કરવો. એ જ મુખ્ય સાધન છે. નિબંધમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, ' મુખ્ય સાધન તે આ જ છે કે 'સ્વાર્થ વિના અને દંભ વિના પ્રયત્નથી શ્રીભાગવતનો પાઠ આદરપૂર્વક કરવો. ૭૭.

પાઠ કરતી વખતે દંભ ન કરવો. આડંબર કરીને પાઠ ન કરવો. કોઈ નિમિતને લઈને પણ ન કરવો. એટલે કે કોઈ સ્વાર્થમાટે શ્રીભાગવતનો પાઠ ન કરવો. પોતાના પ્રયત્નથી, પોતે જ નિરંતર શ્રીભાગવતનો પાઠ કરવો. આજ આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં કરી છે.

—: તિલક માલા. :—

સેવામાં પણ અંતર્ગત અને પુજાની પણ અગરૂપ શંખ, ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કરવી. શંખચક્રાદિ મુદ્રાઓ સેવામાં પણ આવશ્યક છે અને પુજામાર્ગમાં તે અંગરૂપ છે, માટે તે અવશ્ય ધારણ કરવા. તુલસીકાષ્ઠની માળા પણ ધારણ કરવી. તેમજ તિલક પણ ભગવચ્ચિન્હ હોવાથી અવશ્ય ધારણ કરવું. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આ વિષય પરત્વે વિશેષવિસ્તારપૂર્વક આજ્ઞા કરે છે :— '' શંખ,ચક્ર આદિ મુદ્રાઓ ગોપીચંદનથી જ ધારણ કરવી. એ પૂજાનું અંગ છે. તેમ જ તુલસીકાષ્ઠ ની માલા અને તિલક પણ ધારણ કરવા કેમકે તે વૈષ્ણવનાં ચિન્હ રૂપ છે.

ઉપરના શ્લોકના પ્રકાશમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે,

'શંખ,ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કર્યા વિના જે પુરૂષ પૂજા કરે છે, તેણે કરેલું પૂજન નિષ્ફળ થાય છે અને શ્રીહરિ પણ પસન્ન થતાં નથી.' તુલસીકાષ્ઠમાળા જો ધારણ ન કરે તો તેને માટે વચન છે કે;— 'જે લોકો તુલસીકાષ્ઠ માલાધારણ કરતાં નથી, તે સ્વાર્થી લોકો અને પાપબુધ્ધિઓ (શ્રીહરિના) ક્રોધરૂપી અગ્નિથી બળીને નરકથી પાછા ફરતા નથી.' આવાં અનેક વચનોથી સિધ્ધ થાય છે કે તુલસીકાષ્ઠમાલા યજ્ઞોપવિતની પેઠે ધારણ કરવી.

તિલક આ પ્રમાણે કરવું:— ' દંડના સરખી લીટીથી ચરણારવિંદના આકાર જેવું તિલક લલાટમાં કરવું. છાતીમાં કમલફરના આકારવાળું તિલક કરવું. વાંસના પાંદડા જેવું તિલક ભુજા ઉપર કરવું. બીજાં તિલકો દીવાના આકાર જેવાં કરવાં.' ૭૮.

—: જયંતી વ્રત :—

એકાદશી આદિ વ્રત વૈષ્ણવમત પ્રમાણે જ કરવાં દશમીનો વેધ ન આવે એવી રીતે એકાદશી વ્રત કરવું. એટલે કે દશમ પપ—પંચાવન ઘડી ઉપરાંત એક પલ પણ જો વધે તો તે એકાદશીને દિવસે વ્રત ન માનતાં દ્વાદશીને દિવસે વ્રત માનવું એ પ્રમાણે વૈષ્ણવમત પ્રમાણે એકાદશી આદિવ્રતો કરતાં જન્માષ્ટીનું વ્રત પ્રભુના પ્રાકટયનો ઉત્સવ માનીને કરવું. આજે નંદરાજકુમારનું પ્રાકટય થયું છે, આજ મહાઆનંદઉત્સવનો દિન છે એમ માનીને વ્રત કરવું. આઠમ સુર્યોદય વખતે હોય તો જ તે દિવસ

વ્રત કરવું. સૂર્યોદય વખતે સાતમ હોય અને પછી આઠમ હોય તો તે તિથિ ન માનતાં બીજી તિથિએ ઉત્સવ માનવો. એ પ્રમાણે રામનવમી, નૃસિંહચતુર્દશી અને વામનદ્વાદશીને દિવસે ઉત્સવ માનીને વ્રત કરવું અને જન્માષ્ટમીની પેઠે સૂર્યોદય વખતની જ તિથિ ગ્રહણ કરવી. અને બીજા પણ જન્મદિન આદિ દિવસો પણ ઉત્સવો તરીકે જાણવા, જેવા કે શ્રીમહાપ્રભુજીનો પ્રાકટયમહોત્સવ, શ્રીગુંસાઈજીનો ઈત્યાદિ એ બધા દિવસો ઉત્સવ તરીકે માનવા. ૭૯—૮૦.

તે તિથિ પણ સૂર્યોદયકાલ સમયની જ લેવી. એ વિના બીજા ઉત્સવો શરદ પૂર્ણિમા આદિમાં વિલક્ષણતા એટલી છે કે તેનો નિર્ણય જયન્તીવ્રતવત ન થાય. જન્માષ્ટમી આદિ ઉત્સવોમાં જેમ ઉદયાત્ તિથિ માનવામાં આવે છે, તેમ તે ઉત્સવોમાં નથી. એ ઉત્સવોમાંકોઈક વેળાએ, નક્ષત્ર મુખ્ય છે, સમય—મુખ્ય છે, તિથિ પણ કવચિત મુખ્ય છે.

એ પ્રમાણે, ઉપર કહયા પ્રમાણે આચરણ કરનાર ગૃહસ્થ કૃતાર્થ થાય છે, એમાં કશો સંશય નથી. ૮૧.

—: બ્રહ્મચારી—વાનપ્રસ્થ—સંન્યાસીના ધર્મો :—

ગૃહસ્થાશ્રમીનો ધર્મ ઉપર કહયો. હવે બ્રહ્મચારી, અને વાનપ્રસ્થ અને સંન્યાસીનો ધર્મ બતાવે છે. ગૃહસ્થાશ્રમ પછીનો આશ્રમ તે વાનપ્રસ્થ આશ્રમ છે. ગૃહસ્થાશ્રમ પહેલાં તો બ્રહ્મચર્યાશ્રમ છે. એ બન્ને આશ્રમ વાળાઓને સાધનોમળતા હોય તો ઉપર જણાવેલો સેવામાર્ગ : તેઓને માટે અનુકુલ છે એટલે કે સાધનોનો સંભવ હોય તો બ્રહ્મચારી અને વાનપ્રસ્થે સેવા કરવી જોઈએ. છેલ્લો આશ્રમ સંન્યાસ્તાશ્રમ છે. સંન્યાસ્તાશ્રમમાં રહેનારા સંન્યાસીનો માર્ગ ત્યાગરૂપ છે. સર્વ છોડીને એકલા જ રહેવું. એવો ત્યાગરૂપ અર્થાત સર્વનો ત્યાગ કરીને તીર્થની યાત્રા કરવી એ સંન્યાસીનો મુખ્ય ત્યાગરૂપ માર્ગ છે. ૮૨.

સંન્યાસીના બીજા ધર્મોનું વર્ણન કરે છે :—

સંન્યાસીએ સ્વતંત્ર રીતે રહેવું જોઈએ. કોઈને વશ ન થતાં સ્વેચ્છાથી જ સ્વતંત્ર રહેવું, સંગથી રહિત થવું કોઈનો સંગ ન કરવો અને આસક્તિ ન રાખવી. નિત્ય પર્યટન કરવું. એક ને એક ઠેકાણે રહેવું નહિ, પરંતુ દેશદેશ ફરતાં રહેવું. જે દિવસે જેટલું અન્ન જોઈએ, તે દિવસે તેટલું જ

અન્ન લેવું, એક દિવસ ચાલે તેટલું જ અન્ન ગ્રહણ કરવું, સાથે વધારે અન્ન રાખવું નહિ. કોઈની પણ લાજ શરમ રાખ્યા વિના ભગવાનના ચરિત્રોનું કીર્તન કરવું. ૮૩.

શ્રીહરિના ગુપ્ત લીલાનાં સર્વત્ર દર્શન કરવાં, જ્યાં ત્યાં પ્રભુના રહસ્યમય ચરિત્રો જોવાં. સર્વ ઈન્દ્રિયોનો નિગ્રહ રાખીને શાન્ત થઈને રહેવું.ક્રોધ વગેરે ન કરવાં. શ્રીકૃષ્ણમાં જ તત્પર થઈને રહેવું, ચિતને આકુલવ્યાકુલ થવા દેવું નહિ.સ્થિરચિત થવું. સ્વાર્થ પણ એજ હોવો જોઈએ કે શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય કેમ જલદી થાય ? મનમાં તે પ્રયોજન હોવુંજોઈએ કે પ્રભુ પ્રકટ થાય. એ પ્રમાણે પોતાનો સ્થૂલદેહ પડે ત્યાં સુધિ વિચક્ષણ યતિએ કરવું. પોતાનો દેહ પડે ત્યાં સુધિ જ્ઞાનવાળા સંન્યાસીએ ઉપર કહયા પ્રમાણે વર્તવું. ૮૪.

સર્વ આશ્રમ માટે એક બીજો ધર્મ બતાવે છે:—

ચિતનો વિક્ષેપ થયાથી જો દોષ ઉત્પન્ન થવાનો સંભવ લાગતો હોય તો દરેક આશ્રમમાં ઉપર કહયા પ્રમાણે તીર્થાટન કરવું. ચિત સ્થિર ન રહેવાથી કોઈ દોષ લાગશે એમ જો જણાય તો, ઉપર જે તીર્થાટન સંન્યાસી માટે કહયું છે, તે જ તીથાસ્ટન બીજા પણ બ્રહ્મચારી,ગૃહસ્થ અને વાનપ્રસ્થજનો માટે પણ સમજવું. એટલે કે સંન્યાસી માટે બતાવેલો તીર્થાટનનો પ્રકાર ચિત વિક્ષેપ પામે અને દોષ લાગે તો બીજા પણ આશ્રમવાળાઓએ ગ્રહણ કરવો. ૮૫.

સ્ત્રી આદિ જો પ્રતિકુલ હોય, તો ગૃહાદિકનો ત્યાગ જુદી રીતે કરવો, તેનું વર્ણન ઉપર કરી ગયા. હવે સ્ત્રી, પુત્ર આદિ જો સેવામાં વિઘ્ન કરતાં હોય, સેવાને અનુકુલ ન હોય તો તેના ત્યાગનો પ્રકાર જુદો છે, તે ત્યાગ કેવી રીતે કરવો અને ત્યાગ કર્યા પછી શું કરવું, તે પ્રકાર નીચેના શ્લોકમાં આપશ્રી જણાવે છે :—

—: ગૃહત્યાગ ક્યારે?:—

સેવાથી પ્રતિકૂલ ભાર્યાદિકનો ત્યાગ કરીને, અર્થાત્ પોતાના ઘરનો ત્યાગ કરીને, જે સ્થલે ભગવદીયજનો રહેતા હોય તેવા હરિનાં સ્થાનમાં જઈને, શ્રીકૃષ્ણની સેવા અને કથા જેને અંત્યત પ્રિય છે તેવા ભગવદીયો જ્યાં હોય તે સ્થાનમાં જઈને શ્રીકૃષ્ણરૂપ પ્રયોજનવાળા થવું. તેવા

ભગવદીયો જ્યાં હોય તેવા ભગવન્મંદિરમાં રહિને માત્ર શ્રીકૃષ્ણરૂપ અર્થની અભિલાષાંવાળા થવું. સેવાનો બાધ કરનારાં ગૃહનો તો સર્વથા ત્યાગ કરીને તેવા ભગવદીયો સાથે શ્રીકૃષ્ણની સેવા કરવી, કથા કરવી વગેરે કૃતિઓથી રહેવું. શ્રીકૃષ્ણની ઈચ્છા રાખનાર પુરૂષે ભજનમાં બાધ કરનાર ઘરનો તો સર્વથા ત્યાગ જ કરવો. અને તેવા ભગવદીયોની સાથે જ રહેવું. સાથે રહિને શ્રીકૃષ્ણની સેવા કથા આદિમાં તત્પર થવું. ૮૬–૮૭–૮૮.

દુ:સંગ એટલે હરિથી જે વિમુખ હોય તેવાનો સંગ.દુષ્ટ વસ્ત્ર, તે કોઈનું પહેરલું, અપરસ વિનાનું, ગળીનું રંગેલું વગેરે દુષ્ટ વસ્ત્રો. દુષ્ઠ અન્ન–પ્રસાદી નહિ તેવું અન્ન, આ બધાના સંબંધથી ભયવાળા થઈને રહેવું. એ બધાં સેવામાં બાધક હોવાથી તેના સંગથી બીતાં રહેવું. એ જ હેતુથી સાધનો પણ સાથે જ રાખવાં અને સાવધાનપણે શ્રીહરિમાં તત્પર થઈને રહેવું. ૮૯.

તેવી રીતે સેવા અને કથામાં આસકિત થવાથી ઉતમ પ્રાપ્તિ થાય. એવી રીતે સેવાનાં અને કથામાં નિરંતર પ્રેમથાવાથી ઉતમ રીતે ભગવદ પ્રાપ્તિ થાય. જો હદયનાં ભાવોનો બાધ થવાનો સંભવ હોય તો એકાંતમાં કદાપિ ન રહેવું. એકાંતમાં રહેવાથી ચિતની અસ્થિરતા વગેરે થાય તો એકાંતમાં સ્થિતિ ન જ કરવી. ૯૦.

શ્રીહરિ રક્ષણહાર છે. માટે એકાંતમાં ન રહેતાં બીજે સ્થલે જો જાય અને ત્યાં બીજાનો સંગ થતાં પણ શ્રીહરિનું રક્ષણહારપણું તો પ્રાપ્ત થશે. એકાંતમાં ભય લાગવાથી બીજાનો સંગ કરે અને બીજાના સંગથી જો કોઈ રંગ લાગે તો શ્રીહરિ તેથી રક્ષણ કરશે, એટલે કોઈ પણ પ્રકારનો ભય રાખવો નહિ અને ભગવત્સેવાપરાયણ થઈને રહેવું.

જો ઉપર કહેલા ધર્મો ન બની શકે તો માત્ર શ્રીભાગવત શાસ્ત્રનું આદરપૂર્વક ત્રણે કાલમાં સેવન કરવું. જેમ પ્રભુનાં સ્વરૂપની સેવા કરવામાં આવે છે, તેમ ઘણા જ યત્નથી શ્રીભાગવતની સેવા કરવી. શ્રીભગવાનની સેવા બે પ્રકારની છે. એક સ્વરૂપસેવા અને બીજી નામસેવા. રૂપસેવા ઉપરના શ્લોકમાં વર્ણવી છે. નામસેવાનું સ્વરૂપ આ શ્લોકમાં જણાવ્યું છે એ પ્રમાણે સ્વરૂપ સેવાની પેઠે ઘણા જ પ્રયાસથી નામસેવા ત્રણે કાળમાં

કરવી. તવ કથામૃતં એ ગોપિકાગીતના શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી એ એ જ આજ્ઞા કરી છે કે શ્રીભાગવત ભગવાનનાં સ્વરૂપનો પરિચય કરાવે છે, માટે તેની સેવા તે ભગવત્સેવા જ સમજવી. ૯૦—૯૧.

ઉપર જણાવેલા ત્રણ ઉપાયોમાંથી એક પણ ઉપાય અવલંબન ન થઈ શકે તેમ હોય તો છેવટે એક છેલ્લો ઉપાય સુચવે છે :—

ત્રણે પ્રકારોનો જો અભાવ હોય તો પ્રપતિ—શરણે જવું એ પણ એક પ્રકાર છે. ઉપર ત્રણ પ્રકારો કહયા. એક ગૃહમાં રહીને પ્રભુ સેવા કરવી તે, બીજો પ્રકાર કૃષ્ણસેવા કથામાં તત્પર એવા ભગવદીયો સાથે રહીને પ્રભુની ટહેલ કરવી એ છે, ત્રીજો પ્રકાર શ્રીમદભાગવતનો પાઠ છે. એ ત્રણેનો અભાવ હોય તો છેલ્લો પ્રકાર પ્રભુને શરણે જવાનો છે. ૯૨.

—: પુજાના પ્રવાહમાં :—

મોટા સ્થાનોમાં જે ઠેકાણે પૂજામાર્ગનો પ્રવાહ છે, તે સ્થળે તેમાં જ પરાયણ થઈને સ્થિતિ કરવામાં આવે તો કૃતાર્થપણું છે. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે :— 'જગન્નાથજીમાં, શ્રીવિઠ્ઠલનાથજીમાં, શ્રીરંગજીમાં, વ્યંકટેશ બાલાજી આદિમાં જ્યાં પૂજાનો પ્રવાહ ચાલી રહયો હોય ત્યાં પૂજામાં તત્પર થઈને રહેવું. ૯૩.

ઉપર જણાવેલા માર્ગમાં, જે સ્થળે પૂજાનો પ્રવાહ ચાલી રહયો છે, તે માર્ગમાં જે ફલ છે તે ફલ ભકિત માર્ગનાં ફલ કરતાં જુદુ નથી. કારણ કે તે ઠેકાણે કૃષ્ણસેવામાં તત્પરતા તેવી જ છે. અને સર્વથા દેહનો યોગ કૃષ્ણસેવામાં થાય છે, તેથી ભકિતમાર્ગના ફલથી તે માર્ગનું ફલ જુદુ નથી. ૯૪.

તો પણ તે માર્ગમાં ભકિતભાર્ગના જે ધર્મો છે, તેથી ઉલટા ધર્મો છે, કારણ કે એ ઠેકાણે (પુજામાર્ગમાં) પ્રીતિની દઢતા નથી. ભકિતમાર્ગમાં સ્નેહ અને પ્રીતિ છે, પણ તે દઢ નથી માટે તે માર્ગમાં કેટલાક ઉલટા ધર્મો પણ છે.

પૂજામાર્ગમાં ઘણા કાલ સુધિ જે મૂર્તિની સેવા કરેલી હોય તે મૂર્તિ, જો ચિતમાં થોડી પણ વ્યગ્રતા, આકુલવ્યાકુલપણું આવે અને તેને લઈને

નથી. પૂજામાર્ગમાં ઘણા કાળ સુધિ એક મૂર્તિની સેવા કરી. કોઈ વખતે ચિત વ્યગ્ર થઈ ગયું, અને તે ચિત સ્થિર ન રહેવા રૂપ દોષ દેખાવાથી એ મૂર્તિ સેવકને ત્યજી દે છે, કેમ કે તેનો આગ્રહનથી. તેમ કરવાથી બીજા સ્થાનમાં પણ જાય તો પણ કાંઈ ફલ પ્રાપ્ત નહિ જ થાય. કારણ કે એક ઠેકાણે વિશ્વાસ ન રહયો હોય બીજે ઠેકાણે ક્યાંથી રહેશે ? એમાં દષ્ટાંતરૂપ બ્રહ્માસ્ત્ર છે. એ દષ્ટાંતનું રહસ્ય પહેલાં સમજાવ્યું છે.૯૫–૯૬.

ઉપર જણાવેલા કારણથી એ પૂજામાર્ગનો ઉત્કર્ષ સિધ્ધ થતો નથી. જો ભકિતમાર્ગનો સંભવ હોય, ભકિતમાર્ગમાં રહી શકાતું હોય તો બુધ્ધિમાન પુરૂષે પૂજામાર્ગમાં યત્ન ન કરવો. જો ભકિતમાર્ગમાં રહી શકાય એમ ન હોય તો પુજામાર્ગ જ ઉતમ છે. ૯૭.

ઉપર પ્રમાણે સેવામાર્ગ સંબધી આજ્ઞા કરીને હવે ગ્રંથનો ઉપસંહાર કરતાં કહે છે કે ;–

એવી રીતે આશ્રય સિધ્ધ થયા પછીના ધર્મો બ્રહ્મસંબંધ – આત્મ નિવેદન થયા પછીના ધર્મ અને શ્રીકૃષ્ણ સેવામાં જે ધર્મ છે તે સંક્ષેપથી નિરૂપણ કર્યા છે. આશ્રયધર્મ એટલે શરણે ગયેલાનો ધર્મ, સર્વ સમર્પણ કર્યા પછીનો ધર્મ અને સેવાધર્મ એ ત્રણ ધર્મનું આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. ૯૮.

આ મારૂં કથન તે શ્રીમહાપ્રભુજીની વાણી, નિબંધ આદિ ગ્રંથોમાં જે છે તેના અનુવાદરૂપ છે. શ્રીમહાપ્રભુજીની વાણી જ આ મારી વાણીમાં સમાયેલી છે. તે વાણીવડે, બધું જાણીને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં શરણે આવેલા જીવોએ તે પ્રમાણે કરવું. ૯૯.

સમુદાય રૂપે મે સંગ્રહ કરેલો જ. સ્વમાર્ગનો બોધ તેથી સંતુષ્ટ થયેલા અને શરણે આવેલા સર્વ જીવોના સમૂહથી સેવાયેલા અને નિઃસ્વાર્થ એવી જે કરૂણા, તે રૂપ જે એક રસ, તેથી જ પુષ્ટ એવા તે શ્રીવલ્લભ મારા ઉપર કૃપા કરો, એમ શ્રી હરિરાયજી કહે છે.૧૦૦.

સમાપ્ત.

—: પુષ્ટિમાર્ગના રહસ્યો :—

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આશરો એક દઢ શ્રીવલ્લભાધીશકો એ પદનો પ્રતિદિન પાઠ કરે છે અને, 'પુષ્ટિમાર્ગનાં મર્મ' એ ધોળનો પણ પાઠ કરે છે, પરંતુ એના મૂલ પ્રકટકર્તા કોણ છે, તે વિષે ક્વચિત જ માહિતી જોવામાં આવશે. એક ભગવદીય તરફથી શ્રીહરિરાયપ્રભુ પ્રણિત ''પુષ્ટિમાર્ગમર્મ નિરૂપણ'' એ ગ્રંથ મલ્યો, ત્યારે જ તે ગ્રંથ પ્રકટતકર્તાનો અને શ્રીદ્વારકેશપ્રભુએ તેને જ અનુસરીને પદ રચવાનો નિશ્ચય થયો. શ્રીદ્વારકેશપ્રભુ માત્ર મર્મની સંખ્યા અને તેનાં નામ સુચવે છે. ધોળમાં પણ પ્રાયશઃ તેમ જ છે, એ હેતુથી પદ અને ધોળ માત્ર ગાઈને જ સંતોષ માનવો પડતો હતો. જો કોઈ અનુભવી વિરલ ભગવદીયના મુખથી એ પદના ભાવાર્થનું શ્રવણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતો હતો, તથાપિ શ્રીહરિરાય પ્રભુચરણ કૃત મૂલ ગ્રંથ ઉપલબ્ધ થયા પછી જે સંતોષ થાય છે, તે અવર્ણનીય જ છે. એટલાં પ્રાથમિક વિવેચન પછી ગ્રંથનો પ્રારંભ કરવામાં આવે છે.

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એવી શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાધીશ્વરની કૃપા વડે માર્ગનાં—પુષ્ટિમાર્ગનાં—રહસ્ય નિરૂપણ કરવામાં આવે છે, જે નિરૂપણ કરવાથી સાક્ષાત્ સદાનંદ પ્રભુ વશ થાય. ૧.

—: દશ મર્મનો ભાવાર્થ :—

મર્મ—૧—'આશરો એક દૃઢ શ્રીવલ્લભાધિશકો.'

પ્રથમ મર્મ :— એ છે કે, સ્વકીય શ્રીમદાચાર્યચરણ કમલનો એક આશ્રય કરવો. સર્વથી પહેલાં શ્રીમદાચાર્ય ચરણારવિન્દનો આશ્રય કરવાનું કારણ શું, એમ આકાંક્ષા થતાં આજ્ઞા કરે છે પુષ્ટિમાર્ગનું ફલ પ્રભુના આપ્યા વિના મલતું નથી; અર્થાત સ્વર્ગ વગેરે ફલ જેમ યજ્ઞ કરવાથી મળી શકે છે, તેમ પુષ્ટિમાર્ગીય ફલ—ભગવત્સ્વરૂપમાં રહેલાં અમંદ આનંદનો સેવાદિથી અનુભવ કરવો તે, જ્યારે પ્રભુ દાન કરે ત્યારે જ મળે છે. અમુક કાર્ય કરવાથી મળતું નથી, માટે તે ફલનું સર્વ દૈવિ જીવોને દાન કરવાને શ્રીમહાપ્રભુજીને પ્રભુએ ભૂતલ ઉપર પ્રકટ કર્યા છે, એ હેતુથી પુષ્ટિમાર્ગીય ફલ કૃપા કરીને આપે છે, ત્યારે જ મલે છે, એ કારણથી

નાંખીને, લેશ પણ તે નિષ્ઠાનો અંકુર ન રહે તેમ તેનો સર્વાંશે ત્યાગ કરીને શ્રીમદાચાર્યચરણારવિંદની હદયમાં ભાવના કરો. મૂલ શ્લોકમાં 'સાધનનિષ્ઠા' શબ્દ છે, તેનો અર્થ એ જણાય છે કે સાધનોમાં નિષ્ઠા એટલે એ સાધન કરવાથી મને ઉતમોતમ ફલની પ્રાપ્તિ થશે અથવા મારૂં કલ્યાણ થશે, એવી નિષ્ઠા—ભાવના ત્યજી દેવી, એથી કાંઈ સાધનોનો ત્યાગ કરવાનો નથી. તેજ વાતને પોતે અર્ધ શ્લોકથી સ્પષ્ટ કરે છે. જો એકદમ સાધનો ઉપર નિષ્ઠા છોડીને સાથે જ સાધનોને પણ જો તિલાંજલિ આપે તો પાંખડી ગણાય; માટે પાખંડીમાં ન ખપવા માટે કાંઈપણ નિષ્ઠા—ભાવના રાખ્યા વિના બધાં સાધનો પણ કરે જવાં. ચોટ માત્ર શ્રીમદાચાર્યચરણારવિંદમાં શ્રાખવી. ૨—૩—૪.

મર્મ—૨—'માનસી રીતકી મુખ્યસેવા વ્યસન'

બીજું મર્મ શ્રીકૃષ્ણસેવા છે. તનુજા અને વિતજા સેવા પછી માનસી સેવા પ્રાપ્ત થાય છે, તે જ અહિં સમજવી. માનસી સેવા ફલરૂપા છે. પ્રેમ, આસકત અને વ્યસન એ ત્રણ અવસ્થાઓ છે. સ્વાતિનક્ષત્રનાં મેઘજલપ્રતિ ચાતકને જેવો પ્રેમ પ્રભુમાં થાય ત્યારે તનુજા સેવા થાય. તનુજા સેવા અને પ્રેમ અવસ્થા એ બરોબર છે, બન્ને એક જ અવસ્થામાં હોય છે. તેમ જ ચંદ્ર અને ચકોરપક્ષી જેવી આસકિત પ્રભુ પ્રત્યે થાય ત્યારે ધનનો વિનિયોગ પોતાના પ્રેમનાં સ્થાન રૂપ પ્રભુની સેવામાં થાય છે, અને તેને જ તનુજા સેવા પ્રભુ માની લે છે. જયારે પ્રેમ અને આસકિત, તનુજા અને વિતજા સિધ્ધ થાય છે, ત્યારે એ ભગવદીયને કશી અપેક્ષા રહેતી નથી. ન નાકપુષ્ઠં ન ચ એ ચતુઃશ્લોકી પ્રમાણે તે સર્વથી નિરપેક્ષ બને છે, જયારે તેને કશાની અપેક્ષા રહેતી નથી, ત્યારે પ્રભુએ એને શું આપવું જોઈએ ? એ જ ફલરૂપ માનસી સેવા જ પ્રભુએ આપવી જોઈએ. તે ફલરૂપા માનસી સેવા અને વ્યસનાવસ્થા જયારે પ્રાપ્ત થાય છે, ત્યારે વ્રજરત્ના જેવો સર્વાત્મભાવ પણ અનુભવાય છે, અને તે વડે માનસી સેવા કરતાં તે જ સેવા ભગવત્સ્વરૂપના આનંદનું દાન કરે છે—પ્રભુ સ્વરૂપ—લાવણ્યનું પાન કરાવે છે તેથી જ તેવી માનસી સેવા અલૌકિક શૃંગારરસાત્મા પ્રભુને હદયમાં રોકી રાખે છે, અને પ્રભુ પણ તે માનસી સેવાને આધિન બનીને ભકત હદયમાં રસાત્મકરૂપે બિરાજે છે ॥ ૮

મર્મ—૩—'લોક વૈદિક ત્યાગ શરણ ગોપીશકો'

ત્રીજું મર્મ લૌકિક અને વૈદિકનો ત્યાગ કરીને પ્રભુને શરણે જવું એજ છે. સર્વધર્માન પરિત્યજય એ શ્રીમુખની આજ્ઞાને અનુસરીને લૌકિકવૈદિકને તિલાંજલિ આપીને એટલે તેમાંની નિષ્ઠા—ભાવનાનો ત્યાગ કરીને પ્રભુને શરણે જવું કારણ કે પ્રભુ શ્રીકૃષ્ણ પોતાના શરણમાં રહેનારાઓના ઉદ્ધારક છે, એમ શ્રીમહાપ્રભુજીએ શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહં એ શ્લોકથી શ્રીકૃષ્ણાશ્રયગ્રંથમાં નિરૂપણ કર્યું છે, તેથી સદાનંદ પ્રભુ શરણાગતવત્સલ છે, એટલે જયારે જીવ માત્ર પ્રભુનું જ અથવા પ્રભુના શરણમાર્ગનું જ શરણ ગ્રહણ કરે છે, ત્યારે પ્રભુને ચિંતા થાય છે કે આ જીવને શું દાન કરવું ? શરણાગત ભકત તો માત્ર પોતાનું જ શરણ પકડી રહયો છે, તેથી તેને બીજા કોઈ પદાર્થની ઈચ્છા નથી. એમ સ્પષ્ટ જ થાય છે, તેમાં પણ પ્રભુ અપાર કરૂણાના સમુદ્ર છે, તેથી તેને પોતાનું સદાનંદમય, કોટિકંદર્પલાવણ્યમય, અલૌકિક માધુર્યૈકભાજન સ્વરૂપનું દાન કરે છે., એવા પરમ દયાલુ છે. ૭—૮.

મર્મ—૪—'દીનતા'

ચતુર્થ મર્મ દીનતા છે. જયારે સર્વ સાધનોથી હું રહિત છું, મેં એવાં એકે સાધન કર્યા નથી, કે જેને લઈને પ્રભુ મને ફલ દાન કરે, એવી રીતે ચારે તરફથી પોતાની નિ:સાધનતા સ્ફુરે ત્યારે દીનતા પ્રાપ્ત થાય છે. વ્રજરત્નાઓએ પ્રભુના અંતર્ધાન પછી પ્રભુને પ્રાપ્ત કરવાને અનેક પ્રયાસો કર્યા, પ્રભુલીલાનું અનુકરણ કર્યું, પણ જયારે એકે પ્રયાસ પ્રભુસ્વરૂપના સંયોગ જેવો આનંદજનક થયો નહિ, ત્યારે નિ:સાધનતાની સ્ફુર્તિ થઈ અને રોદનરૂપ દૈન્ય પ્રાપ્ત થયું ત્યારે પ્રભુ પ્રકટ થયા. જયારે જીવને પ્રભુપ્રાપ્તિ માટે આર્તિ પ્રકટ થાય છે. પ્રભુ ન મળ્યાથી જયારે તે અત્યંત પીડાય છે, ત્યારે પ્રભુ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે કેમકે આપનું અંત:કરણ અત્યંત કોમલ સુકુમાર છે. ભકતોના દુ:ખોને જયારે સહન કરવાનું સામર્થ્ય પ્રભુમાં નથી, કેમકે અત્યંત કોમલ અંત:કરણવાળા છે, તેથી જયારે ભકતને આર્તિ થાય છે, ત્યારે પોતે સ્વરૂપાનંદનું દાન કરે છે. કેમકે પોતે અપાર કરૂણાના સિંધુસાગર છે. તેથી એક બિંદુરૂપ કરૂણા ભકત ઉપર કરવાથી કાંઈ ન્યુન થશે નહિ, માટે જ દુ:ખિત ભકતોની

મર્મ—૫—'ભાવ ઉદ્‌બોધ'

પંચમ મર્મ ભાવોદ્‌બોધ છે, સદાનંદ પ્રભુની નિત્ય નવલ લીલાની નિરંતર હૃદયમાં ભાવના કરવી, આ પાંચમું મર્મ છે. એ લીલાની ભાવના કર્યાથી પ્રભુ પ્રાપ્ત થાય છે, અથવા પ્રસન્ન થાય છે કેમકે પોતે જ તે ભાવરૂપ છે. જ્યારે તે ભાવ હૃદયમાં આવે ત્યારે તે ભાવસ્વરૂપ પણ હૃદયમાં પધારે જ, એમાં આશ્ચર્ય શું ? વળી પ્રભુથી પ્રભુની લીલા પણ જુદી નથી. લીલા પણ સ્વસ્વરૂપ જ છે. એથી પણ એ લીલાની ભાવના કર્યાથી તે લીલાત્મક અને લીલાભાવાત્મક પ્રભુ હૃદયમાં બિરાજે એ અર્થ અત્યંત સુઘટ છે. જ્યારે લીલાના સ્વરૂપનો વિચાર કરીએ છીએ, ત્યારે લીલા પ્રભુના સ્વરૂપથી જુદી પાડી શકાતી નથી. પ્રભુ જુદા અને તેમની લીલા જુદી એવા ભેદભાવને સ્થાન મળતું નથી. જો પ્રભુમાં ભેદ હોય તો તેમની લીલામાં પણ ભેદ હોય, તેમ તો બની શકે જ નહિ કે પભુ પણ જુદા જુદા હોય, પ્રભુ તો એક જ છે, પણ તેમના ધર્મો ઘણા છે. તે ધર્મો પણ ભગવત્સ્વરૂપથી જુદા નથી, પણ પ્રભુ રૂપ જ છે. પોતાના સર્વધર્મરૂપ પણ પ્રભુ જ હોવાથી જુદાજુદા ધર્મોને લઈને પ્રભુસ્વરૂપમાં ભેદની કલ્પના કરવી યોગ્ય નથી.સ્વસર્વધર્મરૂપ પ્રભુજ જ હોવાથી તેમાં ભેદ ગણવો એ ઠીક નથી, પરંતુ પ્રભુ પોતાનાં જ સ્વરૂપો પ્રકટ કરે છે, તેમાં જે ભેદબુધ્ધિ જણાય છે, જેમ કે આ સ્વરૂપ જુદુ, તે ભેદ, પ્રભુની ઈચ્છાથી જ જણાય છે.તેમાં દૃષ્ટાંત—જેમ સુર્ય ઉદય પામે તે વખત તેનાં કિરણોમાં અને સુર્યમાં જેમ ભેદબુધ્ધિ લોકોની દૃષ્ટિમાં થાય છે. સુર્ય જ્યારે ઉગે છે ત્યારે તે જુદો અને તેનાં કિરણો જુદાં એમ લોકની દૃષ્ટિમાં દેખાય છે. એવી રીતે જ્યારે પ્રભુ પોતાનું સ્વરૂપ અને તે સ્વરૂપથી કરવાની લીલા જ્યારે પ્રકટ કરે છે, ત્યારે પ્રભુના તે લીલારૂપ ધર્મો અને તે લીલાયુક્ત ધર્મસ્વરૂપ એમ ભેદબુધ્ધિ થાય છે. જેમ શ્રીનવનીતપ્રિયજીના પ્રકટ સ્વરૂપમાં બાલલીલાની સ્ફુર્તિ મુખ્યતઃ થાય છે અને શ્રીગોકુલેન્દ્રુના સ્વરૂપમાં મુખ્યત્વે રાસલીલાની સ્ફુર્તિ થાય છે. અને તેથી બન્ને સ્વરૂપમાં ભેદભાવ થાય છે. આ બધુ જ્યારે તે તે સ્વરૂપથી તેવી તેવી ભિન્ન ભિન્ન લીલાઓ પ્રકટ કરેલી હોય, ત્યારે જ તેવી લીલાઓને આધારે તે તે સ્વરૂપમાં ભેદભાવ મનાય છે. લીલાભેદે સ્વરૂપભેદઃ એ સિંધ્ધાત એતન્મલક જ લાગે છે. આ ભેદવાત જ્યારે તે

સ્વરૂપ અને તેવી લીલા પ્રકટ થાય છે ત્યારે જ જણાય છે. જેમ સુર્ય ઉદય પામે છે ત્યારે જ તેમાં અને તેના કિરણોમાં જુદાપણું ભાસે છે, ઉદય પામેલોનથી હોતો, ત્યારે તો કિરણો અને સુર્ય જુદા છે એવું જ્ઞાન થતું જ નથી, તેવી જ રીત જયારે સદાનંદ પ્રભુ પોતાની સદાનંદમય લીલા અને પોતે જયારે પ્રકટ થાય છે ત્યારે તે લીલા અને તે સ્વ૧પમાં ભેદભાવ ભાસે છે. જયારે પોતે અંતરરમણ કરે છે, ત્યારે તો લીલા સ્વરૂપાત્મક જ જણાય છે એવો નિશ્ચય છે. જયારે લીલા સ્વરૂપની ભીતર રહે છે, ત્યારે તો લીલા સ્વરૂપથી અલગ ભાસતી નથી, તે વખતે લીલા જ સ્વરૂપ છે એમ નિશ્ચય–સિધ્ધાંત થાય છે. શ્રીવેણુગીતની સમાપ્તિમાં શુકદેવજી કહે છે કે શ્રીવૃન્દાવનવિહારી પ્રભુની એવા પ્રકારની લીલાઓનું પરસ્પર વર્ણન કરનારાં વ્રજભકતો તન્મયતાને પ્રાપ્ત થયાં. શ્રીમદાચાર્ય આ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં તન્મયતાને પ્રાપ્ત થયાં એટલે 'ક્રિડારૂપ–લીલારૂપ થઈ ગયાં' જાગ્રવસ્થા કે સ્વપ્રાવસ્થામાં પ્રભુલીલાનું જ દર્શન કરતાં કરતાં, કીડો જેમ ભ્રમરરૂપ થઈ જાય છે, તેમ પ્રભુ લીલારૂપ થઈ ગયાં. એથી જ પ્રભુની લીલા પ્રભુનાં સ્વરૂપથી થોડી પણ ભિન્ન નથી જ. જેમ સુર્યનાં કિરણો સુર્યથી જુદા પડતાં નથી, તેમ માત્ર તે લીલા જયારે બહાર પ્રકટ દષ્ટિગોચર થાય છે, ત્યારે જ તેમાં ભેદ જણાય છે વસ્તુતઃ સ્વરૂપથી તો ભિન્ન નથી જ. દર્શન કરતી વેળાએ ભગવાનનું સ્વરૂપ અને તેથી પ્રકટ થતી અનંત લીલાઓમાં તારતમ્ય જણાય છે, પરંતુ વસ્તુતઃ ભગવાનનું સ્વરૂપ તે જ લીલા અને લીલા તેજ પ્રભુનું સ્વરૂપ એવો સિંધ્ધાત છે. એ હેતુથી જ જો પ્રભુની લીલા હદયમાં સ્થાન મેળવે તો સદાનંદ ભગવાન પણ પ્રસન્ન થઈને હદયમાં પ્રવેશે છે. પૂર્ણપુરૂષોતમની અનેક રસરૂપ લીલાઓમાંની એક પણ લીલાની સ્થિતિ જો હદયમાં થાય તો રસાત્મક નંદકુમાર હદયમાં પ્રવેશે છે. કેમકે આપ તે લીલારૂપ છે, એટલે તે લીલાની સ્થિતિ જયારે હદયમાં થાય ત્યારે આપની પણ તેમાં સ્થિતિ થઈ જવી જ જોઈએ, જે લીલાની સ્ફૂર્તિ થઈ જવી જ જોઈએ. જે લીલાની સ્ફૂર્તિ ભકત હદયમાં થઈ હોય તે લીલામાં જેટલાં પોતાનાં સ્વરૂપો હોય, તે સર્વ સ્વરૂપ સાથે લીલાત્મક પ્રભુ ભકતહદયમાં પ્રવેશ કરે છે, એવો નિશ્ચય છે. શ્લોક ૧૧ થી ૧૭.

મર્મ—૬—'(ગુણગાન તે) ઘોષત્રિય ભાવના ઉભય જાને'

છઠ્ઠું મર્મ વ્રજ સુંદરીનો ભાવ છે. તે પણ વિરહી વ્રજસુંદરીનો જે ભાવ તેનું સ્મરણ કરવું એ છઠ્ઠું મર્મ છે. હા નાથ રમણ પ્રેષ્ઠ કાસિ મહાભુજ એમ સતત ઉચ્ચારણ કરતાં વ્રજરત્નાઓનાં નિગુઢભાવનું સ્મરણ કરતાં કરતાં ભાવની પ્રાપ્તિ થશે. હદયમાં પ્રભુલીલાની નિરંતર ભાવના પણ વ્રજાંગનાઓના ભાવનું સ્મરણ કર્યાથી જ થશે. એથી જ પ્રભુની પણ સમ્પ્રાપ્ત–સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થશે. વિપ્રયોગથી સંયોગ થશે. આ ફલ પ્રાપ્ત કરવા માટે વ્રજભક્તોની વિરહાવસ્થાનું ચિન્તન કરો. પ્રભુની લીલાથી પ્રભુનું સ્વરૂપ જુદુ નથી, જેથી ત્યાં મનનો પ્રવેશ થતો નથી. જ્યારે વ્રજસુંદરીના ભાવમાં કે પ્રભુની લીલામાં મનનો પ્રવેશ થાય છે, ત્યારે તેથી સ્વરૂપનો ભેદ થતો નથી. વ્રજભક્તોનાં હદયમાં પ્રભુલીલા નિરંતર ઉદભવે છે. લીલાથી સ્વરૂપ ભિન્ન નથી. માટે જ સ્વરૂપમાં મન પ્રવેશ કરતું નથી, પણ લીલામાં પ્રવેશ કરે છે. અને લીલામાં મન પ્રવિષ્ટ થયાથી સ્વરૂપનો ભેદ રહેતો પણ નથી. એટલા માટે જેમનામાં નંદનંદન બિરાજે છે, એવા વ્રજ ભક્તોની નિરંતર ભાવના કરવી. ઉપરના શ્લોક ઉપર મનન કરતાં આ આશય પ્રકટ થાય છે, શ્રી હરિરાયચરણ પહેલાં ભગવદલીલાની ભાવના કરવાની આજ્ઞા કરે છે. પછી એમ આજ્ઞા કરે છે કે વ્રજભક્તોના ભાવનું સ્મરણ કરવું, તેથી જ લીલાની ભાવના અથવા તો સર્વાત્મભાવ સિદ્ર થશે. લીલા અને સ્વરૂપ એક જ છે, જેથી મન સ્વરૂપમાં પ્રવેશ ન કરતાં લીલાનું રસિક કાંઈક જલદી થાય છે.. જ્યારે લીલામાં પ્રવેશે છે, ત્યારે લીલાથી સ્વરૂપ ભિન્ન ન હોવાથી સર્વાત્મભાવ પ્રાપ્તિ અને પ્રભુની સમ્યક્ પ્રાપ્ત પણ થાય છે. વ્રજ ભક્તો પોતે તો તન્મયતાને–લીલાસ્વરૂપપણાને પ્રાપ્ત થયેલાં છે, તેથી જ પ્રભુનું સ્વરૂપ પણ તેમનાંથી જુદુ નથી. માટે તેમનાં ભાવનું સ્મરણ કરવાથી ભગવત્પ્રાપ્તિ સાથે જ થાય છે. એહેતુથી જેમાં સાક્ષાત પ્રભુ બિરાજે છે, એવાં વ્રજસુંદરીની ભાવના હદયમાં કરવી. ૧૮–૧૯–૨૦.

મર્મ—૭—'ગુણગાનતે'

સાતમું મર્મ ગુણગાન છે. એ સર્વ દોષનું નિવારણ કરે છે. સર્વ દોષનાં નિવારણ માટે હરિના ગુણો ગાવા. સર્વ દોષોનું નિવારણ કરવા

માટે બીજું કાંઈપણ સાધન નથી. પ્રભુનાં ગુણગાન સિવાય બધા દોષને દુર કરવા માટેનો બીજો કોઈ પ્રબલ'ઉપાય છે જ નહિ. ગુણોનું ગાન કરતાં કરતાં પ્રભુ પ્રસન્ન થાય છે, અને પ્રસન્ન થઈને આપ પોતે જ સ્વસ્વરૂપ પ્રકટ કરીને સ્વાનંદનું દાન કરે છે. પહેલાં વિરહાવસ્થામાં પ્રભુનાં સ્મરણથી જે આર્તિથાય છે. તેને ગુણો જ બાળે છે — દુર કરે છે. અથવા તો ગુણો શાંત કરે છે. ભગવાન પોતે આનન્દમય છે. એમની લીલા આનંદમય છે, અને ગુણો, ધર્મો પણ આનંદમય જ છે. તો તે ગુણોનું ગાન કરવાથી તે ગુણોનું સ્વરૂપ જાણવાથી આનંદ પ્રાપ્ત થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. ૨૧—૨૨—૨૩.

મર્મ—૮—'કૃષ્ણનામ સ્ફુરે'

આઠમું મર્મ શ્રીહરિનાં નામનાં માહાત્મયની સ્ફૂર્તિ થવી એ છે. અજામિલાદિ મહાદુષ્ટોનો ઘોર પાતકપંથમાંથી ઉદ્ધાર કરનાર ભગવાન જ છે એવી નામની મહતા સર્વાંશે સ્ફૂરે. નામસિવાયનાં બીજાં સાધનોમાં અલ્પ બુધ્ધિ થાય. નામ જેવા ચિંતામણિ પાસે બીજાં સાધનો તુચ્છ ભાસે નામ પણ ભગવદરૂપ જ છે. પ્રભુ નામ અને રૂપ, એમ બન્ને સ્વરૂપે પ્રકટે છે, નામ પણ સ્વરૂપાત્મક હોવાથી તેની મહતા પ્રભુસ્વરૂપથી ન્યુન હોય નહિ. ૨૪.

મર્મ—૯—'પલ ન આજ્ઞા ટરે'

નવમું મર્મ ભગવદકાવ્યમાત્રમાં નિષ્ઠા એ છે. કોઈ પણ પ્રકારનો વિચાર ક્યાં વિના પ્રભુની જે કાંઈ આજ્ઞા થાય તેમાં તત્પર થવું. ગમે તેવી વિપરીતતાજણાતી હોય તો પણ 'પ્રભુ જે કરે છે તે મારાં સારાં માટે જ કરે છે, એવા દ્દઢ વિશ્વાસથી તેમની આજ્ઞાને અનુસરવા માત્રથી સાધનો ન બની શકે, અથવા તો કાંઈ વિપરિત બની જાય, નહિ તો કાંઈ કરી શકાય જ નહિ, અને માત્ર સદા મૌન સ્થિતિ જ થાય તો પણ ભગવાન પોતે તે જનને કૃતાર્થ કરે છે.સ્વામીની આજ્ઞાનું સર્વાંશે અવલંબન કરવું એ સેવકનો મુખ્ય ધર્મ છે. એ મુખ્ય ધર્મને પકડી રાખતાં કદાચિત બીજા ગૌણ ધર્મોને તિલાંજલિ આપવી પડે તો તેથી કાંઈ ફલહાનિ થવાની નથી. સાધનો ન બને, વિપરિત ઉલટું જ કાર્ય થઈ જાય, અથવા તો સારૂં નડતું કાંઈ પણ ન કરી શકાય તો પણ ભગવાન તો નિશ્ચય કૃતાર્થ કરવાના જ, એમાં કાંઈ

પણ સંશય નથી. દૃષ્ટાંત તરીકે ૮૪ વૈષ્ણવની વાર્તામાં વાંચો શ્રીકૃષ્ણદાસ મેઘનની વાર્તા. માત્ર શ્રીવલ્લભાધીશ્વરની આજ્ઞા માત્રને આધિન થઈને ૩ દિવસ સુધિ એક જ ઠેકાણે એમને એમ ઉભા રહયા હતા ! ૨૫.

મર્મ—૧૦—'કૃતિ વચન વિશ્વાસ મન ચિત આને'

ભગવદીય જાન સત્સંગ કો અનુસરે,
ના દેખે દોષ અરુ સત્ય ભાસે,
પુષ્ટિપથમર્મ દશ ધર્મ યહ બિધ કહે ।
સદા ચિતમેં શ્રીદ્વારિકેશ રાખે ।।

દશમું મર્મ વિશ્વાસ છે. અખિલના અંતર્યામી આત્મા એવા ભગવાનમાં અખંડ વિશ્વાસ રાખવો એ દશમ મર્મ છે. જેવો વિશ્વાસ તેવા પ્રકટ ભગવદસ્વરૂપમાં છે, તેવો જ વિશ્વાસ તે સ્વરૂપના સંબંધીઓમાં પણ રાખવો. અથવા તે પ્રભુએ જ તેવું રૂપ ધર્યુ છે, માટે ભગવદીયોમાં તેવો જ વિશ્વાસ રાખવો. અથવા તો તેવું લૌકિક રૂપ જોવામાં આવે તો પણ ભગવદીયોમાં ભગવતુલ્ય વિશ્વાસ રાખવો. જે સ્થલે જેવા કૃષ્ણ કહયા છે તે સ્થલે તેવા જ ભગવદીયો છે. અથવા તો જે સ્થલે જેવા ભકતો તે સ્થલે તેવા જ ભગવદીયો છે. અથવા તો જે સ્થલે જેવા ભકતો કહયા છે તે સ્થલે શ્રીકૃષ્ણ જ તેવા થયા છે એમ સમજવું. જો ભગવદીયો જુદી રીતે જણાતાં હોય તો પણ તેઓ ભગવદીય હોવાથી ભગવત્સદશ જાણવા. કોઈ ભકતમાં ભકત તરીકેનાં જે લક્ષણો હોવા જોઈએ તે આપણાથી જોઈ શકાય અને બીજાં કેટલાક વિપરીત લક્ષણો જોવામાં આવે તો પણ તેમને સ્વામીનો સંબંધ થયેલો હોવાથી સ્વરૂપાત્મક જ સમજવા. કૃપાપરાયણ સદાનંદ નંદનંદન પોતાના નિજજનો માટે જે કાંઈ કરે છે સારૂં જ કરે છે એમ માનવું. જેમ માબાપનાં દરેક કાર્યો પુત્રનાં હિતને માટે જ હોય છે અને માબાપનાં દરેક કાર્યો પોતાના જ હિતને અર્થે છે એમ માનવાની પુત્રની પણ ફરજછે તેમ જીવોએ એમ માનવું કે પ્રભુનો સંબંધ ધરાવનાર મહાનુભવી ભગવદીયો જે કાંઈ કરે છે તે સારૂં જ કરે છે. માટે સર્વથી પહેલાં ભગવદીયોમાં વિશ્વાસ રાખવો. તેમના દોષ ન જોવા. એમનાં દરેક કાર્યોમાં ઉતમતા જોવી. એમ કર્યાથી જ નવમ, અષ્ટમ

વગેરે મર્મો સિધ્ધ થશે.

આ સ્થલે એટલું રહસ્ય સમજવાનું કે મર્મની ગણનાનો જે ક્રમ શ્રીહરિરાયપ્રભુએ બતાવ્યો છે, તે ચડતો ઉતરતો છે. અર્થાત પહેલું મર્મ સર્વથી શ્રેષ્ઠ અને કલાત્મક છે અને જ્યારે બીજું મર્મ સિધ્ધ થાય ત્યારે જ તે પણ સિધ્ધ થાય.બીજું મર્મ ત્રીજું સિધ્ધ થયા પછી, ત્રીજું ચોથા પછી, એમ ઉતરોતર કાર્યકારણભાવ છે. એ ઉપરથી પહેલું મર્મ પહેલાં સિધ્ધ થાય અને બીજું તે પછી અને ત્રીજું તેથી અનંતર, એમ ક્રમ ન લેતાં, પહેલું દશમું મર્મ વિશ્વાસ—અને ભગવદીયોમાં ભગવદબુધ્ધિ અને પછી અનુક્રમે નવમું, આઠમું,સાતમું, વગેરે સિધ્ધ થાય એમ અવધારવું.,

શ્રીહરિરાયચરણ ગ્રંથનો ઉપસંહાર કરતાં ફલશ્રુતિ વર્ણવે છે. આ દશ મર્મને જે જે જન સર્વાંશે સમજે છે, તે શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભકિતમાર્ગમાં મહાબુધ્ધિમાન થાય છે. ભકિતમાર્ગમાં તેની બુધ્ધિ સારી પેઠે પ્રવર્તે છે અને તેને માર્ગના ઈશ્વર—માલિક શ્રીકૃષ્ણ તત્કાલ વશ થાય છે.શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવકો અંત્યત વિચક્ષણ હોય છે, તેઓએ આ દશ મર્મોને સમજીને, અનુભવીને, ભકિતમાર્ગમાં સ્થિતિ કરવી.૨૭ થી ૩૨.

—: સમાપ્ત :—

—: બહિર્મુખપણુ એટલે શું ? :—

ભાવાર્થ :— ધનમાં અને ઘરમાં જ્યારે સેવકો આશકત થઈ જાય, લાભ અને પુજાવવા માટેના પ્રયત્નો કરે ત્યારે શ્રીહરિ કોપે છે. સેવકોની મુખ્ય ફરજ એ છે કે, પોતાના સ્વામીને રીઝવવા દરેક પ્રયત્ન કરવો. તેની આજ્ઞામાં જ તત્પર રહેવું. તેની ઈચ્છાને સદા અનુકુલ બનવું. એવી જ રીતે જીવો પણ પ્રભુના સેવકો છે. તેઓનું મુખ્ય કર્તવ્ય પ્રભુની સેવા છે. સેવામાં લેશ પણ ન્યુનતા ન આવે, તેમ જ જે પ્રભુની સેવાનો અધિકાર પોતાને પ્રાપ્ત થયેલો છે, તે પ્રભુ કોટિબ્રહ્માંડનાયક, પરાત્પર,પુરૂષોતમ શ્રીકૃષ્ણ છે, તેનો ખ્યાલ નિરંતર મનમાં રહેવો જોઈએ. જ્યારે સર્વ દુઃખહર્તા પ્રભુને પોતાનું જે કાંઈ કહેવાતું તે સર્વ

સમર્પી દીધું, અને દાસ્યધર્મનો સ્વીકાર કર્યો, ત્યારે તેનો પોતાના સ્વામીને દરેક રીતે પ્રસન્ન કર્યા સિવાય બીજો ધર્મ શું હોઈ શકે ? વાસ્તવિક સ્થિતિ તેવી જ છે, છતાં જો સેવકો ધનમાં–ધન એકઠું કરવામાં, કે ઘરબાર, પુત્રપરિવારમાં આસક્તિવાળા બની જાય, પોતાના દાસ્યધર્મને તિલાંજલી આપી દે, પ્રભુની મહતા વિસ્મરી જાય, સ્વકર્તવ્યને સ્વાર્થવેદી ઉપર હોમી દે તો પ્રભુ તેના ઉપર કોપે તેમાં આશ્ચર્ય શું ? જીવ–સેવક સ્વતઃ અનેક દોષોથી દુષ્ટ છે, પ્રભુએ તેના દોષોનો વિચાર ન કરતાં તેને પોતાનો સેવક બનાવ્યો, તેને ઉચ્ચ અધિકાર આપ્યો, પરંતુ પ્રભુની તે દયાલુતા અને પોતાની પહેલાંની સ્થિતિ વગેરે બધું ભુલી જઈને પોતાના લાભનો અને પોતે પૂજાવવાનો પ્રયાસ કરે તો પ્રભુ એના ઉપર કોપ કરે તો તે કાંઈ આશ્ચર્યકારક ગણાય નહિ. શ્રી હરિરાયપ્રભુ આજ્ઞા કરે છે કે, જીવ જ્યારે પ્રભુ તરફ એવી રીતે બેવફા–નિમકહરામ–બને છે ત્યારે પ્રભુ તેના ઉપર કોપાયમાન થાય છે. ૧.

ભક્તિમાર્ગનો પરિત્યાગ કરીને માત્ર જનનેન્દ્રિય અને ઉદરની તૃપ્તિ માટેના જ ઉધમને આદરનારા આસુરાવેશી દાસો બને છે, ત્યારે શ્રીહરિ ઉદાસીન થાય છે. જ્યારે દાસો–સેવકો પ્રથમ શ્લોકમાં વર્ણવેલી કક્ષાથી પણ હીન કક્ષામાં જાય છે, ત્યારે તો પ્રભુ તે તરફ જોતાં જ નથી. જ્યારે ભક્તિમાર્ગમાં પણ રહે નહિ, તેનો સર્વાંશે ત્યાગ કરે, માત્ર આહારનિદ્રામયમૈથુનં ચ એ ઉક્તિ પ્રમાણે માત્ર પશુવૃતિને જ પોષે ત્યારે તો પ્રભુ તેના ઉપર કોપ કરીને તેને ઠેકાણે લાવવાનું પણ કાર્ય કરતાં નથી . તેનાથી તદન બેદરકાર રહે તે સેવક જેવી રીતે વર્તવા ઈચ્છતો હોય તો તે પ્રમાણે તેને વર્તવા દે છે, કેમકે તેણે માર્ગની મર્યાદા મુદ્લે જાળવી નહિ, બલ્કે તેનો ત્યાગ કર્યો અને આસુરના સંગમાં અભિરુચિ થવાથી તેને આસુરાવેશ થયો. તેવા તદન વંઠી ગયેલા નોકરની તરફ ઉદાસીનવૃતિ વિના બીજું પ્રભુ શું કરે ? ૨.

જ્યારે અહંકારથી મહાન પુરૂષોનો અપરાધ કરે છે, તે પણ પોતાના થઈને, ત્યારે સ્વજનવત્સલ પ્રભુ કોપે છે. પ્રભુનાં દાસ્ય જેવો ઉતમ પદાર્થ યોગ્યતાના અભાવે મલી ગયો અને પછીથી થયો અહંકાર અને તેમાં આંધળા બનીને મહાન ભગવદીયોને પણ ગણ્યા નહિ, તો શું પ્રભુ તેના

ઉપર રાજી રહેશે ? કદાપિ નહિ. પ્રભુનો અપરાધ તો કોઈ ઉપાયે નિવૃત થઈ શકે છે., પરંતુ મહાનુભાવીનો અપરાધ કદાપિ નિવૃત થતો નથી. મર્યાદામાર્ગમાં પણ નલકુબારાદિકે સ્વાધિકારના ગર્વથી નારદાદિકનું કરેલું અપમાન અને તેનું પરિણામ પુરાણોમાં પ્રસિધ્ધ છે. તેવી જ રીતે ભક્તિમાર્ગમાં પણ ભગવદીયોનો અપરાધ મહાભંયકર ગણવામાં આવ્યો છે., તે અપરાધ કરનાર ઉપર પ્રભુ કોપે છે. પોતાના જ દાસ થઈને પોતે જ જેમને અનુગ્રહમાર્ગમાં ઉચ્ચ અવસ્થામાં સ્થાપિત કર્યા છે, એવા મહાન ભકતોનું અપમાન કરે તો પોતાના જન જેને અત્યંત પ્રિય છે એવા પ્રભુ ગુસ્સે થયા વિના રહેતા નથી, એક તો એ દાસ પણ પોતાનો છે, અને માટે જ તે પ્રિય હોવો જોઈએ, અને મહાનુભવી ભગવદીયો પણ સ્વદાસ હોવાથી પ્રિય છે, તેથી બન્નેનાં શ્રેયની ક્ષતિ ન થાય માટે પ્રભુ સ્વકોપથી દાસને અપરાધની શિક્ષા દે છે.૩.

જ્યારે મોટા કુલમાં પ્રકટ થયેલા પણ પોતાના કુલને યોગ્ય ગતિ ત્યજી દે છે, ત્યારે તે કુલના સ્વામી ક્રોધ કરે છે, એમાં કાંઈ પણ સંશય નથી. જ્યારે પ્રભુએ જે કુલનો ઉતમોતમ અધિકાર સ્થાપન કર્યો,અને તે કુલમાં પ્રકટ થઈને પછી જો તે કુલના મહાન દરજજાને ન છાજતી વર્તણુક ચલાવે તો તે તે કુલનું સર્વસ્વ—તેના નાથ તે કુલમાં પ્રકટ થયેલા ઉપર કોપે તેમાં સંશય શો ? ૪.

બધાં ઠેકાણાં શોધી વળો. કોઈપણ સ્થળે સન્માર્ગની ઝાંખી પણ હવે થવી મુશ્કેલ છે. કલિના દોષમય વાતાવરણથી આવૃત થયેલા હદયોથી વ્યાપી રહેલા સ્થળોમાં સારા ઉતમ માર્ગની સ્થિતિ કેમ હોઈ શકે ? જ્યારે તેવા માર્ગનાં દર્શન દુર્લભ થઈ ગયાં, તો પછી તે માર્ગના પ્રકાશક શ્રીમદાચાર્યચરણના ચરણારવિંદમાં નિષ્ઠા--ભાવ ભક્તિ ક્યાંથી ? તેનાં વિના પ્રભુને પ્રસન્ન કરવાનું એક જ સાધન, તે દૈન્ય, ક્યાંથી આવવાનું ? શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છે કે, આ સમયમાં તો નથી સન્માર્ગની મર્યાદા, કે નથી શ્રીમદાચાર્યચરણમાં નિષ્ઠા કે નથી દીનતા. ૫.

શ્રીમદાચાર્યચરણે જે જે હિતાર્થ વચનો આજ્ઞા કરેલાં છે, તેમાં તત્પરતા, તેમ જ તેવું પરમ વૈરાગ્ય, પણ નથી રહયું.પ્રભુનાં, ગુરૂનાં, ભગવદીયોના મુખથી પ્રકટ થયેલાં વાક્યોને લેશ પણ સંશયયુકત થયા વિના અનુસરવું, તે પ્રમાણે જ ચાલવામાં તત્પર થવું એવો પરમ દાસધર્મ

ક્યે ઠેકાણે અસ્તિત્વ ધરાવે છે? પ્રભુથી પૃથક પદાર્થોમાં રહેલી આસક્તિનો સંપૂર્ણ ત્યાગ કરવો, પ્રભુસેવામાં જ પ્રવણ થવું, એવું વૈરાગ્ય ક્યા હૃદયને શોભાવે છે ? દાસનો ધર્મ છે કે, સ્વામીની ઈચ્છાથી જે કાંઈ મળે તેમાં સંતોષ માની લેવો, પરંતુ તેવો સંતોષ ક્યા દાસોમાં દીઠો છે ? કોઈ સ્થળે નહિ. જ્યારે કાંઈ નથી છંતા પણ કહો છો કે પ્રભુપ્રસન્ન થતા નથી, પ્રભુ રાજી રહેતા નથી, તો એ સદાનંદઘન પ્રભુ કેમ પ્રસન્ન થાય ? એ પ્રસન્ન થાય તેવું શું છે. ? કાંઈ નથી માંગતા દ્રવ્ય કે નથી માગતા સાધનો માત્ર એટલું જ ઈચ્છે છે કે તમે દાસત્વધર્મનું પરિપાલન કરતા રહો. તેટલું પણ જ્યારે થતું નથી ત્યારે શ્રીકૃષ્ણ કેમ પ્રસન્ન થશે ? ૬.

-: બહિર્મુખતા કેમ ટળે ? :-

ભાવાર્થ :— બહિર્મુખ કેવી રીતે થવાય છે, એનો ખ્યાલ આપીને હવે બહુર્મુખતાથી બચવાનો માર્ગ શ્રીહરિરાયચરણ બતાવે છે. બહુમુર્ખતાથી બચવું હોય, દાસ્યધર્મને સહજ પણ આંચ આવવા દીધા સિવાય પ્રભુને પ્રસન્ન કરવા હોય તો આપણાં આચાર્ય ચરણકમલને હૃદયમાં સ્થાપો. આપણા ગમે તેવા દોષકોષનું દહન કરીને પ્રભુની સાથે મજબુત ગાંઠ—સંબંધ—બાંધી દેનાર આપણા ગુરૂ શ્રીમહાપ્રભુજીના ચરણકમલને હૃદયમાં પધરાવો. અને તે કાર્ય જો થઈ ગયું, તો પછી બીજું કાંઈ કરવાનું રહેતું નથી. જે તદીય છે, તેને તો શ્રીમદાચાર્યચરણના દૃઢ આશ્રયથી સર્વ સિધ્ધ થાય છે. બીજાં કાંઈ સાધનો તેને કરવાં પડતાં નથી. કવિવર દયારામભાઈ કહે છે કે : શ્રીમહાપ્રભુનો ભગ્ર ભરોસો, એ જ અન્યાશ્રય. એટલા માટે શ્રીમહાપ્રભુમાં જ દૃઢ વિશ્વાસ રાખવો એ તદીયનો મુખ્ય ધર્મ છે. ૧.

સંગ કરવો હોય તો સત્પુરૂષોનો જ કરવો. સંગ પણસત્પુરૂષોનો જ થાય એવી પ્રાર્થના કરવી. કેમકે સત્પુરૂષો સંગદોષને હરનારા છે. અસત્પુરૂષોનો સમાગમ કદાપિ ન કરવો. સત્પુરૂષોના સંગથી પ્રભુમાં બુધ્ધિ થાય છે. દુષ્ટ પુરૂષોના સંગથી ગૃહાદિમાં આસક્તિ થાય છે. વસ્તુતઃ તો શ્રીમદાચાર્યચરણમાં રતિ રાખવી એ જ મુખ્ય કર્તવ્ય છે, છંતા તે કાલબતથી ન્યુન થાય તો શ્રીમદાચાર્યચરણની આજ્ઞા પ્રમાણે તાદશ ભગદીયો સાથે સત્સંગ કરવો. એવા તાદશ

ભગવદીયોના સંગથી એ ભગવદીયોના પરમ પ્રેષ્ઠ પ્રભુમાં પ્રેમ થાય છે, ભીજાયેલા હોય તે જ ભીજવે છે. રંગાયેલા હૃદયમનો જ રંગ અન્ય અરકત હૃદયને રંગે છે, પ્રભુ પ્રેમ સુંગધવાળાના જ સંગથી હરિરતિરૂપ સુંગધનો પાસ લાગે, ખલ પુરૂષોનો, આસુરાવેશીનો સંગ કરવાથી તેવી બુધ્ધિ થાય છે. તેઓ માત્ર શિશ્નોદરપરાયણ હોવાથી તેમનો સમાગમ તે કેવો ફલદરૂપ (?) નિવડે ? એ જ કે આપણે પણ તેવા જ પ્રપંચાસકત બની જઈએ. ૨.

અસત પુરૂષો વિજાતિય છે. તેનો આશ્રય ભલાભલા સત્પુરૂષોને પણ ડોલાવી દે છે તો સાધારણોનો હિસાબ શો ? સત્પુરૂષો નિજ–પ્રભુમાં પ્રીતી ધરાવનારા છે, તો પણ તેઓ જો વિજાતીય–જુદી જાતના ખલ પુરૂષોના સમાગમમાં આવી જાય તો અવશ્ય તેઓ પ્રભુપ્રેમથી, પ્રભુસેવાથી ઉદાસીન બની જાય. સિંહના સહવાસથી વિખુટું પડેલું સિંહનું બચ્ચુ શિયાળના ટોળામાં ભળીને જેમ પોતાનું સ્વરૂપ ભુલી જાય છે. તેમ સારા સમાગમનો પાસ જલદી બેસતો નથી, પરંતુ ખરાબ દુઃસંગની અસર તો મોટામોટાઓને પણ જલદીથી થઈ જાય છે, માટે તેથી સાવધાન રહેવું. હવે વિજાતી પણ એનો ખુલાસો આપે છે કે વિજાતી એટલે બીજા ધર્મને માનવાવાળા અને સજાતિ એટલે આપણા ધર્મને અનુસરનારાઉ.

સ્વમાર્ગનો–શ્રીમહાપ્રભુએ દૈવસૃષ્ટિ ઉપર પરમ અનુગ્રહ કરીને પ્રકટ કરેલા માર્ગનોમુખ્યધર્મ પ્રભુસેવા જ છે. તે પણ નિરંતર કર્યા કરવી. શરૂઆતમાં તનુજા અને વિતજા સેવા, દ્રવ્યથી અને દેહથી નિરંતર કરવી. એ સેવા જ પરમ ફલરૂપ છે, એમ માનવું. દઢ નિશ્ચય રાખવો કે, આ સેવા સિવાય બીજું કાંઈ ઉત્તમ ફલ છે જ નહિ, મોક્ષાદિક પણ તુચ્છ છે. એ સેવા કરતી સ્થિતિમાં જે અખંડ આનંદ પ્રાપ્ત થાય છે, તેવો અન્યત્ર નથી, માટે તે જ સ્થિતિમાં રહેવું એ જ પરમ ફલરૂપ છે. તે સેવા મન વગેરેથી કરવી. માનસિક સેવા કરવી. મન વગેરે સર્વઈન્દ્રિયગણ અને દેહ વગેરે પરિકર સેવોપયોગી બનાવવો. પ્રભુની સેવા વિના તેનો બીજે ઠેકાણે વિનિયોગ ન થાય તેની ખાસ સંભાળ રાખવી. તનુજા વિતજા સેવા કરતાં કરતાં માનસી સેવા જે પરમ ફલરૂપ છે, તે સિધ્ધ થાય છે. પહેલી બન્ને સેવા વેળાએ સેવાપયોગી પદાર્થોનાં સ્વરૂપનો સાક્ષાત અનુભવ નથી થતો. માનસી સેવા સિધ્ધ થતાં દષ્ટિ બદલાઈ જાય છે. પ્રભુને પધારવાના સિંહાસનમાં કે ગાદીમાં ભૌતિક પદાર્થો

દષ્ટિગોચર થતા નથી, પરંતુ તે સ્થલે સાક્ષાત શ્રીયશોદાજીના ઉત્સંગનાં દર્શન થાય છે. એવી રીતે સર્વત્ર સમજી લેવું. આવા અલૌકિક અનુભવથી અધિક ફલ શું હોઈ શકે ? ૪.

શ્રી મહાપ્રભુજીની આજ્ઞાઅનુસાર ભગવદીયોની સાથે સદા સર્વદા નિવેદનનું અનુસંધાન કરવું. એ આજ્ઞા આપે નવરત્ન ગ્રંથમાં કરી છે. એવા કોઈ વિરલ ભગવદીયોનો સુભાગ્યે કરીને સમાગમ થઈ જાય તો તેમની સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું. પોતાનું કહેવાતું સર્વસ્વ તુલસીપત્ર લઈને, શ્રીમદાગ્રસ્વરૂપના જ કૃપાબલથી પ્રભુને અર્પણ કરેલું છે, અને તેનો વિનિયોગ પ્રભુમાં જ થવો જોઈએ, તેમ જ સ્વામી. સેવકનો બંધાયેલો નાતો સદાનભે તેમ વર્તવુ જોઈએ વગેરે અનુંસંધાન નિવેદિતાત્મા ભગવદીયોના સમાગમથી જ રહે છે, માટે તેવાઓ સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું. તેમ કરવાથી તે જ ક્ષણે, તે જ પળે સાક્ષાત્ શ્રીકૃષ્ણ હદયમાં બિરાજે છે. ૫.

વળી બહિર્મુખતા ટાળવા માટે એવા જ ભગવત્સેવાપરાયણ ભગવદીયોનાજ મુખારવિંદથી શ્રીમદ્ ભાગવતનો ભાવાર્થ શ્રવણ કરવો. દશલીલાવિશિષ્ટ પ્રભુના નિત્ય નૂતન લીલારસનો અનુભવ તેવા ભગવદીયોના હદયમાં પ્રકટ થયેલી વાણીથી જ થાય છે. ભગવલ્લીનો સાક્ષાત્કાર કરીને ગાયેલાં અષ્ટસખાદિ મહાનુભવીઓના રસમય પદોનું કીર્તન કરવું. અને અહર્નિશ સ્મરણ કરવું. બહિર્મુખતાની નિવૃતિ એથી જ થાય છે. આ સિવાય બહિર્મુખતાથી બચવાનો બીજો ઉપાય એકે નથી. ૬.

-: મનન અથવા સાર :-

શ્રીહરિરાય વચનામૃતમાળાના છપાયેલા ૪ ગ્રંથોનો સાર અહી આપવો ઉચિત ધાર્યો છે, જેથી વાચકો આ ૪ ગ્રંથોનું મનન કરી શકે.

પહેલો ગ્રંથ ''સ્વમાર્ગીયશરણ સમર્પણ સેવાદિનિરૂપણ'' છે. આ ગ્રંથમાં સંપ્રદાયના સર્વ સિધ્ધાંતોનો સાર ભરી દિધો છે. આ ગ્રંથ પુષ્ટિમાર્ગીય મનુષ્યમાત્રને ઉપયોગી છે. પુષ્ટિમાર્ગમાં અગીકાર થયા પછી એક વૈષ્ણવનું જીવન કેવું હોવું જોઈએ અને સ્વમાર્ગ ના સિધ્ધાંતોનું

સ્વરૂપ સુક્ષ્મ અને સરલ રીતે કેમ સમજાય એ જિજ્ઞાસા માટે આ ગ્રંથ બસ છે. હવે આપણે તેમનાં સિધ્ધાંતરત્નોનો પ્રકાશ અનુભવીશું.

સિધ્ધાંતસાર :— પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ થવા માટે પહેલાં અષ્ટાક્ષરમંત્ર શ્રીગુરૂદેવ પાસે ગ્રહણ કરવો ઘટે. તે પછી બ્રહ્મસંબંધ મંત્ર લઈને શ્રીગુરૂદેવદ્વારા પ્રભુને સર્વ સર્મપણ કરવું. નામનિવેદન થયા બાદ પ્રભુની સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ અધિકાર મલ્યા પછી તો પોતાના ગૃહ, તન, મન, ધનનો વિનિયોગ સેવામાં જ થાય,બીજે નહિ. એવી રીતે શરૂઆતમાં શરીરથી અને ધનથી પ્રભુની સેવા કરતાં કરતાં માનસી સેવા સિધ્ધ થાય છે. માનસી સેવા ફલરૂપ છે.માનસી સેવારૂપ ફલ પણ જેવો અધિકાર હોય તેવું જુદું જુદું મળે છે. આખા પુષ્ટિમાર્ગનાં સિધ્ધાંતોનો આ સુક્ષ્મ સંગ્રહ છે.

શરણ ગમન :— પુષ્ટિમાર્ગની મયાર્દાને અનુસરીને જીવોએ શ્રી મહાપ્રભુના વંશમાં પ્રકટ થયેલા શ્રીગોસ્વામિબાલકને જ શરણે જવું જોઈએ. શરણે ગયા પછી પ્રભુ શ્રીકૃષ્ણ મારા નાથ છે અને હું તેમનો દાસ છું એવી ભાવના દ્દઢ કરીને પોતાના પ્રભુની સેવા કરવી.વળી નિત્ય નૈમિતિક વૈદિક ધર્મોનું પાલન કરવું. મુખ્ય સેવા, પછી વૈદિક અને લૌકિક. બીજા માર્ગો, પ્રભુ ન બિરાજતા હોય તેવો દેશ, તીર્થ, અહંતામમતા, વૈદિક, તાંત્રિક, માંત્રિક, કર્મ એનો આશ્રાય કરવો નહિ.પોતાના પ્રભુને છોડીને એ ઉપાયોથી પોતાનું શ્રેય થશે એ માનવું નહિ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થરૂપ પ્રભુ જ છે એમ નિશ્રય કરવો એટલે એ ચાર પુરૂષાર્થો માટે બીજા ઉપાયો અજમાવવાની જરૂર નહિજ જણાય. વળી હાલમાં છ સાધનો પણ શુધ્ધ રહયાં નથી, તેથી એ છ સાધનો—દેશ,કાલ,દ્રવ્ય કર્તા, મંત્ર, કર્મ પોતાના પ્રભુમાં જ છે એમ ચોકકસપણે સમજી લેવું. પ્રભુને શરણે ગયા પછી પવિત્ર થવાની ઈચ્છાથી પ્રાયશ્રિત વગેરે કર્મને પણ વળગાય નહિ.પ્રભુ વિના બીજા કોઈ નો આશ્રય પણ ન થાય. પોતાના સુખદુ:ખ વિષે કે બીજી કોઈ પણ બાબતમાં પ્રભુને પણ પ્રાર્થના કરવી નહિ અને બીજાને પણ પ્રાર્થના ન જ થઈ શકે.પ્રભુ નિજ ઈચ્છાથી સર્વ કાંઈ કરશે તે રૂડું જ કરશે એવો વિશ્વાસ

રાખવી નહિ. જેમ તેમ તે સાધિ લેવાં. લોભ કરવો નહિ. સંતોષ રાખવો. ધનનો વિનિયોગ પ્રભુસેવામાં કરવો. ઉતમ પદાર્થો જ પ્રભુની સેવામાં યોજવા. વિવેક, ધૈર્ય અને આશ્રયની ભાવના કરવી. આ બધા ધર્મો શરણે ગયેલા જીવોના છે તે જાણીને શરણે જવું અને તે પ્રમાણે વર્તવું. શ્રીવલ્લભાધિશ્વરનો આશ્રય કરવો, શરણના ધર્મો જાણીને શ્રીકૃષ્ણાશ્રય પણ સિધ્ધ કરવો.

બ્રહ્મસંબંધ :— ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીકૃષ્ણનો આશ્રય સિધ્ધ થયા પછી અહંતામમતાનો ત્યાગ કરીને પ્રભુને બધું સમર્પવું, આજ બ્રહ્મસંબંધ કહેવાય. બ્રહ્મસંબંધ એક સંસ્કાર છે. ગાયત્રીમંત્રનો સંસ્કાર થયા પછી જેમ બ્રાહ્મણ બાલક વેદનો અધિકારી બને છે. તેમ બ્રહ્મસંબંધ સંસ્કાર થયા પછી પ્રભુની સેવાનો અધિકાર મળે છે. આ સંસ્કારથી જીવ નિર્દોષ બને છે અને નિર્દોષ પ્રભુનો તેનો સંબંધ દઢ થાય છે. આ સંસ્કાર પછી પ્રભુને સમર્પેલી વસ્તુ જ ઉપયોગમાં લઈ શકાય. જો તેમ ન કરે તો ભાવનાનો નાશ થાય; દુષ્ટ બને. માટે જે કંઈ લૌકિક વૈદિક કરે તે પ્રભુને સમર્પેલી વસ્તુથી જ કરે. પોતાના ઉપયોગમાં લીધેલી વસ્તુ પ્રભુને અર્પણ કરવી નહિ. આ વિશેની સૂક્ષ્મ સમજણ વિસ્તારપૂર્વક આ ગ્રંથમાં આપી છે. બ્રહ્મસંબંધની ભાવના અસમર્પિતના ત્યાગથી દઢ થાય અને તેથી જ નિર્દોષપણું પણ જળવાય. ત્યારબાદ કંઈપણ ચિંતા તો જીવે કરવી નહિ. પ્રભુની લીલાનો અનુભવ કરીને સાક્ષીની પેઠે રહેવું.

સેવા કેમ કરવી ? :— પુષ્ટિમાર્ગીય સેવાનો પ્રકાર પણ આ ગ્રંથમાં સૂક્ષ્મ રીતે જણાવ્યો છે. પ્રભુની સુંદર મૂર્તિની સેવા આ સંપ્રદાયમાં છે. આ મૂર્તિમાં પ્રભુનો આવેશ થાય છે એમ સમજવાનું નથી; પણ એ મૂર્તિસ્વરૂપે પ્રભુ જ આપણો ઉધ્ધાર કરવા આપણે ત્યાં પ્રકટ થયા છે એવી ભાવના કરવાની છે. આપણે ત્યાં મૂર્તિ એ શબ્દ જ નથી, પણ સ્વરૂપ એવો શબ્દ છે. પૂજામાર્ગ જુદો છે. તેમાં મૂર્તિમાં મંત્રનાં બલથી દેવ આવે છે અને પછી તેમને વિદાય પણ કરી દેવાય છે. પૂજા માર્ગની પૂજા અને ભક્તિમાર્ગની સેવામાં ઘણું જ અંતર છે. પ્રભુની સેવા બે રીતે થાય; એક તો બધાનો ત્યાગ કરીને અને બીજી ગૃહસ્થાશ્રમમાં રહીને. જો કે ગૃહસ્થાશ્રમમાં રહીને પણ

કરીને પણ મન પ્રભુમાં જ જોડવાનું જ છે. જે કંઈ મળે તેનો વિનિયોગ પ્રભુસેવામાં કરવાનો છે. સેવાનો સૂક્ષ્મ પ્રકાર પૂજાના પ્રકારમાં મેળવીને આ ગ્રંથમાં લખ્યો છે. પછી તેમાં ભેદ જણાવ્યો છે. પૂજામાર્ગમાં મુખ્ય મંત્રબળ છે અને સેવામાર્ગમાં મુખ્ય સ્નેહબળ છે. સ્નેહ મુખ્ય થતાં ચોકકસ પૂજામાર્ગીય પ્રવૃતિ પલટાઈ જાય છે. અને પ્રભુની સેવામાં સ્નેહ જ સર્વત્ર પ્રસરી રહે છે. સેવાનો પ્રકાર પણ પોતાની ઈચ્છા મુજબ ન જ હોય, પણ પુષ્ટિમાર્ગની પ્રણાલિકા—રીત—પ્રમાણે જ રાખી શકાય. સેવાનો પ્રકાર શ્રીગુરુદેવ પાસે સમજવો. શ્રીમહાપ્રભુજીએ જણાવેલા લક્ષણોવાળા ગુરૂ ન હોય તો પણ, ગુરુના બધાં લક્ષણો શ્રીમહાપ્રભુજીમાં છે એમ અનુભવીને શ્રીવલ્લભાધીશ્વરના ઉપદેશને જ અનુસરવું. હાલનાં ગુરુઓ સામે જોવાનું નથી, પણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા—ઉપદેશ—તરફ જ દષ્ટિ રાખવાની છે. આવા ગુરૂ જે સેવાની રીત બતાવે તેને અનુસરવું, સેવા પણ ઘણા જ ઉલ્લાસથી કરવી. પ્રભુને ખૂબ શણગારવા ઉતમોતમ પદાર્થો જ પ્રભુને આરોગાવવા. પોતાના સ્ત્રીપુત્રાદિનું ચિત સેવામાં ન લાગે તો સેવા પોતે જ કરી લેવી. તેઓને પરાણે સેવામાં જોડવાં નહિ. એમનું પોષણ તો કરે જવું, નહિતર અપજશ મળે. પણ જો સ્ત્રી પુત્ર વગેરે આસુર હોય અને પોતે સેવા કરે નહિ તો તેમનો ત્યાગ જ કરવો જોઈએ. ભકત ન હોય તેમની સાથે વસવું નહિ. ધર્મશાસ્ત્ર કરતાં ભક્તિશાસ્ત્રના ધર્મોને શ્રેષ્ઠ માનવા, વ્યાપાર ધંધો બનતાં સુધિ બીજા પાસે કરાવવો. જો તેમ ન બને તો એક પહોર સુધિ તો સેવામાં જ રહિને બીજો સમય રોજગારમાં ગાળી શકાય. પ્રભુની સેવાથી જેટલા દુર થયા તેટલી વિમુખતા આવી, એ દોષનો નાશ શ્રીભાગવતના પાઠથી થાય છે. સુખ દુઃખ સહનકરવાં. વૈરાગ્ય અને સંતોષનો ત્યાગ કદી ન કરવો. પોતાનો આ છેલલો જન્મ છે એમ માનીને સેવા કરવી. પ્રભુમાં વિશ્વાસ રાખવો. સેવામાં સ્નેહ મુખ્ય છે તેથી પ્રભુની અવસ્થા—વય અને ૠતુનો વિચાર જરૂર કરવો અને તદનુસાર સેવામાં વિવેક રાખવો. ગમેતેમ લવારી કરીને મુખરતા દોષને સંઘરવો નહિ. કોઈ વસ્તુ કલેશથી મેળવીને પ્રભુને ધરવી નહિ.સ્નેહથી થોડું પણ જો પ્રભુને ધરીએ તો પ્રભુ એને ઘણું માની લે. પ્રભની સેવા બધી ઉતમ છે એમ માનવું. નિત્ય નૈમિતિક કર્મો પણ

કરવાં, એને અંગરૂપ માનવાં. સેવામાં નડતરરૂપ થાય તેવા ધર્મો ત્યજવા. બધી ઈન્દ્રિયોનો વિજય કરવો. પરોપકારાદિક કરતાં પ્રભુ સેવાને ઉતમ ગણવી. દીનતાની ભાવના કરવી. આ હું કરૂં છું એવું મનમાં કદી આવવા દેવું નહિં.

જયપાઠ :— સેવાનો અવસર ન હોય તે વખતે પ્રભુના નામનો જપ કરવો. પ્રભુના ગુણ ગાવા. સેવામાં પણ કીર્તનાદિક થાય છે. અષ્ટાક્ષર મંત્ર ક્ષણવાર પણ છોડી ન શકાય. શ્રીભાગવતનો પાઠ કરવો. દંભ કરવો નહિ.

તિલકમાલાદિ :— સેવાનાં અંગરૂપ તુલસીકાષ્ઠની માળા અને ચરણાકાર તિલક તથા મુદ્રાઓ અવશ્ય ધારણ કરવી. જયંતી—વામન—વગરે. વ્રત—ઉપવાસ કરવા. તેનો નિર્ણય પણ સમજી લેવો. બધા ઉત્સવો પણ જાણવા અને કરવા. એકાદશીવ્રત પણ કરવું.

ત્રણ આશ્રમવાળાઓના ધર્મો :— બ્રહ્મચારી અને વાનપ્રસ્થાશ્રમવાળાએ સાધનો હોય તો ગૃહસ્થાશ્રમી પ્રમાણે સેવા કરવી. સંન્યાસીનો માર્ગ ત્યાગરૂપ છે. તેણે તો તીર્થાટન કરવું રહયું. દેશેદેશે ફરીને પ્રભુના ગુણ ગાવા. બીજા પણ અનેક ધર્મો જાણી લેવાં. બધા આશ્રમવાળાઓ માટે બીજો પણ માર્ગ છે. જો ચિત ન લાગતું હોય તો બધાએ તીર્થાટન કરવું. સ્ત્રી વગેરે સેવાથી વિરુધ્ધ હોય અને વિઘ્ન નાંખતાં હોય તો તેમનો ત્યાગ કરીને ભગવદીયો રહેતા હોય તેવાં સ્થાનમાં જઈને વસવું. દુઃસંગથી ડરવું. ખરાબ અન્નવસ્ત્ર ત્યજવાં.

—: સ્તવન :—

—: પંચાક્ષરમંત્ર—ગર્ભસ્તોત્રમ્ :—

રચના :— શ્રીહરિરાયજી

વિવેચન :— શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી

(અષ્ટાક્ષર મહામંત્ર શરણાગતિ મંત્ર છે. સર્વત્ર, સર્વ અવસ્થામાં તે તો બોલ્યા કરાય. પંચાક્ષર નિવેદન મંત્ર છે. ગદ્યમંત્ર તેનો વિસ્તાર છે. તે ગોપ્ય છે. અપરસ (અસ્પર્શ)માં જ બોલાય અને સંભળાય. પરંતુ સ્તોત્રના ભાગ રૂપે આવતાં બોલવામાં દોષ ન લાગે. પંચાક્ષર [illegible]

વિવરણ જ સ્તોત્રના 'ન ચાસ્મિ પરસ્ય' – હું બીજાનો નથી–માં સ્પષ્ટ છે.)

સર્વદોષનિધિ જીવ કૃપાનિધિ કૃષ્ણનો બને તો ગટર ગંગાજીને મળે તેમ પવિત્ર – નિર્દોષ બની જાય છે. દીનતા અને દઢતા તેને જીવન દિવ્યતા દે છે. ભોગરત ભગવદ્ વ્રત બને છે.

આત્મ નિવેદન કરાવતો પંચાક્ષર મંત્ર ગુપ્ત છે. તે સ્તોત્રમાં હોવાથી સ્તોત્ર રૂપે બોલાય છે. કૃષ્ણને આત્મનિવેદન કરનારો, ગમે તેવો દુષ્ટ હોવા છતાં પણ કૃષ્ણના સંબંધથી, અનન્ય ભજનથી તે સાધુ જ ગણાય, નિર્દોષ જ ગણાય. જીવના બધા સ્વભાવ દોષ–કૃષ્ણ તો નિર્દોષ ! કૃષ્ણના સ્વરૂપ સામર્થ્યથી જીવ પણ બની જાય નિર્દોષ ! નિવેદનનું સ્મરણ તો વૈષ્ણવનું નિત્ય કર્તવ્ય છે. ભગવાનનો બને તે ભવમાં ભૂલો ન પડે ! પ્રભુનો બને તેનું પતન ન થાય ! કૃષ્ણનો બને તેને કોઈ પ્રશ્ન ન રહે !)

શ્લોક :– ૧ ઉપજાતિ છંદ

દુષ્ટમોપિ દયારહિતોપિ, વિધર્મ–વિશેષ–કૃતિ–પ્રથિતોપિ ।
દુર્જનસંગરતોપ્યવરોપિ કૃષ્ણ, તવાસ્મિં ન ચાસ્મિ પરસ્ય ॥૧॥

ભાવાર્થ :–

મન, વાણી, કાયા, સ્વભાવ વગેરેથી અંત્યત દુષ્ટ હોવા છંતા પણ, દયા વગરનો હોવા છંતા પણ, પોતાના ધર્મથી વિરૂધ હોય તેવાં વિશેષ કાર્યોથી પ્રસિધ્ધ હોવા છંતા પણ,દુસંગમાં પ્રીતિવાળો હોવા છંતા પણ હલ કટ હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું આપનો છું, અને બીજા કોઈનો નથી. (૧)

શ્લોક :– ૨

લોભરતોપ્યભિમાન–યુતોપિ, પરાહિતકારણ–કૃત્યકરોપિ ।
ક્રોધપરોપ્ય–વિવેક હતોપિ કૃષ્ણ, તવાસ્મિં ન ચાસ્મિ પરસ્ય ॥૨॥

ભાવાર્થ :–

લોભમાં રચ્યોપચ્યો રહેનાર હોવા છંતા પણ, અભિમાનવાળો હોવા છંતા પણ, પારકાનાં અહિત માટે કામ કરનારો હોવા છંતા પણ, ક્રોધપરાયણ હોવા છંતા પણ, અવિવેકથી હણાયેલો (વિવેક વગરનો)

કામમયોપિ ગતાશ્રયણોપિ, પરાશ્રયગાશય ચંચલિતોપિ ।
વૈષયિકાદર—સંવલિતોપિ કૃષ્ણ, તવાસ્મિં ન ચાસ્મિ પરસ્ય ાા૩ાા

ભાવાર્થ :-

કામમય હોવા છંતા પણ, જેનો આશ્રય છુટી ગયો છે તેવો હોવા છંતા પણ, પારકાના આશ્રયે જવાની ઈચ્છાથી ચંચલ થઈ ગયેલો હોવા છંતા પણ અને વિષય સંબંધી પદાર્થો તરફના આદરથી ગૂંગળાયેલો હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૩)

શ્લોક :- ૪

ઉતમધૈર્ય—વિભિન્નતરોપિ, નિજોદર—પોષણ—હેતુ—પરોપિ ।
સ્વીકૃતમત્સરમોહ—મદોપિ કૃષ્ણ, તવાસ્મિં ન ચાસ્મિ પરસ્ય ાા૨ાા

ભાવાર્થ :-

ઉતમ પ્રકારના ધૈર્ય વગરનો હોવા છંતા પણ, પોતાનું પેટ ભરવાનાં પ્રયત્નોમાં પરાયણ હોવા છંતા પણ અને અદેખાઈ, મોહ, અભિમાન જેણે સ્વીકાર્યા છે તેવો હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૫)

શ્લોક :- ૫

ભકિત—પથાદર—માત્ર—કૃતોઽપિ વ્યર્થ વિરૂધ—કૃતિ—પ્રસુતિોઽપિ ચ ।
ત્વત્પદ સન્મુખતા પતિતોઽપિ ચ ''કૃષ્ણ તવાઽસ્મિ'' ન ચાસ્મિ પરસ્ય ાા૫ાા

ભાવાર્થ :-

ભકિતપથનો આદર માત્ર કરનારનો હોવા છંતા પણ, વૃથા વિરૂધ કાર્યોમાં પડયો પાથર્યો રહેનાર હોવા છંતા પણ, અને આપના ચરણની સંમુખતામાંથી પતિત થયેલો હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૪)

શ્લોક :- ૬

સંસૃતિ ગેહ કલત્ર રતોઽપિ વ્યર્થ ધનાર્જન ખેદ સહોઽપિ ચ ।
ઉન્માન માનસ સંશ્રયણોઽપિ ચ ''કૃષ્ણ તવાઽસ્મિ'' ન ચાસ્મિ પરસ્ય ાા૫ાા

ભાવાર્થ :-

સંસાર, ઘર અને સ્ત્રીમાં આસકત રહેનાર હોવા છંતા પણ ધન

મેળવવા માટે ખેદને સહન કરનારો હોવા છંતા પણ અને ગાંડપણ ભરેલા માનવાળો હોવા છંતા હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૬)

શ્લોક :- ૭

કૃષ્ણપથેતર ધર્મ રતોऽપિ,સ્વસ્થિતિ વિસ્મૃતિમદ્ હૃદયોऽપિ ચ ।
દુર્જન દુર્વચનાદરણોऽપિ ચ, ''કૃષ્ણ તવાऽસ્મિ''ચાસ્મિ પરસ્ય ।।૨।।

ભાવાર્થ :-

શ્રીકૃષ્ણના માર્ગ સિવાયના બીજા ધર્મોમાં (પુષ્ટિભક્તિમાર્ગ સિવાય બીજા ધર્મોમાં કે સંસારમાં આસક્ત હોવા છંતા પણ, પોતાની સ્થિતિની વિસ્મૃતિવાળા હૃદયવાળો હોવા છંતા પણ અને દુર્જનનાં દુષ્ટ વચનોમાં આદરવાળો હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને પારકાનો નથી. (૭)

શ્લોક :- ૮

શ્રીવલ્લભ—વંશ સબલોऽપિ સ્વ મુ—પાદ સરોજ ફલોऽપિ ચ ।
લૌકિક વૈદિક ધર્મ ખલોऽપિ ચ,''કૃષ્ણ તવાऽસ્મિ''ચાસ્મિ પરસ્ય ।।૨।।

ભાવાર્થ :-

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના વંશનો નિજદાસ હોવાથી, સબલ હોવા છંતા પણ, પોતાના સ્વામીનાં ચરણકમલ જેનું ફળ છે તેવો હોવા છંતા પણ અને લૌકિક વૈદિક ધર્મોથી દુષ્ટ હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૮)

શ્લોક :- ૯

પંચાક્ષર—મહામંત્ર—ગર્ભિત—સ્તોત્ર—પાઠતઃ ।
શ્રીમદાચાર્ય—દાસાનાં તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ ।।૯।।

ભાવાર્થ :-

પંચાક્ષર મહામંત્ર જેમાં ગર્ભિત છે તેવા આ સ્તોત્રના પાઠથી શ્રીવલ્લભાચાર્યજીના દાસોને ભગવદીયપણું અવશ્ય થાય. (૯)

।। ઈતિ શ્રીહરિદાસોદિતં પંચાક્ષર—મંત્ર—ગર્ભસ્તોત્રમ્ સંપૂર્ણમ્ ।।

આ પ્રમાણે શ્રીહરિરાયજીએ કહેલું પંચારક્ષ મંત્ર ગર્ભસ્તોત્ર સંપૂર્ણ થયું.

સંક્ષિપ્ત આશૌચ–દર્પણ

—: (સૂતક–નિર્ણય) :—

આપણા ધર્મશાસ્ત્રમાં આશૌચ (સૂતક) ના બે પ્રકાર વર્ણવેલા છે. : (૧) જનનાશૌચ (પીંડરુ) અને (૨) મરણાશૌચ.

બન્ને પ્રકારના આશૌચમાં બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શુદ્રને એક માસનું સૂતક લાગે છે.

પીંડરુ વિષે આપણે પ્રથમ જાણી લઈશું. પહેલાથી ચોથા મહિના સુધિ ‘ગર્ભસ્ત્રાવ’ કહેવાય છે; પાંચથી છ મહિના સુધિ ‘ગર્ભપાત’ કહેવાય છે; ત્યાર પછી ‘પ્રસૂતિ’ કહેવાય છે.

૧. પીંડરુ

(૧) ગર્ભસ્ત્રાવમાં ત્રણ દિવસ ગર્ભપાતમાં પાંચ કે છ દિવસ માત્ર માતાને લાગે; બાકીના સાત પેઢીઓને સ્નાન માત્ર લાગે.

(૨) પીંડરુમાં પુત્રનો જન્મ થયો હોય તો પિતાએ જન્મની ખબર સાંભળતાં જ સવસ્ત્ર સ્નાન કરી, પુત્રનું મુખ જોઈને ફરી વાર સવસ્ત્ર મંગલ સ્નાન કરવું.

(૩) પુત્રીના જન્મમાં સ્નાન કરવાની આવશ્યકતા નથી.

(૪) પિતાને પીંડરુ સંપૂર્ણ લાગે.

(૫) સમય વિત્યા પછી સાંભળવામાં આવે તો પીંડરુ લાગતું નથી ફકત પુત્રના પિતાને સ્નાન માત્ર લાગે.

(૬) પુત્રવતી પ્રસૂતિકા (સુવાવડી)ને એક માસ પર્યંત અશુધ્ધિ રહે છે. એકત્રીસમે દિવસે ઉપવાસ કરીને શુધ્ધ થાય છે. એટલે કે, ત્યારે જલસ્પર્શનો અને રસોઈ કરવાનો અધિકાર થાય છે.

(૭) પુત્રીવતી ચાલીસમે દિવસે શુધ્ધ થાય છે.

(૮) બંનેની (પુત્ર તેમજ પુત્રીની) માતાની અસપૃશ્યતા વીસમે દિવસે જ દુર થાય છે. એટલે કે, પરસ્પર અડકી શકાય છે.

(૯) બંને આશૌચમાં હવેલી–મંદિરે સામગ્રી ન પહોંચાડી શકાય અને સેવામાં નાહી ન શકકાય. પીંડરુમાં ગુહસેવા પટસ્ત્રથી થઈ શકે; જલનો સ્પર્શ ન થાય.

(૧૦) પુત્રજન્મમાં નાલછેદન પહેલાં સોનું, ધાન્ય, વસ્ત્ર, ઘી. ગાય વગેરેનું દાન આપી શકાય છે.તેમજ છઠ્ઠે દિવસે છઠ્ઠીપુજા કરી શકાય અને હવેલી—મંદિરે સામગ્રી પણ પહચાડી શકાય.

(૧૧) વિવાહ પછી પુત્રી, પિતાને ઘેર બાળકને જન્મ આપે કે મરણ પામે તો પુત્રીના માતા—પિતાને પીંડરુ તથા સૂતક બંને લાગે.

(૧૨) પુત્રી તેના સાસરે બાળકને જન્મ આપે તો પુત્રીના પિતાપક્ષમાં પીંડરુ લાગે નહિ.

૨. સૂતક

(૧) મરણ આશોચના ચાર પ્રકાર છે: ૧. સંપૂર્ણ, ૨. રાત્રિ, ૩. પક્ષિણી અને ૪. એક રાત્રિ.

अ. બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શુદ્રને એક માસ સૂતક પાળવું— એ સંપૂર્ણ સૂતક કહેવાય છે. સંપૂર્ણ સૂતકમાં બ્રાહ્મણ બારમે દિવસે,ક્ષત્રિય તેરમે દિવસે અને વૈશ્ય સોળમે દિવસે શુધ્ધ થાય.

आ. 'ત્રણ રાત્રિ'ના સૂતકમાં ચોથે દિવસે શુધ્ધ થાય.

इ. 'પક્ષિણી' એટલે દિવસે મરણ થાય તો બે દિવસ અને એક રાત્રિ, તથા રાત્રિએ મરણ પામે તો બે રાત્રિ અને એક દિવસ.

ई. 'એક રાત્રિ'ના સૂતકમાં બીજે દિવસે શુધ્ધ થાય રાત્રિ, અગ્નિ સંસ્કાર પછી જ ગણાય.

(૨) મુળ પુરૂષથી લઈને સાત પેઢી સુધિ 'સપિંડ' કહેવાય; આઠથી ચૌદ પેઢી સુધિ 'સમાનોદક' કહેવાય; અને પંદરથી એકવીશ પેઢી સુધિ 'સગોત્ર' કહેવાય.

સપિંડોનું પૂરું સૂતક લાગે; સમાનોદકનું ત્રણ રાત્રિનું લાગે; અને સગોત્રનું એક રાત્રિ લાગે.

(૩) **બંધુત્રય :—** બાંધવાના ત્રણ પ્રકાર શાસ્ત્રમાં બતાવ્યા છે.

(૧) ફોઈના દીકરા, માસીના દીકરા, મામાના દિકરા, પિતાની માસીના દીકરા, પિતાના મામાના દીકરા— આ 'પિતુબાંધવ' કહેવાય છે; ૩. માતાની ફોઈના દીકરા, માતાની માસીના દીકરા,

માતાના મામાના દીકરા — આ 'માતૃબાંધવ' કહેવાય છે.

આ 'બંધુત્રય' (ત્રણ પ્રકારના બાંધવ) માંથી કોઈ એકનું મરણ થાય તો ૧ાા રાત્રિનું સૂતક લાગે છે.

(૪) ફોઈની દીકરી, માસીની દીકરી, તથા મામાની દીકરી વિવાહિત હોય તો તેનું એક દિવસ સૂતક લાગે. અવિવાહિત હોય તો દોઢ દિવસ લાગે.

(૫) **સૂતકનો પ્રારંભ કયારે ?** — પીંડરુની શરૂઆત જન્મસમયથી થાય છે. મરણ સૂતકની શરૂઆત સામાન્ય રીતે મૃત્યુ કાલથીજ થાય છે, પછી દાહ કયારે પણ થયો હોય; પરંતુ કોઈ 'અગ્નિહોત્રી' હોય તો તેનું સૂતક દાહ કર્યા પછી જ શરૂ થાય છે.

(૬) મરણ કયારે પણ થયું હોય, પણ તે સાંભળવામાં આવે ત્યારે સ્પર્શનો તેમજ કર્મ કરવાનો નિષેધ લાગુ પડે છે. તે પહેલાં નહિ.

(૭) આશૌચની પુરેપુરી નિવૃતિ એક વરસે થાય છે. સ્ત્રીને પતિનું આશૌચ એક વરસ રહેતું હોવાથી જો તે મરજાદી હોય તો પોતાના શ્રીઠાકોરજીને ભોગ ધરીને પ્રસાદ લઈ શકે: પણ વરસ પછી મુંડન કરાવી. શુધ્ધ થઈ, શ્રીગુરૂદેવની આજ્ઞાથી પોતાના શ્રીઠાકોરજીને પંચામૃત કરાવે ત્યારે બીજો મરજાદી વર્ગ યથાવત ભોજન તથા જલપાન કરી શકે.

(૮) **સૂતકમાં દર્શન** — 'શૃંગાર' અને 'ભોગ'ના સમયમાં ઝારીજી ઉઠયા પછી જ સૂતકીને દર્શન થઈ શકે; બીજા કોઈ સમયમાં નહિ.

પીંડરૂમાં દરેક સમયમાં દર્શન થઈ શકે.

(૯) બાળક જન્મીને મરણ પામે અથવા મરેલું જ જન્મે તો સંપિડોને સૂતક ન લાગે, માત્ર પીંડરુ લાગે.

(૧૦)દશ દિવસ પછી નામ પાડયા પહેલાં બાળક મરણ પામે તો માબાપને ત્રણ રાત્રિનું સૂતક લાગે અને સપિંડોને સ્નાન માત્રલાગે.

૩. સગોત્ર મરણાશૌચ

૧. અનૌરસ પુત્રનું ૩ રાત્રિ.

૨. કન્યાનું ચૌલકર્મ પર્યંત ત્રણ પેઢી સુધિ સ્નાન.

૩. કન્યાનું ચૌલકર્મ પછી વાગ્દાન (સગાઈ) પૂર્વે ૧ દિવસ.

૪. કન્યાનું વાગ્દાન પછી અને લગ્ન પૂર્વે
સાસરિયાં તથા પિયરિયાં બન્નેને ૩ રાત્રિ.

૫. પુત્રનું (લગ્ન થયા પછી) માતા–પિતા બન્ને ત્રણ રાત્રિ.

૬. કુંવારી કન્યાને માતા–પિતાનું સંપૂર્ણ.

૭. ધણિધણિયાણીને પરસ્પર સંપૂર્ણ.

૮. પીંડરુમાં બાળક મરે તો સ્નાન.

૯. બાળક (પુત્ર)ને દાટવામાં આવે તો નિકટના સંબંધિઓને સ્નાન.

૧૦. બાળકનું, દાહ કરેલાનું નિકટના સંબંધીઓને ૩ દિવસ.

૧૧. બાળકના દાંત આવ્યા પૂર્વે દાટે તો સંબંધીઓને ૩ દિવસ.

૧૨. બાળકના દાંતઆવ્યા પછી દાટે તો સંબંધીઓને૩ દિવસ.

૧૩. બાળકના માતા પિતાને ૩ રાત્રિ.

૧૪. બહેન (પરણેલી) પિતાને ઘરે મરે તો ભાઈને ૩ રાત્રિ.

૧૫. બહેન (પરણેલી) સાસરે ઘરે મરે તો ભાઈને પક્ષિણી.

૧૬. બહેનને ભાઈનું સૂતક પક્ષિણી.

૧૭. બહેનને કુંવારીને દાટવામાં આવે તો એક રાત્રિ.

૧૮. બહેન, કુંવારીને દહન કરવામાં આવે તો ૩ રાત્રિ.

૧૯. બ્રાહ્મણને ૭ પેઢીમાં જનોઈવાળાનું ૧૦ દિવસ.

૨૦. ભિન્નપિતૃક સહોદર ભાઈનું ૩ રાત્રિ.

૨૧. માતા (ઓરમાન અથવા સાવકી)નું ૩ દિવસ.

૨૨. માતા–પિતાનું પુત્રને સંપૂર્ણ.

૨૩. માતા–પિતા કુંવારી પુત્રીને પુત્રવત્ સંપૂર્ણ.

૨૪. સમાનોદકમાં જનોઈવાળાનું સ્નાન.

૨૫. સપિંડ (૭ પેઢી) માં જનોઈવાળાનું ૧૦ દિવસ.

૨૬. દતક પુત્ર મરણ પામે તો ગોદ લેનાર મા–બાપને તથા સપિંડોને ૧૦ રાત્રિનું સૂતક લાગે; જ્યારે જનક માબાપ ને ૩ રાત્રિનું લાગે.

આ સૂતક, સાત પેઢીમાંથી દતક લેવામાં આવ્યો હોય તો જનક તથા પાલક મા–બાપને ૩ રાત્રિનું લાગે, અને સપિંડોને ૧ દિવસનું લાગે.

૨૭. દતકને, પાલક મા–બાપના પાલનમાં ૧૦ રાત્રિ, તથા જનક મા–બાપના મરણમાં ૩ રાત્રિ.

૪. પરગોત્ર મરણાશોચ

૧. અનુચાન (વિદ્રાન અંગ સહિત વેદ ભણાવનાર)નું ૧ રાત્રિ.
૨. અસપિંડનું મરણ જેને ઘેર થાય તેને ૩ રાત્રિ.
૩. આચાર્યનું શિષ્યને ૩ રાત્રિ.
૪. ગુરૂનું શિષ્યને ૧ રાત્રિ.
૫. શિષ્યનું ગુરૂને સ્નાન.
૬. ઋત્વિજનું યજમાનને પક્ષિણી.
૭. જમાઈનું સ્નાન.
૮. દાદાની તથા નાનાની બહેનો, મામા–મામીઓ તથા તેમની પ્રજાનું પક્ષિણી. મામા–મામીઓ પોતાને ઘેર મરે તો ૩ દિવસ.
૯. દૌહિત્ર, જનોઈ વગરનાનું પક્ષિણી.
૧૦. દૌહિત્ર, જનોઈવાળાનું ૩ દિવસ.
૧૧. દૌહિત્રનું દાટવામાં આવે તો સ્નાન.
૧૨. દૌહિત્રનું દાહ કરવામાં આવે તો પક્ષિણી.
૧૩. નાના–નાનીનું ૩ રાત્રિ.
૧૪. પરણેલી પુત્રીને, માં–બાપનું ૩ રાત્રિ.
૧૫. પરણેલી પુત્રીનું પાંચ પેઢી સુધિ સ્નાન.
૧૬. ફોઈનું પક્ષિણી.
૧૭. બંધુત્રયનું (જનોઈ પછી) પક્ષિણી.
૧૮. ॥ (દાટવામાં આવે તો) સ્નાન.
૧૯. ॥ (જનોઈથી પૂર્વે) ૧ દિવસ.
૨૦. ॥ સ્ત્રીરૂપમાં, પુરૂષ પ્રમાણે જ લાગે.
૨૧. ॥ નાં છોકરાઓનું સ્નાન.
૨૨. બાળક મરેલું આવતરે તો સ્નાન.
૨૩. ભાણેજનું (દાટવામાં આવે તો) સ્નાન.
૨૪. ॥ (દાહ કર્યો હોય તો) પક્ષિણી.

૨૫. ાા (જનોઈ વગરનાનું) પક્ષિણી.
૨૬. ાા (જનોઈવાળાનું) ૩ દિવસ.
૨૭. મામા—મામીને ભાણેજનું (દાટે તો) સ્નાન.
૨૮. ાા (દાહ કરે તો) પક્ષિણી.
૨૯. મામા વગેરેનું (એક ગામમાં મરે તો) ૩ રાત્રિ.
૩૦. ાા (બીજા ગામમાં મરે તો) પક્ષિણી.
૩૧. મામા વગેરેનું (દેશાંતરમાં ૨૪ ગાઉ ઉપર મરે તો) ૧ રાત્રિ.
૩૨. મા—બાપનું પરણેલી પુત્રી ૩ રાત્રિ.
૩૩. નાની,માસી,મામો (સગો કે સાવકો)
મામી અને મિત્રનું પક્ષિણી.
૩૪. મામી (સાવકી)નું સ્નાન.
૩૫. સાળા, સાળાના પુત્ર તથા બનેવીનું સ્નાન.
૩૬. સાળીનું બનેવીને અને બનેવીનું સાળીને સ્નાન માત્ર.
૩૭. સસરા—સાસુનું જમાઈને પક્ષિણી.
૩૮. સહાધ્યાયીનું પક્ષિણી.

૫. અતિક્રાંતિકશોચ

૧. अ. એક દેશમાં,દશ દિવસનું સૂતક,દશ દિવસ વીતી ગયા પછી ત્રણ માસ સુધિ સાંભળે તો ૩ રાત્રિ.

आ. એક દેશમાં, દશ દિવસનું સૂતક, છ માસ સુધિ સાંભળે તો ૧ાા રાત્રિ.

इ. એક દેશમાં, દશ દિવસનું સૂતક, બાર માસ પછી સાંભળે તો ૧ દિવસ.

ई. એક દેશમાં, દશ દિવસનું સૂતક, બાર માસ પછી સાંભળે તો સ્નાન—જલદાન.

उ. પરદેશમાં, દશ દિવસ પછી સાંભળે તો સ્નાન.

૬. સન્નિપાત આશૌચ

(એકમાં બીજું સૂતક પડે તો)

૧. દશ દિવસના એક મરણ સૂતક ઉપર બીજું સૂતક દશ કે ત્રણ દિવસનું આવી પડે તો તે પહેલાંની સાથે જ ઉતરી જાય

૨. એક પીંડરુમાં બીજું પીંડરુ આવે તો પહેલાની સાથે ઉતરી જાય.
૩. એક ઉપર બીજું સૂતક દશમે દિવસે પડે તો વધારે ૨ દિવસ.
૪. એક ઉપર બીજું સૂતક દશમાં દિવસની પાછલી રાત્રે પડે તો વધારે ૩ દિવસ.
૫. પરણેલી પુત્રીને દશાહ પછી મા–બાપનું ૧ાા દિવસ.
૬. પિતાના નવમે દિવસે માતાનું પડે તો વધારે પક્ષિણી.
૭. પિતાના દશમે માતાનું પડે તો વધારે ૩ાા દિવસ.
૮. પિતાના દશાહની પાછલી રાત્રે માતાનું પડે તો સંપૂર્ણ.
૯. માતાના આશૌચમાં પિતાનું પડે તો સંપૂર્ણ.
૧૦. વધારાના બીજા દિવસોમાં બીજું પડે તો સંપૂર્ણ.
૧૧. સન્નિપાત આશૌચ–સુવાવડી, અગ્નિ સંસ્કાર કરનારને અને મરનારના પુત્રોને સંપૂર્ણ.
૧૨. સંપિડોના સૂતકમાં મા–બાપનું પડે તો સંપૂર્ણ.
૧૩. સંપિડોના સૂતકમાં સ્ત્રીનું પડે તો બાકીનું પૂર્વશેષ.

૭. મહત્વની વાત

૧. શબને દિવસે અડકે તો રાત્રે તારાદર્શનથી શુદ્ધિ થાય અને રાત્રે શબને અડકે તો સુર્ય દર્શનથી શુદ્ધિ થાય છે. એટલે કે, તારા દર્શન કે સુર્યદર્શન કરી, જનોઈ–કંઠી બદલી, ફરીવાર સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે. પરંતુ માત્ર સ્મશાને જાય અને શબનો સ્પર્શ ન કરે તો બે વાર સ્નાન કરવાથી શુદ્ધિ થાય. એટલે કે એકવાર સર્વ ડાઘુઓ સાથે સ્નાન અને બીજી વાર ઘરે આવીને સ્નાન કરવું.

૨. શબનું મોઢું જોવાથી 'અપરશ' છોવાય સેવામાં નહાતા હોય તેને અપરશ ન હોય તો શબનું મોઢું જોવાથી સ્નાન લાગે.

૩. સૂતકીનું અન્ન ખાનારને સૂતકીને પ્રમાણે સૂતક લાગે. એક વાર સૂતકીનું અન્ન ખાનારને બાકી રહેલા દિવસો સુધિ સૂતક લાગે.

૪. શબને વહન કરનારને મરનારની જ્ઞાતિ મુજબ પુરું સૂતક લાગે.

૫. ગામમાં જ્યાં સુધિ શબ પડયું તોય ત્યાં સુધિ ગામને સૂતક લાગે છે.

૮. આશૌચ (સૂતક) કોને નથી લાગતું

૧. સંન્યાસી બ્રહ્મપુરી, ચાન્દ્રાયણાદિ વ્રત કરતો હોય, રાજા, કારીગર, યજ્ઞની દીક્ષા જેણે લીધી હોય તેઓને જન્મમરણનું આશૌચ લાગતું નથી.

૨. તેજ પ્રકારે વિવાહ અથવા જનોઈના પ્રસ્તાવમાં નાન્દીમુખ શ્રાદ્ધ થઈ ચુક્યું હોય, પાક સિદ્ધ થઈ ચુક્યો હોય, શ્રીમદ્ ભાગવત સપ્તાહ યજ્ઞમાં વક્તા–શ્રોતાનું વરણ થઈ ચુંક્યુ હોય તો તે આરંભેલાં કાર્યો, સૂતક પડે તો પણ ન અટકે.

૮. સૂતકમાં નિયમ

સૂતકમાં તેલથી મર્દન ન કરવું ; પલંગ ઉપર ન સુવું ; અંગ ન દબાવવું ; પાન ન ખાવું ; ભુમિ ઉપર કામળો કે ચટાઈ પાથરીને સુવું ; એક વખત ભોજન કરવું.

સૂતક ઉતારવાના આગલા દિવસે એકભુકતા (એકટાણું) કરવું. કારણ કે સૂતકમાં ખાધેલું અન્ન જયાં સુધિ પચે નહિં, ત્યાં સુધિ સૂતકી પવિત્ર થઈ શકતો નથી-- આવો સદાચાર છે.

સૂતકને છેલ્લે દિવસે ગામની બહાર જલાશય હોય ત્યાં સપિંડોની સાથે જઈ વપન, ક્ષૌર અથવા ચૌલ કરાવીને સ્નાન કરવું.

'વપન' એટલે કેવળ ચોટલી રાખીને માથાના તેમજ દાઢી–મુછના કેશ ઉતારવા તે.

'ક્ષૌલ' એટલે કે માથાના બધા વાળ ઉતારવવા તે.

૯.વપન આદિ ક્યારે કરાવવું

મામો–મામી, નાનો–નાની, સસરો, મોટો ભાઈ, દીક્ષા–ગુરૂ, કાકા–કાકી, માતા–પિતા–આટલાની પછવાડે 'વપન' અવશ્ય કરાવવું.

સાવકી માતા, કાકા, મામા, અવસ્થાથી નાના હોય પણ દરજ્જાથી –સંબંધથી મોટા હોય તેની પાછળ 'વપન' અવશ્ય કરાવવું.

નનામી મરણક્રિયાનો મોટાને કરવાનો પ્રસંગ આવે તો એણે માત્ર 'ક્ષૌલ' કરાવવું.

દ્રવ્યશુદ્રિ

અત્યારે એવો સમય આવ્યો છે કે સ્પર્શાસ્પર્શનો

મોટે ભાગે નષ્ટ થતો જાય છે; પરંતુ શુદ્રિઅશુદ્રિનું ધ્યાન રાખી ધર્મનું પાલન કરવાથી ઈષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. ઉપનિષદમાં કહયું છે કે, ધર્મ ચર ધર્મનું આચરણ કરવું. ધર્મએ કાંઈ મુખેથી બોલી બતાવવાનો નહિં, પણ આચરણમાં મુકવાનો પદાર્થ છે.

શુદ્રિના બે પ્રકાર છે : ૧. આંતર શુદ્રિ અને ૨. બાહય શુદ્રિ. દેહની શુદ્રિ એ બાહય શુદ્રિ છે અને અંતઃકરણ (મનબુધ્ધિ, ચિત અને અહંકાર)ની શુધ્ધિ એ આંતર શુધ્ધિ છે. અનાચારથી દેહ અશુધ્ધ–અપવિત્ર થાય છે અને દુરાચારથી અંતઃકરણ અશુધ્ધ–અપવિત્ર થાય છે. અનાચાર બહારનો અધર્મ છે. જયારે દુરાચાર અંદરનો અધર્મ છે. આ બન્ને શુધ્ધિ વિના સેવામાં મન કયાંથી જોડાય ?

જેમ અનાચારથી બચવા માટે પુરીપુરી કાળજી રાખવી જોઈએ, તેમ દુરાચારથી બચવા સવિશેષ સાવચેત રહેવું જોઈએ. પ્રેમના આવેગમાં પ્રભુ અનાચાર સહિ લેશે. વાર્તા સાહિત્યમાં આના વિશે એક સચોટ દષ્ટાંત છે કે, પરમ વૈષ્ણવ વાઘાજી રાજપુત, પ્રભુને ઘી ધરવા માટે સ્નાન કર્યા વિના જોડા પહેરીને ભીતર પહોંચ્યા. આ દષ્ટાંત પ્રેમના ઉત્કૃષ્ટ આવેગનું છે.

આપણને શુધ્ધિ–અશુધ્ધિનું બરાબર ધ્યાન રહે એટલા માટે દશદિગંતવિજયી શ્રીપુરૂષોતમજી મહારાજે 'દ્રવ્યશુધ્ધિ' નામક ગ્રંથની રચના કરી છે, જે આપણને એ સંબંધમાં સારી સમજણ આપે છે.

એ ગ્રંથમાંથી જ દેશકાલાનુસાર અવષ્નક શુધ્ધિનો જ અહી વિચાર કરવામાં આવ્યો છે.

આ પુસ્તક પ્રકાશિત કરતાં એમ થાય છે કે, સાંપ્રત સમયમાં સમાનતાને નામે બધી બાબતમાં એકમ થઈ રહયું છે. ત્યાં આ પુસ્તકનો કોણ ઉપયોગ કરશે ? પરંતુ પુષ્ટિમાર્ગમાં હદયથી ધર્મ પાળનારની સંખ્યા ઘણી જ વિશાળ હોવાથી એવા આચાર–વિચારના આગ્રહી વૈષ્ણવોને માટે જ, પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (પોબંદર)ની આજ્ઞાથી, શુધ્ધિની બાબતમાં આ પુસ્તક દ્રારા અવશ્ય માર્ગદર્શન મળશે એમ ધારીને આનું પ્રકાશન કાર્ય કરવામાં આવ્યું છે, જે આચાર–વિચારના આગ્રહિઓને ઉપયોગી થઈ પડશે.

૧. સ્નાન તથા આચમનના પ્રકાર

રજસ્વલા સ્ત્રી, શબ, ચાંડાલ, મહાપાતકી, સુવાવડી અને સૂતકી–આનો સ્પર્શ થઈ જાય તો વસ્ત્ર સહિત જલમાં પ્રવેશીને સ્નાન કરવું અને જનોઈ–કંઠી બદલવામાં તેમજ રજસ્વલા વગેરેને જે અડી ગયો હોય તે બીજાને અડકે, બીજો ત્રીજાને અડકે તો ત્રણેય સચૈલ (વસ્ત્રસહિત) સ્નાન કરવું, અને ત્રીજો ચોથાને અડકે તો ચોથાએ સ્નાન કરવાની જરૂર નથી, પણ હાથ–પગ ધોઈ આચમન કરવું.

૨. રાત્રિમાં જન્મ–મરણ થાય અથવા રજોદર્શન–અડચણ આવે તેનો વિચાર

સૂર્યોદયથી લઈને અર્ધી રાત સુધિમાં જન્મ અથવા મરણ કે રજોદર્શન થાય તો તે પહેલા દિવસમાં ગણાય.

૩. રજસ્વલા શુદ્ધિનો વિચાર

રજસ્વલા સ્ત્રી ચોથે દિવસે સ્નાન કરવાથી શુદ્ર થાય છે; પરંતુ ભગવત્સેવા કે શ્રાધ્ધકર્મ માટે પાંચમે દિવસે યોગ્ય થાય છે. એટલે કે, પ્રભુની સામગ્રી, શ્રાધ્ધ માટે પાક અથવા ભગવત્સેવા ચોથે દિવસે ન કરી શકે. પરંતુ સુકા ચુનને સ્પર્શ કરવો, અનાજ વગેરે સાફ કરવાં, શાક સુધારવા વગેરે કાર્ય કરી શકે. પાંચમે દિવસે વસ્ત્રમાં ડાઘ દેખાય તો તે બદલીને રસોઈ વગેરે કરવામાં કોઈ દોષ નથી.

૪. નાહયા પછી ફરીને અડચણ ક્યારે પાળવી

જે સ્ત્રી, નિયમથી વીસમે દિવસે અડચણમાં બેસતી હોય તે સ્ત્રીને સતર દિવસ પહેલાં કદાચ અડચણ દેખાય તો પાળવાની જરૂરક નથી. પરંતુ અઢારમાં દિવસે એક દિવસે, ઓગણીસમાં દિવસે બે દિવસ અડચણ પાળવી.

અને જેને અઢાર દિવસ પહેલાં ઘણું કરીને અડચણ આવતી હોય તેણે અઢાર દિવસ પહેલાં રજોદર્શન થાય તો પૂરી અડચણ પાળવી.

રજોદર્શન એક દિવસ થયા પછી દેખાય તો પણ ત્રણ દિવસ બરોબર અડચણ પાળવી.

રજસ્વલાને બાળક અડી જાય તો બાળકને અન્નપ્રાશન ન કરાવ્યુ હોય ત્યાં સુધિ તેનાં વસ્ત્રો કાઢી જલથી પ્રોક્ષણ માત્ર કરવું; બાલમોવાળા ઉતરાવ્યા ન હોય તો માત્ર આચમન કરાવવું; ત્યાર પછીથી સ્નાન કરાવવું જોઈએ.

૫.સ્પર્શદોષ નથી તેનો વિચાર

તીર્થમાં વિવાહમાં,યાત્રામાં,યુદ્ધમાં દેશોપદ્રવમાં, નગર અથવા ગામમાં આગ લાગી હોય ત્યારે સ્પર્શદોષ માનવો નહી, આભડછેટ માનવી નહી.

૬.અપરસમાં જલ ભરવામાં જોડા કામ આવે કે નહિં ?

તેલ લગાડયા વિનાના કોરા; તેમજ જેને પહેરીને મલમૂત્ર ન કરેલ હોય તેવા જોડા પહેરી નદી વગેરેથી જલ લાવે તેમાં દોષ નથી, કારણ કે રસ્તામાં જોડાના સ્પર્શમાં દોષ ઓછો છે. તેમ જલાશય દુર હોય તો ખડાઉ પહેરીને લાવવું કઠિન થઈ પડે.ઘેર આવી પગ ધોઈ નાખવા આવી રીતે લાવેલુ જલ સેવકી અપરસ પૂરંતુ કામ લાગે, ખાસામાં કામ ન લાગે.

જલાશયમાં સ્નાન કરી સેવામાં જવું હોય તો રેશમીવસ્ત્ર પહેરી ખડાઉ પહેરીને આવવું જોઈએ. જલાશય દુર હોય તો જોડા પહેરી જલપાત્રને કંતાનમાં બાંધી લઈ જલાશયમાં સ્નાન કરી જલપાત્ર મંદિરે આવી ઉચેથી મથનીમાં છાણી દેવાથી તે જલ ખાસામાં કામ આવી શકે.

૭.પાત્રની શુધ્ધિ વિશે વિચાર

૧. સોનાનાં,ચાંદીનાં,મોતીનાં,શંખનાં,છીપનાં,પથ્થરનાં તથા તાંબા–પિતળનાં વાસણોમાં કોઈ ચીકાશ લાગી ન હોય અને ઉચ્છિષ્ટનો સ્પર્શ થયો હોય તો ધોવાથી શુધ્ધ થાય છે.

૨. રસોઈના ઉપયોગમાંઆવતાં વાસણો રોજ ધોયા પછી ઉપયોગમાં લેવાં એટલે તેમાં વાસી પણાનો દોષ ન રહે.

૩. તાંબા પિતળનાં વાસણ માંજતા હોય તે ઉપર લાગેલી મેશ અવશ્ય ઘસીને કાઢી નાખવા, નહી તો તે અપવિત્ર ગણાય.

૪. પિતળનાં વાસણ અપરસમાંથી બહાર નીકળે તો ફરીને અપરસના કામમાં ન આવે. અથવા વિના અપરસનું કોઈ તેને અડકે તો પણ અપરસમાં કામ ન આવે.

૫. માટીના પાત્રમાં પ્રસાદ લેવામાં અથવા કંઈ પેય પદાર્થ તેનાથી પીવામાં આવે તો તરત માટીનું પાત્ર ફેંકી દેવું; એ ફરીને કામ ન આવે, તેમ બીજાના કામમાં પણ ન આવે.

૬. ચિનાઈ વાસણો તો વૈષ્ણવોથી ઉપયોગમાં લઈ શકાય જ નહિ.

૭. રસોઈઘરમાં રોજ લીપવું અથવા જલથી સ્વચ્છ કરવું.

૮. શાક,પાન,ફળ ધોયા વિના ઉપયોગમાં ન લેવાં.

૯. પ્રભુને ભોગ ધરવામાં લોખંડનાં વાસણોનો ઉપયોગમાં ન કરવો.

૮. એઢાં પાત્રની શુદ્રિનો વિચાર

૧. બ્રાહ્મણ,ક્ષત્રિય અને વૈ'યનાં પાત્રની શુધ્ધિ એક વાર માંજવાથી થાય છે.૨. સોના—ચાંદીનાં પાત્રની શુધ્ધિ અગ્નિમાં તપાવી જલથી ધોઈને કરવી.૩. તાંબુ,પિતળ,લોઢું,ક્લઈ,સીસું—એની શુધ્ધિ લૂણખટાઈ કરી જલથી કરવી.૪. કાંસાના પાત્રની શુધ્ધિ રાખી માંજવાથી થાય છે. ૫. લોઢાની કડાઈ વગેરેની શુધ્ધિ રેતી ગસીને કરવી. ૬. લાકડાંના પાત્રની શુધ્ધિ છોલવવાથી કે રંદો લગાવવાથી થાય છે. ૭. વાંસના ટોપલા—ટોપલી, છાબડીની શુધ્ધિ ગોમૂત્રથી થાય છે.૮. સુવાવડીનાં એઠાં પાત્રો દશ દિવસની અંદરનાં—ચાંદી સિવાયનાં—નાંખી દેવા યા વેચી, અથવા પતરાવળીનો ઉપયોગ કરવો. ત્યાર પછીનાં પાત્રોને તપાવી એકવીસ વાર માંજવાથી શુધ્ધ થાય છે; છંતા અપરસમાં કામ આવે નહી, ચાંદીનાં કામમાં આવે. ૯. પાત્રમાં ગાયે મોં ઘાલ્યુ હોય તો તપાવવું અજાશ્વ મુખતો મેંધ્યે ગાવો મેધ્યાસ્તુપૃષ્ઠત ઃ આ વાકયનુસાર બકરી અને ઘોડાનું મોઢું પવિત્ર છે, જયારે ગાયનું પુચડું પવિત્ર છે ગાયનું મુખ અપવિત્ર છે.૧૦. તાંબાનાં પાત્રમાં દૂધ—દહી પડે તો મંદિરા સમાન ગણાય.

૯. પથારી આસન વગેરેનો શુધ્ધિવિચાર

૧. આસન, પથારી, વાહન, વહાણ, રસ્તો અને ઘાંસ આ બધાની શુધ્ધિ પવન તથા સૂર્યના કિરણોથી થયા કરે છે.૨. પ્રવાસમાં બીજાની શય્યાનો ઉપયોગ કરવો પડે તો તે ઉપર કંબલ આદિ બિછાવવું.

૧૦. ધાન્યાદિનો શુધ્ધિવિચાર

૧. જેને એકથી વધારે માણસ ઉપાડી શકે તેટલા પ્રમાણમાં ધાન્ય હોય યા કપડાંનો ઢગલો અને તેને બહારવાળો અડકી જાય તો જલથી પ્રોક્ષણ કરવું. થોડા પ્રમાણમાં હોય તો જલથી ધોઈ લેવું.૨. લાકડાંના ઢગલાને બહારવાળો અડકી જાય તો ધોઈને સૂકવવા. પરંતુ એક પુરૂષથી ઉપાડી ન શકાય તો પ્રોક્ષણ કરવું.૩. દૂધ–ઘી ગોવાળના પાત્રમાં હોય ત્યાં સુધિ શુધ્ધ જ છે. ૪. બડીજાતવાળાના પાત્રનું દૂધ લઈ શકાય નહી. પરંતુ શાક ફળ વગેરે તેની પાસેથી લેવામાં વાંધો નથી.૫. છાણ્યા (ગાળ્યા) વિનાનું દૂધ ઉપયોગમાં ન લેવાય. ૬. કારીગરોનો હાથ સદા પવિત્ર છે कारुहस्तः सदा शुचिः ।

૧૧. રાંધેલા અન્નની શુધ્ધિના વિચાર

૧.જ્ઞાતિભોજન અથવા મોટો મનોરથ હોય અને પકવાન અધમણથી વધારે હોય અને તેમાં કાગડા અથવા કૂતરાએ મોઢું ઘાલયું હોય તો તે બધું અન્ન છોવાય નહી, પણ જેટલા ભાગમાં મોઢું ઘાલ્યું હોય તેટલાને કાઢી નાખી જલથી પ્રોક્ષણ કરી ઉપયોગમાં લેવું. ૨. દેવયાત્રા, વિવાહ, યજ્ઞ, ઉત્સવમાં કાગડો અથવા કૂતરું રાંધેલ અન્નને અડકી જાય તો તેટલો ભાગ કાઢી નાખી બાકીનાને જલથી પ્રોક્ષણ કરી ઉપયોગમાં લેવું. ૩ ગાયે જેમાં મોઢું ઘાલ્યું હોય તે અન્ન ગાયને જ ખવરાવવું. ૪. રજસ્વલા કે પતિતની દષ્ટિ જેના ઉપર પડી હોય અથવા કોઈ પ્રાણીનું ઉચ્છિષ્ટ હોય તેવું અન્ન પ્રભુને ધરી શકાય નહિ.

૧૨. ઘી દૂધ વગેરેની શુધ્ધિનો વિચાર

૧.ઘી દૂધ શેરડીનો રસ ગોળ વગેરે શુદ્રના વાસણમાંથી અપરસના વાસણમાં અધ્ધરથી આવે તો ઉપયોગમાં આવી શકે.૨. ગાભણી થવાની હોય અને જેને વિયાયે દશ દિવસ થયા હોય તેવી ગાયનું દૂધ ઉપયોગમાં લઈ ન શકાય.કેમ કે, ગાભણી થવાવાળી ગાય ઋતુમતી છે અને

વિયાયેલીનું રજ નિવૃત થયું નથી. બારમાં દિવસ પછી વિયાયેલી ગાયનું દૂધ લેવાનો શિષ્ટાચાર છે તેમજ ગાભણી થઈ ગયા પછી તે ગાયનું દૂધ લેવામાં હરકત નથી.૩. પ્રસાદી ઘૃતપક્વ (ઘીમાં પકાવેલી) અનખડી ગ્રહણમાં છોવાતી નથી. ૪. સામગ્રી કરતાં વધેલું ઘી બીજા માણસના સ્પર્શથી કામ ન આવે. ૫. ખાવાની ચીજ રેશમી વસ્ત્રાદિકમાં લપેટીને બીજે ઘેર મોકલી હોય અથવા દેશાંતરમાં લઈ જવાય તો પણ તે શુધ્ધ છે.

૧૩.જલશુધ્ધિ વિચાર

૧.એક ગાય તૃપ્ત થઈ જાય એટલું જલ જમીન પર હોય તો, અથવા પથ્થર ઉપર હોય તો તે પવિત્ર છે. એમાં મલમૂત્રનો સંસર્ગ ન હોય, એનો રંગ લીલો અથવા પીળો પડી ગયો હોય અને જેમાં વાસ આવતી ન હોય તેવું જલ પવિત્ર છે.

૨. વાસી જલ ઉપયોગમાં ન લેવું; પરંતુ જ્યાં રોજ તાજું જલ મળી શકતું ન હોય ત્યાં વાસી જલનો દોષ નથી.૩. ચરણામૃત તેમજ તીર્થનું જલ વાસી હોય તો પણ તેમાં દોષ નથી.૪. પાણી વિના પ્રાણ જતા હોય તો મસક(ચામડાની ડોલચી)નું પાણી ભૂમિ ઉપર નાખીને પીએ તો દોષ નથી.૫. વર્ષાઋતુમાં વરસાદનું જલ ત્રણ દિવસે પી શકાય, અને બીજી ઋતુમાં દશ દિવસે પી શકાય.૬. જલ,છનનાથી ગાળ્યા સિવાય લેવાય નહિ.૭. ગંગાયમુનાનાં જલને છાણવાની જરૂર નથી.

૧૪.જલાશય—શુધ્ધિવિચાર

૧.જલાશય ઘણું ઉંડુ હોય અને તેમાં મનુષ્ય,કૂતરું,ગધેડું,ઉંટ કે બીજા માંસાહારી જાનવર મરણ પામે તો તેમાંથી સો ઘડા કે સો કોશ પાણી કાઢી નાખી તેમાં ગોમૂત્ર ગોબર,દૂધ,દહી,ઘી તથા ગંગાજલ નાખવાથી તેની શુધ્ધિ થાય છે.

૧૫.ભૂમિશુધ્ધિ વિચાર

૧. બ્રાહ્મણવાડો,દેવમંદિર તથા ગોશાળા સદા પવિત્ર છે.

૨. ગામથી સો વાર અને શહેરથી ચારસો વાર છેટેની જમીન શુધ્ધ છે; ત્યાં જોડા તથા ખડાઉ વિના શુધ્ધ રહી શકાય.

૩. વ્રજભૂમિમાં અને ગોશાળામાં ખડાઉ વિના પણ પવિત્રતા જળવાઈ રહે છે, અપરસ જળવાઈ રહે છે.

૪. ભગવન્મંદિરની ભૂમિ સદા પવિત્ર છે તેના દરવાજાની અંદર મનુષ્ય યા પશુનું મરણ થાય અને દરવાજો એક જ હોય તો મંદિરની અપરસ કાઢવી પડે.

૧૫.ઘરની શુધ્ધિનો વિચાર

૧. ઘરની શુધ્ધિ બુહારી કાઢવાથી,ધુમાડાની મેશ કાઢવાથી તથા ધરતીને લીપવાથી,ભીતને ચૂનો લગાડીને ધોળી લેવાથી થાય છે. ૨. ઘરમાં ચાંડાલનો સ્પર્શ થયો હોય તો લીપાપોતી કરવી, અને પાકું મકાન હોય તો ધોવું અને ચારેય તરફ અગ્નિ ફેરવવો.૩. વૈષ્ણવોએ ઘરની શુધ્ધિ માટે ત્રણ બુહારી (સાવરણી) રાખવી જોઈએ. શ્રીઠાકોરજીના મંદિરને બુહારી જુદી રાખવી, કારણ કે જે બુહારીથી વૈષ્ણવોના પગની રજ વળાતી હોય તેનાથી મંદિરનું તાકું,કબાટ, કે ઓરડી શુધ્ધ ન કરી શકાય.

એટલે વૈષ્ણવો આવતા હોય ત્યાં દરવાજા સુધિ વાળવાની એક, બીજી સેવકી જલઘરા ફૂલઘર, શાકઘરની અને ત્રીજી નિજમંદિરની ખાસાની.ઘર જુનું હોય તો ગાયના છાણ વગેરેથી ભીતો લીપીને સ્વચ્છ રાખવું.

૧૭.પરચુરણ શુધ્ધિનો વિચાર

૧. કારીગરનો હાથ અને દુકાનમાં વેંચવા મુકેલી વસ્તુ સદા પવિત્ર છે.૨. સામાન્ય રીતે જલનાં બિંદુ પવિત્ર છે; પરંતુ નખાગ્ર (નખના આગળના ભાગ)નું જલબિંદુ,વાળમાંથી ટપકતું જલનું ટીપું, ધોવાતા કપડાનો છાંટો, નાહવા માટે પહેરેલા વસ્ત્રનો છેડો નિચોવતાં ઉડેલો છાંટોઆ અપવિત્ર છે. ૩. અપરસમાં નાહયા પછી માથું એવી રીતે પોંછવું જોઈએ કે વાળમાંથી જલનું ટીપું શરીર પર ન પડે; નહી તો અપરસ જાય. ૪. મુખનો છાંટો અગર વાળ પ્રભુની સામગ્રીમાં કે ફૂલમાલામાં ન પડે તેની સેવા કરનારે સાવધાની રાખવી. એટલા માટે શ્રી નાથજી,જગન્નાથજી આદિ મોટા સ્થળોમાં સેવા કરનારનાં મુખ કપડાંથી બાંધીને જ સેવા કરવાનો રિવાજ છે. ૫. પવન શુધ્ધ છે, પણ કપડાથી કરવામાં આવતો પવન અશુધ્ધ છે. સૂપડાનો,વસ્ત્રોના છેડાનો તેમજ મુખનો પવન અશુધ્ધ છે. ૬. ધુમાડો કોઈ સ્થાને અપવિત્ર નથી, પણ પ્રભુને અપ્રિય હોવાથી જ્યાં ધુમાડો ન જાય ત્યાં નિજમંદિર રાખવું,૭. શ્રીઠાકોરજીની ઝારીજી ઉપર સૂતકીની દૃષ્ટિ પડે તો જલ ઢાલવી એને શુધ્ધ કરવી પડે.

૧૮.આત્મ શુધ્ધિનો વિચાર

૧. શ્રવણ મનન વગેરે આત્મશુધ્ધિ કરનારાં છે, છતાં બધાં શાસ્ત્રોનો સાર એ છે કે ભગવદ્ભકિત જ આત્મશુધ્ધિ કરનારી છે.

૨. લિંગશરીર અથવાસૂક્ષ્મ શરીરની શુધ્ધિ આહારશુધ્ધિથી થાય છે. અહારશુધ્ધિથી અંતઃકરણની શુધ્ધિ થાય છે, અને તેથી ભગવત્સ્મૃતિ દઢ થાય છે. માટે ભગવત્પ્રસાદથી જ શરીરનું પોષણ કરવું.

—: સમાપ્ત :—





॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥ ॥ શ્રી યજ્ઞનારાયણ હરિર્વિજયતે ॥ ॥ જગદ્ગુરૂ શ્રીવલ્લભાચાર્ય વિજયતે ॥

વધાઈ **વધાઈ**

શ્રી વિરાટ સોમયજ્ઞ મહોત્સવ

શ્રી નાથજી

પૂ.પા. ગોસ્વામી શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રી

પરમાનન્દકંદ પૂર્ણ પુરૂષોતમ પ્રભુની અસીમ કૃપા અને શુભાશીર્વાદ ના ફલસ્વરૂપ પરમપુજ્ય પવિત્ર શ્રી દ્વારકાધામ માં શ્રી વિરાટ સોમયજ્ઞ મહોત્સવ જગદ્ ગુરૂ પીઠાધીશ્વર વેદવેદાન્ત ધર્મશાસ્ત્રોના પ્રકાણ્ડ વિદ્વાન બે વખત રાષ્ટ્રપતિ પુરસ્કાર, સ્વર્ણ ચન્દ્રકથી વિભૂષિત શ્રેષ્ઠ કલા આચાર્ય અનંત શ્રી વિભૂષિત પૂ. પા. ગોસ્વામી શ્રી ગોકુલોત્સવજી મહારાજ શ્રી અ.સૌ.શ્રી વ્રજલક્ષ્મી બહુજી ના ચરણકમલો દ્વારા શુક્રવાર તા. ૨૯–૧૧–૨૦૦૨ થી બુધવાર તા. ૪–૧૨–૨૦૦૨ સુધિ કરવામાં આવ્યો. આ પવિત્ર અને ભગીરથ આયોજનમાં સભ્ય મહાનુભાવો નરસીભાઈ કાનાની દ્વારકા, પરિમલભાઈ ઘેલાની રાજકોટ, કાકુભાઈ પોપટ લોનાવાલા, સંજયભાઈ મોર ઝરિયા (લંડન), ધીરૂભાઈ બગદાઈ (આટાવાલા) રાજકોટ, ચમ્પકભાઈ મોરઝરિયા (કેનેડા), અરવિંદભાઈ એમ. પોપટ (જામનગર), કીરીટભાઈ મોદી (મુંબઈ) વીગેરેએ તનમનથી સેવા આપી કાર્ય સફળ બનાવ્યું.

તા. ૨૯નાં સવારે શ્રી દ્વારકાધીશ તથા શ્રી મહાપ્રભુજીની બેઠકથી ભવ્ય શોભાયાત્રાની શરૂઆત થઈ જેમાં શ્રીનાથજી શ્રી મહાપ્રભુજી શ્રી યમુનાજી નાં ચીત્રજી રથમાં પધરાવી અસંખ્ય કળશ ધારી બહેનો સાથે ચાલતાં હતા. આગળ નાચગાન વાજીંત્રો અને જયનાદના નારા સાથે ભકતજનો ચાલતા હતા અને મદયમાં પુજય બાવા શ્રી જનાના તથા આપના લાલબાવા ખુલ્લા ચરણાગારવિંદથી ચાલતા હતા. અસંખ્ય ભાવિકજનો વરણાગીમાં જોડાયા હતા. તેઓ બધાને રેશમી પીળા ઉપરણા ઓઢાળી સનમાનવામાં આવ્યા, રસ્તામાં ફુલની વૃષ્ટિઓ થતી હતી. આમ શોભાયાત્રા યજ્ઞમંડપના દવારે આવતાં કંકુ અક્ષત તથા ફુલહારથી પુજય મહારાજ શ્રીનું સ્વાગત કરી યજ્ઞ મંડપમાં પધરાવ્યા બાવાશ્રીએ શ્રી હસ્તથી ત્રણેસ્વરૂપોને રથમાંથી મંડપની વચ્ચે આસન ઉપર પધરાવ્યાં અને સોમયજ્ઞના મહત્વ વિષે આપશ્રીએ વચનામૃત કર્યા બાદ વેદમંત્રોના ઉચ્ચાર દવારા અલૌકિક અગ્નિ પ્રજવિત કર્યો અને વિદવાન બ્રાહ્મણો દવારા વેદમંત્રોથી મંડપ ગાજી ઉઠયો. તે છ દીવસ સુધિ સવારથી સાંજ સુધિ વેદમંત્રોની દવની ચાલુ રહી વચ્ચે વચ્ચે પુજય બાવાશ્રી આપના વચનામૃત કરતા હતા અને વેદ મંત્રીત પીળા અક્ષતથી આખા મંડપમાં ફરી આર્શીવાદ પ્રદાન કરતા હતા. તે સૌ ભાવિકજન ઉભા થઈ પોતાના ખોળામાં ઝીલતા હતા અને જેમ બલીરાજાના યજ્ઞમાં ભગવાન વામન રૂપ ધારણ કરી માગવા આવેલા તે પ્રમાણે બાવાશ્રી મંડપમાં ફરી ભકતજનો પાસેથી ભીક્ષાગ્રહણ કરતા હતા. આ સૌમયજ્ઞ સાથે ગોપાલ યજ્ઞમાં પણ ઘણા ભાવીક ભકતોએ હોમ કરવાનો લાભ લીધો અને આ સોમયજ્ઞને પરિક્રમા કરવાનો પણ હજારો વૈષ્ણવોએ લાભ લીધો. કોઈ કોઈ તો ૧૦૮ પરિક્રમા કરતા હતા પછી વિષ્ણુ ભગવાનના પ્રાગટયદીવસે ભવ્ય નંદમહોત્સવ મનાવવામાં આવ્યો જેમાં કૃષ્ણ જન્મની વધાઈના કીર્તનની રમઝટ સાથે નંદઘેર આનંદભયો જે કનૈયા લાલકી ના નાદથી મંડપ ગાજી

ઉડાડયા આવા અલૌકિક આનંદ થી સો ભાવવિભોર બની નાચવા લાગ્યા અને નંદઘેર આનંદ ભયો ના તાનમાં મશગુલ ગઈ ગયા અને છેલ્લે બાણ છોડવામાં આવ્યા. અને આપ શ્રી રથમાં બીરાજી પ્રદક્ષિણા કરી અને ૧૭ ફુટ ઉચા મંચ ઉપર બીરાજી સૌને આર્શીવાદ પાઠવ્યાં આ યજ્ઞમાં આવનાર દરેક વૈષ્ણવો માટે ઉતારા ચા—પણી તથા બંને ટાઈમ મહાપ્રસાદની પુરતી વ્યવસ્થા રાખવામાં આવેલી જેમાં હજારો વૈષ્ણવોએ પ્રસાદ ગ્રહણ કર્યો આ યજ્ઞની પુરી વિગત તો આ પુસ્તકમાં પણ ન સમાય. પરંતુ ટુંકમાં જ વર્ણન કરીએ, બાકી સોમયજ્ઞનો હેતુ બાવા શ્રીએ આપના વચનામૃત દવારા જણાવ્યો છે. સોમયજ્ઞ શ્રી મહાપ્રભુજીના વડવા શ્રી યજ્ઞ નારાયણ ભટજીએ પહેલો કર્યો ત્યારે યજ્ઞના છેલ્લા દીવસે યજ્ઞ વેદી માંથી સાક્ષાત પુષ્ટિ પુરૂષોતમપુર્ણ બ્રહ્મપરમાત્મા (શ્રીમદન મોહનજી) નું સ્વરૂપ સાક્ષાત પ્રગટ થયું અને યજ્ઞ નારાયણ ભટજીને આજ્ઞા કરી કે તમારા વંશમાં જે એકસો સોમયજ્ઞો પુરા કરશે તેને ત્યાં મારૂં પ્રાગટય થશે ત્યાર બાદ યજ્ઞનારાયણના વંશજો સોમયજ્ઞ કરતા રહયા શ્રી લક્ષ્મણભટજીએ છેલ્લા પાંચ યજ્ઞ પુરા કરી સો સોમયજ્ઞ પુરા કર્યા. તેના ફલરૂપે આપને ત્યાં ચંપારણ્યમાં અગ્નિકુંડમાંથી શ્રી મહાપ્રભુજીનું પ્રાગટય થયું. એ શ્રી વલ્લભ પુર્ણ બ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ જેણે ખુલા ચરણાવિંદથી ત્રણ વખત પુથ્વી પરી કૃપા કરી એના અનુસંધાનમાં હાલ સોમયજ્ઞ ની પરંપરા ચાલુ છે. માટે આ સોમયજ્ઞ પુષ્ટિમાર્ગને અનુસરીને અહિંસાત્મક યજ્ઞ છે.

શ્રી નાથજી શ્રી મહાપ્રભુજીનું પ્રથમ મિલન



ગુરૂદેવ—ગો—૧૦૮— શ્રી વ્રજભુષણ લાલજી મહારાજ (જામનગર) ગો—વા—૫—ભ—ઠા—નારણદાસ હેમરાજ વીઠલાણી, ગં.સ્વ. સવીતાબેન નારણદાસ, ચત્રભુજ નારણદાસ, અ.સૌ. રંજનબેન ચત્રભુજ નિતિનકુમાર નારણદાસ, અ.સૌ. પ્રેમીલાબેન નિતિનકુમાર, ગં.સ્વ. મંજુલાબેન વિનોદરાય દેવાણી વેરાવળ, અ.સૌ. ઉષાબેન દિલિપકુમાર ખંધેડીયા ધોરાજી, અ.સૌ. અંજનાબેન લલીતકુમાર માખેચા માણાવદર, દર્શનાબેન, નિશિતકુમાર ભાટેલીયા દ્વારકા તથા વિઠલાણી પરિવારનાંશ્રીગુરૂદેવના ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ, મે. હેમરાજ કાલીદાસ રાજકોટ, માર્કેટીગ યાર્ડ શોપ નં. H—૨૫ ફોન—(ઓ) ૨૭૦૨૩૩૪, ૨૭૦૪૪૩૪, ૨૨૯૬૨૩૪, રે. ચત્રભુજ ૨૪૫૫૪૬૮, ૨૬૯૭૩૬૫. નિતિન—૨૪૫૭૯૨૦

……

ગુરૂદેવ—ગો—૧૦૮— શ્રી કિશોરચંદ્ર મહારાજ (જુનાગઢ) ગો—વા— ક્રિમા હરેશકુમાર જુઠાણી. જન્મ તા. ૩—૩—૮૫, ગો—વા—તા. ૪—૮—૯૮ હઃ ૫—ભ—હરેશકુમાર પ્રવિણચંદ્ર જુઠાણી અ.સૌ. મીનાક્ષીબેન હરેશકુમાર, ચિ. હીરલબેન, ચિ. વિરલભાઈ તથા જુઠાણી પરિવારનાં શ્રીગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ. માધવકુંજ છાપરા સોસાયટી માંગરોલ—૩૬૨૨૨૫. ફોન—૨૨૨૫૧૭.

……

ગુરૂદેવ—ગો—૧૦૮ શ્રી પુરૂષોતમ લાલજી મહારાજ જુનાગઢ ગો—૧૦૮શ્રી માધવરાય મહારાજ—મથુરા—પોરબંદર ૫—ભ—ઠા—ચુનીલાલ નારણદાસ જોબનપુત્રા, અ.સૌ. દયાબેન ચુનીલાલ, હઃ૫—ભ—ભરતભાઈ ચુનીલાલ, અ.સૌ. સુધાબેન ભરતભાઈ તથા ચિ. નિકેત, ખુશ્બુ તથા જોબનપુત્રા પરિવારનાં શ્રી ગુરૂદેવના ચરણોમાં દંડવત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ યમુનાશ્રય ઋષભનગર શારદા સોસાયટી પાસે મોરબી—૩૬૩૬૯૨. ફોન—(૦૨૮૨૨)૨૨૦૦૨૨, રે. ૨૪૧૦૨૫.

……

ગુરૂદેવ —ગો—૧૦૮ શ્રી નટવરલાલજી મહારાજ દ્વારકા ગો—વા—૫—ભ— જમનાદાસ (વસરામ) ગોરધનદાસ દાવડા, ગં.સ્વ. માણેકબેન વશરામ, હઃ૫—ભ—મંગળદાસ જમનાદાસ, અ.સૌ. ગીતાબેન મંગળદાસ, અનીલકુમાર જમનાદાસ, અ.સૌ. શીલાબેન અનીલકુમાર, ગં.સ્વ. શાન્તાબેન છગનલાલ દતાણી, અ.સૌ. કુસુમબેન અમૃતલાલ, રાચ્છ, દીપકકુમાર મંગલદાસ દાવડા, અ.સૌ. વિણાબેન દિપકકુમાર, સુભાષ મંગલદાસ, અ.સૌ. શીલ્પાબેન સુભાષ, અ.સૌ. કુંદનબેન શૈલેષ કુમાર હીરાણી, કુ. જલ્પા, રૂપલ, રવી, લખન, અનીલકુમાર, અ.સૌ. નર્મદાબેન નરસીદાસ દતાણી, જામખંભાળીયા, આહીત—ધ્રુવ, દર્શન, દિપકકુમાર, મનન, સુભાષ તથા દાવડા પરિવારનાં શ્રી ગુરૂદેવના ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રીકૃષ્ણ. મે. દીપકકુમાર વ્રજલાલ એન્ડ કું. જનરલ મરચન્ટ એન્ડ કમિશન એજન્ટ જોધપુર ગેઈટ જામખંભાળીયા ફોન—૨૩૪૦૮૧, રે. ૨૩૪૦૯૬.

……

॥ શ્રી નવનીત પ્રિય વિજયતે ॥

શીક્ષાપત્રના રચનાર

શ્રી હરિરાયજીનાં એકસો વચનામૃત

સાથે ટૂંકું જીવન ચરિત્ર, લીલા પ્રસંગો દશર્મમનો ભાવાર્થ, સેવા વિશેની
ટુંકી સમજુતી, પંચાક્ષર મંત્ર, ગર્ભસ્તોત્ર ભાવાર્થ સાથે આશોચ દર્પણ

શ્રી દ્વારકેશ પ્રભુના ચરણોમાં સમર્પિત



આવૃતિ પહેલી
પ્રત ૨૦૦૦
પ્ર. ૨૦૦૩

પ્રકાશન સહાય
રૂા. ૧૫-૦૦
પોસ્ટે ખર્ચ સાથે

સંકલન-પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન

ઠા. ગોરધનદાસ કરશનદાસ વીઠલાણી-માંગરોળ-૩૬૨૨૨૫.

શ્રી નાથજી સ્ટોર્સ
એમ.જી. રોડ, માંગરોળ.
ફોન-૨૨૩૬૦૯, રે.૨૨૩૪૯૧

શ્રી મધુવન નોવેલ્ટી
જેઈલ રોડ, માંગરોળ.
ફોન-૨૨૩૫૩૬, રે.૨૨૩૪૯૨

શ્રી મધુરેશ સ્ટોર્સ
જોધપુર ગેઈટ,
જામખંભાળીયા.
ફોન

—: પ્રકાશકનું નિવેદન :—

વહાલા વૈષ્ણવોને જણાવતાં આનંદ અનુભવી રહયો છું.શ્રી ગોવર્ધનનાથજીના અનુગ્રુહ,શ્રી વલ્લભની કૃપા,શ્રી ગુરૂદેવની આજ્ઞા સાથે આશીર્વાદ અને વલ્લભી વૈષ્ણવોના સહકારથી આ શ્રી હરિરાયજી મહાપ્રભુનાં વચનામૃત તથા જીવનચરિત્રનું પુસ્તક વલ્લભના પ્યારા વહાલા વૈષ્ણવોના કરકમલમાં મુકતાં આનંદ થાય છે. આનંદ એ તો શ્રીપૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રીયશોદાસંગલાલીત શ્રીનંદનંદનનું સ્વરૂપ છે, એ તો ભગવદીયોની ભગવત મંડલીમાંથી જ પ્રાપ્ત થાય, મારા પ્રકાશનના નાનામોટા ૧૫ પુસ્તકો અત્યાર સુધિમાં છપાણાં છે તે વૈષ્ણવો અને ગો—સ્વામી બાલકો એ વાંચી આશીૃવાદ રૂપી પત્રો પણ આવ્યા છે.હવે ૧૬મું પુસ્તક ઉપર જણાવ્યું તેમાં સો વચનામૃત,લીલાપ્રસંગો,ટુંકુ જીવનચરિત્ર, દશમર્મનો ભાવાર્થ સાથે આશોચદર્પણ અને પુષ્ટિમાર્ગ વિશે ટુંકમાં સમજણ આપી છે. તે પણ વૈષ્ણવોને વાંચીને આનંદ આવશે એવી આશા રાખુ છું. મારા પ્રકાશનનો હેતુ મારા નિવેદનમાં આપું જ છું. હું પ્રકાશનમાં જે વધારો થાય તે રકમ નવા પ્રકાશનમાં અને વધારો થાય તો કોઈ ધાર્મિક ફંડમાં વિનિયોગ કરાવું છું. અને અમુક પુસ્તક દરેક વલ્લભ—વંશ જ બાલકોને પધરાવી આપુ છું અને સત્સંગમંડળમાં કે દ્રવ્ય સહાયકોને ભેટમાં આપુ છું. એ સિવાય કોઈ નિષ્કિચન વૈષ્ણવ હોય તેઓ ને ફ્રિ આપુ છું. મારા પુસ્તકોનો સદઉપયોગ થશે ત્યાં જ પધરાવું છું.પરંતુ તે મુળરકમ પુરી થઈ ગયા બાદ વધારામાંથી આપુ છું.હું લેખક કે સંપાદક નથી, પરંતુ કોઈ પુરાણુ પુસ્તક હાથ આવી જાય અને મારૂં દીલ થાય એટલે તે ગો—બાલકોની આજ્ઞા મેળવીને તે પુસ્તકમાંથી સંકલન કરી ને પ્રકાશન કરૂં છું અને તેને આજીવિકાનું સાધન બનાવતો નથી. લાલચ એક જ છે કે ભગવતનામનો પ્રચાર શ્રી મહાપ્રભુજીના સંદેશા રૂપે વૈષ્ણવોના ઘરેઘરે પહોંચાડવો એ જ અભિલાષા છે માટે દરેક વૈષ્ણવોને વિનંતી કરૂં છું. કે આપણા આચાર્યો રચીત ગ્રંથોનું વાંચનમનન કરી સેવા અને સંતસંગમાં મસ્ત બની આપના સંગમાં રહેલા વૈષ્ણવોને પણ ભક્તિ ભાવમાં તરબોળ કરશો. તો જ આપણે વલ્લભના સાચા વફાદાર સેવક બની શકશું. એ જ લી. દા. ઠા. ગોરધનદાસ કરશનદાસ વીઠલાણીનાં સદૈન્ય ભગવત સ્મરણ:

શ્રી નાથજી સ્ટોર્સ એમ.જી. રોડ, માંગરોળ. ફોન—૨૨૩૬૦૯,રે.૨૩૪૯૧	**શ્રી મધુવન નોવેલ્ટી** જેઈલ રોડ, માંગરોળ. ફોન—૨૨૩૫૩૬,રે.૨૨૩૪૯૨	જીતેન્દ્રકુમાર વીઠલાણી **શ્રી મધુરેશ સ્ટોર્સ** જોધપુર ગે ઈટ, જામખંભાળીયા. ફોન—૨૩૪૦૫૮

ગુરૂદેવ—ગો—૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજ – તિલકાયત નાથ દવારા
ગો—વા—પ—ભ—શાંતિલાલ પુંજાલાલ ચોકસી, હ: પ—ભ—ગં—સ્વ.—રાધાબેન, ચિ. વલ્લભદાસ, ચિ. ઘનશ્યામ તથા અ.સૌ. કુસુમબેન ભદ્રેશકુમારનાં શ્રી ગુરૂદેવના ચરણોમાં દંડવત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ ઈ—૩—આનંદ એપાર્ટમેન્ટ વાસણા ટેલીફોન એક્ષેંજની પાછળ અમદાવાદ ફોન—(૦૭૯)૨૬૦૧૩૮૭

……

ગુરૂદેવ —ગો—૧૦૮ શ્રી ગોવિંદરાયજી તિલકાયત મહારાજ નાથદવારા
ગો—વા—પ—ભ— ઠાકોરલાલ પુંજાલાલ ચોકસી હ.પ—ભ—ગં.—કમળાબેન, ચિ. માધવદાસ, અ.સૌ. મીનાબેન, ચિ. રાજેન્દ્ર – અ.સૌ. હેમાબેન ચિ. જયેશ, અ.સૌ. પિન્કીબેન , ચિ.—ગં.સ્વ. શ્રુતિબેન રમેશચંદ્ર કાપડીયા, ચિ.—અ.સૌ. જયશ્રી બેન ગિરીશચંદ્ર ઝવેરી, ચિ.—અ.સૌ. સુધાબેન કૃષ્ણ કાન્ત ચોકસીનાં શ્રી ગુરૂદેવના ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રીકૃષ્ણ. ન્યુ મોતીલાલ જવેલર્સ, પડીપોળ માંડવી રોડ વડોદરા. ફોન—માધવભાઈ (૦૨૬૫) ૨૬૬૨૭૪૦.

……

ગુરૂદેવ—ગો—૧૦૮— શ્રી વ્રજભુષણ લાલજી મહારાજ (કાંકરોલી નરેશ) કાંકરોલી
ગો—વા—પ—ભ— ભગવાનદાસ પુંજાલાલ ચોકસી, હ.ગં.સ્વ. મદનબેન, ચિ. હરિદાસ—અ.સૌ. ઉષાબેન, ચિ. મનોજકુમાર, અ.સૌ. કુસુમબેન, ચિ. નરેન્દ્ર કુમાર, અ.સૌ. મીનાબેન, ચિ. અતુલકુમાર, અ.સૌ. હર્ષાબેન, ચિ. ભારતીબેન, વસંતકુમાર દેસાઈનાં શ્રી ગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ, વડોદરા. નરેન્દ્રકુમાર ફોન—(૦૨૬૫) ૨૨૮૧૦૪૭.

……

ગુરૂદેવ—ગો—૧૦૮— શ્રી વ્રજભુષણ લાલજી મહારાજ (કાંકરોલી નરેશ) કાંકરોલી
પ—ભ—જી—પી—ચોક્સી એડવોકેટ તથા અ.સૌ. સુશીલાબેન, ચિ. ડો. બકુલાબેન, ચિ. જયેશકુમાર, અ.સૌ. નિશાબેન ચિ. અભિષેક, ચિ. અભિજીતનાં શ્રીગુરૂદેવના ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ, અભિષેક કલાસીસ, જે.સી. ઈન્વેસ્ટ કન્સલટન્ટ, તથા ચોકસી એન્ડ કું. જી.પી. ચોકસી. એડવોકેટ મારવાડી બિલ્ડીગ ગાંજાવાલા લેન બોરીવલી(વેસ્ટ) મુંબઈ—૪૦૦૦૯૨ ફોન—(૦૨૨)૮૯૩૮૯૭૨, ૮૯૩૫૪૮૫, ૮૯૫૩૩૨૨૮

……

ગુરૂદેવ —ગો—૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજ પોરબંદર.
ગો—વા—હરિદાસ નારણદાસ ઠકરાર, ગો—વા દિવાળીબેન હરીદાસ, પ—ભ ઓધવજી નારણદાસ અ.સૌ. કંચનબેન ઓધવજી, ગોરધનદાસ નારણદાસ, અ.સૌ. શાંતાબેન ગોરધનદાસ, તથા પરિવારનાં શ્રી ગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ.મુ. રાણાવડવાળા. ફોન—૨૩૯૫૩૪ ૨૩૯૩૦૨

—: રત્નકણિકા :—

૧. અન્યાશ્રય અને અસમર્પિત બે દુસાધ્ય રોગ છે. એ મટાડયા વિના
પુષ્ટિમાર્ગમાં પ્રગતિ થાય જ નહિ. ૨. જે વૈષ્ણવ અન્યાશ્રય કરતો હોય અન્યની
ઉપાસના કરતો હોય તેને કદી મળવું નહિ. તેના ઘરનું કાંઈ પણ લેવું નહિ.
૩. આપણા સ્વામી પુષ્ટિ પ્રભુ શું કરવા સમર્થ નથી. કે બીજા દેવદેવીઓ
પાસે દોડવું પડે. ૪. આપણા જીવનમાં કલ્યાણ કરનારાં બે સાધનો છે. એક
તો આપણા શ્રી ઠાકોરજીમાં દૃઢ વિશ્વાસ અને બીજો ભગવદભક્તોનો સંગ
આ બન્ને સત્સંગમાંથી જ સુલભ બને. ૫. શ્રી ઠાકોરજીનાં ચરણકમલમાં સર્વ
તિર્થો બિરાજે છે. માટે આપણા સેવ્ય સ્વરૂપને છોડી બીજે ભટકવું નહિ.

૬. સંસારનાં કલેશથી બચવું હોય તો પ્રભુ સેવા કરી, ચિતમાં ઉદવેગ કરશો
તો પણ કૃષ્ણને કરવું હોય તે જ કરશે. ૭. ભગવદીયો પ્રસન્ન થાય તો પ્રભુ
પ્રસન્ન થાય ભગવદીયના સંગથી પુષ્ટિમાર્ગની રીત સમજાય.

૮. શ્રી ઠાકોરજીની સેવા કોઈના ભરોસે સોંપવી નહી.

૯. આપણી માથે જે સ્વરૂપ બીરાજતું હોય તેની સેવા આપણે જ કરવી.

ગુરૂદેવ—ગો—૧૦૮— શ્રી વલ્લભલાલજી મહારાજ મુંબઈ મિ—લી—ગો—૧૦૮ શ્રી વ્રજનાથલાલજી મહારાજ કચ્છમાંડવી, ગો—વા—પ—ભ—દામજી માધવજી રાયઠૂઠા ગો—વા—સંતોકબેન દામજી, હ:પ—ભ—દેવજીભાઈ દામજીભાઈ, અ.સૌ. મુકતાબેન દેવજીભાઈ, રમેશકુમાર દેવજીભાઈ, રશ્મિબેન રમેશકુમાર, જીતેશકુમાર દેવજી, અ.સૌ. ચાંદનીબેન જીતેશકુમાર, અ.સૌ. રંજનબેન ચત્રભુજ વીઠલાણી રાજકોટ, અ.સૌ. નીતાબેન કિશોરકુમાર માંડળીયા પોરબંદર. અ.સૌ. સંગીતાબેન શશીકાન્ત લાખાણી પોરબંદર, અ.સૌ. સરલાબેન મહેશકુમાર કાનાબાર કુકસવાડા, અ.સૌ. પ્રફુલાબેન રમેશકુમાર એતા કેશોદ, તથા રાયઠૂઠા પરિવારનાં શ્રી ગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ, આશીષ ટ્રેડર્સ ઘાણીવારી ગલી પોરબંદર ફોન—૨૪૬૫૫૫૨, રે. ૨૫૩૦૩૨.

……

ગુરૂદેવ—ગો—૧૦૮ શ્રી વ્રજ ભુષણલાલજી — મહારાજ જામનગર
પ—ભ— માધવજી નાનજી ધનેશા, ગો.વા.પ.ભ. પાર્વતિબેન માધવજી, ઠા. કાન્તીલાલ માધવજી, અ. સૌ. મંજુલાબે કાન્તીલાલ, મુકેશકુમાર માધવજી, અ.સૌ. કુસુમબેન મુકેશકુમાર, પ્રદિપકુમાર માધવજી, અ.સૌ. ભાવનાબેન પ્રદિપકુમાર તથા પરિવારનાં શ્રી ગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ માધવમીલ, કેશોદ રોડ, માંગરોલ—૩૬૨૨૨૫. ફોન — ૨૨૨૦૩૬. મે. એમ. એમ. કું. ટાવર રોડ માંગરોળ. ફોન—૨૨૨૦૪૦.

……

।। શ્રી નવનીત પ્રીય વિજયતે ।।

।। શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુ વિજયતે ।।

❖ શ્રીહરિરાયજીનું ટૂંકુ જીવન ચરિત્ર લીલાપ્રસંગો સાથે ❖

શ્રીહીરરાયજીનું પ્રાગટય સં. ૧૬૪૭ ના ભાદરવા વદ ૫ ને દિવસે થયું. શ્રીહરિરાયજી શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ થયા. શ્રીમદવલ્લભાચાર્યજીનું પ્રાગટય સં. ૧૫૩૫ના ચૈત્રવદ ૧૧ને દિવસે થયું. ત્યારબાદ આપને ત્યાં બે લાલજી (૧) શ્રી ગોપીનાથજી (૨) શ્રીવિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજી) શ્રીમહાપ્રભુજીના દ્વિતિય લાલજી શ્રી વિઠ્ઠલનાથજી, નાદ્વિતિય લાલજી શ્રી ગોવિંદરાયજી થયા અને શ્રી ગોવિંદરાયજીના શ્રી કલ્યાણરાજીને ત્યાં ત્રણ લાલજી (૧) શ્રીહરિરાયજી, (૨) શ્રીગોપેશ્વરજી, (૩) વિઠ્ઠલનાથજી, શ્રીમહાપ્રભુજીના વંશમાં સેવારસ તથા કથારસનો પ્રવાહ શ્રીહરિરાયજીને સિધ્ધ થયોહતો, શ્રીહરિરાયજીને બ્રહ્મસંબંધનો લાભ પણ શ્રીગુંસાઈજીનાં ચતુર્થલાલ શ્રીગોકુલનાથ દ્વારા પ્રાપ્ત થયો હતો. શ્રી ગોકુલનાથજીનું જીવન ચરિત્ર જુઓ તો આપશ્રી ની અલોકિક સેવાકથા વિશેની ઉતમ ભાવનાની માહિતી મલશે. શ્રીહરિરાયજી પણ એવા મહાનુભાવીઓની છાંયા હોય એ સંભવિત છે. શ્રી ગોકુલનાથજી એક મહાન આચાર્ય મહાનુભાવી ભગવદભાવ નિમગ્ન ગોસ્વામીશ્રી હતા. તેઓ શ્રી આચાર્યજી તથા શ્રીગુંસાઈજીનાં ગ્રથોનું અવલોકન કરી તેને આચરણમાં લેતા હતા. એવી આપશ્રીને સ્વમાર્ગ ઉપર રુચિ હતી., શ્રીહરિરાયજી પણ સેવા, કથા, સત્સંગ વિષે ખુબ રૂચિ ધરાવતા. શ્રીગુંસાઈજીએ શ્રી વિઠ્ઠલનાથજી, શ્રીઠાકોરજીનું સ્વરૂપ આપશ્રીના દ્વિતિય લાલજી શ્રી ગોવિંદરાયજી માથે પધરાવેલ તે સ્વરૂપ શ્રી વિઠ્ઠલનાથજીની સેવા શ્રીહરિરાયજી કરતા હતા, શ્રી હરિરાયજી ભુતલ ઉપર ૧૨૦ વર્ષ બિરાજી સેવા અને કથારસથી અને આપના ગ્રથો દ્વારા અનેક જીવોને પ્રભાવિત કરી દીધા છે. શ્રીહરિરાયજીના સમયમાં જ શ્રી ગોર્વધનનાથજીને વ્રજમાંથી મેવાડમાં — નાથ દ્વારામાં પધરાવ્યા હતા. તેનાં બે કારણો હતા, એક તો યવનોના ઉપદ્રવનું, તે કારણ તો મીષ માત્ર હતું. ભકતોને આપેલાં વરદાન માટે પણ આપ વ્રજ માંથી મેવાડમાં પધાર્યા

હતા, તે દરમ્યાન શ્રી હીરરાયજી એ પણ આપના સેવ્ય સ્વરૂપ શ્રી વિઠ્ઠલનાથજીને (મેવાડ) નાથ દ્રવારામાં પધારાવ્યા હતા, શ્રીહરિરાયજીમાં ભગવદ વિરહની ભાવના એટલી તો તીવ્ર હતી કે એમનું દર્શન થતાં જ જીવને શ્રીગોર્વધનધરણનાં દર્શનનો અનુભવ થઈ જતો, શ્રી ગોવર્ધનનાથજી જો પોતાને થોડો ઘણો પણ શ્રમ થયો હોય તો તે શ્રી હરિરાયજીને જણાવતા (નિવેદન કરતાં) શ્રી હરિરાયજી પણ આપના સેવ્ય સ્વરૂપ સાથે શ્રીનાથજી ની પણ સેવાનો આગ્રહ રાખતાં, શ્રીહરિરાયજી વૃધ્ધાવસ્થામાં ખિમનોર બિરાજતા તે સમય દશ દિગન્ત વિજયી પણ તરૂણ એવા શ્રી ગોસ્વામી શ્રી પુરૂષોતમજી નાથદવાર પધાર્યા ત્યારે ઉષ્ણકાલનો સમય હતો. તેથી શ્રી નાથજીને ગ્રીષ્મઋતુના નિયમાનુલાર મોજડી ધરી શકાય તેમ ન હતું. પરંતુ શ્રી પુરૂષોતમ જે પ્રભુને સેવાશુંગાર કરવા હતા. તેમણે બહુભાવથી ગજમોતીની ભરાવેલી મોજડીઓ શ્રીજીને ધરવા દેવા તે સમયના તિલકાય શ્રીને આગ્રહ કર્યો.તિલકાયશ્રીએ મોજડીઓ રાજભોગ પર્યન્ત ધરવા દેવાની આજ્ઞા આપી. પરંતુ પુરૂષોતમજીએ ગજમોતીની હલકી મોજડીઓ રાજભોગ પછી ઉત્થાપન સુધિ ધરી રાખવા પરિચારકોને સમજાવ્યું. અને તેમ પણ થયું. પરંતુ શ્રીનાથજી તો સુકુમાર છે. આવાં લાંબા સમય સુધિ મોજડી ધરાવવાથી પશ્રિમ પડશે. આવો વિચાર બાલપંડિત ગોસ્વામીને ન આવ્યો. તેથી શ્રીનાથજીએ બિમનોરમાં બિરાજતાં અને માનસી સેવા દવારા સાક્ષાત આનંદનુભવ કરતા શ્રીહરિરાયજીને આ વાતો જણાવી. શ્રી હરિરાયજી પોતે શ્રીપ્રભુને પરિશ્રમ ન પડે તેને માટે સવારી સદા તૈયાર રાખતા, શ્રી હરિરાયજીએ તુરત જ ઘોડા ઉપર સવારી કરી સત્વર ત્યાં પધારી મોજડીઓ વિજય કરી. શ્રીપુરૂષોતમજીમાં હગાધ પાણિત્ય હતું. છંતા શ્રીનાથજી એમને શ્રી હરિરાયજી જેવી સાનુભાવતા ન હતા. કાર કે શ્રી હરિરાયજી રહસ્ય સમજતા. તેમજ સમજાવતા. એક વખત શ્રી પુરૂષોતમજીને શ્રીસુબોધિનીજી ઉપર પ્રકાશ લખતાં સંદેહ પડયો અને તેથી પોતે ખિન્ન થયા. એમને ખિન્ન થયેલાં જોઈ એક વુધ્ધ બાઈએ પુછયું કે જો આપની મહેર હોય તો શ્રીહરિરાયજી પાસે મેં જે શ્રવણ કર્યૃ છે તે હું આપને નિવેદિત કરૂં. ૧. અને તેના નિવેદનથી રી પુરૂષોતમજીનો

સંદેહ નિવૃંત થયો અને પોતે બાઈને ધન્યવાદ આપ્યો. શ્રી હરિરાયજીએ ૧૨૦ વર્ષ જેવા દીર્ઘાયુષ્ય પર્યંત ભુતલ ઉપર બિરાજી શુધ્ધ પુષ્ટિનું દાન શરણાગત જીવોને કર્યું. શ્રી હરિરાયજીની કૃપાથી અનેક વૈષ્ણવોને પ્રભુકૃપાનું ફલમલ્યું. શ્રીગોકુલનાથજી તથા શ્રીહરિરાયજીનાં હદય એટલાં ઉદાર હતાં કે નીચ વા ઉચ્ચનો ભેદ રાખ્યા વિના સર્વને ભજનાનંદનો અનુભવ કરવાનો અધિકાર પોતે આપ્યો અને ભજનાનન્દના રસિકભકતો બ્રાહ્મણ અગરે અન્ય ઉતરતાં વર્ણપણ ઉતરતા નથી એમ એઓશ્રી માનતા.શ્રી હરિરાયજીની દિનતા તો એવી હતી કે પોતાના ગ્રંથથી ઈતિ થી ઈતિ શ્રીહરિરાયજી વિરચિત એમ પોતે હરિના દાસ એવું નામ ધારણ કરે છે. શ્રીહરિરાયજીના જીવનમાં ત્રણ ભાગ થઈ શકે એમ છે. એક ભાગમાં પોતે કેવલ ભગવત્સેવા કરે છે. બીજા ભાગમાં શ્રીમહાપ્રભુજી શ્રીગુંસાઈજી તથા શ્રી ગોકૂલનાથજી કૃત ગ્રંથોનું પર્યાવલોકન કર્યુ. અને ગ્રંથો પર ટીકા કરી કેટલાક સ્વતંત્ર ગ્રંથો પણ લખ્યા, અને ત્રીજા ભાગમાં નિદિધ્યાસન અથવા શ્રી વ્રજાધીશના વિપ્રયોગમાં નિમગ્ન થઈ રહયા. આપશ્રી નાથદ્વારામાં બિરાજી શ્રીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરતાં હતાં. શ્રીનાથજીની સેવામાં કંઈ પણ ભુલ થતી ત્યારે શ્રીનાથજી શ્રીહરિરાયજીને જણાવતાં અને શ્રી હરિરાયજી પધારી ભુલ સુધારતા. આમ શ્રીનાથજીના તિલકાયત મહારાજ શ્રીપણ શ્રી હરિરાયજીનું ખુબ જ માન રાખતાં. એકવખત શ્રીહરિરાયજી પરદેશ બિરાજતા હતા, ત્યારે તેમને ભવિષ્યની વાતનો હદયમાં પ્રકાશ થયો, કે તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીનાં વહુજી ટુંક સમયમાં લીલામાં પધારશે. સેવામાં સહાયક શ્રી વહુજી લીલામાં જતાં શ્રી ગોપેશ્વરજીને દુઃખ થશે.તેથી તેમને લાગશે કે હવે હું એકલો કેવીરીતે સેવા કરીશ ? શ્રી પ્રભુને પરિશ્રમ પડે એવો આ દેહ નકામો છે. આમ ગોપેશ્વરજી દુઃખી થશે. એટલે શ્રી હરિરાયજીને આ ભવિષ્ય જણાતાંની સાથે જ શ્રીગોપેશ્વરજીને શિખામણના પત્રો લખવા માંડયા. કારણ કે શ્રી હરિરાયજી એ પ્રથમથી જ જાણ્યું કે શ્રી ગોપેશ્વરજી ગૃહભુગની વેદના રૂપી લૌકિક દુઃખથી ભગવત્સેવામાંથી બહિર્મુખ થશે અને તેમ થાય તે યોગ્ય નહિ. એમ સમજી શ્રી હરિરાયજી એ એક પછી એક શિક્ષાના પત્રોશ્રી ગોપેશ્વરજી ઉપર પરદેશ થી મોકલવા

માંડયાં. શ્રી ગોપેશ્વરજી તો પત્રો વાંચતા જ નહિ. ભગવત્સેવા કર્યા કરતાં, જેવા પત્રો આવે કે તુરત જ ગોખલામાં નાખી મુકતા, આખરે શ્રી ગોપેશ્વરજીના વહુજી લીલામાં પધાર્યા અને શ્રી હરિરાયજી ધારતા હતા તેમ શ્રી ગોપેશ્વરજીનું ચિત ભગવત્સેવામાં ન રહયું.ત્યારે એક સેવક વૈષ્ણવે હરજીવનદાસને તુરત પુછયું કે શ્રીહરિરાયજીના પત્રો આવે છે કે કેમ ? ત્યારે હરજીવનદાસે ગોખલામાં રાખેલાં પત્રો કાઢયાં તેમાંથી શ્રી ગોપેશ્વરજી એ એક પત્ર કાઢયો તે પ્રથમ પત્ર નીકળ્યો, એ પ્રથમ શિક્ષાપત્રવાંચતાં જ શ્રી ગોપેશ્વરજીના ચિતને આશ્વાસન મળ્યું. લૌકિક દુઃખ ભુલ્યા અને પ્રભુની સેવામાં તત્પર થયા. એમ કૃલ ૪૧ પત્રો શ્રી હરિરાયજીના આવ્યા હતા. તે વાંચ્યા, તેનું મનન કર્યુ. વ્રજભાષામાં દરેક પત્રના શ્લોક ઉપર વિવેચન કર્યુ. શ્રી હરિરાયજી પ્રત્યેક પ્રત્રનાં પ્રારંભમાં પુષ્ટિમાર્ગીય સંમ્પ્રદાયનું ગુઢરહસ્ય સમજાવે છે. અને અન્તના શ્લોકમાં કવચિત પોતાના ઘર સંબંધી અંગત બાબતો લખે છે. શ્રી હરિરાયજીએ ૪૧ શિક્ષા પત્રો પરદેશથી શ્રી ગોપેશ્વરજીને મોકલ્યા પણ જયારે એમને માલમ પડયું કે શ્રી ગોપેશ્વરજી તો એકપણ પત્ર વાંચતા નથી ત્યારે ૪૧ પત્રો લખી વધુ લખવાનું બંધ કર્યુ જો વધુ પત્રો લખ્યા હોત તો તેમાંથી આપણને વધુ જાણવાનું મળત. આથી એટલું તો સિધ્ધ થાય છે કે શ્રી ગોસ્વામી બાલકો પરદેશથી સંસ્કૃત ભાષામાં કામકાજનાં પ્રસંગમાં પત્ર મોકલતાં અને તેમાં શિક્ષાદાયક વચનામૃતો પણ લખતા. શ્રી હરિરાયજીએ સંસ્કૃતમાં વ્રજ ભાષમાં ગુજરાતીમાં અને મારવાડી ભાષામાં અનેક નાના મોટા ગ્રંથો કિર્તનો ધોળપદ રચ્યાં છે. આપશ્રી એ અને શ્રીગોકુલનાથજીએ પ્રગટ કરેલ ૮૪—૨૫૨—વૈષ્ણવની વાર્તા ઉપર ભાવ પ્રકાશની નાની મોટી ટીકાઓ રચી તે વાર્તા સાહિત્યને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું છે. શ્રી હરિરાયજીએ વચનામૃતો પણ ઘણાં કરી વૈષ્ણવોને તેમનો લાભ આપ્યો છે તેમાંથી એકસો વચનામૃત અહી આપેલાં છે. તે વૈષ્ણવોને બોધદાયક થશે. શ્રી હરિરાયજીની સાત બેઠકો છે. (૧) શ્રી ગોકુલમાં શ્રી છિઠ્ઠલનાથજીનાં મંદિરમાં, (૨) શ્રીનાથદવારામાં શ્રી વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં (૩) ખીમનોરમાં, (૪) શ્રી જેસલમેરમાં શ્રી ગિરિધરનાથજીના મંદિરમાં, (૫) શ્રી ડાકોરમાં શ્રી ગોમતીજીના કિનારે (૬) શ્રી સાવલી

માં,(૭) જંબુસરમાં, શ્રી હરિરાયજી સેવા સત્સંગ અને કથા રસમાં એવા તો મગ્ન હતા કે એમને ભગદાવેશના રસનો આનંદ સદા રહેતો હતો, શ્રી નાથજીની સાથે શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ઠાકોરજી) પણ સાથે નાથ દવારા પધાર્યા. પછી શ્રી હરિરાયજી શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં બિરાજતા હતા.અને પોતાના સેવ્ય સ્વરૂપ શ્રી વિઠ્ઠલનાથજીની સેવા કરતા હતા. એટલે શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં આજે પણ આપશ્રીનાં બેઠકજી બિરાજે છે.મંદિરની સામે જ બિરાજતાં બેઠકજીમાં બિરાજીને આપશ્રી દરોરજ રાત્રે ભગવદ વાર્તા કરતા હતા. ઘણા વૈષ્ણવો નિયમિત રીતે ભગવદ વાર્તા સાંભળવા આવતા. ભગવદ વાર્તાનો ક્રમ ઘણી વખત મધરાત સુધિ ચાલે તો કોઈને સમયનું ભાન રહેતું નહિ. ભગવદ વાર્તા પુરી થયા બાદ મંદિરમાંથી બહાર જઈને વૈષ્ણવો ભગવદ વાર્તાના રસાવેશમાં ભગવદ વાર્તાનું મનન–ચિંતન અંદરો–અંદર કરતા,અને ઘોળ –કિર્તન ગાતાં. આખી રાત પણ પસાર કરતાં.બાજુમાં કેટલાંક જૈન કુટુંબો રહેતા હતા. જેમને આનાથી ઉંઘમાં ખલેલ પડતી. તેમણે શ્રી હરિરાયજીને વૈષ્ણવોનાં આવા વર્તન અંગે ફરિયાદ કરતાં શ્રી હરિરાયજી એક દિવસ ભગવદ વાર્તા પછી બહાર વૈષ્ણવોની પાસે આવ્યા. ત્યારે તેમણે જોયું તો ભગવદ લીલાનાં ગુણગાનમાં મગ્ન બનેલ વૈષ્ણવો ઘોળ--કિર્તનમાં ઓતપ્રોત થઈ ગયા અને વચ્ચે શ્રીનાથજી બાવા સ્વંય નૃત્ય કરતા હતા. વૈષ્ણવો પર પ્રભુની આવી કૃપા જોઈને અને વૈષ્ણવોની આવી સ્મરણ–ભકિત જોઈને શ્રી હરિરાયજી ગદગદ થઈ ગયા અને તેમણે એક પદ ગાયું.

હો વારી ઈન વલ્લભીયન પર,
મેરે તન કો કરોં બિછોના, શિશ ધરૂં ઈન કે ચરનન તર,
ભાવ ભરી દેખોં ઈન અંખિયન, મંડલ મધ્ય બિરાજત ગિરિધર
યે તો મેરે પ્રાણજીવન ધન, દાન દિયે હૈ શ્રી વલ્લભવર.
પુષ્ટિ મારગ પ્રકટ કરિ બેકો, પ્રગટે શ્રી વિઠ્ઠલ દ્વિજ–વપુધર,

આવો અગાધ પ્રેમ ભાવ વૈષ્ણવો ઉપર શ્રી હરિરાયજીનો હતો અને આવા અનેક પ્રસંગો શ્રી હરિરાયજીના છે. તેનું વર્ણન થઈ શકે નહિં. અહીં તો સુક્ષ્મ વર્ણન આપેલું છે.

॥ શ્રી નવનીત પ્રીય વિજયતે ॥

શ્રી હરીરાયજીના વચનામૃત

પુષ્ટિમાર્ગના સિધ્ધાંતો

જે માર્ગમાં જે જીવનો અંગીકાર થયો હોય તે જીવે તે માર્ગનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ એટલા માટે જે જીવોને અંગીકાર પુષ્ટિભકિત માર્ગમાં થયેલો છે, તેમણે પોતાના પુષ્ટિભકિત માર્ગનાં શરણ એટલે શું, સર્મપણ અને સેવા એનું સ્વરૂપ શું વગેરે જાણવું જોઈએ. એ જણાવવા માટે શ્રીહરિરાયજીએ (સ્વમાર્ગીય શરણ સર્મપણ સેવાદિનિરૂપણ) નામનો એક ગ્રંથ પ્રકટ કરેલો છે. એ ગ્રંથના શ્રવણમનનથી સ્વમાર્ગ વિષયના સર્વ સંદેહો ટળી જતા હોવાથી એ ગ્રંથનું સરલ ભાષાંતર પહેલું આપવામાં આવે છે.

હવે જેનો અંગીકાર પુષ્ટિભકિતમાર્ગમાં થયેલો છે એવા નિજ જનોને બોધ થવા માટે, સૂક્ષ્મ રીતે વિચાર કરીને આ સ્વમાર્ગનો સર્વ પ્રકાર સ્પષ્ટ કરવામાં આવે છે. ૧.

ઉપર પ્રમાણે, શ્રીહરિરાયજી ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરીને પુષ્ટિમાર્ગીમાં શું શું જાણવાનું છે, તે જણાવવા માટે પુષ્ટિમાર્ગીના સર્વ સિધ્ધાંતોનો સંગ્રહ સૂક્ષ્મ રીતે કરે છે. પોતે જે માર્ગમાં પ્રવેશ કરેલો હોય તે સ્વમાર્ગ કહેવાય. પુષ્ટિમાર્ગમાં જેમને પ્રવેશ થયો હોય તેમનો સ્વમાર્ગ તે પુષ્ટિમાર્ગ જ છે. જયાં સુધિ પુષ્ટિમાર્ગનું બધું સ્વરૂપ ટુંકમાં સમજાવવામાં આવે નહિ ત્યાંસુધિ તેમાં જાણવાનું શું છે. તેની ખબર પણ પડે નહિ. માટે શ્રીહરિરાયજી પહેલા સાત શ્લોકમાં પુષ્ટિમાર્ગના બધા સિધ્ધાંતો સૂક્ષ્મમાં સમજાવી દે છે.

—: સિધ્ધાંતોનું સૂક્ષ્મ સ્વરૂપ :—

શ્રીકૃષ્ણ: શરણં મમ એ અષ્ટાક્ષરમંત્રવડે નામગ્રહણ કરીને, શરણે જઈને અને બ્રહ્મસંબધમંત્ર વડે શ્રીગુરૂદેવ દ્વારા સર્વસર્મપણ કરીને સેવા કરવી. બ્રહ્મસંબંધ થયાથી સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, માટે બ્રહ્મસંબંધ થયા પછી અવશ્ય સેવા કરવી. સેવા કરી કયારે સાર્થક થઈ કહેવાય કે જયારે દેહ, ગૃહ, ધન વગેરેનો ઉપયોગ પ્રભુની સેવા વિના બીજે સ્થલે ન

થાય. દેહ વગેરેનો બીજે વિનિયોગ ન જવા માટે શરીરથી અને ધનથી પ્રભુની સેવા કરો, એ પ્રમાણે તનથી અને ધનથી સાધનસેવા કરતાં ફલસ્વરૂપ માનસી સેવા સિધ્ધ થશે. એ માનસી સેવા આ માર્ગમાં ફલરૂપ છે એમ સમજવું. ૨—૩.

—: હવે સેવાના પ્રકાર અને એના ફલના સૂક્ષ્મ ભેદો ઉપદેશે છે. :—

માનસી સેવા ત્રણ પ્રકારે થાય છે. તેથી તેના અધિકારી ત્રણ પ્રકારના છે. ઉતમ, મધ્યમ અને કનિષ્ઠ. એ ત્રણે અધિકારીના ભેદથી માનસી સેવાનાએ ત્રણ પ્રકારો છે. તે ત્રણ પ્રકારો માનસી સેવામાં આવી જતા હોવાથી ફલરૂપ છે, એટલા માટે જ તે પ્રકારો કહયા છે. સેવામાં ત્રણ ફલ છે. ૪.

સેવા તો માનસી એકસરખી જ છે, માટે ફલરૂપ થયા પછી પણ તેવી જ રહેવાની, વિલક્ષણ થશે નહિ. જે સેવા નિરંતર કરવામાં આવતી હોય તે જ સેવા પ્રભુની કૃપાથી ફલરૂપ બને છે, એટલે સેવામાં કાંઈ તફાવત પડતો નથી. એટલા માટે સેવાના બધા પ્રકારો ફલરૂપ છે. કેમકે આ પ્રકારો ફલરૂપ માનસી સિદ્ધ થયા પછી થાય છે. ૫.

પ્રભુએ જેવું વરણ કર્યુ હોય તેવે પ્રકારે સેવા પ્રાપ્ત થાય છે. એટલે કે પ્રભુએ કૃપા કરીને જેવા ઉતમ મધ્યમ અથવા કનિષ્ઠ અધિકારનું દાન કર્યું હોય તેવીજ સેવા તે જીવ કરી શકે છે. તે જ સેવા પછીથી ફલરૂપ માનસી થાય છે, માટે ફલરૂપ માનસી સેવા અને તે પહેલાંની સેવા એ બન્ને તફાવત સાથે કહેવાય છે. એટલે કે અધિકાર પ્રમાણે જે સેવા ફલરૂપ માનસી બને ત્યારે એ સેવા વિલક્ષણ છે એમ સમજવું. પહેલાંની સેવા જ ફલરૂપ માનસી થઈ જાય છે. ત્યાર પછી સેવાનાં સ્વરૂપમાં ફેરફાર થઈ જાય છે એમ ભાવાર્થ છે. ૬.

સેવાના એ પ્રકારો સેવાફલના શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા ગ્રંથથી સમજી લેવા. સેવાનાં ત્રણ ફલ છે. એક તો લોકમાં કોઈ પણ સ્થલે ન જોવામાં આવે તેવું અલૌકિક અદ્‌ભુત સામ્થર્ય, બીજું ફલ સાયુજ્ય છે. શ્રી પુરૂષોતમની સાથે તે સ્વરૂપે જોડાવું તે, પુરૂષોતમમાં લીન થવું તે પણ સાયુજ્ય છે. વૈકુંઠ આદિ લોકમાં દિવ્ય શરીર પામે તેથી [illegible]

અધિકાર મળે છે. સેવાનો અધિકાર વૈકુંઠમાં દેહ મળવાથી પ્રાપ્ત થઈ શકે છે. ૭.

આ પુષ્ટિમાર્ગમાં સૂક્ષ્મ રીતે જો સંગ્રહ કરવામાં આવે તો આટલો જ સિંધ્ધાંતોનો સંગ્રહ છે. ૮.

—: શરણે જવાનો પ્રકાર :—

જીવ જયારે શરણે જાય છે, ત્યારે પ્રભુ તેનો અંગીકાર પુષ્ટિભકિતમાર્ગમાં કરે છે, માટે પહેલાં પ્રભુને શરણે જવું જોઈએ. પ્રભુ પણ ગીતામાં આજ્ઞા કરે છે કે :— '' સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને એકને શરણે આવ '' આ શરણ તે આ સંપ્રદાયમાં શ્રીવલ્લભકુલના બાલકના મુખારવિંદથી શ્રી કૃષ્ણઃ શરણં મમ એ અષ્ટાક્ષરનું ગ્રહણ કરવું એ જ છે. એનો પ્રકાર શ્રીહરિરાયજી પંદર શ્લોકથી વર્ણવે છે.

તેમાં પહેલાં જેની શરણગતિ સિધ્ધ થયેલી છે, એટલે કે જે જીવ પ્રભુને શરણે ગયેલો છે, તેણે શું કરવું જોઈએ તે કહેવામાં આવે છે. શરણે ગયેલો કોણ સમજવો કે જે શ્રીમહાપ્રભુજીના માર્ગના ગુરૂ—દ્વારા શરણે ગયેલો હોય શ્રીમહાપ્રભુજી આપ પુષ્ટિભકિતમાર્ગના આચાર્ય છે. આપનો માર્ગ તે પુષ્ટિભકિતમાર્ગ છે. એ માર્ગના ગુરૂ શ્રીમહાપ્રભુજીના જ વંશમાં પ્રકટ થયેલા મહાનુભાવી શ્રીગોસ્વામીબાલકો છે, માટે પરંપરાથી અને માર્ગમર્યાદાને અનુસરીને તેમના દ્વારા પ્રભુને શરણે જાય તે શરણે ગયો કહેવાય.

—: શરણે ગયા પછી શું શું કરવું તે જણાવે છે. :—

ઉપર કહયા પ્રમાણે શરણે ગયા પછી અને પ્રભુએ શરણે લીધા પછી, પોતાના સ્વામી, માલીક, નાથ સર્વદુઃખ હર્તા શ્રીહરિ જ છે,અને હું એમનો સેવક છું,દાસ છું, એવી ભાવના કરવી જોઈએ. ભકિત એટલે સેવા. સેવાની સિધ્ધિ માટે લોકના વ્યવહારનાં કાર્યો કરવાં અને વેદમાં કહેલા વર્ણાશ્રમના નિત્ય નૈમિતિક ધર્મો પણ આચરવા. ૯—૧૦.

—: શું ન કરવું ? :—

શું કરવું જોઈએ, તે તો જણાવ્યું. હવે શું શું ન કરવું તે જણાવે છે. બીજા માર્ગનો આશ્રયન જ કરવો. પ્રભુ જયાં ન બિરાજતા હોય

તેવા દેશનો આશ્રય ન કરવો. દાસનો ધર્મ એ જ છે કે જ્યાં પોતાના સ્વામી હોય ત્યાં જ રહેવું જોઈએ, માટે પ્રકટ સ્વરૂપે પ્રભુ જયાં દર્શન ન આપતા હોય,તે દેશનો સ્વપ્ને પણ આશ્રય કરવો નહિ. પોતાના પ્રભુની સેવા ત્યજીને, મારૂં આ તીર્થથી કલ્યાણ થશે એમ સમજીને તીર્થનો પણ આશ્રય કરવો નહિ. એટલે ભગવાનને છોડીને તીર્થમાં જ રહેવાથી મારૂં કલ્યાણ થશે, એમ માનીને તીર્થનો આશ્રય કરવો નહિ. વળી અભિમાનથી હું જ કર્તા છું, જે કરૂં છું તે હું જ કરૂં છું એમ ન માનવું.વૈદિક, તાંત્રિક મંત્રો ઉપર પોતાનો બધો આધાર રાખવો નહિ. મંત્રોથી પ્રભુ મને મળશે એમ ધારીને તે મંત્રોનો આશ્રય કરવો નહિ. તેમ જ યજ્ઞયાગાદિક કર્મ કરીશ તો જ પ્રભુ મળશે. એમ માનીને બીજા કર્મોનો આશ્રય ન કરવો. ૧૧।।.

ઉપર એમ કહેવામાં આવ્યું કે સર્વ ધર્મનો ત્યાગ કરવો, કોઈનો આશ્રય કરવો નહિ, એમ કરવાથી તો દોષ લાગે, કેમ કે જયારે સર્વનો ત્યાગ થાય ત્યારે દોષ લાગ્યા વિના કેમ રહે ? એ સંશય પ્રાપ્ત થતાં આપશ્રી આજ્ઞા કરે છે.

—: ચાર પુરૂષાર્થો :—

બધા દોષોની નિવૃતિ થઈ જવા માટે પ્રભુની સેવા પ્રભુનું સ્મરણ કરવું. પ્રભુમાં જ ધર્મની દષ્ટિ કરવી. ઉપર બતાવેલા દોષનો નાશ થવા માટે ધર્મસ્વરૂપ પ્રભુ શ્રીહરિ જ છે એમ સમજવું. શ્રીહરિ વિના બીજો કોઈ આશ્રય નથી, એમ સમજવું બીજા ધર્મો ઉપરથી આસકિત ઉઠી જાય તો પણ સર્વ દોષો ચાલ્યા જાય. મુખ્ય ધર્મરૂપ પ્રભુ જ છે, એમ દઢ થઈ ગયા પછી બીજાનો આશ્રય વગેરે છોડવાથી કોઈ પણ દોષ લાગે નહિ. દોષની નિવૃતિ થવામાટે શ્રીહરિને ધર્મસ્વરૂપ જોવા એટલે કૃતાર્થતા છે. ૧૨.

પ્રભુમાં ચાર પુરૂષાર્થમાંના ધર્મરૂપ પુરૂષાર્થની બુધ્ધિ થવા માટે ઉપર કહયું. હવે અર્થરૂપ પણ શ્રીહરિ છે, તે આપશ્રી બતાવે છે. પુરૂષાર્થ ચાર પ્રકારના છે. ધર્મ,અર્થ,કામ, અને મોક્ષ. ધર્મરૂપ પ્રભુ જ છે, તે ઉપરના અર્ધા શ્લોકથી સિધ્ધ થયું. હવે અર્થરૂપ જે બીજો પુરૂષાર્થ છે, તે પણ શ્રીહરિસ્વરૂપ જ છે, એમ આજ્ઞા કરે છે :—

'પ્રભુ પોતાની ઈચ્છાથી જ સર્વ કરશે' એ સિધ્ધાંત દઢ કરવો તે વિવેક. વિવેક ધૈર્ય અને આશ્રય એ પ્રાપ્ત ન થયા હોય તો દીનતાથી એમ સમજવું કે પ્રભુ અર્થરૂપ છે. અર્થ નામનો બીજો પુરૂષાર્થ પણ મારા પ્રભુ જ છે એમ સમજવું કે પ્રભુ અર્થરૂપ છે. ભકતો પાસે પ્રભુને પ્રસન્ન કરવાનું કાંઈ પણ સાધન હોય તો તે માત્ર દીનતા જ છે.,' એમ શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે, વિવેક,ધૈર્ય,ભક્તિ વિગેરેથી રહિત અને પાપ કરવામાં આસકત થયેલા એવા મને શ્રીકૃષ્ણ જ શરણરૂપ છે, એટલે સર્વાંશે દુષ્ટ એવા જીવને શ્રીકૃષ્ણ વિના બીજા કોણ શરણે લે ?

ત્રીજો પુરૂષાર્થ કામ છે, માટે તે પુરૂષાર્થરૂપ પણ પ્રભુ છે, એમ આજ્ઞા કરે છે :—

દરેક જીવને સુખની અને આનંદની ઈચ્છા થાય છે. મને સુખ કેમ મળે અને તે કાયમ કેમ રહે, તેવો આનંદનો લહાવો કેવી રીતે હું લઈ શકું, એવી કામના દરેકના મનમાં થાય છે, અને તે માટે જીવ અનેક પ્રયત્નો કરે છે. પણ તે બધા નકામા છે. પોતાની એ કામના સફળ કરવા માટે પુર્ણ આનંદ સ્વરૂપ શ્રીહરિ જ સમર્થ છે, એમ જાણવું જોઈએ. જે પોતે આનંદથી પૂર્ણ હોય તે જ આનંદ મેળવવા માટે થતી કામનાઓ પુરી શકે. પ્રભુ વિના બીજું કોઈ પૂર્ણાનન્દ નથી એમ જાણીને, તેજ બધી કામના પુરશે એમ નિશ્ચય કરીને કામરૂપ પુરૂષાર્થ પણ શ્રીહરિ જ છે, એમ જાણવું.ધર્મ પ્રભુ સેવા અર્થ પ્રભુ પોતે કામ પ્રભુના દર્શનની કામના મોક્ષ પ્રભુની લીલામાં પ્રાપ્તિ એ પુષ્ટિના ચાર પુરૂષાર્થ છે.૧૩.

મોક્ષરૂપ પણ પ્રભુ જ છે, એમ આજ્ઞા કરે છે :—

સાધનો કરવાથી મોક્ષ થતો નથી. કેમ કે શ્રીહરિ જ મોક્ષ સ્વરૂપ છે. તે શ્રીહરિના દાસ થઈ જઈએ તો મોક્ષ જ મળી ગયો એમ સમજી લેવું. જયારે એ દયાલુ પ્રભુ કૃપા કરીને પોતાના દાસ તરીકે જીવનો અંગીકાર કરે, ત્યારે ભગવદીય પણું પ્રાપ્ત થઈ જાય. તે પ્રાપ્ત થતાં મોક્ષ મળી જ ગયો એમ સમજવું. સદાનંદ શ્રીકૃષ્ણનાં દાસાનુદાસ અનુચરો મોક્ષની આકાંક્ષા કદાપિ રાખતા જ નથી. સારાંશ કે પ્રભુના દાસ થવું એ જ મોક્ષ છે. અને મોક્ષરૂપ પુરૂષાર્થ પ્રભુ છે એમ જાણવું તે જ ખરૂં જ્ઞાન છે. ૧૩ા.

—: સાધન પણ શ્રીકૃષ્ણ :—

દેશ વગેરે સાધનો અને ચાર પ્રકારના પુરૂષાર્થો પણ શ્રીકૃષ્ણ જ છે એમ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે :—

દેશ વગેરે સાધનરૂપ શ્રીકૃષ્ણ જ છે એમ ૧૧—માં અને બારમાં શ્લોકથી સિધ્ધ કર્યું છે. બીજા માર્ગનો આશ્રય ન કરવો એમ આપશ્રીએ ૧૧—માં શ્લોકમાં કયુ છે. તેથી એમ સિધ્ધ થાય છે કે કલિકાલ મહાદોષયુક્ત છે, અને તેના દોષ સર્વને લાગે છે. માટે તેમાં ઉત્પન્ન થયેલા બીજા દોષવાળા માર્ગ કરતાં આ નિદોર્ષ પ્રભુના નિર્દોષ ભક્તિ માર્ગમાં જ રહેવું એ વિશેષ કલ્યાણકારક છે. એ ઉપરથી એમ જ સમજવું કે ભક્તિમાર્ગમાં પ્રભુનું શરણ લેવામાં કાળ બાધ નથી કરતો, કેમ કે એ કાલરૂપ સાધન શ્રીહરિ થાય છે. બીજા દેશનો આશ્રય ન કરવો એમ કહેવાથી દેશરૂપ પણ પ્રભુ જ છે. અને બધું શ્રીહરિ જ કરે છે એમ કહેવાથી કર્તા પણ શ્રીકૃષ્ણ જ છે, એમ સિધ્ધ થાય છે. તીર્થનો આશ્રય ન કરવો એથી સાબિત થયું કે, દ્રવ્રૂપ સાધન પ્રભુ જ છે. માટે તેનો આશ્રય કરવો. મંત્રનો આધાર ન રાખવો એમ કહેવાથી મંત્રરૂપ સાધન પણ શ્રીકૃષ્ણ જ છે એમ સિધ્ધ થયું. બીજા કર્મોનો આશ્રય ન કરવો પણ પ્રભુની સેવા તે કર્મ છે એમ માનવું એમ કહેવાથી કર્મરૂપ સાધન પણ શ્રીકૃષ્ણ જ છે એમ સાબિત થાય છે. એ પ્રમાણે ૧૧—૧૨ શ્લોકમાંથી એ રહસ્ય નિકળે છે કે, દેશ,કાલ,દ્રવ્ય,કર્તા, મંત્ર અને કર્મ એ છ સાધનો દોષવાળાં થઈ ગયેલા છે, પરંતુ ભક્તિમાર્ગ નિદોર્ષ પ્રભુનો નિદોર્ષ માર્ગ હોવાથી તે માર્ગનો આશ્રય કરતાં, એ છ સાધનરૂપ શ્રીકૃષ્ણ જ છે એવો દઢ નિશ્ચય થતાં સર્વ દોષો દુર થઈ જાય છે. તેમજ ચાર પુરૂષાર્થરૂપ શ્રીકૃષ્ણ જ છે એ પ્રમાણે પ્રયાસપૂર્વક નિરંતર મનમાં સ્મરણ કરવું કે મારાં સર્વસાધન અને મારા સર્વપુરૂષાર્થ સદાનંદ શ્રીકૃષ્ણ જ છે. ૧૪—૧૫.

—: કેમ બચશે ? :—

હવે બાધક વસ્તુથી કેવી રીતે બચવું, એ આપશ્રી આજ્ઞા કરે છે :—

પ્રભુનું શરણ ગ્રહણ કર્યા પછી પ્રાયશ્રિત વગેરેમાં બુધ્ધિ રાખવી નહિ. મતલબ કે પ્રાયશ્રિત કરવાથી જ હું પવિત્ર થઈશ,એવી ભાવના શરણે ગયા પછી

થયા હોય અને તે દુર કરી શકાય તેવા ન પણ હોય, તો પણ મારૂં શરણ માત્ર શ્રીહરિ જ છે એમ સ્મરણ કરવું. એથી એમ નિશ્ચય કરવો કે પ્રભુનું શરણ લીધા પછી પણ જો નાના કે મોટા દોષ આવી પડે, તો તેને દુર કરવા માટે પ્રાયશ્ચિતો ન આચરતાં, પ્રાયશ્ચિતથી જ મારા દોષ દુર થશે એમ ન માનતાં, પ્રભુને હું શરણે છુ. સર્વ દોષથી રહિત એવા માર્ગમાં પ્રભુએ મારો અંગીકાર કર્યો છે, એમ સ્મરણમાં લાવવું. શ્રીમહાપ્રભુજીએ એટલા માટે જ આજ્ઞા કરી છે કે : '' અશક્ય હો અથવા સારી પેઠે શક્ય હો, પણ સર્વથા પ્રભુ જ મારૂં શરણ છે'' એ ચુકવું નહિ. ૧૬—૧૭.

—: બાધક શું છે ? :—

શરણ સિધ્ધ થયા પછી શું શું કરવું તે સૂક્ષ્મમાં જણાવીને, હવે બાધક થઈ પડે તેવાં કાર્યોની સુચના કરે છે.

અન્યાશ્રય એટલે પોતાના સ્વામી પ્રભુ વિના બીજા કોઈનો આશ્રય કરવો તે. એવો અન્યાશ્રય કદાપિ ન જ કરવો. અર્થાત પોતાના પ્રભુ વિના બીજા કોઈનો આશ્રય કદાપિ ન કરવો. શ્રીમહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે કે, અન્યાશ્રય કદાપિ કરવો નહિ કેમ કે તે સર્વથા બાધ કરનારો છે. શ્રી ગુંસાઈજી પણ આજ્ઞા કરે છે કે :— અન્ય દેવતાઓના સંબંધનો ગંધ પણ ગળાને બાધા કરે છે, અર્થાત ગળુ કપાવે છે. પોતે પોતાની ઈચ્છાથી બીજે સ્થળે જવું નહિ. જ્યાં પોતાના સ્વામી બિરાજતા ન હોય ત્યાં જવું નહિં જેમ સ્ત્રી પોતાની ઈચ્છા મુજબ સ્વચ્છંદપણે પોતાના સ્વામીનું ગૃહ છોડીને બીજે સ્થળે જતી નથી, તેમ પોતાની ઈચ્છા પ્રમાણે જવું નહિ તેમજ બીજે સ્થળે પોતાની ઈચ્છા પ્રમાણે જવું નહિં તેમજ બીજે ઠેકાણે જઈને પ્રાર્થના કરવી નહિ. કોઈપણ મુશકેલી આવી પડે તો બીજાની પાસે તે મુશ્કેલી દુર કરવા માટે પ્રાર્થના કરવી નહિં. પ્રભુ સર્વ વ્યાપક છે, અંતર્યામી છે, તો આપણાં મનની વાત શું નથી જાણતા ? આપણાં દુઃખો શું નથી સમજતા ? પ્રભુ બધું જાણે છે, સમજે પણ છે, તો આપણાં દુઃખો પોતે જ દુર કરશે, એમ માનીને પણ પ્રભુ પાસે પ્રાર્થના કરવી નહિ.

વળી એ કરૂણાના નિધિએ આપણને ઉતમોતમ ફલ આપવાનો સંકલ્પ ક્યો હોય, અને એ પ્રભુ દુઃખો દઈને આપણી પરીક્ષા પણ કરતા હોય, અને એ વખતે ધીરજ ન

ઘરબાર, જેવી તુચ્છ વસ્તુ માગી લઈએ તો પ્રભુ તો તે આપશે જ, પણ તેથી ઉતમોતમ ફળ મળવાનો લાભ જતો રહેશે, અને એટલા જ ફળથી એ જીવ પોતાને કૃતાર્થ માને છે એમ માનીને સાધારણ ફળ તરત જ પ્રભુ આપશે અને મુખ્ય ભજનાનંદનું દાન કરશે નહિ; માટે પ્રભુપાસે પ્રાર્થના કરવી નહિ, પોતાના સ્વામી અંતર્યામી છે, સર્વ જાણે છે, એ વાતમાં સંદેહ હોય તો જ પ્રાર્થના થઈ શકે અને એ વાત ચોક્કસ રીતે બુધ્ધિમાં દઢ થઈ હોય કે પ્રભુ સર્વસમર્થ છે તો કોઈપણ દિવસે પ્રાર્થના કરવાની ઈચ્છા જ ન થાય. શ્રીમહાપ્રભુજી પણ એ જ આજ્ઞા કરે છે. ૧૮.

—: પ્રભુમાં અવિશ્વાસ ન કરવો તે ઉપદેશે છે :—

પોતાના સ્વામીમાં કોઈ દિવસ અવિશ્વાસ ન લાવવો. રાવણનાં પુત્ર ઈન્દ્રજીતે હનુમાનજીને બાંધવા માટે બ્રહ્માસ્ત્ર મોકલ્યું, અને તેને માન આપી હનુમાનજી બળીયા છતાં બંધાયા. પછી રાક્ષસોએ બ્રહ્માસ્ત્રની ઉપર હનુમાનજીને સખ્ત રીતે બાંધવાં માટે મોટાં દોરડાં શરીરે લપેટયાં. ઈન્દ્રજીતે વિચાર કર્યો કે આ મુર્ખ રાક્ષસોને બ્રહ્માસ્ત્રનાં બળનો કાંઈ ખ્યાલ ન આવ્યો, અને તેના ઉપર દોરડાં બાંધી બેઠા ! હવે બ્રહ્માસ્ત્રનું બળ ચાલ્યું ગયું અને હવે બીજું શસ્ત્ર હનુમાનને પણ કાંઈ કરી શકશે નહિ. આ દષ્ટાંતથી એમ સમજવું કે ગમે તેમ થાય તો પણ આપણા પ્રભુ ઉપર અવિશ્વાસ લાવવો નહિ. તે જે કરે તે સારૂં કરે છે. એમ દઢ નિશ્ચય રાખવો. લૌકિક અને વૈદિક કાર્યોમાં આસકિત રાખવી નહિ. લૌકિક કાર્યો કરીને મને યશ મળશે, મારી નામના થશે એવી પણ ઈચ્છા રાખવી નહિ, તેમજ વૈદિક કાર્યો કરીને સ્વર્ગ મળશે એવી પણ ફલની ઈચ્છા રાખવી નહિ. ૧૯.

—: લૌકિક વૈદિક. :—

❖ લૌકિક વૈદિક કાર્ય કેવી બુધ્ધિથી કરવાં, તે જણાવે છે. ❖

લૌકિક વૈદિક ન છુટકે કરવાં પડે તો તે કરવાં. પણ કાર્ય કરતી વખતે તેમાં આસકત થવું નહિ. જેમ કોઈ મજુર ગમે તેવો કિમતી માલ લઈ જતો હોય, પણ તે માલ સાથે તેનો કાંઈ સંબંધ નથી, તે તો માત્ર તેને ભાર જ સમજે છે, તેમ તે કાર્યોને બોજારૂપગણીને કરવાં. બધે સ્થળે

—માની બેસે તો દુઃખી થાય, તેમ તે લૌકિક વૈદિક કાર્યોમાં મમતા રાખવી નહિ; અને એવી રીતે એ કાર્યો ઠીકઠીક સાધી લેવાં. જેમ મજુરને પોતાના માથેનો બોજોઠેકાણે પડયા વિના ચેન પડતું નથી, તેમ એ કાર્યરૂપ બોજો બરાબર સાધિને સંતોષ માનવો. પોતે અલગ રહીને કાર્ય કરવું. ૨૦.

હૃદયમાં લોભ ન કરવો. દ્રવ્યનો લોભ થવાથી તેની પ્રાપ્તિ માટે અનેક પ્રયત્નો કરવા પડે; અને તેથી પ્રભુની સેવાથી વિમુખ થવું પડે છે, માટે લોભ કદી કરવો નહિ. જે આવી મળેતેમાં સંતોષ માનવો. પ્રભુએ જેટલું આપ્યું હોય તેમાં સંતોષ માનીને તે ધનનો વિનિયોગ પ્રભુની સેવામાં કરવો. અથવા તો પ્રભુની સેવામાં લોભ ન કરવો; એટલે કે પરાતપર પૂર્ણ પુરૂષોતમ ઉતમ પદાર્થના ભોકતા છે, માટે એમની સેવા માટે જે પદાર્થો આવશ્યક હોય તે ઉતમમાં ઉતમ લઈ આવીને અંગીકાર કરાવવા, તેમાં દ્રવ્યની કરકસર કે લોભ કરવો નહિં. પ્રભુની ઈચ્છાથી જે મળ્યું હોય તેનાથી પ્રભુની સેવા કરવી. ૨૦॥.

શરણના જે ધર્મો હોય તે સિધ્ધ થતાં શરણે જવું. ઉપર જે ધર્મો બતાવવામાં આવ્યા છે, તે શરણે ગયેલા જીવોના ધર્મો છે, શરણે ગયા પછી જીવે શું કરવું એ તેમાં જણાવ્યું છે. શરણે ગયા પહેલાં કેટલાક ધર્મો સિધ્ધ થવા જોઈએ, અને તે સિધ્ધ થયા પછી શરણે જવું. શ્રીકૃષ્ણના આશ્રયનું પોષણ કરનાર વિવેક અને ધૈર્ય છે. વિવેક એટલે 'શ્રીહરિ પોતાની ઈચ્છા મુજબ કરશે' એમ જાણવું તે, 'બધાં દુઃખો સહન કરવાં' તે ધૈર્ય. એ બન્ને શ્રીકૃષ્ણનો દઢ આશ્રય જવામાં નિરંતર કારણરૂપ છે. શ્રીકૃષ્ણના આશ્રયનું નિરંતર પોષણ કરનાર વિવેક અને ધૈર્ય છે, એ વિવેક અને ધૈર્યનું, શ્રીકૃષ્ણ અને તેમનાં આશ્રયનું સ્વરૂપ વિવેક ધૈર્યાશ્રય ગ્રંથ, કૃષ્ણાશ્રયગ્રંથ આદિથી સમજવું. પ્રયાસ કરીને વિવેક,ધૈર્યાશ્રયની હૃદયમાં ભાવના કરવી. ૨૧—૨૨.

ઉપર પ્રમાણે વિવેક, ધૈર્ય, અને શ્રીકૃષ્ણનો આશ્રય જેને સિધ્ધ થઈ ગયેલ છે, તેના ધર્મો સંક્ષેપથી બતાવ્યા. અથવા તો સંક્ષપથી જ જો કહેવામાં આવે તો શ્રીકૃષ્ણનો આશ્રય કરીને રહેલા જીવનો આ મુખ્ય ધર્મ છે, તે એ છે કે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરીને, શરણે જઈને, શરણ ગયેલાઓના ધર્મો ઉપર પ્રમાણે જાણીને શ્રીકૃષ્ણનો આશ્રય કરવો જોઈએ. ૨૩.

—: શરણે ગયા પછી શું કરવું? :—

શ્રીકૃષ્ણનો આશ્રય કર્યા પછી શું કરવું તે આપશ્રી નીચેના પંદર શ્લોકથી જણાવે છે :—

ઉપર કહયા પ્રમાણે શરણધર્મ સિધ્ધ થયા પછી જીવે સમર્પણ કરવું. જીવને બ્રહ્મસંબંધ થાય અને તે સર્વ પ્રભુને સમર્પે અને અહંતામમતા છોડી દે તે સમર્પણ કહેવાય. તે સમર્પણ કર્યા પછી, સમર્પણના સાધન માટે, સમર્પણ સાર્થક, થવા માટે શું કરવું જોઈએ, તે કહેવામાં આવે છે. ૨૪.

—: બ્રહ્મસંબંધથી શો અધિકાર મળે છે, તે જણાવે છે :—

—: બ્રહ્મસંબંધ—સંસ્કાર :—

બ્રાહ્મણના બાલકને વૈદિક કર્મો કરવાનો અને વેદ ભણવાનો અધિકાર જયારે તેને ગાયત્રીમંત્રનો ઉપદેશ કરીને યજ્ઞોપવીત (જનોઈ) સંસ્કાર કરવામાં આવે છે. ત્યારે મળે છે. ગાયત્રીમંત્રથી યજ્ઞોપવિત સંસ્કાર થયા પછી તે બ્રાહ્મણ ,બાલક વૈદિક કર્મો કરવાનો અધિકાર ધરાવે છે. એ જ દષ્ટાંત પ્રમાણે જીવને જયારે બ્રહ્મસંબંધ થાય છે, ત્યારે તે જીવને જયારે બ્રહ્મસંબંધ થાય છે, ત્યારે તે જીવ સેવાનો અધિકારી બને છે. શ્રીવલ્લભકુલ દ્વારા બ્રહ્મનો સંબંધ થવો એ એક સંસ્કાર છે. એ સંસ્કાર અલૌકિક છે, અને તે થયા પછી જ સેવા કરવાનો અધિકાર મળી શકે છે. માટે સેવાના સંસ્કારરૂપ બ્રહ્મસંબંધ થયા પછી નિરંતર સેવા કરવી. ગાયત્રી મંત્રનો ઉપદેશ થયા પછી, યજ્ઞોપવિત ધારણ કર્યા પછી, જો બ્રાહ્મણ બાલક સંધ્યાદિક ન કરે તો જેમ બ્રાહ્મણપણાથી ટળી જાય છે, તેમ બ્રહ્મસંબંધ થયા પછી સેવા ન કરે તો વૈષ્ણવપણું રહે નહિં. માટે બ્રહ્મસંબંધરૂપી સંસ્કાર થયા પછી સંબંધ ધરાવતી સર્વ વસ્તુઓમાં બ્રહ્મનો સંબંધ થયેલો છે, માટે એ સર્વનો વિનિયોગ નિરંતર સેવામાં જ કરવો. ૨૫.

શ્રીમહાપ્રભુજી સિધ્ધાંત રહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરે છે કે :— બ્રહ્મસંબંધ કરવાથી સર્વ દોષો દુર ચાલ્યા જાય છે. સર્વ લોકોના જીવ અને દેહના સર્વ દોષો નાશ પામે છે, ફરીથી લાગતા નથી.' એ આજ્ઞા પ્રમાણે પોતાનામાં પણ એવી ભાવના કરવી કે, હું સર્વ દોષથી મુકત થઈ ગયેલો

પ્રભુ દોષરહિત અને સમ હોવાથી, તેમનો સંબંધ જીવને થવાથી તે જીવપણ દોષરહિત થઈ જાય છે. બ્રહ્મસંબંધ થયા પછી કોઈપણ સમયે પ્રભુને સમર્પ્યા વિનાની વસ્તુ પોતાના ઉપયોગમાં કદાપિ લેવી નહિ. સેવક્નો ધર્મ એ જ છે કે પોતાના સ્વામીની આજ્ઞા વિના કાંઈ પણ કરવું નહિ. પોતાના સ્વામીની આજ્ઞાથી પોતાના સ્વામીના ઉપયોગમાં આવી ગયા પછી જે કાંઈ મળી જાય તે જ પોતાના ઉપયોગમાં લેવું જોઈએ. તેવી જ રીતે પ્રભુને સમર્પ્યા પછી પ્રસાદી અન્ન જ લેવું. અસમર્પિત પદાર્થોનું જો ભક્ષણ કરવામાં આવે તો બ્રહ્મસંબંધની ભાવનાનો નાશ થાય. પ્રભુને જે વસ્તુ ન સર્મપાયેલી હોય તે વસ્તુ બ્રહ્મસંબંધ વિનાની ગણાય છે. પોતાને બ્રહ્મસંબંધ થયો છે, અને પોતે બ્રહ્મસંબંધવિનાની વસ્તુ ને ઉપયોગમાં લે તો બ્રહ્મસંબંધની જે ભાવના છે કે, હું દોષથી રહિત થયો છું, એ ભાવનાનો નાશ થઈ જાય. મતલબ કે દોષવાળો તે જીવ થાય. માટે સર્વથા કોઈપણ સમયે અસમર્પિત અન્ન લેવું નહિ. ૨૬—૨૭.

—: બધું પ્રભુને સમર્પવું એની સૂક્ષ્મ — બારીક સમજણ આપે છે :—

લોકોના વ્યવહારના કાર્યોમાં જે વસ્તુ વાપરવાની હોય, વિવાહાદિક કાર્યોમાં, જ્ઞાતિભોજન વગેરે કાર્યોમાં જે વસ્તુ વાપરવાની હોય તે બધી વસ્તુ પ્રભુને સર્મપણ કરીને પછી તે વસ્તુનો ઉપયોગ કરવો, વેદના યજ્ઞ વગેરે કાર્યમાં પણ પહેલાં પ્રભુને સમર્પ્યા પછી જ જોઈતી વસ્તુઓ ઉપયોગમાં લેવી, એટલા માટે જ સર્વ કાર્યોમાં પહેલાં પ્રભુને સર્મપણ અવશ્ય કરવું જોઈએ, શ્રાદ્ધાદિક વૈદિક કાર્યોમાં વિષ્ણુને નિવેદન કરેલા અન્નથી બીજા દેવતાઓનું યજન કરવું એમ પદમપુરાણમાં કહ્યું છે. શ્રીમદ્‌ભાગવતમાં તે સિધ્ધાંત પ્રકટ છે. વળી જે વસ્તુ જેવી રીતે સમર્પણ કરવાને યોગ્ય હોય તે વસ્તુ તેવી રીતે સમર્પવી, જેમ વસ્ત્ર વગેરે. તે વિષે વધારે ખુલાસો આગળ આપવામાં આવશે. ૨૮.

યજ્ઞયાગાદિકમાં અને વિવાહાદિકમાં સર્વ પદાર્થો પ્રભુ સમક્ષ ધરવા, અને પ્રભુની આજ્ઞા લીધા પછી યજ્ઞયાગાદિક અને વિવાહાદિક કાર્યો સાધી : લેવા. સેવક્નો ધર્મ એ જ છે કે પોતાના સ્વામીને દેખાડયા વિના

અને તેની આજ્ઞા થયા વિના કાંઈ પણ સ્વતંત્ર રીતે કરવું નહિ. એ જ પ્રમાણે અહી પણ પ્રભુને નિવેદન કર્યા વિના કોઈ પણ લૌકિક વૈદિક કાર્યો સ્વતંત્ર રીતે ન કરવાં, પરંતુ સર્વ નિવેદન કરીને આપની આજ્ઞા મેળવીને જ સર્વ કાંઈ કરવું એ સેવકનો મુખ્ય ધર્મ છે, ૨૯ા.

પોતે જે પદાર્થનો ઉપયોગ કર્યો હોય, તે પદાર્થ પ્રભુને સમર્પવો નહિ એમ આપશ્રી આજ્ઞા કરે છે :—

અર્ધભુક્ત એટલે જે પદાર્થ આપણા ઘરમાં હોય, જેમ કે ફલફુલ, વસ્ત્ર વગેરે, તેમાંથી થોડો ભાગ પોતાના વપરાશમાં લીધેલો હોય તો, તે વધેલા બાકીનો ભાગ અર્ધભુક્ત કહેવાય. તે પોતાના વાપર્યા પછી બાકી વધેલો અર્ધભુક્ત પદાર્થ સદાનંદ શ્રીકૃષ્ણને કદાપિ સમર્પવો નહિ એમ નિશ્ચય કરવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે :— 'દેવનાદેવ શ્રીઠાકુરજીને અર્ધભુક્ત કદાપિ સમર્પવું નહિ' આ ઉપરથી અર્ધભુક્ત પ્રભુને ધરવાની શ્રીહરિરાયજીએ ના કહી તેમાં મુખ્ય કારણ પણ સહજમાંજ જાણી શકાય છે. ૩૦.

આ સ્થલે એવો સંશય થાય છે—પહેલાં કહ્યુ કે પ્રભુને સમર્પ્યા વિના કાંઈ પણ લેવું નહિ. પ્રભુને ન સમર્પાયેલી વસ્તુ ત્યજી દેવી, ત્યારે ઘરમાં જે વસ્તુ આવશે તે પ્રભુને સમર્પાશે જ, પ્રભુને સમર્પ્યા વિના પોતાના ઉપયોગમાં લઈ શકાશે નહિ, જો નહિ લઈ શકાય તો અર્ધભુક્ત એટલે પોતાના સમર્પવાનો વખત જ ન આવવો જોઈએ. જ્યારે વખત જ નહિ આવે તો પછી એમ કહેવાની શી જરૂર છે કે અર્ધભુક્ત વસ્તુ પ્રભુને ન જ ધરવી ? વૈષ્ણવના ઘરમાં દરેક પદાર્થ પ્રભુને નિવેદન કર્યા પછી જ બીજા કાર્યોમાં વપરાય છે. પહેલાં વપરાતો જ નથી. પહેલાં વપરાય તો અર્ધભુક્ત થયેલો કહેવાય, અને તે પ્રભુને ધરવો એમ કહેવું પણ યોગ્ય કહેવાય; પરંતુ પ્રભુને સમર્પ્યા વિના કાંઈ લેવું જ નહિ એમ પહેલાં કહ્યું છે, તેથી પ્રભુને નિવેદન કર્યા વિના વૈષ્ણવો કાંઈ લેતા જ નથી, તો પછી તેમના ઘરમાં અર્ધભુક્ત કોઈ વસ્તુ થશે જ નહિ, અને નહિ થાય તો પછી તે પ્રભુને ન ધરવી એમ શા માટે કહેવું ? જે વસ્તુ અર્ધભુક્ત થવાની ન જ હોય તે પ્રભુને ન ધરવી એમ કહેવાની શી જરૂર છે ? અર્ધભુક્ત વસ્તુ થવાની જ ન હોય તો તેની ના પાડવાની કાંઈ જરૂર જ નથી. આ સંશય પ્રાપ્ત થતાં સમાધાન કરે છે કે :—

જો કે અર્ધભુકત પદાર્થ જ ન હોવાથી તેનાં સમર્પણનો નિષેધ કરવાની શી જરૂર છે, એ શંકા પ્રાપ્ત થાય છે, તો પણ એક રીતે બારીકીથી જોતાં અર્ધભુકત પદાર્થ મળી શકે છે. જેમ કે કોઈ વૈષ્ણવ, બ્રહ્મસંબંધ જેને થયેલો છે એવો કોઈ ભગવદીય, પહેલાં જ પોતે બધું પ્રભુને બ્રહ્મસંબંધ થતી વખતે સમર્પણ કરી દીધું છે, એવું મનમાં લાવીને પહેલાં ઉપયોગમાં નહિ લીધેલો પણ પદાર્થ ઉતાવળથી, ભ્રાંતિથી જો પોતાના ઉપયોગમાં લઈ લે, અને બાકી વધેલો જો પ્રભુને સમર્પવા તૈયાર થાય તો તે ન સમર્પવો એમ રહસ્ય છે. શ્રીમહાપ્રભુજી જે અર્ધભુકતનો નિષેધ કરે છે, તે ઉપર કહેલી રીત પ્રમાણે થયેલા અર્ધભુકતનો કરે છે. વસ્તુતઃ અસમર્પિત પદાર્થ ન લેવો એમ કહેવાથી કોઈ પદાર્થ પ્રભુને સમર્પ્યા વિના લેવાય જ નહિ અને ન લેવાય તો અર્ધભુકત, ઉપયોગમાં લીધા પછી બચેલો પદાર્થ પણ ગણાય જ નહિ, તો પછી તે પ્રભુને સમર્પવો કે નહિ, તેવો પશ્ર જ ન ઉઠાવાય; પણ કોઈ વૈષ્ણવ એમ મનમાં માની બેસે કે મેં પહેલાં બધું પ્રભુને સમર્પ્યુ છે, હવે પ્રભુને સમર્પવાની શી જરૂર છે, એવી ભ્રાન્તિ તે વૈષ્ણવને થાય અને કોઈ પદાર્થનો પોતે ઉપયોગ કરે અને બાકી વધેલો જો ભગવત્કાર્યમાં વાપરે તો તે વાપરવો નહિ એમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું સૂક્ષ્મ ઉંડું રહસ્ય છે, તેથી જ અસમર્પિત અને અર્ધભુકત એવા બે ભેદ કરીને તેનો નિષેધ કર્યો છે. ૩૧—૩૨.

સિધ્ધાંત રહસ્ય ગ્રંથમાં અસમર્પિત વસ્તુ વર્જવી અને અર્ધભુકત પદાર્થ પ્રભુને ન સમર્પવો એમ જે આજ્ઞા છે, તેનું ઉંડું રહસ્ય શ્રીહરિરાયજી બતાવે છે :—

સિધ્ધાંત રહસ્ય ગ્રંથમાં અસમર્પિત વસ્તુ વર્જવી એમ સામાન્ય રીતે આજ્ઞા કરી છે. એટલે કે શેમાં વર્જવી કેવી રીતે વર્જવી, ક્યા કાર્યમાં વર્જવી એ સ્પષ્ટ નથી, માટે અર્ધભુકત પદાર્થ પ્રભુને ન સમર્પવો એમ બીજી વાર આજ્ઞા કરી એમાં અર્ધ એટલે અર્ધા પ્રમાણમાં ભુકત એટલે ભોગવેલી વસ્તુ, તે અર્ધભુકત કહેવાય છે. ભોગ કરવા લાયક વસ્તુનો ભોગ પ્રભુને તે વસ્તુ સમર્પ્યા વિના કરવો નહિ, એવો પણ આશય છે. ભોગ એટલે ઉપયોગ, મતલબ કે જે વસ્તુનો ઉપયોગ કર્યો હોય તે વસ્તુ પ્રભુને સમર્પવી નહિ, તેમ જે વસ્તુ પ્રભુને સમર્પાયેલી નથી, તેનો ઉપયોગ

પોતે પણ કરવો નહિ, એવી રીતના ભેદનો સ્પષ્ટ ખ્યાલ રહેવાથી ભાવાર્થ સંદેહરહિત થશે એમ જાણવું. ૩૩—૩૪.

પ્રભુને નિવેદન કર્યા પછી તે પદાર્થ પોતાના ઉપયોગમાં કેટલાક લેતા નથી, તેનું કારણ બતાવે છે :—

પ્રભુને નિવેદન કરેલા પદાર્થોનું ગ્રહણ કરવું, કારણ કે આ સેવામાર્ગ પૂજામાર્ગથી જુદો છે. સેવામાર્ગમાં પરાત્પર પૂર્ણ પુરૂષોતમની સેવા છે, માટે નિવેદન કરેલા પદાર્થો પોતાના ઉપયોગમાં લઈ શકાય છે. પૂજામાર્ગમાં એ પુરૂષોતમના અંશોની, અવતારોની, કલાઓની પૂજા કરવામાં આવે છે, માટે તેમાં નૈવઘ લઈ શકાતું નથી. સેવામાર્ગ અને પૂજામાર્ગ એવી રીતે સેવામાર્ગ જુદા હોવાથી પૂજામાર્ગની રીતિ સેવામાર્ગમાં આવી શકે નહિ. દષ્ટાંતઃ—પુજામાર્ગમાં એવું લખ્યું છે કે :—'મારી' પાસે ધરેલા દીવાનો ઉપયોગ બીજા કાર્યમાં કરવો નહિ' એમ ભગવાન પાસે આજ્ઞા કરે છે, તો તે આજ્ઞા પૂજામાર્ગ માટેની છે, પણ તે સેવામાર્ગમાં લાગુ પડી શકે નહિ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે :—નિવેદન કર્યા પછી તે પોતાના ઉપયોગમાં ન લેવું એમ જે કહયું છે, તે પૂજામાર્ગ માટે છે એમ સમજવું, સેવામાર્ગમાં પ્રભુને સર્વ નિવેદન કરવામાં આવે છે, 'પુત્રાદિ,ગૃહ,પ્રાણ વગેરે બધું પ્રભુને નિવેદવું.' વળી 'જે આલોકમાં ઈષ્ટ હોય,પોતાને અત્યંત પ્રિય હોય, તે સર્વ પ્રભુને અર્પણ કરવું.' વગેરે વાક્યોથી સર્વ સમર્પણ કર્યા પછી પોતાના ઉપયોગમાં તે લઈ શકાય છે, માટે સેવામાર્ગમાં પૂજામાર્ગની રૂઢિ સવીકારાતી નથી. ૩૫.

જન્મપર્યંત એવી ભાવના થવાથી મનુષ્યોને સર્વ સ્થલે બ્રહ્મસંબંધ થશે. જેમ ગંગાજીથી બીજા જલમાંના દોષો દુર થાય છે,અર્થાત તે જલ ગંગારૂપ થાય છે, તેમ ઉપર કહયા પ્રમાણેની ભાવના કર્યાથી મનુષ્યોને સર્વ સ્થલે બ્રહ્મનો સંબંધ થશે એટલે નિર્દોષપણું પ્રાપ્ત થશે. સર્વ રીતે તે દોષરહિત બનશે. ૩૬.

નવરત્ન ગ્રંથમાં જેવા જેવા પ્રકારની ચિંતાઓ શ્રીમહાપ્રભુજીએ નિરૂપણ કરેલી છે, તે નવરત્ન ગ્રંથથી સમજીને કદાપિ તે ચિંતાઓ વૈષ્ણવોએ કરવી નહિ એવો નિશ્ચય છે. જે જે ચિન્તાઓ થાય તે ન કરવી. ૩૭.

એપ્રમાણે બ્રહ્મસંબંધરૂપ સંસ્કાર થયા પછી સર્વ ચિંતાઓથી રહિત થઈને સાક્ષીની પેઠે ભગવાનની કૃતિને જોતાં જોતાં સુખેથી સેવામાં તત્પર થવું. ૩૮.

—: સેવા કેમ કરવી ? :—

ઉપર પ્રમાણે શરણ અને સમર્પણનું વિવેચન કરીને હવે સેવાવિધિનું નિરૂપણ આપશ્રી કરે છે :—

સમગ્ર સેવાવિધિ પણ અનુક્રમે લખવામાં આવે છે. સેવાને અંગે જે જે કરવાનું છે, તે સર્વ લખાય છે. પહેલાં ઉતમ પ્રકારથી મૂર્તિમાં સેવા કરવી એમ કહેવામાં આવે છે. ભગવત્સ્વરૂપની ઉતમ પ્રકારથી સેવા કરવી જોઈએ એમ જણાવવામાં આવે છે. ૩૯.

મૂર્તિમાં ભગવાનનું જ્ઞાન, સાકાર ભગવાન મૂર્તિમાં પ્રવેશ કરે છે તેથી થાય છે એમ એક મત છે. અર્થાત મૂર્તિમાં ભગવાનનો આવેશ થાય છે. એ આવેશ સાકાર આવેશ છે, કેમ કે મૂર્તિ સાકાર છે. ત્યારે સાકાર મૂર્તિમાં ભગવાનનો સાકાર આવેશ થયેલો હોવાથી મૂર્તિમાં ભગવાનનું જ્ઞાન થાય છે એમ કેટલાક માને છે. ભકિતમાર્ગની દ્રષ્ટિએ તે માનવાનું નથી, ભકિતમાર્ગનાં જ્ઞાન પ્રમાણે તો મૂર્તિ પ્રભુસ્વરૂપ છે. મૂર્તિ જુદી છે, અને તેમાં ભગવાનનો જુદો આવેશ થાય છે, એમ માનવાનું નથી. સાક્ષાત જ મૂર્તિ દેખાય છે તે પ્રભુસ્વરૂપ જ એમ જાણવાનું છે. ૪૦.

પૂજામાર્ગમાં મંત્રવિધિમાં પુજ્ય દેવતાઓનું અર્ચન થાય છે. વેદમાં જે જે મંત્રો કહેલા છે, તે તે મંત્રોથી તે તે દેવતાઓનું પુજન પુજામાર્ગમાં કરવામાં આવે છે. પુજામાર્ગ કરતાં ભકિતમાર્ગમાં વિશેષ આ છે. મૂર્તિ સાક્ષાત પુર્ણ પુરૂષોતમ સ્વરૂપ થાય છે. જેમ પારસમણિના સંગથી લોખંડ વગેરે ધાતુ સુર્વણરૂપ બની જાય છે, તેમ તે મૂર્તિ પણ સાક્ષાત શ્રીકૃષ્ણ સ્વરૂપ થાય છે. એ કારણથી જ ભકિતમાર્ગમાં સેવા મુખ્યત્વે કરીને ભાવવડે થાય છે, અને એ ભાવવડે એ સ્વરૂપમાં જે કાંઈ સેવા કરવામાં આવેલી હોય તે સાક્ષાત શ્રીકૃષ્ણની જ સેવા થઈ, એમ જાણવું. ૪૧—૪૨.

—: સેવા બે રીતે થાય.:—

—: સેવાના ત્રણ પ્રકારો આપશ્રી વર્ણવે છે :—

પ્રભુની સેવા બે પ્રકારની છે. એક સેવા તો સર્વનો ત્યાગ કરીને થઈ શકે છે અને બીજી સેવા સર્વનો ત્યાગ કર્યા વિના થઈ શકે છે, માટે ત્યાગ અને અત્યાગ એવા ભેદથી સેવા બે પ્રકારની છે. વ્યાવૃતિ એટલે ગૃહસ્થધર્માનુસાર સર્વ પ્રવૃતિ કરવી તે. એ વ્યાવૃતિનો ત્યાગ કર્યા પહેલાં અત્યાગદશામાં પણ ત્યાગ કરવાપણું તો છે જ, તે આગળના શ્લોકમાં સ્પષ્ટ કરે છે. ૪૩.

જ્યારે ગૃહસ્થાશ્રમમાં પણ સ્થિતિ હોય એટલે કે ગૃહસ્થ તરીકેની પ્રવૃતિ ચાલુ હોય તો પણ મનથી સર્વનો ત્યાગ કરવો એ ઉતમ છે. વ્યાવૃતિ છંતા પણ તેમાં આસકિત ન રાખતાં પ્રભુમાં મન જોડી દેવું તે મનથી કરેલો ત્યાગ કહેવાય છે અને તે કરવો ઉતમ છે. સર્વનો ત્યાગ ન કર્યો હોય તે પક્ષમાં ગૃહસ્થાશ્રમ સાધનોમાં અનુકુલ જોઈએ. એટલે કે સેવાદિક સાધનોમાં સ્ત્રીપુત્રાદિક અનુકુલ હોવાં જોઈએ. ગૃહમાં રહીને સેવા કરવા સ્વધર્મ વડે જ નિરંતર શ્રીકૃષ્ણનું ભજન કરવું. જો અધર્મ કરે તો હીન યોનિમાં એનો જન્મ થાય છે, માટે ગૃહમાં રહીને પોતાના ધર્મવડે નિરંતર શ્રીકૃષ્ણ સેવા કરવી. ૪૪–૪૫.

ભગવાનની મૂર્તિમાં યથાયોગ્ય પ્રાપ્ત થયેલા દ્રવ્યો વડે શ્રીહરિનું પુજન કરવું. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે :– ‘ જેવા અને જેટલા ઉપચારો – પદાર્થો મળી આવ્યા હોય, તે વડે શ્રીકૃષ્ણનું ભકિતપૂર્વક પૂજન કરવું’ અર્થાત ભકિતમાર્ગની મર્યાદા પ્રમાણે જે પદાર્થો મળી આવે તે પદાર્થો વડે ભગવાનની પ્રતિમામાં બિરાજતા શ્રીહરિનું પૂજન કરવું. ૪૬.

પૂજનનો પ્રકાર સેવાના પ્રકાર સાથે મેળવીને કહે છે :–

પહેલાં તો સ્થાન એટલે મંદિર આદિ સંપાદન કરીને, અને ભોગ ધરવાની સામગ્રી પણ તૈયાર કરીને શય્યામાંથી શ્રીહરિને જગાડવા. બુહારી મંદિરવસ્ત્ર કરીને પ્રભુને બિરાજવાનું મંદિર, અને સિંહાસન પણ સ્વચ્છ રીતે તૈયાર રાખવુ. ભોગ ધરવાની સામગ્રી પણ તૈયાર રાખવી. પછી પ્રભુને જગાડવા. પ્રભુને શય્યામાંથી જગાડીને સવારથી સાંયકાલ પર્યંત બધી સેવા કરો. પ્રાતઃકાળથી સેવાનો અને પુજાનો જે ક્રમ છે, તે પ્રમાણે કરો. આપશ્રીએ તો પ્રાતઃકાલમાં પ્રારંભમાં સેવાનો ક્રમ કેવી રીતે

છે, તે માત્ર સંક્ષેપમાં શરૂઆતના ભાગ તરીકે જણાવીને, એમ આજ્ઞા કરી કે સેવાપૂજાના તે ક્રમ પ્રમાણે તમે સેવાપૂજા કરો. ૪૭.

સેવામાં અને પૂજામાં શો ભેદ છે, તે આપશ્રીએ પ્રથમ જણાવ્યા છે,તો પણ અત્રે તેનું ફરીને વિશેષ સ્પષ્ટીકરણ કરે છે :—

સેવા કરવામાં લૌકિક યુક્તિ જાણવી જોઈએ. જેમ કોઈ લૌકિક બાલક સવારમાં ઉઠે છે, ત્યારે તેની માતા પુત્રસ્નેહને લીધે તે બાળકને માટે આગળથી જ તૈયાર કરી રાખેલા ખાવાના પદાર્થો આપે છે, તેમ પ્રભુમાં બાલભાવ રાખીને પ્રભુને જગાડયા પહેલાં ભોગસામગ્રી સ્નેહભાવથી સિધ્ધ કરી રાખવી. એ સેવામાં સનેહ સર્વે નિયમો કરી આપે છે. જેમ માતા પુત્રને સ્નેહથી લાડ લડાવે છે, પાળે છે,પોષે છે, તેમ તે જ ભાવથી પ્રભુની સેવા કરવી.પૂજા કરવામાં આવે છે, ત્યારે તેમાં મુખ્ય શાસ્ત્રના વિધિને માનવામાં આવે છે, શાસ્ત્રમાં ઠંડા જલથી પ્રભુને સ્નાન કરાવવાનું લખ્યું છે, માટે ગમે તેવી શીતકાલની ઋતુમાં પણ પ્રભુને ઠંડા જલથી જ સ્નાન કરાવવું, એમ પૂજા માર્ગમાં છે. ત્યાં વિધિને એટલે શાસ્ત્રમાં જે લખેલું છે, તેને મુખ્ય માનવામાં આવે છે, એટલે વિધિ સ્નેહથી વિરૂધ્ધ છે કે, સ્નેહયુક્ત છે, એમ વિચાર કરવામાં આવતો નથી. સ્નેહથી વિરૂધ વિધિને મુખ્ય નિશ્ચય માનીને ભગવાનની પૂજા પૂજામાર્ગીય લોકો કરે છે.પરંતુ સેવામાર્ગ શાસ્ત્રનો વિધિ નથી.ભાવનો વિધિ છે એટલે આપણા પુષ્ટિપ્રભુને તો ગીષ્મઋતુમાં પણ ગરમ જળથી સ્નાન કરાવવાનો વિધિ છે. પણ આપણા આશ્રર્યાઓએ વેદની મર્યાદા રાખીને એક દિવસ જેઠસુદ પુનમ સ્નાન યાત્રા ને દિવસે ઠંડા જળથી સ્નાન કરાવવાનો ક્રમ રાખેલ છે.૪૮.

—: ગુરૂ કેવા હોય ?:—

ગુરૂ કેવા કરવા જોઈએ, તેનાં સંબંધમાં શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં જેવી રીતે આજ્ઞા કરી છે, તેવી રીતે શ્રીહરિરાયજી પણ અહિં આજ્ઞા કરે છે :—

ગુરૂ ભક્તિમાર્ગને અનુસરનારા હોવા જોઈએ, વળી શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ રહેનારા જોઈએ તેમજ શ્રીભાગવતનાં તત્વને જાણનારા અને દંભ—ડોળ કરવો વગેરેથી રહિત એવા નર, તે ગુરૂ કહેવાય. ૪૯.

ઉપર જણાવેલ ગુરૂ ન મળે તો કેમ કરવું, તે આપશ્રી જણાવે છે :—

ઉપર જણાવેલા સદગુરૂએ જે ઉપદેશ કરેલો હોય તે પ્રમાણે ચાલવાથી સર્વ કાર્ય સિધ્ધ થશે જ. અર્થાત ઉપર જેમનું સ્વરૂપ વર્ણન કરવામાં આવ્યું છે તેવા ગુરૂના અભાવમાં એવા ગુરૂએ જે ઉપદેશ આપેલો

હોય તે જ નિયમ રૂપ છે એમ માનવું. નિયમમાં રાખનાર ગુરૂ ન હોય તો તેમના ઉપદેશને નિયામક તરીકે માનવો.

હવે જો કે આધુનિક તીર્થરૂપ ગુરૂઓ ઉપર જણાવેલા ગુરૂ જેવા નથી, તો પણ તેઓ જે ઉપદેશ આપે છે, તે તો પહેલાં વર્ણવેલા સદગુરૂએ જ કહેલો ઉપદેશ આપે છે, માટે હાલનાં ગુરૂઓ તેવા ન હોવા છતા પણ તેમની પાસેથી જો ઉપદેશ લેવામાં આવે તો તે ઉપદેશ પહેલાં બતાવેલા મુખ્ય સદગુરૂના ઉપદેશની પેઠે જ ફળશે. જો દુઃસંગરૂપી દોષથી બુધ્ધિ ભ્રમિત થઈ નહિ હોય તો, જો ખરાબ પુરૂષોની સંગતિથી બુધ્ધિ દુષ્ટ થઈ હશે, તો તે ઉપદેશ ફલિત થશે નહિ. ગુરૂ ગમે તેવા હોય તો પણ જે ઉપદેશ આપે છે, તે ઉપદેશને પ્રકટ કરનારા ગુરૂ કેવા છે તે જ વિચારવું જોઈએ, અને દુઃસંગથી બચવું જોઈએ. ૫૦—૫૧.

સેવા વિષે પણ જેવો વિધિ તેવા ગુરૂએ કહયો હોય તે જ વિધિ સમજવો. ઉપર જણાવેલાં લક્ષણો જેમાં હોય તેવા ગુરૂશ્રીએ સેવાની જે પ્રણાલિક બાંધી હોય તે જ પ્રમાણે ચાલવું. શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુંસાઈજીએ, શ્રીગોકુલનાથજીએ, શ્રીહરિરાયજીએ, અને મહાનુભવીઓએ સેવા કેવી રીતે કરવી જોઈએ, એ સંબંધે ગ્રંથો પ્રકટ કરીને જે આજ્ઞા કરી હોય તેને વિધિરૂપ સમજીને અનુસરવું. ખરો વિધિ તે જ છે, બીજો કલ્પી કાઢેલો વિધિ ફલને સિધ્ધ કરી શકતો નથી. પોતાની ઉચી યોગ્યતા હોય નહિ અને સ્વચ્છંદ રીતે સેવામાં પણ નવો પ્રકાર ઉભો કરે તો તેથી ફલસિધ્ધિ થાય નહિ. ૫૨.

ઉદ્વેગ ન થાય તેટલા માટે પ્રેમસહિત શ્રીકૃષ્ણનાં સ્વરૂપમાં અંલકારો ધરાવવા. વસ્ત્ર તથા આભરણ અને સિંહાસન, પીછવાઈ આદિથી પ્રભુને શણગારવા. વસ્ત્રાભરણો આદિની રચના એવી કરવી કે પ્રભુના સ્વરૂપની સુંદરતા પોતાના મનને રોકનારી થાય. પ્રભુના સ્વરૂપની સુંદરતાને નીરખીને ત્યાંથી પાછું હઠવાનું મન થાય જ નહિ. ૫૩.

શ્રીહરિના લીલાયુકત સ્વરૂપમાં ચિતનું ‘પરોવવું, તેનું નામ સેવા છે એમ સિધ્ધાંત મુકતાવલીમાં કહયું છે, તેથી પ્રભુની સુંદરતાથી પોતાનું મન પ્રભુમાં રહે તેવી રીતે શૃંગાર કરવા. સેવાનો ઉધમ તેને માટે જ છે. સેવા એવી રીતે કરવી જોઈએ કે પ્રભુમાં મન પરોવાયેલું રહે તેવી ફલરૂપ

સેવાના સાધન તરીકે, દેહથી અને દ્રવ્યથી કરવામાં આવતી સેવાને માનવામાં આવે છે. તનુજાવિતજા સેવા માનસી ફલરૂપ સેવાનું સાધન છે, એમ સિંધ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ કહયું છે. ૫૪—૫૫.

એ પ્રમાણે અન્ન વગેરે વસ્તુનો પ્રભુમાં ઉપયોગ સિધ્ધ કરી બતાવતાં, સ્ત્રી વગેરે જો સેવાને અનુકુલ હોય તો તેઓ પાસે જ સેવા કરાવવી. શ્રીગુંસાઈજી શ્રીનાથજીની પ્રાર્થના કરે છે કે :— 'હે કમલલોચન, અમારા ધરાવેલા પદાર્થોનો ભોગ આપે કરવો જ જોઈએ. જો નહિ કરો તો પુષ્ટિમાર્ગીય મર્યાદા નષ્ટ થઈ જશે.' અન્ન વગેરે વસતુનો એવી રીતે જ્યારે પ્રભુમાં જ ઉપયોગ સિધ્ધ થયો, તો સ્ત્રી વગેરે પણ જો અનુકુલ હોય તો તેમની પાસે પણ પ્રભુની સેવા જ કરાવવી. ૫૬.

ભાર્યા આદિની સ્થિતિ જો ઉદાસીનપણાવડે જ રહેતી હોય તો પોતે સેવા કરવી જોઈએ. સ્ત્રીપુત્ર આદિ સેવા કરવાથી ઉદાસીન રહે તો પોતે જ સેવામાં જોડાવાથી સેવા કરવામાં વ્યગ્રતા રહે છે, અને સેવા બરોબર ન થઈ શકે તો સ્વધર્મની હાનિ થવાથી થનારી અપકીર્તિનો ભય પણ થાય છે. માટે જે સેવાથી વિમુખ થઈને બેસે તેને તેવી જ રીતે રહેવા દઈને પોતે સેવા કરવી. પહેલાં શ્લોકનાં છેલ્લા બે પદોનો સંબંધ બીજા શ્લોક સાથે પણ લઈ શકાય છે. એટલે કે ભાર્યા આદિ સેવાથી ઉદાસીન હોય તો તેમનો ત્યાગ ન કરવો, પણ પોષણ કરવું. કેમ કે ત્યાગ કરવાથી લોકમાં અપકીર્તિ થાય તે અપકીર્તિનો ભય હોય તો સેવામાં પણ વ્યગ્રતા એટલે ઉચું મન રહે, માટે તેઓનું પોષણ કરવું.રોગી દેહ વાળાની પેઠે આતુર થઈને દુઃખી થઈને તેનું પોષણ કરવું. સ્ત્રી આદિ સેવા ન કરે તેથી દુઃખ તો થાય, પરંતુ તે સેવામાં બીજી હરકત નથી કરતાં અને પોતે બ્રહ્મસંબંધ કરેલો છે એવો હદયમાં વિચાર કરીને સવર્થા તેનું પોષણ કરવું. ૫૭—૫૮.

જો તે આસુર હોય અને પોતાને કૃષ્ણસેવા કરવા ન દે, તો તેનો પત્યિાગ જ કરવો એવો નિશ્ચય છે.સ્ત્રી આદિ આસુર ભાવવાળા હોય, પોતે સેવા કરે નહિ અને આપણને સેવા કરવા દે પણ નહિ, તો તેવા આસુરના ત્યાગ જ કરવો એ સિધ્ધાંત છે.૫૯.

ભકિતમાર્ગમાં એવો નિયમ છે કે, જેઓ ભકત ન હોય તેઓની સાથે કદાપિ ભકતોએ વસવું નહિ. સ્વીકાર કરીને પણ સ્મૃતિમાં કહેલા ધર્મોનો ત્યાગ ભકિતમાર્ગીયજનોએ કરવો. કારણ કે ધર્મશાસ્ત્રથી પણ ભકિતશાસ્ત્ર બલવદ છે એવી મર્યાદા છે. મન્વાદિપ્રોકત શાસ્ત્રથી પણ ભકિતશાસ્ત્ર બલવદ હોવાથી ભકિતમાર્ગમાં જેનો અંગીકાર થયેલો છે, તેઓએ સ્માર્ત ધર્મો ત્યજવા. ૬૦.

ચિત શ્રીહરિમાં રાખીને વૃતિ મેળવવા માટે પ્રયત્ન કરાવવો. પોતાનો વ્યાપારાદિક ઉધમ ચાલી રહયો હોય, તો તેને માટે પોતે પ્રયાસ ન કરતાં બીજા પાસે તે યત્ન કરાવવો; અને પોતાનું ચિત શ્રીહરિમાં રાખવું. જો વૃતિ મુદલે હોય જ નહિ, તો એક પ્રહર સુધિ સેવાપરાયણ થઈને રહેવું. એટલે કે બીજા સમયમાં વૃતિ (રોજગાર) માટે ઉધમ કરવો. જો વૃતિ સહજમાં જ સિધ્ધ થતી હોય તો માત્ર શ્રીકૃષ્ણમાં આસકિત રાખીને રહેવું જોઈએ. તોપછી વૃતિ માટે થોડો પણ પ્રયાસ કરવા પ્રેરાવું નહિ. ૬૧–૬૨.

—: વિમુખતા. :—

શ્રીહરિની સેવા માટે પ્રયાસ કરતાં જેટલો સમય શ્રીહરિથી વિમુખ થવાયું તેથી વૈમુખ્ય દોષ ઉત્પન્ન થયો અને તેનાં નિવારણ માટે નિયમ પૂર્વક શ્રીમદભાગવતનો પાઠ કરવો. ૬૩.

ચિત ખળભળી ઉઠવાથી શ્રીહરિથી વિમુખ થઈ જવાય છે, તેથી પણ વૈમુખ્યદોષ લાગે છે. તેનો નાશ કરવા માટે જે કાંઈ આપતિ આવી પડે તે સહન કરવી. કોઈ કઠોર વચન કહી જાય, કોઈના તરફથી કાંઈ તાડનાદિ કરવામાં આવે તો પણ તે સહન કરવું. કોઈ ખરાબ પુરૂષોએ નિંદ્યો હોય અથવા અપમાન કરાયેલો હોય, કોઈ દુષ્ટ પુરૂષે ઠપકો આપ્યો હોય, ઈર્ષ્યા કરેલી હોય અથવા માર્યો હોય કે બાંધ્યા હોય, વૃતિ—ચાલતી રોજગારી – છોડાવી દીધી હોય, કોઈ થુંકયું હોય, મૂત્ર કરી ગયું હોય, મુર્ખાએ એવી રીતે ઘણે પ્રકારે હેરાન કર્યો હોય તો પણ દુ:ખમાં આવી પડેલા અને કલ્યાણની ઈચ્છાવાળા માણસે પોતા વડે પોતાનો ઉધ્ધાર કરવો.' એમ શ્રીમદ્‌ભાગવતમાં ઉદ્ધવ પ્રત્યે ભગવદ્‌વાકય છે. માટે પ્રભુના

લોભ ન રહે માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી, કારણ કે કામ અનેલોભ પ્રભુની પ્રાપ્તિની આડે આવનારા બે મહાન પહાડો છે, તેને દુર કરવા માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી. વળી મારો આ છેલ્લો જન્મ છે એમ જાણવું, તેમજ પ્રભુ મારે માથે બિરાજે છે. માટે હું કૃતાર્થ છું એમ પણ સ્મરણ કરવું. બ્રહ્મસંબંધ કરવાથી સર્વ દોષો દુર થઈ જાય છે, મારો છેલ્લો જન્મ છે, હજારો વર્ષના વિયોગ પછી પ્રભુનો સંબંધ થયો માટે હું કૃતાર્થ છું એમ દઢતાથી માનવું. ૬૫.

—: સેવાવિચાર :—

ઉપર કહયા પ્રમાણે ચિતવડે નિશ્ચય કરીને આ લોક અને પરલોકની અપેક્ષા રાખ્યા વિના અંતઃકરણ સ્થિર કરીને શ્રીહરિમાં માતાપિતાવત્ વિશ્વાસ રાખવો. જેમ માતાપિતામાં બાલકને એવો વિશ્વાસ હોય છે કે તે મારૂં બુરૂં નહિ કરે, તેમ પ્રભુમાં પણ વિશ્વાસ રાખવો કે અમારૂં સારૂં જ કરશે એવો દૃઢ વિશ્વાસ રાખીને તત્પર થઈને પહેલાં લૌકિક યુકિતવડે સેવા કરવી. લૌકિક યુકિત એ જ કે પ્રભુને બાલભાવથી સેવવા. અથવા તો એક પતિવ્રતા સ્ત્રી જેમ પતિની સેવા કરે છે, તેમ પ્રભુની સેવા કરવી. દેશકાલનો પણ વિચાર કરવો. જેવો દેશ હોય, જેવો સમય હોય, શીતકાલ, ઉષ્ણકાલ કે ગમે તે હોય તેનો પણ સેવામાં વિચાર કરવો. અને પ્રભુની અવસ્થાનો વિચાર કરવો, જે અવસ્થાનું સ્વરૂપ હોય તે અવસ્થાને અનુકુલ સેવા કરવી. બાલ્યાવસ્થા કે કિશોરાવસ્થા એનો વિચાર કરીને તદનુકૂલ સેવા કરવી. ૬૬—૬૭.

સેવા માટે વ્યર્થ વચન કહેવું નહિ, ખોટું બોલવું નહિ. એ મુખરતાદોષ છે. એ દોષ મોટામાં મોટો છે. મારી કૃતિથી જ આ બધું બને છે, એમ પણ માનવું નહિ. જે જીવકૃતિથી જ સિધ્ધ થતું હોય તેનો પરિત્યાગ કરવો. જેમ કે 'સાધનસંપતિથી પ્રભુ કદાપિ પ્રસન્ન થતા નથી,' એમ શ્રીસુબોધિનીજીમાં કહયું છે, તેમ જ બહુ જ કલેશ કરીને પ્રયત્નથી જે મેળવ્યું હોય તે પ્રભુને સમર્પવું નહિ. જે મેળવાતાં સેવાથી વિમુખ થઈને ઘણો જ કલેશ પ્રાપ્ત કરીને પ્રયાસ કરવો પડયો હોય તે પ્રભુને સમર્પવું જોઈએ નહિ. ભગવાન કહે છે કે :— 'ભકતો થોડું પણ પ્રેમવડે મને જે ધરે છે તે મને ઘણાં થઈ પડે છે. અભક્ત હોય અને મને ઘણાં ધરે

તો તેથી મને સંતોષ થતો નથી. એટલે કે ભક્તિવિના જે મને ઘ [illegible] ધરાય છે, તે મને સંતોષ આપવા પુરતું નથી. ' ૬૮.

લોકમાં જે બહુ ઈષ્ટ હોય, લોકો જેને બહુ ઈચ્છતા હોય, અને પોતે ઘણા સમયથી ચિંતામાં વિચારી રાખેલી હોય તે વસ્તુ પ્રભુને ભક્તિથી સમર્પવી. એ વસ્તુ સર્વથા સેવાસંબંધી જે હોવી જોઈએ બીજી નહિ એ ખાસ દયાનમાં રાખવું. ' જે ઈષ્ટ હોય દત (આપેલું) હોય, હુત (હોમેલું)હોય, જ પેલું હોય, જે આચર્યુ હોય, જ પોતાને પ્રિય હોય, તે મને અર્પવું, મને આપવાથી તે અનન્તરૂપ થાય છે,' એમ શ્રીભાગવત કહે છે. ૬૯.

તેમ જ જયારે ભીતરની સેવાનો સમય ન હોય ત્યારે બહારની સેવા પણ મુખ્ય સેવાની પેઠે જ કરવી. પ્રભુનાં શ્રીઅંગનાં અને બીજા બીછાવવાનાં વસ્ત્રોનું પ્રક્ષાલન કરવું આદિ સેવા પણ મુખ્ય સેવારૂપ જ જાણીને કરવી. ૭૦.

એક વેળાએ, બે વેળાએ અથવા તો ત્રણ વેળાએ પ્રભુ સેવા કરવી. જેટલી વાર પ્રભુની સેવા બને તેટલી વાર કરવી. સ્વધર્મનું આચરણ કરવું. નિત્ય અને નૌમતિક કર્મ પણ સ્વધર્મનું અંગ હોવાથી કરવું. નિત્યકર્મ સંધ્યાવંદન વગેરે છે. નૈમિતિક કર્મ કોઈપણ નિમિતને લીધે કરવામાં આવે છે., જેમ કે પોતાને ત્યાં પુત્રનો જનમ થાય તો તેને અંગે જે જાતકર્મ આદિ સંસ્કારો કરવાના છે તે કરવા. નિત્ય અને નૈમિતિક કર્મો એ બન્ને મુખ્ય સ્વધર્મનું અંગ હોવાથી તેનું આચરણ પણ કરવું. ૭૧.

પોતાના ધર્મશી જે વિલક્ષણ ધર્મ, જે કર્યાથી પોતાના ધર્મને બાધ નડે, તે ધર્મથી આગ્રહ પૂર્વક નિવૃતિ રાખવી,એવો નિશ્ચય છે. વૈષ્ણવોનો ધર્મ ભગવત્સેવા છે, સેવામાં જે પ્રતિબંધ નાખનારો ધર્મ હોય તે વિધર્મ કહેવાય. એ વિધર્મને આગ્રહથી ત્યજી દેવો, એમ સિધ્ધાંત છે. કદાચ તેવા ધર્મની સિધ્ધિ થાય તો પણ મુખ્ય ભગવદધર્મ છે, તેથી ભગવદધર્મનું સર્વ ધર્મથી વિશેષપણું છે. એ ભગવદધર્મનુ આચરણ કરતાં સર્વ ધર્મો સિધ્ધ થઈ જાય છે. જેમ મૂલમાં જલસિચન કરવાથી આખા વુક્ષને પુષ્ટિ મળે છે, તેમ સર્વ ધર્મનું મુળ જે ભગવદધર્મ, તેનું આચરણ કરવાથી સર્વ ધર્મોની સિધ્ધિ થાય છે માટે જ સર્વથી શ્રેષ્ઠ ભગવત્સેવા છે.૭૨.

ઈંદ્રિયરૂપી ઘોડો બહુ જ બલવાન છે, માટે તેનો સારી પેઠે નિગ્રહ સવર્થા કરવો એવો મત છે. મતલબ કે પોતે ઈંદ્રિયોને વશ થવું નહિ, પણ ઈંદ્રિયોને પોતાને સ્વાધિન રાખવી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે :— ' વિષયોનો આવેશ જેના ચિતમાં થયો છે, તેવા પુરૂષોમાં પ્રભુનો આવેશ થતો નથી ! પ્રભુ તેવા હદયોમાં બિરાજતા નથી.' વળી કહયું છે કે — ' હરણ સ્વરની લાલસાથી કર્ણન્દ્રિયને વશ થઈને માર્યો જાય છે. હાથી ચામડીને લીધે માર્યો જાય છે. પતંગીયો દીવાનું રૂપ જોઈને નેત્રેંદ્રિયથી માર્યો જાય છે,ભમરાઓ સુંગધ માટે નાસિકેંદ્રિયને વશ થઈને મરે છે, મીન—માછલાં જીભના સ્વાદથી માછીમારોથી મરે છે એ પ્રમાણે એક એક ઈન્દ્રિયની ગફલતીથી ઉપરનાં એક એક પ્રાણીઓ મરે છે, તો જે માણસ પાંચે ઈન્દ્રિયોને ગફલતીમાં રહેવા દે અને એનો નિગ્રહ કરે નહિ તો તેની શી દશા થાય ? ' તેમજ પરોપકારના જે ધર્મો જેવા કે કુવા, ધર્મશાળા, સદાવ્રત વગેરે ભગવત્સેવારૂપ ઉતમોતમ ધર્મપાસે દુર્બલ છે. કારણ કે એ પરોપકારના ધર્મનું ફલ માત્ર સ્વર્ગ છે, એ સ્વંગનું સુખ તો જયાં સુધિ પુંણ્ય હોય છે, ત્યાં સુધિ જ મળે છે; પછીથી આ લોકમાં આવવું પડે છે.ભગવાન શ્રીગીતાજીમાં આજ્ઞા કરે છે કેઃ—'તે પુણ્યશાળી લોકો વિશાળ સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ખુટી જતાં મૃત્યુલોકમાં પ્રવેશે છે.' તો એવા નાશવંત ફળ આપનારાં પરોપકાર આદિ ધર્મો અવિનાશિ અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફળ આપનારા ભગવત્સેવારૂપ ધર્મપાસે દુર્બલ હોય જ એમાં શું આશ્રય છે? ૭૩.

ઉપર પ્રમાણે સ્વધર્માચરણ કરતાંકરતાં ભગવાનને આવેશ થાય છે આવેશ થયાથી પ્રભુની સેવાના સાધનોમાં નિષ્ઠા જો થાય, તો તે નિશ્ઠા થયા પછી નિત્ય પ્રભુની સેવા કરવી. નિત્યસેવા કરવાથી પ્રભુમાં અને પ્રભુસેવારૂપ સાધનમાં નિષ્ઠા થાય છે, ભાવ થાય છે, માટે સેવા નિત્ય કરવી. ૭૪.

સર્વસ્વરૂપ શ્રીકૃષ્ણ જ છે એમ જાણીને હદયમાં દીનતા લાવવી એટલે કે હું સૂક્ષ્મ, અને સર્વ દોષથી ભરેલો જીવ કયાં અને સર્વસ્વરૂપ નિદોર્ષ, પુર્ણ ગુણવિગ્રહ એવા પ્રભુ કયાં ? એવી ભાવનાવાળી દીનતા હદયમાં રાખવી. સર્વસ્વરૂપ હોવાથી પ્રભુ પ્રત્યે દીનતા વિના બીજું જીવ શું

તેમ છે? 'હું કરૂં છું' એવા અહંકારનો સર્વથા ત્યાગ કરવો. 'હું કરૂં છું' એવું મનમાં કદાપિ ન લાવવું. ૭૫.

—: જયપાઠ. :—

શ્રહરિની સેવામાં પણ સન્માન મેળવવાની ઈચ્છા ન રાખવી. અર્થાત શ્રીહરિની સેવા કરીને તેનાથી લોકો તરફના માનમરતબાની ઈચ્છા ન જ રાખવી જોઈએ. શ્રીહરિનાં ગુણો નિરંતર ગાવા અને શ્રીહરિના નામનું કીર્તન સભામાં ઉભા રહીને પણ કરવું. પોતે સભામાં ઉભો રહેલો હોય, તે વખતે પણ કોઈની શરમ રાખ્યા વિના, બીજા સાંભળે તેનો ભય રાખ્યા વિના ભગવાનનું નામ અવશ્ય લેતાં રહેવું. કહેવાનો આશય એ છે કે, ગમે તે સમયમાં, ગમે તે ઠેકાણે પણ શ્રીહરિનું નામ છોડવું નહિ. નવરત્નગ્રંથની ટીકામાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે; 'ક્ષણવાર પણ જો અષ્ટાક્ષરનો ત્યાગ કરે તો આસુરાવેશ થાય' શ્રીમહાપ્રભુજી પણ નવરત્નમ્ ગ્રંથમાં એજ આજ્ઞા કરે છે કે :— ' તેથી સર્વાંશે 'શ્રીકૃષ્ણ શરણં મમ્ ' એમ નિરંતર બોલતા રહેવું. શ્રીમદ ભાગવતમાં પણ એ જ આજ્ઞા છે :— ' શ્રીહરિનાં ચરિત્રનાં ગીતો, શ્રીહરિનાં જ નામો ગાતાં ગાતાં લજ્જા રહિત થઈ, સંગ છોડીને વિચરવું. ૭૬.

કોઈનો પણ ભય રાખ્યા વિના કોઈની પણ સ્પૃહા—પરવા રાખ્યા વિના પોતે જ શ્રીકૃષ્ણમાં ચિત લગાડવું. નિરંતર શ્રીકૃષ્ણમાં ચિત રાખીને શ્રીકૃષ્ણ નામનો ઉચ્ચાર કરવામાં કોઈનો ભય અને કોઈની દરકાર ન કરવી. મુખ્ય સાધન એ જ છે કે નિત્ય શ્રીમદ્ ભાગવતનું કીર્તન કરવું. શ્રીમદ્ ભાગવતનો પાઠ નિત્ય કરવો. એ જ મુખ્ય સાધન છે. નિબંધમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, ' મુખ્ય સાધન તે આ જ છે કે 'સ્વાર્થ વિના અને દંભ વિના પ્રયત્નથી શ્રીભાગવતનો પાઠ આદરપૂર્વક કરવો. ૭૭.

પાઠ કરતી વખતે દંભ ન કરવો. આડંબર કરીને પાઠ ન કરવો. કોઈ નિમિતને લઈને પણ ન કરવો. એટલે કે કોઈ સ્વાર્થમાટે શ્રીભાગવતનો પાઠ ન કરવો. પોતાના પ્રયત્નથી, પોતે જ નિરંતર શ્રીભાગવતનો પાઠ કરવો. આજ આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં કરી છે.

—: તિલક માલા. :—

સેવામાં પણ અંતર્ગત અને પુજાની પણ અગરૂપ શંખ, ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કરવી. શંખચક્રાદિ મુદ્રાઓ સેવામાં પણ આવશ્યક છે અને પુજામાર્ગમાં તે અંગરૂપ છે, માટે તે અવશ્ય ધારણ કરવા. તુલસીકાષ્ઠની માળા પણ ધારણ કરવી. તેમજ તિલક પણ ભગવચ્ચિન્હ હોવાથી અવશ્ય ધારણ કરવું. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આ વિષય પરત્વે વિશેષવિસ્તારપૂર્વક આજ્ઞા કરે છે :— '' શંખ,ચક્ર આદિ મુદ્રાઓ ગોપીચંદનથી જ ધારણ કરવી. એ પૂજાનું અંગ છે. તેમ જ તુલસીકાષ્ઠ ની માલા અને તિલક પણ ધારણ કરવા કેમકે તે વૈષ્ણવનાં ચિન્હ રૂપ છે.

ઉપરના શ્લોકના પ્રકાશમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે,

'શંખ,ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કર્યા વિના જે પુરૂષ પૂજા કરે છે, તેણે કરેલું પૂજન નિષ્ફળ થાય છે અને શ્રીહરિ પણ પસન્ન થતાં નથી.' તુલસીકાષ્ઠમાળા જો ધારણ ન કરે તો તેને માટે વચન છે કે;— 'જે લોકો તુલસીકાષ્ઠ માલાધારણ કરતાં નથી, તે સ્વાર્થી લોકો અને પાપબુધ્ધિઓ (શ્રીહરિના) ક્રોધરૂપી અગ્નિથી બળીને નરકથી પાછા ફરતા નથી.' આવાં અનેક વચનોથી સિધ્ધ થાય છે કે તુલસીકાષ્ઠમાલા યજ્ઞોપવિતની પેઠે ધારણ કરવી.

તિલક આ પ્રમાણે કરવુ:—' દંડના સરખી લીટીથી ચરણારવિંદના આકાર જેવું તિલક લલાટમાં કરવું. છાતીમાં કમલસરખા આકારવાળું તિલક કરવું. વાંસના પાંદડા જેવું તિલક ભુજા ઉપર કરવું. બીજાં તિલકો દીવાના આકાર જેવાં કરવાં.' ૭૮.

—: જયંતી વ્રત :—

એકાદશી આદિ વ્રત વૈષ્ણવમત પ્રમાણે જ કરવાં. દશમીનો વેધ ન આવે એવી રીતે એકાદશી વ્રત કરવું. એટલે કે દશમ ૫૫—પંચાવન ઘડી ઉપરાંત એક પલ પણ જો વધે તો તે એકાદશીને દિવસે વ્રત ન માનતાં દ્રાદશીને દિવસે વ્રત માનવું એ પ્રમાણે વૈષ્ણવમત પ્રમાણે એકાદશી આદિવ્રતો કરતાં જન્માષ્ટીનું વ્રત પ્રભુના પ્રાકટયનો ઉત્સવ માનીને કરવું. આજે નંદરાજકુમારનું પ્રાકટય થયું છે, આજ મહાઆનંદઉત્સવનો દિન છે. એમ માનીને વ્રત કરવું. આઠમ સુર્યોદય વખતે હોય તો જ તે દિવસ

વ્રત કરવું. સૂર્યોદય વખતે સાતમ હોય અને પછી આઠમ હોય તો તે તિથિ ન માનતાં બીજી તિથિએ ઉત્સવ માનવો. એ પ્રમાણે રામનવમી, નૃસિંહચતુર્દશી અને વામનદ્વાદશીને દિવસે ઉત્સવ માનીને વ્રત કરવું. અને જન્માષ્ટમીની પેઠે સૂર્યોદય વખતની જ તિથિ ગ્રહણ કરવી. અને બીજા પણ જન્મદિન આદિ દિવલો પણ ઉત્સવો તરીકે જાણવા, જેવા કે શ્રીમહાપ્રભુજીનો પ્રાકટયમહોત્સવ, શ્રીગુંસાઈજીનો ઈત્યાદિ એ બધા દિવસો ઉત્સવ તરીકે માનવા. ૭૯–૮૦.

તે તિથિ પણ સૂર્યોદયકાલ સમયની જ લેવી. એ વિના બીજા ઉત્સવો શરદ પૂર્ણિમા આદિમાં વિલક્ષણતા એટલી છે કે તેનો નિર્ણય જયન્તીવ્રતવત ન થાય. જન્માષ્ટમી આદિ ઉત્સવોમાં જેમ ઉદયાત્ તિથિ માનવામાં આવે છે, તેમ તે ઉત્સવોમાં નથી. એ ઉત્સવોમાંકોઈક વેળાએ, નક્ષત્ર મુખ્ય છે, સમય–મુખ્ય છે, તિથિ પણ કવચિત મુખ્ય છે.

એ પ્રમાણે, ઉપર કહયા પ્રમાણે આચરણ કરનાર ગૃહસ્થ કૃતાર્થ થાય છે, એમાં કશો સંશય નથી. ૮૧.

—: બ્રહ્મચારી—વાનપ્રસ્થ—સંન્યાસીના ધર્મો :—

ગૃહસ્થાશ્રમીનો ધર્મ ઉપર કહયો. હવે બ્રહ્મચારી, અને વાનપ્રસ્થ અને સંન્યાસીનો ધર્મ બતાવે છે. ગૃહસ્થાશ્રમ પછીનો આશ્રમ તે વાનપ્રસ્થ આશ્રમ છે. ગૃહસ્થાશ્રમ પહેલાં તો બ્રહ્મચર્યાશ્રમ છે. એ બન્ને આશ્રમ વાળાઓને સાધનોમળતા હોય તો ઉપર જણાવેલો સેવામાર્ગ : તેઓને માટે અનુકુલ છે એટલે કે સાધનોનો સંભવ હોય તો બ્રહ્મચારી અને વાનગ્રસ્થે સેવા કરવી જોઈએ. છેલ્લો આશ્રમ સંન્યાસ્તાશ્રમ છે. સંન્યાસ્તાશ્રમમાં રહેનારા સંન્યાસીનો માર્ગ ત્યાગરૂપ છે. સર્વ છોડીને એકલા જ રહેવું. એવો ત્યાગરૂપ અર્થાત સર્વનો ત્યાગ કરીને તીર્થની યાત્રા કરવી એ સંન્યાસીનો મુખ્ય ત્યાગરૂપ માર્ગ છે. ૮૨.

સંન્યાસીના બીજા ધર્મોનું વર્ણન કરે છે :—

સંન્યાસીએ સ્વતંત્ર રીતે રહેવું જોઈએ. કોઈને વશ ન થતાં સ્વેચ્છાથી જ સ્વતંત્ર રહેવું, સંગથી રહિત થવું કોઈનો સંગ ન કરવો અને આસકિત ન રાખવી. નિત્ય પર્યટન કરવું. એક ને એક ઠેકાણે રહેવું નહિ, પરંતુ દેશદેશ ફરતાં રહેવું. જે દિવસે જેટલું અન્ન જોઈએ, તે દિવસે તેટલું જ

અન્ન લેવું, એક દિવસ ચાલે તેટલું જ અન્ન ગ્રહણ કરવું, સાથે વધારે અન્ન રાખવું નહિ. કોઈની પણ લાજ શરમ રાખ્યા વિના ભગવાનના ચરિત્રોનું કીર્તન કરવું. ૮૩.

શ્રીહરિના ગુપ્ત લીલાનાં સર્વત્ર દર્શન કરવાં, જ્યાં ત્યાં પ્રભુના રહસ્યમય ચરિત્રો જોવાં. સર્વ ઈન્દ્રિયોનો નિગ્રહ રાખીને શાન્ત થઈને રહેવું.ક્રોધ વગેરે ન કરવાં. શ્રીકૃષ્ણમાં જ તત્પર થઈને રહેવું, ચિતને આકુલવ્યાકુલ થવા દેવું નહિ.સ્થિરચિત થવું. સ્વાર્થ પણ એજ હોવો જોઈએ કે શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય કેમ જલદી થાય ? મનમાં તે પ્રયોજન હોવુંજોઈએ કે પ્રભુ પ્રકટ થાય. એ પ્રમાણે પોતાનો સ્થૂલદેહ પડે ત્યાં સુધિ વિચક્ષણ યતિએ કરવું. પોતાનો દેહ પડે ત્યાં સુધિ જ્ઞાનવાળા સંન્યાસીએ ઉપર કહયા પ્રમાણે વર્તવું. ૮૪.

સર્વ આશ્રમ માટે એક બીજો ધર્મ બતાવે છેઃ—

ચિતનો વિક્ષેપ થયાથી જો દોષ ઉત્પન્ન થવાનો સંભવ લાગતો હોય તો દરેક આશ્રમમાં ઉપર કહયા પ્રમાણે તીર્થાટન કરવું. ચિત સ્થિર ન રહેવાથી કોઈ દોષ લાગશે એમ જો જણાય તો, ઉપર જે તીર્થાટન સંન્યાસી માટે કહયું છે, તે જ તીર્થાટન બીજા પણ બ્રહ્મચારી, ગૃહસ્થ અને વાનપ્રસ્થજનો માટે પણ સમજવું. એટલે કે સંન્યાસી માટે બતાવેલો તીર્થાટનનો પ્રકાર ચિત વિક્ષેપ પામે અને દોષ લાગે તો બીજા પણ આશ્રમવાળાઓએ ગ્રહણ કરવો. ૮૫.

સ્ત્રી આદિ જો પ્રતિકુલ હોય, તો ગૃહાદિકનો ત્યાગ જુદી રીતે કરવો, તેનું વર્ણન ઉપર કરી ગયા. હવે સ્ત્રી, પુત્ર આદિ જો સેવામાં વિઘ્ન કરતાં હોય, સેવાને અનુકુલ ન હોય તો તેના ત્યાગનો પ્રકાર જુદો છે, તે ત્યાગ કેવી રીતે કરવો અને ત્યાગ કર્યા પછી શું કરવું, તે પ્રકાર નીચેના શ્લોકમાં આપશ્રી જણાવે છે :—

—: ગૃહત્યાગ ક્યારે?:—

સેવાથી પ્રતિકૂલ ભાર્યાદિક્નો ત્યાગ કરીને, અર્થાત્ પોતાના ઘરનો ત્યાગ કરીને, જે સ્થલે ભગવદીયજનો રહેતા હોય તેવા હરિનાં સ્થાનમાં જઈને, શ્રીકૃષ્ણની સેવા અને કથા જેને અંત્યત પ્રિય છે તેવા ભગવદીયો જ્યાં હોય તે સ્થાનમાં જઈને શ્રીકૃષ્ણરૂપ પ્રયોજનવાળા થવું. તેવા

ભગવદીયો જ્યાં હોય તેવા ભગવન્મંદિરમાં રહિને માત્ર શ્રીકૃષ્ણરૂપ અર્થની અભિલાષાંવાળા થવું. સેવાનો બાધ કરનારાં ગૃહનો તો સર્વથા ત્યાગ કરીને તેવા ભગવદીયો સાથે શ્રીકૃષ્ણની સેવા કરવી, કથા કરવી વગેરે કૃતિઓથી રહેવું. શ્રીકૃષ્ણની ઈચ્છા રાખનાર પુરૂષે ભજનમાં બાધ કરનાર ઘરનો તો સર્વથા ત્યાગ જ કરવો. અને તેવા ભગવદીયોની સાથે જ રહેવું. સાથે રહિને શ્રીકૃષ્ણની સેવા કથા આદિમાં તત્પર થવું. ૮૬–૮૭–૮૮.

દુ:સંગ એટલે હરિથી જે વિમુખ હોય તેવાનો સંગ.દુષ્ટ વસ્ત્ર, તે કોઈનું પહેરલું, અપરસ વિનાનું, ગળીનું રંગેલું વગેરે દુષ્ટ વસ્ત્રો. દુષ્ઠ અન્ન–પ્રસાદી નહિ તેવું અન્ન, આ બધાના સંબંધથી ભયવાળા થઈને રહેવું. એ બધાં સેવામાં બાધક હોવાથી તેના સંગથી બીતાં રહેવું. એ જ હેતુથી સાધનો પણ સાથે જ રાખવાં અને સાવધાનપણે શ્રીહરિમાં તત્પર થઈને રહેવું. ૮૯.

તેવી રીતે સેવા અને કથામાં આસકિત થવાથી ઉતમ પ્રાપ્તિ થાય. એવી રીતે સેવાનાં અને કથામાં નિરંતર પ્રેમથાવાથી ઉતમ રીતે ભગવદ પ્રાપ્તિ થાય. જો હ્દયનાં ભાવોનો બાધ થવાનો સંભવ હોય તો એકાંતમાં કદાપિ ન રહેવું. એકાંતમાં રહેવાથી ચિતની અસ્થિરતા વગેરે થાય તો એકાંતમાં સ્થિતિ ન જ કરવી. ૯૦.

શ્રીહરિ રક્ષણહાર છે. માટે એકાંતમાં ન રહેતાં બીજે સ્થલે જો જાય અને ત્યાં બીજાનો સંગ થતાં પણ શ્રીહરિનું રક્ષણહારપણું તો પ્રાપ્ત થશે. એકાંતમાં ભય લાગવાથી બીજાનો સંગ કરે અને બીજાના સંગથી જો કોઈ રંગ લાગે તો શ્રીહરિ તેથી રક્ષણ કરશે, એટલે કોઈ પણ પ્રકારનો ભય રાખવો નહિ અને ભગવત્સેવાપરાયણ થઈને રહેવું.

જો ઉપર કહેલા ધર્મો ન બની શકે તો માત્ર શ્રીભાગવત શાસ્ત્રનું આદરપૂર્વક ત્રણે કાલમાં સેવન કરવું. જેમ પ્રભુનાં સ્વરૂપની સેવા કરવામાં આવે છે, તેમ ઘણા જ યત્નથી શ્રીભાગવતની સેવા કરવી. શ્રીભગવાનની સેવા બે પ્રકારની છે. એક સ્વરૂપસેવા અને બીજી નામસેવા. રૂપસેવા ઉપરના શ્લોકમાં વર્ણવી છે. નામસેવાનું સ્વરૂપ આ શ્લોકમાં જણાવ્યું છે એ પ્રમાણે સ્વરૂપ સેવાની પેઠે ઘણા જ પ્રયાસથી નામસેવા ત્રણે કાળમાં

કરવી. તવ કથામૃતં એ ગોપિકાગીતના શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી એ એ જ આજ્ઞા કરી છે કે શ્રીભાગવત ભગવાનનાં સ્વરૂપનો પરિચય કરાવે છે, માટે તેની સેવા તે ભગવત્સેવા જ સમજવી. ૯૦–૯૧.

ઉપર જણાવેલા ત્રણ ઉપાયોમાંથી એક પણ ઉપાય અવલંબન ન થઈ શકે તેમ હોય તો છેવટે એક છેલ્લો ઉપાય સુચવે છે :–

ત્રણે પ્રકારોનો જો અભાવ હોય તો પ્રપતિ–શરણે જવું એ પણ એક પ્રકાર છે. ઉપર ત્રણ પ્રકારો કહયા. એક ગૃહમાં રહીને પ્રભુ સેવા કરવી તે, બીજો પ્રકાર કૃષ્ણસેવા કથામાં તત્પર એવા ભગવદીયો સાથે રહીને પ્રભુની ટહેલ કરવી એ છે, ત્રીજો પ્રકાર શ્રીમદભાગવતનો પાઠ છે. એ ત્રણેનો અભાવ હોય તો છેલ્લો પ્રકાર પ્રભુને શરણે જવાનો છે. ૯૨.

—: પુજાના પ્રવાહમાં :—

મોટા સ્થાનોમાં જે ઠેકાણે પૂજામાર્ગનો પ્રવાહ છે, તે સ્થળે તેમાં જ પરાયણ થઈને સ્થિતિ કરવામાં આવે તો કૃતાર્થપણું છે. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે :– 'જગન્નાથજીમાં, શ્રીવિઠ્ઠલનાથજીમાં, શ્રીરંગજીમાં, વ્યંકટેશ બાલાજી આદિમાં જયાં પૂજાનો પ્રવાહ ચાલી રહયો હોય ત્યાં પૂજામાં તત્પર થઈને રહેવું. ૯૩.

ઉપર જણાવેલા માર્ગમાં, જે સ્થળે પૂજાનો પ્રવાહ ચાલી રહયો છે, તે માર્ગમાં જે ફલ છે તે ફલ ભકિત માર્ગનાં ફલ કરતાં જુદુ નથી. કારણ કે તે ઠેકાણે કૃષ્ણસેવામાં તત્પરતા તેવી જ છે. અને સર્વથા દેહનો યોગ કૃષ્ણસેવામાં થાય છે, તેથી ભકિતમાર્ગના ફલથી તે માર્ગનું ફલ જુદુ નથી ૯૪.

તો પણ તે માર્ગમાં ભકિતભાર્ગના જે ધર્મો છે, તેથી ઉલટા ધર્મ છે, કારણ કે એ ઠેકાણે (પુજામાર્ગમાં) પ્રીતિની દઢતા નથી. ભકિતમાર્ગમ સ્નેહ અને પ્રીતિ છે, પણ તે દઢ નથી માટે તે માર્ગમાં કેટલાક ઉલટા ધર્મ પણ છે.

પૂજામાર્ગમાં ઘણા કાલ સુધિ જે મૂર્તિની સેવા કરેલી હોય તે મૂર્તિ જો ચિતમાં થોડી પણ વ્યગ્રતા, આકુલવ્યાકુલપણું આવે અને તેને લઈ

નથી. પૂજામાર્ગમાં ઘણા કાળ સુધિ એક મૂર્તિની સેવા કરી. કોઈ વખતે ચિત વ્યગ્ર થઈ ગયું, અને તે ચિત સ્થિર ન રહેવા રૂપ દોષ દેખાવાથી એ મૂર્તિ સેવકને ત્યજી દે છે, કેમ કે તેનો આગ્રહનથી. તેમ કરવાથી બીજા સ્થાનમાં પણ જાય તો પણ કાંઈ ફલ પ્રાપ્ત નહિ જ થાય. કારણ કે એક ઠેકાણે વિશ્વાસ ન રહયો હોય બીજે ઠેકાણે કયાંથી રહેશે ? એમાં દષ્ટાંતરૂપ બ્રહ્માસ્ત્ર છે. એ દષ્ટાંતનું રહસ્ય પહેલાં સમજાવ્યું છે.૯૫—૯૬.

ઉપર જણાવેલા કારણથી એ પૂજામાર્ગનો ઉત્કર્ષ સિધ્ધ થતો નથી. જો ભકિતમાર્ગનો સંભવ હોય, ભકિતમાર્ગમાં રહી શકાતું હોય તો બુધ્ધિમાન પુરૂષે પૂજામાર્ગમાં યત્ન ન કરવો. જો ભકિતમાર્ગમાં રહી શકાય એમ ન હોય તો પુજામાર્ગ જ ઉતમ છે. ૯૭.

ઉપર પ્રમાણે સેવામાર્ગ સંબધી આજ્ઞા કરીને હવે ગ્રંથનો ઉપસંહાર કરતાં કહે છે કે ;—

એવી રીતે આશ્રય સિધ્ધ થયા પછીના ધર્મો બ્રહ્મસંબંધ — આત્મ નિવેદન થયા પછીના ધર્મ અને શ્રીકૃષ્ણ સેવામાં જે ધર્મ છે તે સંક્ષેપથી નિરુપણ કર્યા છે. આશ્રયધર્મ એટલે શરણે ગયેલાનો ધર્મ, સર્વ સમર્પણ કર્યા પછીનો ધર્મ અને સેવાધર્મ એ ત્રણ ધર્મનું આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. ૯૮.

આ મારૂં કથન તે શ્રીમહાપ્રભુજીની વાણી, નિબંધ આદિ ગ્રંથોમાં જે છે તેના અનુવાદરૂપ છે. શ્રીમહાપ્રભુજીની વાણી જ આ મારી વાણીમાં સમાયેલી છે. તે વાણીવડે, બધું જાણીને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં શરણે આવેલા જીવોએ તે પ્રમાણે કરવું. ૯૯.

સમુદાય રૂપે મે સંગ્રહ કરેલો જ. સ્વમાર્ગનો બોધ તેથી સંતુષ્ટ થયેલા અને શરણે આવેલા સર્વ જીવોના સમૂહથી સેવાયેલા અને નિઃસ્વાર્થ એવી જે કરૂણા, તે રૂપ જે એક રસ, તેથી જ પુષ્ટ એવા તે શ્રીવલ્લભ મારા ઉપર કૃપા કરો, એમ શ્રી હરિરાયજી કહે છે.૧૦૦.

સમાપ્ત.

—: પુષ્ટિમાર્ગના રહસ્યો :—

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આશરો એક દ્દઢ શ્રીવલ્લભાધીશકો એ પદનો પ્રતિદિન પાઠ કરે છે અને, 'પુષ્ટિમાર્ગનાં મર્મ' એ ધોળનો પણ પાઠ કરે છે, પરંતુ એના મૂલ પ્રકટકર્તા કોણ છે, તે વિષે કવચિત જ માહિતી જોવામાં આવશે. એક ભગવદીય તરફથી શ્રીહરિરાયપ્રભુ પ્રણિત ''પુષ્ટિમાર્ગમર્મ નિરૂપણ'' એ ગ્રંથ મલ્યો, ત્યારે જ તે ગ્રંથ પ્રકટતકર્તાનો અને શ્રીદ્વારકેશપ્રભુએ તેને જ અનુસરીને પદ રચવાનો નિશ્રય થયો. શ્રીદ્વારકેશપ્રભુ માત્ર મર્મની સંખ્યા અને તેનાં નામ સુચવે છે. ધોળમાં પણ પ્રાયશઃ તેમ જ છે, એ હેતુથી પદ અને ધોળ માત્ર ગાઈને જ સંતોષ માનવો પડતો હતો. જો કોઈ અનુભવી વિરલ ભગવદીયના મુખથી એ પદના ભાવાર્થનું શ્રવણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતો હતો, તથાપિ શ્રીહરિરાય પ્રભુચરણ કૃત મૂલ ગ્રંથ ઉપલબ્ધ થયા પછી જે સંતોષ થાય છે, તે અવર્ણનીય જ છે. એટલાં પ્રાથમિક વિવેચન પછી ગ્રંથનો પ્રારંભ કરવામાં આવે છે.

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એવી શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાધીશ્વરની કૃપા વડે માર્ગનાં—પુષ્ટિમાર્ગનાં—રહસ્ય નિરૂપણ કરવામાં આવે છે, જે નિરૂપણ કરવાથી સાક્ષાત્ સદાનંદ પ્રભુ વશ થાય. ૧.

—: દશ મર્મનો ભાવાર્થ :—

મર્મ—૧—'આશરો એક દ્દઢ શ્રીવલ્લભાધિશકો.'

પ્રથમ મર્મ :— એ છે કે, સ્વકીય શ્રીમદાચાર્યચરણ કમલનો એક આશ્રય કરવો. સર્વથી પહેલાં શ્રીમદાચાર્ય ચરણારવિન્દનો આશ્રય કરવાનું કારણ શું, એમ આકાંક્ષા થતાં આજ્ઞા કરે છે પુષ્ટિમાર્ગનું ફલ પ્રભુના આપ્યા વિના મલતું નથી; અર્થાત સ્વર્ગ વગેરે ફલ જેમ યજ્ઞ કરવાથી મળી શકે છે, તેમ પુષ્ટિમાર્ગીય ફલ—ભગવત્સ્વરૂપમાં રહેલાં અમંદ આનંદનો સેવાદિથી અનુભવ કરવો તે, જ્યારે પ્રભુ દાન કરે ત્યારે જ મળે છે. અમુક કાર્ય કરવાથી મળતું નથી, માટે તે ફલનું સર્વ દૈવિ જીવોને દાન કરવાને શ્રીમહાપ્રભુજીને પ્રભુએ ભૂતલ ઉપર પ્રકટ કર્યા છે, એ હેતુથી પુષ્ટિમાર્ગીય ફલ કૃપા કરીને આપે છે, ત્યારે જ મલે છે, એ કારણથી

નાંખીને, લેશ પણ તે નિષ્ઠાનો અંકુર ન રહે તેમ તેનો સર્વાંશે ત્યાગ કરીને શ્રીમદાચાર્યચરણારવિંદની હૃદયમાં ભાવના કરો. મૂલ શ્લોકમાં 'સાધનનિષ્ઠા' શબ્દ છે, તેનો અર્થ એ જણાય છે કે સાધનોમાં નિષ્ઠા એટલે એ સાધન કરવાથી મને ઉતમોતમ ફલની પ્રાપ્તિ થશે અથવા મારૂં કલ્યાણ થશે, એવી નિષ્ઠા—ભાવના ત્યજી દેવી, એથી કાંઈ સાધનોનો ત્યાગ કરવાનો નથી. તેજ વાતને પોતે અર્ધ શ્લોકથી સ્પષ્ટ કરે છે. જો એકદમ સાધનો ઉપર નિષ્ઠા છોડીને સાથે જ સાધનોને પણ જો તિલાંજલિ આપે તો પાંખડી ગણાય; માટે પાખંડીમાં ન ખપવા માટે કાંઈપણ નિષ્ઠા—ભાવના રાખ્યા વિના બધાં સાધનો પણ કરે જવાં. ચોટ માત્ર શ્રીમદાચાર્યચરણારવિંદમાં શ્રાખવી. ૨—૩—૪.

મર્મ—૨—'માનસી રીતકી મુખ્યસેવા વ્યસન'

બીજું મર્મ શ્રીકૃષ્ણસેવા છે. તનુજા અને વિતજા સેવા પછી માનસી સેવા પ્રાપ્ત થાય છે, તે જ અહિં સમજવી. માનસી સેવા ફલરૂપા છે. પ્રેમ, આસકત અને વ્યસન એ ત્રણ અવસ્થાઓ છે. સ્વાતિનક્ષત્રનાં મેઘજલપ્રતિ ચાતકને' જેવો પ્રેમ પ્રભુમાં થાય ત્યારે તનુજા સેવા થાય. તનુજા સેવા અને પ્રેમ અવસ્થા એ બરોબર છે, બન્ને એક જ અવસ્થામાં હોય છે. તેમ જ ચંદ્ર અને ચકોરપક્ષી જેવી આસકિત પ્રભુ પ્રત્યે થાય ત્યારે ધનનો વિનિયોગ પોતાના પ્રેમનાં સ્થાન રૂપ પ્રભુની સેવામાં થાય છે, અને તેને જ તનુજા સેવા પ્રભુ માની લે છે. જયારે પ્રેમ અને આસકિત, તનુજા અને વિતજા સિધ્ધ થાય છે, ત્યારે એ ભગવદીયને કશી અપેક્ષા રહેતી નથી. ન નાકપુષ્ઠં ન ચ એ ચતુઃશ્લોકી પ્રમાણે તે સર્વથી નિરપેક્ષ બને છે, જયારે તેને કશાની અપેક્ષા રહેતી નથી, ત્યારે પ્રભુએ એને શું આપવું જોઈએ ? એ જ ફલરૂપ માનસી સેવા જ પ્રભુએ આપવી જોઈએ. તે ફલરૂપા માનસી સેવા અને વ્યસનાવસ્થા જયારે પ્રાપ્ત થાય છે, ત્યારે વ્રજરત્ના જેવો સર્વાત્મભાવ પણ અનુભવાય છે, અને તે વડે માનસી સેવા કરતાં તે જ સેવા ભગવત્સ્વરૂપના આનંદનું દાન કરે છે—પ્રભુ સ્વરૂપ—લાવણ્યનું પાન કરાવે છે તેથી જ તેવી માનસી સેવા અલૌકિક શૃંગારરસાત્મા પ્રભુને હૃદયમાં રોકી રાખે છે, અને પ્રભુ પણ તે માનસી સેવાને આધિન બનીને ભક્ત હૃદયમાં [illegible] બિરાજે છે

મર્મ—૩—'લોક વૈદિક ત્યાગ શરણ ગોપીશકો'

ત્રીજું મર્મ લૌકિક અને વૈદિક્નો ત્યાગ કરીને પ્રભુને શરણે જવું એજ છે. સર્વધર્માન પરિત્યજ્ય એ શ્રીમુખની આજ્ઞાને અનુસરીને લૌકિકવૈદિક્ને તિલાજંલિ આપીને એટલે તેમાંની નિષ્ઠા—ભાવનાનો ત્યાગ કરીને પ્રભુને શરણે જવું કારણ કે પ્રભુ શ્રીકૃષ્ણ પોતાના શરણમાં રહેનારાઓના ઉદ્ધારક છે, એમ શ્રીમહાપ્રભુજીએ શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહં એ શ્લોકથી શ્રીકૃષ્ણાશ્રયગ્રંથમાં નિરૂપણ કર્યું છે, તેથી સદાનંદ પ્રભુ શરણાગતવત્સલ છે, એટલે જ્યારે જીવ માત્ર પ્રભુનું જ અથવા પ્રભુના શરણમાર્ગનું જ શરણ ગ્રહણ કરે છે, ત્યારે પ્રભુને ચિંતા થાય છે કે આ જીવને શું દાન કરવું ? શરણાગત ભકત તો માત્ર પોતાનું જ શરણ પકડી રહયો છે, તેથી તેને બીજા કોઈ પદાર્થની ઈચ્છા નથી. એમ સ્પષ્ટ જ થાય છે, તેમાં પણ પ્રભુ અપાર કરૂણાના સમુદ્ર છે, તેથી તેને પોતાનું સદાનંદમય, કોટિકંદર્પલાવણ્યમય, અલૌકિક માધુર્યૈકભાજન સ્વરૂપનું દાન કરે છે., એવા પરમ દયાલુ છે. ૭—૮.

મર્મ—૪—'દીનતા'

ચતુર્થ મર્મ દીનતા છે. જ્યારે સર્વ સાધનોથી હું રહિત છું, મેં એવાં એકે સાધન કર્યાં નથી, કે જેને લઈને પ્રભુ મને ફલ દાન કરે, એવી રીતે ચારે તરફથી પોતાની નિ:સાધનતા સ્ફુરે ત્યારે દીનતા પ્રાપ્ત થાય છે. વ્રજરત્નાઓએ પ્રભુના અંતર્ધાન પછી પ્રભુને પ્રાપ્ત કરવાને અનેક પ્રયાસો કર્યા, પ્રભુલીલાનું અનુકરણ કર્યું, પણ જ્યારે એકે પ્રયાસ પ્રભુસ્વરૂપના સંયોગ જેવો આનંદજનક થયો નહિ, ત્યારે નિ:સાધનતાની સ્ફુર્તિ થઈ અને રોદનરૂપ દૈન્ય પ્રાપ્ત થયું ત્યારે પ્રભુ પ્રકટ થયા. જ્યારે જીવને પ્રભુપ્રાપ્તિ માટે આર્તિ પ્રકટ થાય છે. પ્રભુ ન મળ્યાથી જ્યારે તે અત્યંત પીડાય છે, ત્યારે પ્રભુ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે કેમકે આપનું અંત:કરણ અત્યંત કોમલ સુકુમાર છે. ભકતોના દુ:ખોને જ્યારે સહન કરવાનું સામર્થ્ય પ્રભુમાં નથી, કેમકે અત્યંત કોમલ અંત:કરણવાળા છે, તેથી જ્યારે ભકતને આર્તિ થાય છે, ત્યારે પોતે સ્વરૂપાનંદનું દાન કરે છે. કેમકે પોતે અપાર કરૂણાના સિંધુસાગર છે. તેથી એક બિંદુરૂપ કરૂણા ભકત ઉપર કરવાથી કાંઈ ન્યુન થશે નહિ, માટે જ દુ:ખિત ભકતોની

મર્મ—૫—‘ભાવ ઉદ્‌બોધ’

પંચમ મર્મ ભાવોદ્‌બોધ છે, સદાનંદ પ્રભુની નિત્ય નવલ લીલાની નિરંતર હૃદયમાં ભાવના કરવી, આ પાંચમું મર્મ છે. એ લીલાની ભાવના કર્યાથી પ્રભુ પ્રાપ્ત થાય છે, અથવા પ્રસન્ન થાય છે કેમકે પોતે જ તે ભાવરૂપ છે. જ્યારે તે ભાવ હૃદયમાં આવે ત્યારે તે ભાવસ્વરૂપ પણ હૃદયમાં પધારે જ, એમાં આશ્ચર્ય શું ? વળી પ્રભુથી પ્રભુની લીલા પણ જુદી નથી. લીલા પણ સ્વસ્વરૂપ જ છે. એથી પણ એ લીલાની ભાવના કર્યાથી તે લીલાત્મક અને લીલાભાવાત્મક પ્રભુ હૃદયમાં બિરાજે એ અર્થ અત્યંત સુઘટ છે. જ્યારે લીલાના સ્વરૂપનો વિચાર કરીએ છીએ, ત્યારે લીલા પ્રભુના સ્વરૂપથી જુદી પાડી શકાતી નથી. પ્રભુ જુદા અને તેમની લીલા જુદી એવા ભેદભાવને સ્થાન મળતું નથી. જો પ્રભુમાં ભેદ હોય તો તેમની લીલામાં પણ ભેદ હોય, તેમ તો બની શકે જ નહિ કે પભુ પણ જુદા જુદા હોય, પ્રભુ તો એક જ છે, પણ તેમના ધર્મો ઘણા છે. તે ધર્મો પણ ભગવત્સ્વરૂપથી જુદા નથી, પણ પ્રભુ રૂપ જ છે. પોતાના સર્વધર્મરૂપ પણ પ્રભુ જ હોવાથી જુદાજુદા ધર્મોને લઈને પ્રભુસ્વરૂપમાં ભેદની કલ્પના કરવી યોગ્ય નથી.સ્વસર્વધર્મરૂપ પ્રભુજ જ હોવાથી તેમાં ભેદ ગણવો એ ઠીક નથી, પરંતુ પ્રભુ પોતાનાં જ સ્વરૂપો પ્રકટ કરે છે, તેમાં જે ભેદબુધ્ધિ જણાય છે, જેમ કે આ સ્વરૂપ જુદુ, તે ભેદ, પ્રભુની ઈચ્છાથી જ જણાય છે.તેમાં દ્દષ્ટાંત—જેમ સુર્ય ઉદય પામે તે વખત તેનાં કિરણોમાં અને સુર્યમાં જેમ ભેદબુધ્ધિ લોકોની દ્દષ્ટિમાં થાય છે. સુર્ય જ્યારે ઉગે છે ત્યારે તે જુદો અને તેનાં કિરણો જુદાં એમ લોકની દ્દષ્ટિમાં દેખાય છે. એવી રીતે જ્યારે પ્રભુ પોતાનું સ્વરૂપ અને તે સ્વરૂપથી કરવાની લીલા જ્યારે પ્રકટ કરે છે, ત્યારે પ્રભુના તે લીલારૂપ ધર્મો અને તે લીલાયુક્ત ધર્મસ્વરૂપ એમ ભેદબુધ્ધિ થાય છે. જેમ શ્રીનવનીતપ્રિયજીના પ્રકટસ્વરૂપમાં બાલલીલાની સ્ફુર્તિ મુખ્યતઃ થાય છે અને શ્રીગોકુલેન્દુના સ્વરૂપમાં મુખ્યત્વે રાસલીલાની સ્ફુર્તિ થાય છે. અને તેથી બન્ને સ્વરૂપમાં ભેદભાવ થાય છે. આ બંધુ જ્યારે તે તે સ્વરૂપથી તેવી તેવી ભિન્ન ભિન્ન લીલાઓ પ્રકટ કરેલી હોય, ત્યારે જ તેવી લીલાઓને આધારે તે તે સ્વરૂપમાં ભેદભાવ મનાય છે. લીલાભેદે

સ્વરૂપ અને તેવી લીલા પ્રકટ થાય છે ત્યારે જ જણાય છે. જેમ સુર્ય ઉદય પામે છે ત્યારે જ તેમાં અને તેના કિરણોમાં જુદાપણું ભાસે છે, ઉદય પામેલોનથી હોતો, ત્યારે તો કિરણો અને સુર્ય જુદા છે એવું જ્ઞાન થતું જ નથી, તેવી જ રીત જયારે સદાનંદ પ્રભુ પોતાની સદાનંદમય લીલા અને પોતે જયારે પ્રકટ થાય છે ત્યારે તે લીલા અને તે સ્વ૧પમાં ભેદભાવ ભાસે છે. જયારે પોતે અંતરરમણ કરે છે, ત્યારે તો લીલા સ્વરૂપાત્મક જ જણાય છે એવો નિશ્ચય છે. જયારે લીલા સ્વરૂપની ભીતર રહે છે, ત્યારે તો લીલા સ્વરૂપથી અલગ ભાસતી નથી, તે વખતે લીલા જ સ્વરૂપ છે એમ નિશ્ચય—સિધ્ધાંત થાય છે. શ્રીવેણુગીતની સમાપ્તિમાં શુકદેવજી કહે છે કે શ્રીવૃન્દાવનવિહારી પ્રભુની એવા પ્રકારની લીલાઓનું પરસ્પર વર્ણન કરનારાં વ્રજભકતો તન્મયતાને પ્રાપ્ત થયાં. શ્રીમદાચાર્ય આ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં તન્મયતાને પ્રાપ્ત થયાં એટલે 'ક્રિડારૂપ—લીલારૂપ થઈ ગયાં' જાગ્રવસ્થા કે સ્વપ્રાવસ્થામાં પ્રભુલીલાનું જ દર્શન કરતાં કરતાં, કીડો જેમ ભ્રમરરૂપ થઈ જાય છે, તેમ પ્રભુ લીલારૂપ થઈ ગયાં. એથી જ પ્રભુની લીલા પ્રભુનાં સ્વરૂપથી થોડી પણ ભિન્ન નથી જ. જેમ સુર્યનાં કિરણો સુર્યથી જુદા પડતાં નથી, તેમ માત્ર તે લીલા જયારે બહાર પ્રકટ દષ્ટિગોચર થાય છે, ત્યારે જ તેમાં ભેદ જણાય છે વસ્તુતઃ સ્વરૂપથી તો ભિન્ન નથી જ. દર્શન કરતી વેળાએ ભગવાનનું સ્વરૂપ અને તેથી પ્રકટ થતી અનંત લીલાઓમાં તારતમ્ય જણાય છે, પરંતુ વસ્તુતઃ ભગવાનનું સ્વરૂપ તે જ લીલા અને લીલા તેજ પ્રભુનું સ્વરૂપ એવો સિંધ્ધાત છે. એ હેતુથી જ જો પ્રભુની લીલા હદયમાં સ્થાન મેળવે તો સદાનંદ ભગવાન પણ પ્રસન્ન થઈને હદયમાં પ્રવેશે છે. પૂર્ણપુરૂષોતમની અનેક રસરૂપ લીલાઓમાંની એક પણ લીલાની સ્થિતિ જો હદયમાં થાય તો રસાત્મક નંદકુમાર હ્દયમાં પ્રવેશે છે. કેમકે આપ તે લીલારૂપ છે, એટલે તે લીલાની સ્થિતિ જયારે હદયમાં થાય ત્યારે આપની પણ તેમાં સ્થિતિ થઈ જવી જ જોઈએ, જે લીલાની સ્ફૂર્તિ થઈ જવી જ જોઈએ. જે લીલાની સ્ફૂર્તિ ભકત હદયમાં થઈ હોય તે લીલામાં જેટલાં પોતાનાં સ્વરૂપો હોય, તે સર્વ સ્વરૂપ સાથે લીલાત્મક પ્રભુ ભકતહદયમાં પ્રવેશ કરે છે, એવો નિશ્ચય છે. શ્લોક ૧૧ થી ૧૭.

મર્મ—૬—'(ગુણગાન તે) ઘોષત્રિય ભાવના ઉભય જાને'

છઠ્ઠું મર્મ વ્રજ સુંદરીનો ભાવ છે. તે પણ વિરહી વ્રજસુંદરીનો જે ભાવ તેનું સ્મરણ કરવું એ છઠ્ઠું મર્મ છે. હા નાથ રમણ પ્રેષ્ઠ કાસિ મહાભુજ એમ સતત ઉચ્ચારણ કરતાં વ્રજરત્નાઓનાં નિગુઢભાવનું સ્મરણ કરતાં કરતાં ભાવની પ્રાપ્તિ થશે. હૃદયમાં પ્રભુલીલાની નિરંતર ભાવના પણ વ્રજાંગનાઓના ભાવનું સ્મરણ કર્યાથી જ થશે. એથી જ પ્રભુની પણ સમ્પ્રાપ્ત—સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થશે. વિપ્રયોગથી સંયોગ થશે. આ ફલ પ્રાપ્ત કરવા માટે વ્રજભકતોની વિરહાવસ્થાનું ચિન્તન કરો. પ્રભુની લીલાથી પ્રભુનું સ્વરૂપ જુદુ નથી, જેથી ત્યાં મનનો પ્રવેશ થતો નથી. જ્યારે વ્રજસુંદરીના ભાવમાં કે પ્રભુની લીલામાં મનનો પ્રવેશ થાય છે, ત્યારે તેથી સ્વરૂપનો ભેદ થતો નથી. વ્રજભકતોનાં હૃદયમાં પ્રભુલીલા નિરંતર ઉદભવે છે. લીલાથી સ્વરૂપ ભિન્ન નથી. માટે જ સ્વરૂપમાં મન પ્રવેશ કરતું નથી, પણ લીલામાં પ્રવેશ કરે છે. અને લીલામાં મન પ્રવિષ્ટ થયાથી સ્વરૂપનો ભેદ રહેતો પણ નથી. એટલા માટે જેમનામાં નંદનંદન બિરાજે છે, એવા વ્રજ ભકતોની નિરંતર ભાવના કરવી. ઉપરના શ્લોક ઉપર મનન કરતાં આ આશય પ્રકટ થાય છે, શ્રી હરિરાયચરણ પહેલાં ભગવદલીલાની ભાવના કરવાની આજ્ઞા કરે છે. પછી એમ આજ્ઞા કરે છે કે વ્રજભકતોના ભાવનું સ્મરણ કરવું, તેથી જ લીલાની ભાવના અથવા તો સર્વાત્મભાવ સિદ્ધ થશે. લીલા અને સ્વરૂપ એક જ છે, જેથી મન સ્વરૂપમાં પ્રવેશ ન કરતાં લીલાનું રસિક કાંઈક જલદી થાય છે.. જ્યારે લીલામાં પ્રવેશે છે, ત્યારે લીલાથી સ્વરૂપ ભિન્ન ન હોવાથી સર્વાત્મભાવ પ્રાપ્તિ અને પ્રભુની સમ્યક્ પ્રાપ્ત પણ થાય છે. વ્રજ ભકતો પોતે તો તન્મયતાને—લીલાસ્વરૂપપણાને પ્રાપ્ત થયેલાં છે, તેથી જ પ્રભુનું સ્વરૂપ પણ તેમનાંથી જુદુ નથી. માટે તેમનાં ભાવનું સ્મરણ કરવાથી ભગવત્પ્રાપ્તિ સાથે જ થાય છે. એહેતુથી જેમાં સાક્ષાત પ્રભુ બિરાજે છે, એવાં વ્રજસુંદરીની ભાવના હૃદયમાં કરવી. ૧૮—૧૯—૨૦.

મર્મ—૭—'ગુણગાનતે'

સાતમું મર્મ ગુણગાન છે. એ સર્વ દોષનું નિવારણ કરે છે. સર્વ દોષનાં નિવારણ માટે હરિના ગુણો ગાવા. સર્વ દોષોનું નિવારણ કરવા

માટે બીજું કાંઈપણ સાધન નથી. પ્રભુનાં ગુણગાન સિવાય બધા દોષને દુર કરવા માટેનો બીજો કોઈ પ્રબલ ઉપાય છે જ નહિ. ગુણોનું ગાન કરતાં કરતાં પ્રભુ પ્રસન્ન થાય છે, અને પ્રસન્ન થઈને આપ પોતે સ્વસ્વરૂપ પ્રકટ કરીને સ્વાનંદનું દાન કરે છે. પહેલાં વિરહાવસ્થામાં પ્રભુન સ્મરણથી જે આર્તિથાય છે. તેને ગુણો જ બાળે છે — દુર કરે છે. અથવ તો ગુણો શાંત કરે છે. ભગવાન પોતે આનન્દમય છે. એમની લીલ આનંદમય છે, અને ગુણો, ધર્મો પણ આનંદમય જ છે. તો તે ગુણો ગાન કરવાથી તે ગુણોનું સ્વરૂપ જાણવાથી આનંદ પ્રાપ્ત થાય તેમાં કાં આશ્ચર્ય નથી. ૨૧—૨૨—૨૩.

મર્મ—૮—'કૃષ્ણનામ સ્ફુરે'

આઠમું મર્મ શ્રીહરિનાં નામનાં માહાત્મયની સ્ફૂર્તિ થવી એ છે અજામિલાદિ મહાદુષ્ટોનો ઘોર પાતકપંથમાંથી ઉદ્ધાર કરનાર ભગવા જ છે એવી નામની મહતા સર્વાશેં સ્ફૂરે. નામસિવાયનાં બીજાં સાધનોમ અલ્પ બુધ્ધિ થાય. નામ જેવા ચિંતામણિ પાસે બીજાં સાધનો તુચ્છ ભા નામ પણ ભગવદરૂપ જ છે. પ્રભુ નામ અને રૂપ, એમ બન્ને સ્વરૂપે પ્રક છે, નામ પણ સ્વરૂપાત્મક હોવાથી તેની મહતા પ્રભુસ્વરૂપથી ન્યુન હો નહિ.૨૪.

મર્મ—૯—'પલ ન આજ્ઞા ટરે'

નવમું મર્મ ભગવદકાવ્યમાત્રમાં નિષ્ઠા એ છે. કોઈ પણ પ્રકાર વિચાર કર્યા વિના પ્રભુની જે કાંઈ આજ્ઞા થાય તેમાં તત્પર થવું. ગમે તે વિપરીતતાજણાતી હોય તો પણ 'પ્રભુ જે કરે છે તે મારાં સારાં માટે જ છે,એવા દૃઢ વિશ્વાસથી તેમની આજ્ઞાને અનુસરવા માત્રથી સાધનો બની શકે, અથવા તો કાંઈ વિપરિત બની જાય, નહિ તો કાંઈ કરી-શક જ નહિ, અને માત્ર સદા મૌન સ્થિતિ જ થાય તો પણ ભગવાન પોતે જનને કૃતાર્થ કરે છે.સ્વામીની આજ્ઞાનું સર્વાશે અવલંબન કરવું એ સેવક મુખ્ય ધર્મ છે. એ મુખ્ય ધર્મને પકડી રાખતાં કદાચિત બીજા ગૌણ ધર્મ તિલાંજલિ આપવી પડે તો તેથી કાંઈ ફલહાનિ થવાની નથી. સાધન બને, વિપરિત ઉલટું જ કાર્ય થઈ જાય, અથવા તો સારૂં નડતું કાંઈ ન કરી શકાય તો પણ ભગવાન તો નિશ્ચય કૃતાર્થ કરવાના જ, એમાં

પણ સંશય નથી. દષ્ટાંત તરીકે ૮૪ વૈષ્ણવની વાર્તામાં વાંચો શ્રીકૃષ્ણદાસ મેઘનની વાર્તા. માત્ર શ્રીવલ્લભાધીશ્વરની આજ્ઞા માત્રને આધિન થઈને ૩ દિવસ સુધિ એક જ ઠેકાણે એમને એમ ઉભા રહયા હતા ! ૨૫.

મર્મ—૧૦—'કૃતિ વચન વિશ્વાસ મન ચિત આને'

ભગવદીય જાન સત્સંગ કો અનુસરે,
ના દેખે દોષ અરુ સત્ય ભાસે,
પુષ્ટિપથમર્મ દશ ધર્મ યહ બિધ કહે ।
સદા ચિતમેં શ્રીદ્વારિકેશ રાખે ।।

દશમું મર્મ વિશ્વાસ છે. અખિલના અંતર્યામી આત્મા એવા ભગવાનમાં અખંડ વિશ્વાસ રાખવો એ દશમ મર્મ છે. જેવો વિશ્વાસ તેવા પ્રકટ ભગવદસ્વરૂપમાં છે, તેવો જ વિશ્વાસ તે સ્વરૂપના સંબંધીઓમાં પણ રાખવો. અથવા તે પ્રભુએ જ તેવું રૂપ ધર્યુ છે, માટે ભગવદીયોમાં તેવો જ વિશ્વાસ રાખવો. અથવા તો તેવું લૌકિક રૂપ જોવામાં આવે તો પણ ભગવદીયોમાં ભગવતુલ્ય વિશ્વાસ રાખવો. જે સ્થલે જેવા કૃષ્ણ કહયા છે તે સ્થલે તેવા જ ભગવદીયો છે. અથવા તો જે સ્થલે જેવા ભકતો તે સ્થલે તેવા જ ભગવદીયો છે. અથવા તો જે સ્થલે જેવા ભકતો કહયા છે તે સ્થલે શ્રીકૃષ્ણ જ તેવા થયા છે એમ સમજવું. જો ભગવદીયો જુદી રીતે જણાતાં હોય તો પણ તેઓ ભગવદીય હોવાથી ભગવત્સદશ જાણવા. કોઈ ભકતમાં ભકત તરીકેનાં જે લક્ષણો હોવા જોઈએ તે આપણાથી જોઈ શકાય અને બીજાં કેટલાક વિપરીત લક્ષણો જોવામાં આવે તો પણ તેમને સ્વામીનો સંબંધ થયેલો હોવાથી સ્વરૂપાત્મક જ સમજવા. કૃપાપરાયણ સદાનંદ નંદનંદન પોતાના નિજજનો માટે જે કાંઈ કરે છે સારૂં જ કરે છે એમ માનવું. જેમ માબાપનાં દરેક કાર્યો પુત્રનાં હિતને માટે જ હોય છે અને માબાપનાં દરેક કાર્યો પોતાના જ હિતને અર્થે છે એમ માનવાની પુત્રની પણ ફરજછે તેમ જીવોએ એમ માનવું કે પ્રભુનો સંબંધ ધરાવનાર મહાનુભવી ભગવદીયો જે કાંઈ કરે છે તે સારૂં જ કરે છે. માટે સર્વથી પહેલાં ભગવદીયોમાં વિશ્વાસ રાખવો. તેમના દોષ ન જોવા. એમનાં દરેક કાર્યોમાં ઉતમતા જોવી. એમ કર્યાથી જ નવમ, અષ્ટમ

વગેરે મર્મો સિધ્ધ થશે.

આ સ્થલે એટલું રહસ્ય સમજવાનું કે મર્મની ગણનાનો જે ક્રમ શ્રીહરિરાયપ્રભુએ બતાવ્યો છે, તે ચડતો ઉતરતો છે. અર્થાત પહેલું મર્મ સર્વથી શ્રેષ્ઠ અને કલાત્મક છે અને જ્યારે બીજું મર્મ સિધ્ધ થાય ત્યારે જ તે પણ સિધ્ધ થાય. બીજું મર્મ ત્રીજું સિધ્ધ થયા પછી, ત્રીજું ચોથા પછી, એમ ઉતરોતર કાર્યકારણભાવ છે. એ ઉપરથી પહેલું મર્મ પહેલાં સિધ્ધ થાય અને બીજું તે પછી અને ત્રીજું તેથી અનંતર, એમ ક્રમ ન લેતાં, પહેલું દશમું મર્મ વિશ્વાસ—અને ભગવદીયોમાં ભગવદબુધ્ધિ અને પછી અનુક્રમે નવમું, આઠમું, સાતમું, વગેરે સિધ્ધ થાય એમ અવધારવું.,

શ્રીહરિરાયચરણ ગ્રંથનો ઉપસંહાર કરતાં ફલશ્રુતિ વર્ણવે છે. આ દશ મર્મને જે જે જન સર્વાંશે સમજે છે, તે શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભકિતમાર્ગમાં મહાબુધ્ધિમાન થાય છે. ભકિતમાર્ગમાં તેની બુધ્ધિ સારી પેઠે પ્રવર્તે છે અને તેને માર્ગના ઈશ્વર—માલિક શ્રીકૃષ્ણ તત્કાલ વશ થાય છે. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવકો અંત્યત વિચક્ષણ હોય છે, તેઓએ આ દશ મર્મોને સમજીને, અનુભવીને, ભકિતમાર્ગમાં સ્થિતિ કરવી. ૨૭ થી ૩૨.

—: સમાપ્ત :—

—: બહિર્મુખપણુ એટલે શું ? :—

ભાવાર્થ :— ધનમાં અને ઘરમાં જ્યારે સેવકો આશકત થઈ જાય, લાભ અને પુજાવવા માટેના પ્રયત્નો કરે ત્યારે શ્રીહરિ કોપે છે. સેવકોની મુખ્ય ફરજ એ છે કે, પોતાના સ્વામીને રીઝવવા દરેક પ્રયત્ન કરવો. તેની આજ્ઞામાં જ તત્પર રહેવું. તેની ઈચ્છાને સદા અનુકુલ બનવું. એવી જ રીતે જીવો પણ પ્રભુના સેવકો છે. તેઓનું મુખ્ય કર્તવ્ય પ્રભુની સેવા છે. સેવામાં લેશ પણ ન્યુનતા ન આવે, તેમ જ જે પ્રભુની સેવાનો અધિકાર પોતાને પ્રાપ્ત થયેલો છે, તે પ્રભુ કોટિબ્રહ્માંડનાયક, પરાત્પર, પુરૂષોતમ શ્રીકૃષ્ણ છે, તેનો ખ્યાલ નિરંતર મનમાં રહેવો જોઈએ. જ્યારે સર્વ દુઃખહર્તા પ્રભુને પોતાનું જે કાંઈ કહેવાતું તે સર્વ

સમર્પી દીધું, અને દાસ્યધર્મનો સ્વીકાર કર્યો, ત્યારે તેનો પોતાના સ્વામીને દરેક રીતે પ્રસન્ન કર્યા સિવાય બીજો ધર્મ શું હોઈ શકે ? વાસ્તવિક સ્થિતિ એવી જ છે, છંતાં જો સેવકો ધનમાં–ધન એકઠું કરવામાં, કે ઘરબાર, પુત્રપરિવારમાં આસકિતવાળા બની જાય, પોતાના દાસ્યધર્મને તિલાંજલી આપી દે, પ્રભુની મહતા વિસ્મરી જાય, સ્વકર્તવ્યને સ્વાર્થવેદી ઉપર હોમી દે તો પ્રભુ તેના ઉપર કોપે તેમાં આશ્રર્ય શું ? જીવ–સેવક સ્વતઃ અનેક દોષોથી દુષ્ટ છે, પ્રભુએ તેના દોષોનો વિચાર ન કરતાં તેને પોતાનો સેવક બનાવ્યો, તેને ઉચ્ચ અધિકાર આપ્યો, પરંતુ પ્રભુની તે દયાલુતા અને પોતાની પહેલાંની સ્થિતિ વગેરે બધું ભુલી જઈને પોતાના લાભનો અને પોતે પૂજાવવાનો પ્રયાસ કરે તો પ્રભુ એના ઉપર કોપ કરે તો તે કાંઈ આશ્રર્યકારક ગણાય નહિ. શ્રી હરિરાયપ્રભુ આજ્ઞા કરે છે કે, જીવ જયારે પ્રભુ તરફ એવી રીતે બેવફા–નિમકહરામ–બને છે ત્યારે પ્રભુ તેના ઉપર કોપાયમાન થાય છે. ૧.

ભકિતમાર્ગનો પરિત્યાગ કરીને માત્ર જનનેન્દ્રિય અને ઉદરની તૃપ્તિ માટેના જ ઉધમને આદરનારા આસુરાવેશી દાસો બને છે, ત્યારે શ્રીહરિ ઉદાસીન થાય છે. જયારે દાસો–સેવકો પ્રથમ શ્લોકમાં વર્ણવેલી કક્ષાથી પણ હીન કક્ષામાં જાય છે, ત્યારે તો પ્રભુ તે તરફ જોતાં જ નથી. જયારે ભકિતમાર્ગમાં પણ રહે નહિ, તેનો સર્વાંશે ત્યાગ કરે, માત્ર આહારનિદ્રામયમૈથુનં ચ એ ઉકિત પ્રમાણે માત્ર પશુવૃતિને જ પોષે ત્યારે તો પ્રભુ તેના ઉપર કોપ કરીને તેને ઠેકાણે લાવવાનું પણ કાર્ય કરતાં નથી . તેનાથી તદન બેદરકાર રહે તે સેવક જેવી રીતે વર્તવા ઈચ્છતો હોય તો તે પ્રમાણે તેને વર્તવા દે છે, કેમકે તેણે માર્ગની મર્યાદા મુદ્‌લે જાળવી નહિ, બલ્કે તેનો ત્યાગ કર્યો અને આસુરના સંગમાં અભિરુચિ થવાથી તેને આસુરાવેશ થયો. તેવા તદન વંઠી ગયેલા નોકરની તરફ ઉદાસીનવૃતિ વિના બીજું પ્રભુ શું કરે ? ૨.

જયારે અહંકારથી મહાન પુરૂષોનો અપરાધ કરે છે, તે પણ પોતાના થઈને, ત્યારે સ્વજનવત્સલ પ્રભુ કોપે છે. પ્રભુનાં દાસ્ય જેવો ઉતમ પદાર્થ યોગ્યતાના અભાવે મલી ગયો અને પછીથી થયો અહંકાર અને તેમાં આંધળા બનીને મહાન ભગવદીયોને પણ ગણ્યા નહિ, તો શું પ્રભુ તેના

ઉપર રાજી રહેશે ? કદાપિ નહિ. પ્રભુનો અપરાધ તો કોઈ ઉપાયે નિવૃત થઈ શકે છે., પરંતુ મહાનુભાવીનો અપરાધ કદાપિ નિવૃત થતો નથી. મર્યાદામાર્ગમાં પણ નલકુબારાદિકે સ્વાધિકારના ગર્વથી નારદાદિકનું કરેલું અપમાન અને તેનું પરિણામ પુરાણોમાં પ્રસિધ્ધ છે. તેવી જ રીતે ભક્તિમાર્ગમાં પણ ભગવદીયોનો અપરાધ મહાભંયકર ગણવામાં આવ્યો છે., તે અપરાધ કરનાર ઉપર પ્રભુ કોપે છે. પોતાના જ દાસ થઈને પોતે જ જેમને અનુગ્રહમાર્ગમાં ઉચ્ચ અવસ્થામાં સ્થાપિત કર્યા છે, એવા મહાન ભકતોનું અપમાન કરે તો પોતાના જન જેને અત્યંત પ્રિય છે એવા પ્રભુ ગુસ્સે થયા વિના રહેતા નથી, એક તો એ દાસ પણ પોતાનો છે, અને માટે જ તે પ્રિય હોવો જોઈએ, અને મહાનુભવી ભગવદીયો પણ સ્વદાસ હોવાથી પ્રિય છે, તેથી બન્નેનાં શ્રેયની ક્ષતિ ન થાય માટે પ્રભુ સ્વકોપથી દાસને અપરાધની શિક્ષા દે છે. ૩.

જ્યારે મોટા કુલમાં પ્રકટ થયેલા પણ પોતાના કુલને યોગ્ય ગતિ ત્યજી દે છે, ત્યારે તે કુલના સ્વામી ક્રોધ કરે છે, એમાં કાંઈ પણ સંશય નથી. જ્યારે પ્રભુએ જે કુલનો ઉતમોતમ અધિકાર સ્થાપન કર્યો, અને તે કુલમાં પ્રકટ થઈને પછી જો તે કુલના મહાન દરજ્જાને ન છાજતી વર્તણુક ચલાવે તો તે તે કુલનું સર્વસ્વ—તેના નાથ તે કુલમાં પ્રકટ થયેલા ઉપર કોપે તેમાં સંશય શો ? ૪.

બધાં ઠેકાણાં શોધી વળો. કોઈપણ સ્થળે સન્માર્ગની ઝાંખી પણ હવે થવી મુશ્કેલ છે. કલિના દોષમય વાતાવરણથી આવૃત થયેલા હૃદયોથી વ્યાપી રહેલા સ્થળોમાં સારા ઉતમ માર્ગની સ્થિતિ કેમ હોઈ શકે ? જ્યારે તેવા માર્ગનાં દર્શન દુર્લભ થઈ ગયાં, તો પછી તે માર્ગના પ્રકાશક શ્રીમદાચાર્યચરણના ચરણારવિંદમાં નિષ્ઠા—ભાવ ભક્તિ ક્યાંથી ? તેના વિના પ્રભુને પ્રસન્ન કરવાનું એક જ સાધન, તે દૈન્ય, ક્યાંથી આવવાનું ? શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છે કે, આ સમયમાં તો નથી સન્માર્ગની મર્યાદા, કે નથી શ્રીમદાચાર્યચરણમાં નિષ્ઠા કે નથી દીનતા. ૫.

શ્રીમદાચાર્યચરણે જે જે હિતાર્થ વચનો આજ્ઞા કરેલાં છે, તેમા તત્પરતા, તેમ જ તેવું પરમ વૈરાગ્ય, પણ નથી રહયું. પ્રભુનાં, ગુરૂનાં ભગવદીયોના મુખથી પ્રકટ થયેલાં વાક્યોને લેશ પણ સંશયયુક્ત થય વિના અનુસરવું, તે પ્રમાણે જ ચાલવામાં તત્પર થવું એવો પરમ દાસધ

ક્યે ઠેકાણે અસ્તિસ્વ ધરાવે છે? પ્રભુથી પૃથક પદાર્થોમાં રહેલી આસક્તિનો સંપૂર્ણ ત્યાગ કરવો, પ્રભુસેવામાં જ પ્રવણ થવું, એવું વૈરાગ્ય ક્યા હદયને શોભાવે છે ? દાસનો ધર્મ છે કે, સ્વામીની ઈચ્છાથી જે કાંઈ મળે તેમાં સંતોષ માની લેવો, પરંતુ તેવો સંતોષ કયા દાસોમાં દીઠો છે ? કોઈ સ્થળે નહિ. જયારે કાંઈ નથી છંતા પણ કહો છો કે પ્રભુપ્રસન્ન થતા નથી, પ્રભુ રાજી રહેતા નથી, તો એ સદાનંદઘન પ્રભુ કેમ પ્રસન્ન થાય ? એ પ્રસન્ન થાય તેવું શું છે. ? કાંઈ નથી માંગતા દ્રવ્ય કે નથી માગતા સાધનો માત્ર એટલું જ ઈચ્છે છે કે તમે દાસત્વધર્મનું પરિપાલન કરતા રહો. તેટલું પણ જયારે થતું નથી ત્યારે શ્રીકૃષ્ણ કેમ પ્રસન્ન થશે ? ૯.

-: બહિર્મુખ્તા કેમ ટળે ? :-

ભાવાર્થ :— બહિર્મુખ કેવી રીતે થવાય છે, એનો ખ્યાલ આપીને હવે બહુર્મુખતાથી બચવાનો માર્ગ શ્રીહરિરાયચરણ બતાવે છે. બહુમુર્ખતાથી બચવું હોય, દાસ્યધર્મને સહજ પણ આંચ આવવા દીધા સિવાય પ્રભુને પ્રસન્ન કરવા હોય તો આપણાં આચાર્ય ચરણકમલને હદયમાં સ્થાપો. આપણા ગમે તેવા દોષકોષનું દહન કરીને પ્રભુની સાથે મજબુત ગાંઠ—સંબંધ—બાંધી દેનાર આપણા ગુરૂ શ્રીમહાપ્રભુજીના ચરણકમલને હદયમાં પધરાવો. અને તે કાર્ય જો થઈ ગયું, તો પછી બીજું કાંઈ કરવાનું રહેતું નથી. જે તદીય છે, તેને તો શ્રીમદાચાર્યચરણના દઢ આશ્રયથી સર્વ સિધ્ધ થાય છે. બીજાં કાંઈ સાધનો તેને કરવાં પડતાં નથી. કવિવર દયારામભાઈ કહે છે કે : શ્રીમહાપ્રભુનો ભગ્ર ભરોસો, એ જ અન્યાશ્રય. એટલા માટે શ્રીમહાપ્રભુમાં જ દઢ વિશ્વાસ રાખવો એ તદીયનો મુખ્ય ધર્મ છે. ૧.

સંગ કરવો હોય તો સત્પુરૂષોનો જ કરવો. સંગ પણસત્પુરૂષોનો જ થાય એવી પ્રાર્થના કરવી. કેમકે સત્પુરૂષો સંગદોષને હરનારા છે. અસત્પુરૂષોનો સમાગમ કદાપિ ન કરવો. સત્પુરૂષોના સંગથી પ્રભુમાં બુધ્ધિ થાય છે. દુષ્ટ પુરૂષોના સંગથી ગૃહાદિમાં આસક્તિ થાય છે. વસ્તુતઃ તો શ્રીમદાચાર્યચરણમાં રતિ રાખવી એ જ મુખ્ય કર્તવ્ય છે, છંતા તે કાલબતથી સુન થાય તો શ્રીમદાચાર્યચરણની આજ્ઞા પ્રમાણે તાદશ ભગદીયો સાથે

ભગવદીયોના સંગથી એ ભગવદીયોના પરમ પ્રેષ્ઠ પ્રભુમાં પ્રેમ થાય છે, ભીજાયેલા હોય તે જ ભીજવે છે. રંગાયેલા હૃદયમનો જ રંગ અન્ય અરકત હૃદયને રંગે છે, પ્રભુ પ્રેમ સુંગધવાળાના જ સંગથી હરિરતિરૂપ સુંગધનો પાસ લાગે, ખલ પુરૂષોનો, આસુરાવેશીનો સંગ કરવાથી તેવી બુધ્ધિ થાય છે. તેઓ માત્ર શિશ્નોદરપરાયણ હોવાથી તેમનો સમાગમ તે કેવો ફલદરૂપ (?) નિવડે ? એ જ કે આપણે પણ તેવા જ પ્રપંચાસકત બની જઈએ. ૨.

અસત પુરૂષો વિજાતિય છે. તેનો આશ્રય ભલાભલા સત્પુરૂષોને પણ ડોલાવી દે છે તો સાધારણોનો હિસાબ શો ? સત્પુરૂષો નિજ—પ્રભુમાં પ્રીતી ધરાવનારા છે, તો પણ તેઓ જો વિજાતીય—જુદી જાતના ખલ પુરૂષોના સમાગમમાં આવી જાય તો અવશ્ય તેઓ પ્રભુપ્રેમથી, પ્રભુસેવાથી ઉદાસીન બની જાય. સિંહના સહવાસથી વિખુટું પડેલું સિંહનું બચ્ચુ શિયાળના ટોળામાં ભળીને જેમ પોતાનું સ્વરૂપ ભુલી જાય છે. તેમ સારા સમાગમનો પાસ જલદી બેસતો નથી, પરંતુ ખરાબ દુઃસંગની અસર તો મોટામોટાઓને પણ જલદીથી થઈ જાય છે, માટે તેથી સાવધાન રહેવું. હવે વિજાતી પણ એનો ખુલાસો આપે છે કે વિજાતી એટલે બીજા ધર્મને માનવાવાળા અને સજાતિ એટલે આપણા ધર્મને અનુસરનારાઉ.

સ્વમાર્ગનો—શ્રીમહાપ્રભુએ દૈવસૃષ્ટિ ઉપર પરમ અનુગ્રહ કરીને પ્રકટ કરેલા માર્ગનોમુખ્યધર્મ પ્રભુસેવા જ છે. તે પણ નિરંતર ર્ક્યા કરવી. શરૂઆતમાં તનુજા અને વિતજા સેવા, દ્રવ્યથી અને દેહથી નિરંતર કરવી. એ સેવા જ પરમ ફલરૂપ છે, એમ માનવું. દઢ નિશ્રય રાખવો કે, અ સેવા સિવાય બીજું કાંઈ ઉતમ ફલ છે જ નહિ, મોક્ષાદિક પણ તુચ્છ છે. એ સેવા કરતી સ્થિતિમાં જે અમંદ આનંદ પ્રાપ્ત થાય છે, તેવો અન્યત્ર નથી, માટે તે જ સ્થિતિમાં રહેવું એ જ પરમ ફલરૂપ છે. તે સેવા મન વગેરેથી કરવી. માનસિક સેવા કરવી. મન વગેરે સર્વઈન્દ્રિયગણ અને દેહ વગેરે પરિકર સેવોપયોગી બનાવવો. પ્રભુની સેવા વિના તેનો બીજે ઠેકાણે વિનિયોગ ન થાય તેની ખાસ સંભાળ રાખવી. તનુજા વિતજ સેવા કરતાં કરતાં માનસી સેવા જે પરમ ફલરૂપ છે, તે સિધ્ધ થાય છે પહેલી બન્ને સેવા વેળાએ સેવાપયોગી પદાર્થોનાં સ્વરૂપનો સાક્ષા અનુભવ નથી થતો. માનસી સેવા સિધ્ધ થતાં દષ્ટિ બદસાઈ જાય છે પ્રભુને પધારવાના સિંહાસનમાં કે ગાદીમાં ભૌતિક પદાર્થો

દષ્ટિગોચર થતા નથી, પરંતુ તે સ્થલે સાક્ષાત શ્રીયશોદાજીના ઉત્સંગનાં દર્શન થાય છે. એવી રીતે સર્વત્ર સમજી લેવું. આવા અલૌકિક અનુભવથી અધિક ફલ શું હોઈ શકે ? ૪.

શ્રી મહાપ્રભુજીની આજ્ઞાઅનુસાર ભગવદીયોની સાથે સદા સર્વદા નિવેદનનું અનુસંધાન કરવું. એ આજ્ઞા આપે નવરત્ન ગ્રંથમાં કરી છે. એવા કોઈ વિરલ ભગવદીયોનો સુભાગ્યે કરીને સમાગમ થઈ જાય તો તેમની સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું. પોતાનું કહેવાતું સર્વસ્વ તુલસીપત્ર લઈને, શ્રીમદાગ્રસ્વરૂપના જ કૃપાબલથી પ્રભુને અર્પણ કરેલું છે, અને તેનો વિનિયોગ પ્રભુમાં જ થવો જોઈએ, તેમ જ સ્વામી. સેવકનો બંધાયેલો નાતો સદાનભે તેમ વર્તવુ જોઈએ વગેરે અનુંસંધાન નિવેદિતાત્મા ભગવદીયોના સમાગમથી જ રહે છે, માટે તેવાઓ સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું. તેમ કરવાથી તે જ ક્ષણે, તે જ પળે સાક્ષાત્ શ્રીકૃષ્ણ હૃદયમાં બિરાજે છે. ૫.

વળી બહિર્મુખતા ટાળવા માટે એવા જ ભગવત્સેવાપરાયણ ભગવદીયોનાજ મુખારવિંદથી શ્રીમદ્ ભાગવતનો ભાવાર્થ શ્રવણ કરવો. દશલીલાવિશિષ્ટ પ્રભુના નિત્ય નૂતન લીલારસનો અનુભવ તેવા ભગવદીયોના હૃદયમાં પ્રકટ થયેલી વાણીથી જ થાય છે. ભગવલ્લીનો સાક્ષાત્કાર કરીને ગાયેલાં અષ્ટસખાદિ મહાનુભવીઓના રસમય પદોનું કીર્તન કરવું. અને અહર્નિશ સ્મરણ કરવું. બહિર્મુખતાની નિવૃતિ એથી જ થાય છે. આ સિવાય બહિર્મુખતાથી બચવાનો બીજો ઉપાય એકે નથી. ૬.

-: મનન અથવા સાર :-

શ્રીહરિરાય વચનામૃતમાળાના છપાયેલા ૪ ગ્રંથોનો સાર અહી આપવો ઉચિત ધાર્યો છે, જેથી વાચકો આ ૪ ગ્રંથોનું મનન કરી શકે.

પહેલો ગ્રંથ ''સ્વમાર્ગીયશરણ સમર્પણ સેવાદિનિરૂપણ'' છે. આ ગ્રંથમાં સંપ્રદાયના સર્વ સિધ્ધાંતોનો સાર ભરી દિધો છે. આ ગ્રંથ પુષ્ટિમાર્ગીય મનુષ્યમાત્રને ઉપયોગી છે. પુષ્ટિમાર્ગમાં અગીકાર થયા પછી એક વૈષ્ણવનું જીવન કેવું હોવું જોઈએ અને સ્વમાર્ગ ના સિધ્ધાંતોનું

સ્વરૂપ સુક્ષ્મ અને સરલ રીતે કેમ સમજાય એ જિજ્ઞાસા માટે આ ગ્રંથ બસ છે. હવે આપણે તેમનાં સિધ્ધાંતરત્નોનો પ્રકાશ અનુભવીશું.

સિધ્ધાંતસાર :— પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ થવા માટે પહેલાં અષ્ટાક્ષરમંત્ર શ્રીગુરૂદેવ પાસે ગ્રહણ કરવો ઘટે. તે પછી બ્રહ્મસંબંધ મંત્ર લઈને શ્રીગુરૂદેવદ્વારા પ્રભુને સર્વ સર્મપણ કરવું. નામનિવેદન થયા બાદ પ્રભુની સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ અધિકાર મલ્યા પછી તો પોતાના ગૃહ, તન, મન, ધનનો વિનિયોગ સેવામાં જ થાય, બીજે નહિ. એવી રીતે શરૂઆતમાં શરીરથી અને ધનથી પ્રભુની સેવા કરતાં કરતાં માનસી સેવા સિધ્ધ થાય છે. માનસી સેવા ફલરૂપ છે. માનસી સેવારૂપ ફલ પણ જેવો અધિકાર હોય તેવું જુદું જુદું મળે છે. આખા પુષ્ટિમાર્ગનાં સિધ્ધાંતોનો આ સુક્ષ્મ સંગ્રહ છે.

શરણ ગમન :— પુષ્ટિમાર્ગની મયાર્દાને અનુસરીને જીવોએ શ્રી મહાપ્રભુના વંશમાં પ્રકટ થયેલા શ્રીગોસ્વામિબાલકને જ શરણે જવું જોઈએ. શરણે ગયા પછી પ્રભુ શ્રીકૃષ્ણ મારા નાથ છે અને હું તેમનો દાસ છું એવી ભાવના દઢ કરીને પોતાના પ્રભુની સેવા કરવી. વળી નિત્ય નૈમિતિક વૈદિક ધર્મોનું પાલન કરવું. મુખ્ય સેવા, પછી વૈદિક અને લૌકિક બીજા માર્ગો, પ્રભુ ન બિરાજતા હોય તેવો દેશ, તીર્થ, અહંતામમતા વૈદિક, તાંત્રિક, માંત્રિક, કર્મ એનો આશ્રય કરવો નહિ. પોતાના પ્રભુ છોડીને એ ઉપાયોથી પોતાનું શ્રેય થશે એ માનવું નહિ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થરૂપ પ્રભુ જ છે એમ નિશ્ચય કરવો એટલે ચાર પુરૂષાર્થો માટે બીજા ઉપાયો અજમાવવાની જરૂર નહિજ જણાય વળી હાલમાં છ સાધનો પણ શુધ્ધ રહયાં નથી, તેથી એ સાધનો—દેશ, કાલ, દ્રવ્ય કર્તા, મંત્ર, કર્મ પોતાના પ્રભુમાં જ છે એ ચોકકસપણે સમજી લેવું. પ્રભુને શરણે ગયા પછી પવિત્ર થવાની ઈચ્છાથ પ્રાયશ્ચિત વગેરે કર્મને પણ વળગાય નહિ. પ્રભુ વિના બીજા કોઈ ન આશ્રય પણ ન થાય. પોતાના સુખદુઃખ વિષે કે બીજી કોઈ પણ બાબતમ પ્રભુને પણ પ્રાર્થના કરવી નહિ અને બીજાને પણ પ્રાર્થના ન જ થ શકે. પ્રભુ નિજ ઈચ્છાથી સર્વ કાંઈ કરશે તે રૂડું જ કરશે એવો વિશ્વા

રાખવી નહિ. જેમ તેમ તે સાધિ લેવાં. લોભ કરવો નહિ. સંતોષ રાખવો. ધનનો વિનિયોગ પ્રભુસેવામાં કરવો. ઉતમ પદાર્થો જ પ્રભુની સેવામાં યોજવા. વિવેક, ધૈર્ય અને આશ્રયની ભાવના કરવી. આ બધા ધર્મો શરણે ગયેલા જીવોના છે તે જાણીને શરણે જવું અને તે પ્રમાણે વર્તવું. શ્રીવલ્લભાધિશ્વરનો આશ્રય કરવો, શરણના ધર્મો જાણીને શ્રીકૃષ્ણાશ્રય પણ સિધ્ધ કરવો.

બ્રહ્મસંબંધ :— ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીકૃષ્ણનો આશ્રય સિધ્ધ થયા પછી અહંતામમતાનો ત્યાગ કરીને પ્રભુને બધું સમર્પવું, આજ બ્રહ્મસંબંધ કહેવાય. બ્રહ્મસંબંધ એક સંસ્કાર છે. ગાયત્રીમંત્રનો સંસ્કાર થયા પછી જેમ બ્રાહ્મણ બાલક વેદનો અધિકારી બને છે. તેમ બ્રહ્મસંબંધ સંસ્કાર થયા પછી પ્રભુની સેવાનો અધિકાર મળે છે. આ સંસ્કારથી જીવ નિર્દોષ બને છે અને નિર્દોષ પ્રભુનો તેનો સંબંધ દઢ થાય છે. આ સંસ્કાર પછી પ્રભુને સમર્પેલી વસ્તુ જ ઉપયોગમાં લઈ શકાય. જો તેમ ન કરે તો ભાવનાનો નાશ થાય; દુષ્ટ બને. માટે જે કંઈ લૌકિક વૈદિક કરે તે પ્રભુને સમર્પેલી વસ્તુથી જ કરે. પોતાના ઉપયોગમાં લીધેલી વસ્તુ પ્રભુને અર્પણ કરવી નહિ. આ વિશેની સૂક્ષ્મ સમજણ વિસ્તારપૂર્વક આ ગ્રંથમાં આપી છે. બ્રહ્મસંબંધની ભાવના અસમર્પિતના ત્યાગથી દઢ થાય અને તેથી જ નિર્દોષપણું પણ જળવાય. ત્યારબાદ કંઈપણ ચિંતા તો જીવે કરવી નહિ. પ્રભુની લીલાનો અનુભવ કરીને સાક્ષીની પેઠે રહેવું.

સેવા કેમ કરવી ? :— પુષ્ટિમાર્ગીય સેવાનો પ્રકાર પણ આ ગ્રંથમાં સૂક્ષ્મ રીતે જણાવ્યો છે. પ્રભુની સુંદર મૂર્તિની સેવા આ સંપ્રદાયમાં છે. આ મૂર્તિમાં પ્રભુનો આવેશ થાય છે એમ સમજવાનું નથી; પણ એ મૂર્તિસ્વરૂપે પ્રભુ જ આપણો ઉધ્ધાર કરવા આપણે ત્યાં પ્રકટ થયા છે એવી ભાવના કરવાની છે. આપણે ત્યાં મૂર્તિ એ શબ્દ જ નથી, પણ સ્વરૂપ એવો શબ્દ છે. પૂજામાર્ગ જુદો છે. તેમાં મૂર્તિમાં મંત્રનાં બલથી દેવ આવે છે અને પછી તેમને વિદાય પણ કરી દેવાય છે. પૂજા માર્ગની પૂજા અને ભકિતમાર્ગની સેવામાં ઘણું જ અંતર છે. પ્રભુની સેવા બે રીતે થાય; એક તો બધાનો ત્યાગ કરીને અને બીજી ગૃહસ્થાશ્રમમાં રહીને. જો

કરીને પણ મન પ્રભુમાં જ જોડવાનું જ છે. જે કંઈ મળે તેનો વિનિયોગ પ્રભુસેવામાં કરવાનો છે. સેવાનો સૂક્ષ્મ પ્રકાર પૂજાના પ્રકારમાં મેળવીને આ ગ્રંથમાં લખ્યો છે. પછી તેમાં ભેદ જણાવ્યો છે. પૂજામાર્ગમાં મુખ્ય મંત્રબળ છે અને સેવામાર્ગમાં મુખ્ય સ્નેહબળ છે. સ્નેહ મુખ્ય થતાં ચોકકસ પૂજામાર્ગીય પ્રવૃતિ પલટાઈ જાય છે. અને પ્રભુની સેવામાં સ્નેહ જ સર્વત્ર પ્રસરી રહે છે. સેવાનો પ્રકાર પણ પોતાની ઈચ્છા મુજબ ન જ હોય, પણ પુષ્ટિમાર્ગની પ્રણાલિકા—રીત—પ્રમાણે જ રાખી શકાય. સેવાનો પ્રકાર શ્રીગુરુદેવ પાસે સમજવો. શ્રીમહાપ્રભુજીએ જણાવેલા લક્ષણોવાળા ગુરૂ ન હોય તો પણ, ગુરુના બધાં લક્ષણો શ્રીમહાપ્રભુજીમાં છે એમ અનુભવીને શ્રીવલ્લભાધીશ્વરના ઉપદેશને જ અનુસરવું. હાલનાં ગુરુઓ સામે જોવાનું નથી, પણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા—ઉપદેશ—તરફ જ દષ્ટિ રાખવાની છે. આવા ગુરૂ જે સેવાની રીત બતાવે તેને અનુસરવું, સેવા પણ ઘણા જ ઉલ્લાસથી કરવી. પ્રભુને ખૂબ શણગારવા ઉતમોતમ પદાર્થો જ પ્રભુને આરોગાવવા. પોતાના સ્ત્રીપુત્રાદિનું ચિત સેવામાં ન લાગે તો સેવા પોતે જ કરી લેવી. તેઓને પરાણે સેવામાં જોડવાં નહિ. એમનું પોષણ તો કરે જવું, નહિતર અપજશ મળે. પણ જો સ્ત્રી પુત્ર વેગેરે આસુર હોય અને પોતે સેવા કરે નહિ તો તેમનો ત્યાગ જ કરવો જોઈએ. ભકત ન હોય તેમની સાથે વસવું નહિ. ધર્મશાસ્ત્ર કરતાં ભકિશાસ્ત્રના ધર્મોને શ્રેષ્ઠ માનવા, વ્યાપાર ધંધો બનતાં સુધિ બીજા પાસે કરાવવો. જો તેમ ન બને તો એક પહોર સુધિ તો સેવામાં જ રહિને બીજો સમય રોજગારમાં ગાળી શકાય. પ્રભુની સેવાથી જેટલા દુર થયા તેટલી વિમુખતા આવી, એ દોષનો નાશ શ્રીભાગવતના પાઠથી થાય છે. સુખ દુ:ખ સહનકરવાં. વૈરાગ્ય અને સંતોષનો ત્યાગ કદી ન કરવો. પોતાનો આ છેલલો જન્મ છે એમ માનીને સેવા કરવી. પ્રભુમાં વિશ્વાસ રાખવો. સેવામાં સ્નેહ મુખ્ય છે તેથી પ્રભુની અવસ્થા—વય અને ઋતુનો વિચાર જરૂર કરવો અને તદનુસાર સેવામાં વિવેક રાખવો. ગમેતેમ લવારી કરીને મુખરતા દોષને સંઘરવો નહિ. કોઈ વસ્તુ કલેશથી મેળવીને પ્રભુને ધરવી નહિ.સ્નેહથી થોડું પણ જો પ્રભુને ધરીએ તો પ્રભુ એને ઘણું માની લે. પ્રભુની સેવા બધી ઉતમ છે એમ માનવું. નિત્ય નૈમિતિક કર્મો પણ

કરવાં, એને અંગરૂપ માનવાં. સેવામાં નડતરરૂપ થાય તેવા ધર્મો ત્યજવા. બધી ઈન્દ્રિયોનો વિજય કરવો. પરોપકારાદિક કરતાં પ્રભુ સેવાને ઉત્તમ ગણવી. દીનતાની ભાવના કરવી. આ હું કરૂં છું એવું મનમાં કદી આવવા દેવું નહિં.

જપપાઠ :— સેવાનો અવસર ન હોય તે વખતે પ્રભુના નામનો જપ કરવો. પ્રભુના ગુણ ગાવા. સેવામાં પણ કીર્તનાદિક થાય છે. અષ્ટાક્ષર મંત્ર ક્ષણવાર પણ છોડી ન શકાય. શ્રીભાગવતનો પાઠ કરવો. દંભ કરવો નહિ.

તિલકમાલાદિ :— સેવાનાં અંગરૂપ તુલસીકાષ્ઠની માળા અને ચરણાકાર તિલક તથા મુદ્રાઓ અવશ્ય ધારણ કરવી. જયંતી—વામન—વગરે. વ્રત—ઉપવાસ કરવા. તેનો નિર્ણય પણ સમજી લેવો. બધા ઉત્સવો પણ જાણવા અને કરવા. એકાદશીવ્રત પણ કરવું.

ત્રણ આશ્રમવાળાઓના ધર્મો :— બ્રહ્મચારી અને વાનપ્રસ્થાશ્રમવાળાએ સાધનો હોય તો ગૃહસ્થાશ્રમી પ્રમાણે સેવા કરવી. સંન્યાસીનો માર્ગ ત્યાગરૂપ છે. તેણે તો તીર્થાટન કરવું રહ્યું. દેશેદેશે ફરીને પ્રભુના ગુણ ગાવા. બીજા પણ અનેક ધર્મો જાણી લેવાં. બધા આશ્રમવાળાઓ માટે બીજો પણ માર્ગ છે. જો ચિત ન લાગતું હોય તો બધાએ તીર્થાટન કરવું. સ્ત્રી વગેરે સેવાથી વિરુધ્ધ હોય અને વિઘ્ન નાંખતાં હોય તો તેમનો ત્યાગ કરીને ભગવદીયો રહેતા હોય તેવાં સ્થાનમાં જઈને વસવું. દુઃસંગથી ડરવું. ખરાબ અન્નવસ્ત્ર ત્યજવાં.

—: સ્તવન :—

—: પંચાક્ષરમંત્ર—ગર્ભસ્તોત્રમ્ :—

રચના :— શ્રીહરિરાયજી

વિવેચન :— શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી

(અષ્ટાક્ષર મહામંત્ર શરણાગતિ મંત્ર છે. સર્વત્ર, સર્વ અવસ્થામાં તે તો બોલ્યા કરાય. પંચાક્ષર નિવેદન મંત્ર છે. ગદ્યમંત્ર તેનો વિસ્તાર છે. તે ગોપ્ય છે. અપરસ (અસ્પર્શ)માં જ બોલાય અને સંભળાય. પરંતુ

વિવરણ જ સ્તોત્રના 'ન ચાસ્મિ પરસ્ય' — હું બીજાનો નથી—માં સ્પષ્ટ છે.)

સર્વદોષનિધિ જીવ કૃપાનિધિ કૃષ્ણનો બને તો ગટર ગંગાજીને મળે તેમ પવિત્ર — નિદોર્ષ બની જાય છે. દીનતા અને દઢતા તેને જીવન દિવ્યતા દે છે. ભોગરત ભગવદ્ વ્રત બને છે.

આત્મ નિવેદન કરાવતો પંચાક્ષર મંત્ર ગુપ્ત છે. તે સ્તોત્રમાં હોવાથી સ્તોત્ર રૂપે બોલાય છે. કૃષ્ણને આત્મનિવેદન કરનારો, ગમે તેવો દુષ્ટ હોવા છતાં પણ કૃષ્ણના સંબંધથી, અનન્ય ભજનથી તે સાધુ જ ગણાય, નિદોર્ષ જ ગણાય. જીવના બધા સ્વભાવ દોષ—કૃષ્ણ તો નિદોર્ષ ! કૃષ્ણના સ્વરૂપ સામર્થ્યથી જીવ પણ બની જાય નિદોર્ષ ! નિવેદનનું સ્મરણ તો વૈષ્ણવનું નિત્ય કર્તવ્ય છે. ભગવાનનો બને તે ભવમાં ભૂલો ન પડે ! પ્રભુનો બને તેનું પતન ન થાય ! કૃષ્ણનો બને તેને કોઈ પ્રશ્ન ન રહે !)

શ્લોક :- ૧ ઉપજાતિ છંદ

દુષ્ટમોપિ દયારહિતોપિ, વિધર્મ—વિશેષ—કૃતિ—પ્રથિતોપિ ।
દુર્જનસંગરતોપ્યવરોપિ કૃષ્ણ, તવાસ્મિં ન ચાસ્મિ પરસ્ય ॥૧॥

ભાવાર્થ :-

મન, વાણી, કાયા, સ્વભાવ વગેરેથી અંત્યત દુષ્ટ હોવા છંતા પણ, દયા વગરનો હોવા છંતા પણ, પોતાના ધર્મથી વિરૂધ હોય તેવાં વિશેષ કાર્યોથી પ્રસિધ્ધ હોવા છંતા પણ,દુસંગમાં પ્રીતિવાળો હોવા છંતા પણ હલ કટ હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું આપનો છું, અને બીજા કોઈનો નથી. (૧)

શ્લોક :- ૨

લોભરતોપ્યભિમાન—યુતોપિ, પરાહિતકારણ—કૃત્યકરોપિ ।
ક્રોધપરોપ્ય—વિવેક હતોપિ કૃષ્ણ, તવાસ્મિં ન ચાસ્મિ પરસ્ય ॥૨॥

ભાવાર્થ :-

લોભમાં રચ્યોપચ્યો રહેનાર હોવા છંતા પણ, અભિમાનવાળો હોવા છંતા પણ, પારકાનાં અહિત માટે કામ કરનારો હોવા છંતા પણ, ક્રોધપરાયણ હોવા છંતા પણ, અવિવેકથી હણાયેલો (વિવેક વગરનો) હોવા છંતા પણ

કામમયોપિ ગતાશ્રયણોપિ, પરાશ્રયગાશય ચંચલિતોપિ ।
વૈષયિકાદર—સંવલિતોપિ કૃષ્ણ, તવાસ્મિં ન ચાસ્મિ પરસ્ય ॥૩॥

ભાવાર્થ :-

કામમય હોવા છંતા પણ, જેનો આશ્રય છુટી ગયો છે તેવો હોવા છંતા પણ, પારકાના આશ્રયે જવાની ઈચ્છાથી ચંચલ થઈ ગયેલો હોવા છંતા પણ અને વિષય સંબંધી પદાર્થો તરફના આદરથી ગૂંગળાયેલો હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૩)

શ્લોક :- ૪

ઉતમધૈર્ય—વિભિન્નતરોપિ, નિજોદર—પોષણ—હેતુ—પરોપિ ।
સ્વીકૃતમત્સરમોહ—મદોપિ કૃષ્ણ, તવાસ્મિં ન ચાસ્મિ પરસ્ય ॥૨॥

ભાવાર્થ :-

ઉતમ પ્રકારના ધૈર્ય વગરનો હોવા છંતા પણ, પોતાનું પેટ ભરવાનાં પ્રયત્નોમાં પરાયણ હોવા છંતા પણ અને અદેખાઈ, મોહ, અભિમાન જેણે સ્વીકાર્યા છે તેવો હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૫)

શ્લોક :- ૫

ભકિત—પથાદર—માત્ર—કૃતોઽપિ વ્યર્થ વિરૂઘ—કૃતિ—પ્રસુતોઽપિ ચ ।
ત્વત્પદ સન્મુખતા પતિતોઽપિ ચ ''કૃષ્ણ તવાઽસ્મિ'' ન ચાસ્મિ પરસ્ય ॥૫॥

ભાવાર્થ :-

ભકિતપથનો આદર માત્ર કરનારનો હોવા છંતા પણ, વૃથા વિરૂઘ કાર્યોમાં પડયો પાથર્યો રહેનાર હોવા છંતા પણ, અને આપના ચરણની સંમુખતામાંથી પતિત થયેલો હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૪)

શ્લોક :- ૬

સંસૃતિ ગેહ કલત્ર રતોઽપિ વ્યર્થ ઘનાર્જન ખેદ સહોઽપિ ચ ।
ઉન્માન માનસ સંશ્રયણોઽપિ ચ ''કૃષ્ણ તવાઽસ્મિ'' ન ચાસ્મિ પરસ્ય ॥૫॥

ભાવાર્થ :-

મેળવવા માટે ખેદને સહન કરનારો હોવા છંતા પણ અને ગાંડપણ ભરેલા માનવાળો હોવા છંતા હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૬)

શ્લોક :– ૭

કૃષ્ણપથેતર ધર્મ રતોડપિ,સ્વસ્થિતિ વિસ્મૃતિમદ્ હૃદયોડપિ ચ ।
દુર્જન દુર્વચનાદરણોડપિ ચ, ''કૃષ્ણ તવાડસ્મિ''ચાસ્મિ પરસ્ય ાારાા

ભાવાર્થ :–

શ્રીકૃષ્ણના માર્ગ સિવાયના બીજા ધર્મોમાં (પુષ્ટિભકિતમાર્ગ સિવાય બીજા ધર્મોમાં કે સંસારમાં આસકત હોવા છંતા પણ, પોતાની સ્થિતિની વિસ્મૃતિવાળા હૃદયવાળો હોવા છંતા પણ અને દુર્જનનાં દુષ્ટ વચનોમાં આદરવાળો હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને પારકાનો નથી. (૭)

શ્લોક :– ૮

શ્રીવલ્લભ–વંશ સબલોડપિ સ્વ મુ–પાદ સરોજ ફલોડપિ ચ ।
લૌકિક વૈદિક ધર્મ ખલોડપિ ચ,''કૃષ્ણ તવાડસ્મિ''ચાસ્મિ પરસ્ય ાાટાા

ભાવાર્થ :–

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના વંશનો નિજદાસ હોવાથી, સબલ હોવા છંતા પણ, પોતાના સ્વામીનાં ચરણકમલ જેનું ફળ છે તેવો હોવા છંતા પણ અને લૌકિક વૈદિક ધર્મોથી દુષ્ટ હોવા છંતા પણ હે કૃષ્ણ ! હું તમારો છું અને અન્યનો નથી. (૮)

શ્લોક :– ૯

પંચાક્ષર–મહામંત્ર–ગર્ભિત–સ્તોત્ર–પાઠતઃ ।
શ્રીમદાચાર્ય–દાસાનાં તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ ાા૯ાા

ભાવાર્થ :–

પંચાક્ષર મહામંત્ર જેમાં ગર્ભિત છે તેવા આ સ્તોત્રના પાઠથી શ્રીવલ્લભાચાર્યજીના દાસોને ભગવદીયપણું અવશ્ય થાય. (૯)

ાા ઈતિ શ્રીહરિદાસોદિતં પંચાક્ષર–મંત્ર–ગર્ભસ્તોત્રમ્ સંપૂર્ણમ્ ાા

આ પ્રમાણે શ્રીહરિરાયજીએ કહેલું પંચારક્ષ મંત્ર ગર્ભસ્તોત્ર સંપૂર્ણ થયું.

સંક્ષિપ્ત આશૌચ—દર્પણ

—: (સૂતક—નિર્ણય) :—

આપણા ધર્મશાસ્ત્રમાં આશૌચ (સૂતક) ના બે પ્રકાર વર્ણવેલા છે. : (૧) જનનાશૌચ (પીંડરુ) અને (૨) મરણાશૌચ.

બન્ને પ્રકારના આશૌચમાં બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શુદ્રને એક માસનું સૂતક લાગે છે.

પીંડરુ વિષે આપણે પ્રથમ જાણી લઈશું. પહેલાથી ચોથા મહિના સુધિ 'ગર્ભસ્ત્રાવ' કહેવાય છે; પાંચથી છ મહિના સુધિ 'ગર્ભપાત' કહેવાય છે; ત્યાર પછી 'પ્રસૂતિ' કહેવાય છે.

૧. પીંડરુ

(૧) ગર્ભસ્ત્રાવમાં ત્રણ દિવસ ગર્ભપાતમાં પાંચ કે છ દિવસ માત્ર માતાને લાગે; બાકીના સાત પેઢીઓને સ્નાન માત્ર લાગે.

(૨) પીંડરુમાં પુત્રનો જન્મ થયો હોય તો પિતાએ જન્મની ખબર સાંભળતાં જ સવસ્ત્ર સ્નાન કરી, પુત્રનું મુખ જોઈને ફરી વાર સવસ્ત્ર મંગલ સ્નાન કરવું.

(૩) પુત્રીના જન્મમાં સ્નાન કરવાની આવશ્યકતા નથી.

(૪) પિતાને પીંડરુ સંપૂર્ણ લાગે.

(૫) સમય વિત્યા પછી સાંભળવામાં આવે તો પીંડરુ લાગતું નથી ફકત પુત્રના પિતાને સ્નાન માત્ર લાગે.

(૬) પુત્રવતી પ્રસૂતિકા (સુવાવડી)ને એક માસ પર્યંત અશુધ્ધિ રહે છે. એકત્રીસમે દિવસે ઉપવાસ કરીને શુધ્ધ થાય છે. એટલે કે, ત્યારે જલસ્પર્શનો અને રસોઈ કરવાનો અધિકાર થાય છે.

(૭) પુત્રીવતી ચાલીસમે દિવસે શુધ્ધ થાય છે.

(૮) બંનેની (પુત્ર તેમજ પુત્રીની) માતાની અસપૃશ્યતા વીસમે દિવસે જ દુર થાય છે. એટલે કે, પરસ્પર અડકી શકાય છે.

(૯) બંને આશૌચમાં હવેલી—મંદિરે સામગ્રી ન પહોંચાડી શકાય અને સેવામાં નાહી ન શકકાય. પીંડરુમાં ગુહસેવા પટસ્ત્રથી થઈ શકે; જલનો સ્પર્શ ન થાય.

(૧૦) પુત્રજન્મમાં નાલછેદન પહેલાં સોનું, ધાન્ય, વસ્ત્ર, ઘી. ગાય વગેરેનું દાન આપી શકાય છે.તેમજ છઠ્ઠે દિવસે છઠ્ઠીપુજા કરી શકાય અને હવેલી–મંદિરે સામગ્રી પણ પહચાડી શકાય.

(૧૧) વિવાહ પછી પુત્રી, પિતાને ઘેર બાળકને જન્મ આપે કે મરણ પામે તો પુત્રીના માતા–પિતાને પીંડરુ તથા સૂતક બંને લાગે.

(૧૨) પુત્રી તેના સાસરે બાળકને જન્મ આપે તો પુત્રીના પિતાપક્ષમાં પીંડરુ લાગે નહિ.

૨. સૂતક

(૧) મરણ આશૌચના ચાર પ્રકાર છેઃ ૧. સંપૂર્ણ, ૨. રાત્રિ, ૩. પક્ષિણી અને ૪. એક રાત્રિ.

अ. બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શુદ્રને એક માસ સૂતક પાળવું– એ સંપૂર્ણ સૂતક કહેવાય છે. સંપૂર્ણ સૂતકમાં બ્રાહ્મણ બારમે દિવસે,ક્ષત્રિય તેરમે દિવસે અને વૈશ્ય સોળમે દિવસે શુધ્ધ થાય.

आ. 'ત્રણ રાત્રિ'ના સૂતકમાં ચોથે દિવસે શુધ્ધ થાય.

इ. 'પક્ષિણી' એટલે દિવસે મરણ થાય તો બે દિવસ અને એક રાત્રિ, તથા રાત્રિએ મરણ પામે તો બે રાત્રિ અને એક દિવસ.

ई. 'એક રાત્રિ'ના સૂતકમાં બીજે દિવસે શુધ્ધ થાય રાત્રિ, અગ્નિ સંસ્કાર પછી જ ગણાય.

(૨) મુળ પુરુષથી લઈને સાત પેઢી સુધિ 'સપિંડ' કહેવાય; આઠથી ચૌદ પેઢી સુધિ 'સમાનોદક' કહેવાય; અને પંદરથી એકવીશ પેઢી સુધિ 'સગોત્ર' કહેવાય.

સપિંડોનું પૂરું સૂતક લાગે; સમાનોદકનું ત્રણ રાત્રિનું લાગે; અને સગોત્રનું એક રાત્રિ લાગે.

(૩) **બંધુત્રય :–** બાંધવાના ત્રણ પ્રકાર શાસ્ત્રમાં બતાવ્યા છે.

(૧) ફોઈના દીકરા, માસીના દીકરા, મામાના દિકરા, પિતાની માસીના દીકરા, પિતાના મામાના દીકરા– આ 'પિતુબાંધવ' કહેવાય છે; ૩. માતાની ફોઈના દીકરા, માતાની માસીના દીકરા,

માતાના મામાના દીકરા — આ 'માતૃબાંધવ'કહેવાય છે.

આ 'બંધુત્રય' (ત્રણ પ્રકારના બાંધવ) માંથી કોઈ એકનું મરણ થાય તો ૧ાા રાત્રિનું સૂતક લાગે છે.

(૪) ફોઈની દીકરી,માસીની દીકરી, તથા મામાની દીકરી વિવાહિત હોય તો તેનું એક દિવસ સૂતક લાગે. અવિવાહિત હોય તો દોઢ દિવસ લાગે.

(૫) **સૂતકનો પ્રારંભ ક્યારે ?** — પીંડરુની શરૂઆત જન્મસમયથી થાય છે. મરણ સૂતકની શરૂઆત સામાન્ય રીતે મૃત્યુ કાલથીજ થાય છે, પછી દાહ ક્યારે પણ થયો હોય; પરંતુ કોઈ ' અગ્નિહોત્રી'હોય તો તેનું સૂતક દાહ કર્યા પછી જ શરૂ થાય છે.

(૬) મરણ ક્યારે પણ થયું હોય, પણ તે સાંભળવામાં આવે ત્યારે સ્પર્શનો તેમજ કર્મ કરવાનો નિષેધ લાગુ પડે છે. તે પહેલાં નહિ.

(૭) આશોચની પુરેપુરી નિવૃતિ એક વરસે થાય છે. સ્ત્રીને પતિનું આશોચ એક વરસ રહેતું હોવાથી જો તે મરજાદી હોય તો પોતાના શ્રીઠાકોરજીને ભોગ ધરીને પ્રસાદ લઈ શકે: પણ વરસ પછી મુંડન કરાવી. શુધ્ધ થઈ, શ્રીગુરૂદેવની આજ્ઞાથી પોતાના શ્રીઠાકોરજીને પંચામૃત કરાવે ત્યારે બીજો મરજાદી વર્ગ યથાવત ભોજન તથા જલપાન કરી શકે.

(૮) સૂતકમાં દર્શન — 'શૃંગાર' અને 'ભોગ'ના સમયમાં ઝારીજી ઉઠયા પછી જ સૂતકીને દર્શન થઈ શકે; બીજા કોઈ સમયમાં નહિ.

પીંડરુમાં દરેક સમયમાં દર્શન થઈ શકે.

(૯) બાળક જન્મીને મરણ પામે અથવા મરેલું જ જન્મે તો સંપિડોને સૂતક ન લાગે, માત્ર પીંડરુ લાગે.

(૧૦)દશ દિવસ પછી નામ પાડયા પહેલાં બાળક મરણ પામે તો માબાપને ત્રણ રાત્રિનું સૂતક લાગે અને સપિંડોને સ્નાન માત્રલાગે.

૩. સગોત્ર મરણાશોચ

૧. અનોરસ પુત્રનું ૩ રાત્રિ.

૨. કન્યાનું ચૌલકર્મ પર્યંત ત્રણ પેઢી સુધિ સ્નાન.

૩. કન્યાનું ચૌલકર્મ પછી વાગ્દાન (સગાઈ) પૂર્વે ૧ દિવસ.

૪. કન્યાનું વાગ્દાન પછી અને લગ્ન પૂર્વે
સાસરિયાં તથા પિયરિયાં બન્નેને ૩ રાત્રિ.

૫. પુત્રનું (લગ્ન થયા પછી) માતા—પિતા બન્ને ત્રણ રાત્રિ.

૬. કુંવારી કન્યાને માતા—પિતાનું સંપૂર્ણ.

૭. ધણિધણિયાણીને પરસ્પર સંપૂર્ણ.

૮. પીંડરુમાં બાળક મરે તો સ્નાન.

૯. બાળક (પુત્ર)ને દાટવામાં આવે તો નિકટના સંબંધિઓને સ્નાન.

૧૦. બાળકનું, દાહ કરેલાનું નિકટના સંબંધીઓને ૩ દિવસ.

૧૧. બાળકના દાંત આવ્યા પૂર્વે દાટે તો સંબંધીઓને ૩ દિવસ.

૧૨. બાળકના દાંતઆવ્યા પછી દાટે તો સંબંધીઓને૩ દિવસ.

૧૩. બાળકના માતા પિતાને ૩ રાત્રિ.

૧૪. બહેન (પરણેલી) પિતાને ઘરે મરે તો ભાઈને ૩ રાત્રિ.

૧૫. બહેન (પરણેલી) સાસરે ઘરે મરે તો ભાઈને પક્ષિણી.

૧૬. બહેનને ભાઈનું સૂતક પક્ષિણી.

૧૭. બહેનને કુંવારીને દાટવામાં આવે તો એક રાત્રિ.

૧૮. બહેન, કુંવારીને દહન કરવામાં આવે તો ૩ રાત્રિ.

૧૯. બ્રાહ્મણને ૭ પેઢીમાં જનોઈવાળાનું ૧૦ દિવસ.

૨૦. ભિન્નપિતૃક સહોદર ભાઈનું ૩ રાત્રિ.

૨૧. માતા (ઓરમાન અથવા સાવકી)નું ૩ દિવસ.

૨૨. માતા—પિતાનું પુત્રને સંપૂર્ણ.

૨૩. માતા—પિતા કુંવારી પુત્રીને પુત્રવત્ સંપૂર્ણ.

૨૪. સમાનોદકમાં જનોઈવાળાનું સ્નાન.

૨૫. સપિંડ (૭ પેઢી) માં જનોઈવાળાનું ૧૦ દિવસ.

૨૬. દતક પુત્ર મરણ પામે તો ગોદ લેનાર મા—બાપને તથા સપિંડોને ૧૦ રાત્રિનું સૂતક લાગે; જ્યારે જનક માબાપ ને ૩ રાત્રિનું લાગે.

આ સૂતક, સાત પેઢીમાંથી દતક લેવામાં આવ્યો હોય તો જનક તથા પાલક મા–બાપને ૩ રાત્રિનું લાગે, અને સપિંડોને ૧ દિવસનું લાગે.

૨૭. દતકને, પાલક મા–બાપના પાલનમાં ૧૦ રાત્રિ, તથા જનક મા–બાપના મરણમાં ૩ રાત્રિ.

૪. પરગોત્ર મરણાશૌચ

૧. અનુચાન (વિદ્વાન અંગ સહિત વેદ ભણાવનાર)નું ૧ રાત્રિ.
૨. અસપિંડનું મરણ જેને ઘેર થાય તેને ૩ રાત્રિ.
૩. આચાર્યનું શિષ્યને ૩ રાત્રિ.
૪. ગુરૂનું શિષ્યને ૧ રાત્રિ.
૫. શિષ્યનું ગુરૂને સ્નાન.
૬. ઋત્વિજનું યજમાનને પક્ષિણી.
૭. જમાઈનું સ્નાન.
૮. દાદાની તથા નાનાની બહેનો, મામા–મામીઓ તથા તેમની પ્રજાનું પક્ષિણી. મામા–મામીઓ પોતાને ઘેર મરે તો ૩ દિવસ.
૯. દોહિત્ર, જનોઈ વગરનાનું પક્ષિણી.
૧૦. દોહિત્ર, જનોઈવાળાનું ૩ દિવસ.
૧૧. દોહિત્રનું દાટવામાં આવે તો સ્નાન.
૧૨. દોહિત્રનું દાહ કરવામાં આવે તો પક્ષિણી.
૧૩. નાના–નાનીનું ૩ રાત્રિ.
૧૪. પરણેલી પુત્રીને, માં–બાપનું ૩ રાત્રિ.
૧૫. પરણેલી પુત્રીનું પાંચ પેઢી સુધિ સ્નાન.
૧૬. ફોઈનું પક્ષિણી.
૧૭. બંધુત્રયનું (જનોઈ પછી) પક્ષિણી.
૧૮. ॥ (દાટવામાં આવે તો) સ્નાન.
૧૯. ॥ (જનોઈથી પૂર્વે) ૧ દિવસ.
૨૦. ॥ સ્ત્રીરૂપમાં, પુરૂષ પ્રમાણે જ લાગે.
૨૧. ॥ નાં છોકરાઓનું સ્નાન.
૨૨. બાળક મરેલું આવતરે તો સ્નાન.
૨૩. ભાણેજનું (દાટવામાં આવે તો) સ્નાન.
૨૪. ॥ (દાહ કર્યો હોય તો) પક્ષિણી.

૨૫. ॥ (જનોઈ વગરનાનું) પક્ષિણી.
૨૬. ॥ (જનોઈવાળાનું) ૩ દિવસ.
૨૭. મામા—મામીને ભાણેજનું (દાટે તો) સ્નાન.
૨૮. ॥ (દાહ કરે તો) પક્ષિણી.
૨૯. મામા વગેરેનું (એક ગામમાં મરે તો) ૩ રાત્રિ.
૩૦. ॥ (બીજા ગામમાં મરે તો) પક્ષિણી.
૩૧. મામા વગેરેનું (દેશાંતરમાં ૨૪ ગાઉ ઉપર મરે તો) ૧ રાત્રિ.
૩૨. મા—બાપનું પરણેલી પુત્રી ૩ રાત્રિ.
૩૩. નાની, માસી, મામો (સગો કે સાવકો)
મામી અને મિત્રનું પક્ષિણી.
૩૪. મામી (સાવકી)નું સ્નાન.
૩૫. સાળા, સાળાના પુત્ર તથા બનેવીનું સ્નાન.
૩૬. સાળીનું બનેવીને અને બનેવીનું સાળીને સ્નાન માત્ર.
૩૭. સસરા—સાસુનું જમાઈને પક્ષિણી.
૩૮. સહાધ્યાયીનું પક્ષિણી.

૫. અતિક્રાંતિકશોચ

૧. अ. એક દેશમાં, દશ દિવસનું સૂતક, દશ દિવસ વીતી ગયા પછી ત્રણ માસ સુધિ સાંભળે તો ૩ રાત્રિ.

आ. એક દેશમાં, દશ દિવસનું સૂતક, છ માસ સુધિ સાંભળે તો ૧॥ રાત્રિ.

इ. એક દેશમાં, દશ દિવસનું સૂતક, બાર માસ પછી સાંભળે તો ૧ દિવસ.

ई. એક દેશમાં, દશ દિવસનું સૂતક, બાર માસ પછી સાંભળે તો સ્નાન—જલદાન.

उ. પરદેશમાં, દશ દિવસ પછી સાંભળે તો સ્નાન.

૬. સન્નિપાત આશોચ

(એકમાં બીજું સૂતક પડે તો)

૧. દશ દિવસના એક મરણ સૂતક ઉપર બીજું સૂતક દશ કે ત્રણ

૨. એક પીંડરુમાં બીજું પીંડરુ આવે તો પહેલાની સાથે ઉતરી જાય.

૩. એક ઉપર બીજું સૂતક દશમે દિવસે પડે તો વધારે ૨ દિવસ.

૪. એક ઉપર બીજું સૂતક દશમાં દિવસની પાછલી રાત્રે પડે તો વધારે ૩ દિવસ.

૫. પરણેલી પુત્રીને દશાહ પછી મા–બાપનું ૧ાા દિવસ.

૬. પિતાના નવમે દિવસે માતાનું પડે તો વધારે પક્ષિણી.

૭. પિતાના દશમે માતાનું પડે તો વધારે ૩ાા દિવસ.

૮. પિતાના દશાહની પાછલી રાત્રે માતાનું પડે તો સંપૂર્ણ.

૯. માતાના આશૌચમાં પિતાનું પડે તો સંપૂર્ણ.

૧૦. વધારાના બીજા દિવસોમાં બીજું પડે તો સંપૂર્ણ.

૧૧. સન્નિપાત આશૌચ—સુવાવડી, અગ્નિ સંસ્કાર કરનારને અને મરનારના પુત્રોને સંપૂર્ણ.

૧૨. સંપિડોના સૂતકમાં મા—બાપનું પડે તો સંપૂર્ણ.

૧૩. સંપિડોના સૂતકમાં સ્ત્રીનું પડે તો બાકીનું પૂર્વશેષ.

૭. મહત્વની વાત

૧. શબને દિવસે અડકે તો રાત્રે તારાદર્શનથી શુદ્રિ થાય અને રાત્રે શબને અડકે તો સુર્ય દર્શનથી શુદ્રિ થાય છે.એટલે કે, તારા દર્શન કે સુર્યદર્શન કરી, જનોઈ—કંઠી બદલી, ફરીવાર સ્નાન કરવાથી શુદ્રિ થાય છે. પરંતુ માત્ર સ્મશાને જાય અને શબનો સ્પર્શ ન કરે તો બે વાર સ્નાન કરવાથી શુદ્રિ થાય. એટલે કે એકવાર સર્વ ડાઘુઓ સાથે સ્નાન અને બીજી વાર ઘરે આવીને સ્નાન કરવું.

૨. શબનું મોઢું જોવાથી ‘અપરશ’ છોવાય સેવામાં નહાતા હોય તેને અપરશ ન હોય તો શબનું મોઢું જોવાથી સ્નાન લાગે.

૩. સૂતકીનું અન્ન ખાનારને સૂતકીને પ્રમાણે સૂતક લાગે. એક વાર સૂતકીનું અન્ન ખાનારને બાકી રહેલા દિવસો સુધિ સૂતક લાગે.

૪. શબને વહન કરનારને મરનારની જ્ઞાતિ મુજબ પુરું સૂતક લાગે.

૫. ગામમાં જયાં સુધિ શબ પડયું તોય ત્યાં સુધિ ગામને સૂતક લાગે છે.

૮. આશૌચ (સૂતક) કોને નથી લાગતું

૧. સંન્યાસી બ્રહ્મપુરી, ચાન્દ્રાયણાદિ વ્રત કરતો હોય, રાજા, કારી ાર,યજ્ઞની દીક્ષા જેણે લીધી હોય તેઓને જન્મમરણનું આશૌચ લાગતું થી.

૨. તેજ પ્રકારે વિવાહ અથવા જનોઈના પ્રસ્તાવમાં નાન્દીમુખ શ્રાદ્ધ ઈ ચુક્યું હોય, પાક સિદ્ધ થઈ ચુક્યો હોય, શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞમાં વક્તા—શ્રોતાનું વરણ થઈ ચુંક્યુ હોય તો તે આરંભેલાં કાર્યો, સૂતક પડે તો પણ ન અટકે.

૮. સૂતકમાં નિયમ

સૂતકમાં તેલથી મર્દન ન કરવું ; પલંગ ઉપર ન સુવું ; અંગ ન બાવવું ; પાન ન ખાવું ; ભુમિ ઉપર કામળો કે ચટાઈ પાથરીને સુવું ; એક વખત ભોજન કરવું.

સૂતક ઉતારવાના આગલા દિવસે એકભુકતા (એકટાણું) કરવું. કારણ કે સૂતકમાં ખાધેલું અન્ન જયાં સુધિ પચે નહિં, ત્યાં સુધિ સૂતકી પવિત્ર થઈ શકતો નથી—'આવો સદાચાર છે.

સૂતકને છેલ્લે દિવસે ગામની બહાર જલાશય હોય ત્યાં સપિંડોની સાથે જઈ વપન, ક્ષૌર અથવા ચૌલ કરાવીને સ્નાન કરવું.

'વપન' એટલે કેવળ ચોટલી રાખીને માથાના તેમજ દાઢી—મુછના કેશ ઉતારવા તે.

'ક્ષૌલ' એટલે કે માથાના બધા વાળ ઉતારવવા તે.

૯.વપન આદિ ક્યારે કરાવવું

મામો—મામી, નાનો—નાની, સસરો, મોટો ભાઈ, દીક્ષા—ગુરૂ, કાકા—કાકી, માતા—પિતા—આટલાની પછવાડે 'વપન' અવશ્ય કરાવવું.

સાવકી માતા, કાકા, મામા, અવસ્થાથી નાના હોય પણ દરજજાથી —સંબંધથી મોટા હોય તેની પાછળ 'વપન' અવશ્ય કરાવવું.

નનામી મરણક્રિયાનો મોટાને કરવાનો પ્રસંગ આવે તો એણે માત્ર 'ક્ષૌલ' કરાવવું.

દ્રવ્યશુદ્ધિ

મોટે ભાગે નષ્ટ થતો જાય છે; પરંતુ શુદ્રિઅશુદ્રિનું ધ્યાન રાખી ધર્મનું પાલન કરવાથી ઈષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. ઉપનિષદમાં કહયું છે કે, ધર્મ ચર ધર્મનું આચરણ કરવું. ધર્મએ કાંઈ મુખેથી બોલી બતાવવાનો નહિં,પણ આચરણમાં મુકવાનો પદાર્થ છે.

શુદ્રિના બે પ્રકાર છે : ૧. આંતર શુદ્રિ અને ૨. બાહય શુદ્રિ. દેહની શુદ્રિ એ બાહય શુદ્રિ છે અને અંતઃકરણ (મનબુધ્ધિ,ચિત અને અહંકાર)ની શુધ્ધિ એ આંતર શુધ્ધિ છે.અનાચારથી દેહ અશુધ્ધ—અપવિત્ર થાય છે અને દુરાચારથી અંતઃકરણ અશુધ્ધ—અપવિત્ર થાય છે. અનાચાર બહારનો અધર્મ છે. જયારે દુરાચાર અંદરનો અધર્મ છે.આ બન્ને શુધ્ધિ વિના સેવામાં મન કયાંથી જોડાય ?

જેમ અનાચારથી બચવા માટે પુરીપુરી કાળજી રાખવી જોઈએ, તેમ દુરાચારથી બચવા સવિશેષ સાવચેત રહેવું જોઈએ. પ્રેમના આવેગમાં પ્રભુ અનાચાર સહિ લેશે. વાર્તા સાહિત્યમાં આના વિશે એક સચોટ દષ્ટાંત છે કે, પરમ વૈષ્ણવ વાઘાજી રાજપુત, પ્રભુને ઘી ધરવા માટે સ્નાન કર્યા વિના જોડા પહેરીને ભીતર પહોંચ્યા. આ દષ્ટાંત પ્રેમના ઉત્કૃષ્ટ આવેગનું છે.

આપણને શુધ્ધિ—અશુધ્ધિનું બરાબર ધ્યાન રહે એટલા માટે દશદિગંતવિજથી શ્રીપુરૂષોતમજી મહારાજે 'દ્રવ્યશુધ્ધિ' નામક ગ્રંથની રચના કરી છે, જે આપણને એ સંબંધમાં સારી સમજાણ આપે છે.

એ ગ્રંથમાંથી જ દેશકાલાનુસાર અવષ્નક શુધ્ધિનો જ અહીં વિચાર કરવામાં આવ્યો છે.

આ પુસ્તક પ્રકાશિત કરતાં એમ થાય છે કે, સાંપ્રત સમયમાં સમાનતાને નામે બધી બાબતમાં એકમ થઈ રહયું છે. ત્યાં આ પુસ્તકનો કોણ ઉપયોગ કરશે ? પરંતુ પુષ્ટિમાર્ગમાં હદયથી ધર્મ પાળનારની સંખ્યા ઘણી જ વિશાળ હોવાથી એવા આચાર—વિચારના આગ્રહી વૈષ્ણવોને માટે જ, પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (પોબંદર)ની આજ્ઞાથી, શુધ્ધિની બાબતમાં આ પુસ્તક દ્વારા અવશ્ય માર્ગદર્શન મળશે એમ ધારીને આનું પ્રકાશન કાર્ય કરવામાં આવ્યું છે,જે આચાર—વિચારના આગ્રહિઓને ઉપયોગી થઈ પડશે.

૧. સ્નાન તથા આચમનના પ્રકાર

રજસ્વલા સ્ત્રી, શબ, ચાંડાલ, મહાપાતકી, સુવાવડી અને સૂતકી—આનો સ્પર્શ થઈ જાય તો વસ્ત્ર સહિત જલમાં પ્રવેશીને સ્નાન કરવું અને જનોઈ—કંઠી બદલવામાં તેમજ રજસ્વલા વગેરેને જે અડી ગયો હોય તે બીજાને અડકે, બીજો ત્રીજાને અડકે તો ત્રણેય સચૈલ (વસ્ત્રસહિત) સ્નાન કરવું, અને ત્રીજો ચોથાને અડકે તો ચોથાએ સ્નાન કરવાની જરૂર નથી, પણ હાથ—પગ ધોઈ આચમન કરવું.

૨. રાત્રિમાં જન્મ—મરણ થાય અથવા રજોદર્શન—અડચણ આવે તેનો વિચાર

સૂર્યોદયથી લઈને અર્ધી રાત સુધિમાં જન્મ અથવા મરણ કે રજોદર્શન થાય તો તે પહેલા દિવસમાં ગણાય.

૩. રજસ્વલા શુદ્રિનો વિચાર

રજસ્વલા સ્ત્રી ચોથે દિવસે સ્નાન કરવાથી શુદ્ર થાય છે; પરંતુ ભગવત્સેવા કે શ્રાધ્ધકર્મ માટે પાંચમે દિવસે યોગ્ય થાય છે. એટલે કે, પ્રભુની સામગ્રી, શ્રાધ્ધ માટે પાક અથવા ભગવત્સેવા ચોથે દિવસે ન કરી શકે. પરંતુ સુકા ચુનને સ્પર્શ કરવો, અનાજ વગેરે સાફ કરવાં, શાક સુધારવા વગેરે કાર્ય કરી શકે. પાંચમે દિવસે વસ્ત્રમાં ડાઘ દેખાય તો તે બદલીને રસોઈ વગેરે કરવામાં કોઈ દોષ નથી.

૪. નાહયા પછી ફરીને અડચણ ક્યારે પાળવી

જે સ્ત્રી, નિયમથી વીસમે દિવસે અડચણમાં બેસતી હોય તે સ્ત્રીને સતર દિવસ પહેલાં કદાચ અડચણ દેખાય તો પાળવાની જરૂરક નથી. પરંતુ અઢારમાં દિવસે એક દિવસે, ઓગણીસમાં દિવસે બે દિવસ અડચણ પાળવી.

અને જેને અઢાર દિવસ પહેલાં ઘણું કરીને અડચણ આવતી હોય તેણે અઢાર દિવસ પહેલાં રજોદર્શન થાય તો પૂરી અડચણ પાળવી.

દર્શન એક દિવસ થયા પછી દેખાય તો પણ ત્રણ દિવસ બરોબર ચણ પાળવી.

રજસ્વલાને બાળક અડી જાય તો બાળકને અન્નપ્રાશન ન કરાવ્યુ ય ત્યાં સુધિ તેનાં વસ્ત્રો કાઢી જલથી પ્રોક્ષણ માત્ર કરવું; લમોવાળા ઉતરાવ્યા ન હોય તો માત્ર આચમન કરાવવું; ત્યાર પછીથી ન કરાવવું જોઈએ.

૫.સ્પર્શદોષ નથી તેનો વિચાર

તીર્થમાં વિવાહમાં,યાત્રામાં,યુદ્ધમાં દેશોપદ્રવમાં, નગર અથવા મમાં આગ લાગી હોય ત્યારે સ્પર્શદોષ માનવો નહી, આભડછેટ નવી નહી.

૬.અપરસમાં જલ ભરવામાં જોડા કામ આવે કે નહિં ?

તેલ લગાડયા વિનાના કોરા; તેમજ જેને પહેરીને મલમૂત્ર ન કરેલ ય તેવા જોડા પહેરી નદી વગેરેથી જલ લાવે તેમાં દોષ નથી, કારણ કે તામાં જોડાના સ્પર્શમાં દોષ ઓછો છે. તેમ જલાશય દુર હોય તો ડાઉ પહેરીને લાવવું કઠિન થઈ પડે.ઘેર આવી પગ ધોઈ નાખવા વી રીતે લાવેલું જલ સેવકી અપરસ પૂરંતુ કામ લાગે, ખાસામાં કામ ન ગે.

જલાશયમાં સ્નાન કરી સેવામાં જવું હોય તો રેશમીવસ્ત્ર પહેરી ડાઉ પહેરીને આવવું જોઈએ. જલાશય દુર હોય તો જોડા પહેરી લપાત્રને કંતાનમાં બાંધી લઈ જલાશયમાં સ્નાન કરી જલપાત્ર મંદિરે વી ઉચેથી મથનીમાં છાણી દેવાથી તે જલ ખાસામાં કામ આવી શકે.

૭.પાત્રની શુધ્ધિ વિશે વિચાર

૧. સોનાનાં,ચાંદીનાં,મોતીનાં,શંખનાં,છીપનાં,પથ્થરનાં તથા બા—પિતળનાં વાસણોમાં કોઈ ચીકાશ લાગી ન હોય અને ઉચ્છિષ્ટનો ર્શ થયો હોય તો ધોવાથી શુધ્ધ થાય છે.

૨. રસોઈના ઉપયોગમાંઆવતાં વાસણો રોજ ધોયા પછી પયોગમાં લેવાં એટલે તેમાં વાસી પણાનો દોષ ન રહે.

૩. તાંબા પિતળનાં વાસણ માંજતા હોય તે ઉપર લાગેલી મેશ વશ્ય ઘસીને કાઢી નાખવા, નહી તો તે અપવિત્ર ગણાય.

૪. પિતળનાં વાસણ અપરસમાંથી બહાર નીકળે તો ફરીને અપરસના કામમાં ન આવે. અથવા વિના અપરસનું કોઈ તેને અડકે તો પણ અપરસમાં કામ ન આવે.

૫. માટીના પાત્રમાં પ્રસાદ લેવામાં અથવા કંઈ પેય પદાર્થ તેનાથી પીવામાં આવે તો તરત માટીનું પાત્ર ફેંકી દેવું; એ ફરીને કામ ન આવે, તેમ બીજાના કામમાં પણ ન આવે.

૬. ચિનાઈ વાસણો તો વૈષ્ણવોથી ઉપયોગમાં લઈ શકાય જ નહિ.

૭. રસોઈઘરમાં રોજ લીપવું અથવા જલથી સ્વચ્છ કરવું.

૮. શાક,પાન,ફળ ધોયા વિના ઉપયોગમાં ન લેવાં.

૯. પ્રભુને ભોગ ધરવામાં લોખંડનાં વાસણોનો ઉપયોગમાં ન કરવો.

૮. એઠાં પાત્રની શુદ્રિનો વિચાર

૧. બ્રાહ્મણ,ક્ષત્રિય અને વૈશ્યનાં પાત્રની શુધ્ધિ એક વાર માંજવાથી થાય છે.૨. સોના—ચાંદીનાં પાત્રની શુધ્ધિ અગ્નિમાં તપાવી જલથી ધોઈને કરવી.૩. તાંબુ,પિતળ,લોઢું,કલઈ,સીસું—એની શુધ્ધિ લૂણખટાઈ કરી જલથી કરવી.૪. કાંસાના પાત્રની શુધ્ધિ રાખી માંજવાથી થાય છે. ૫. લોઢાની કડાઈ વગેરેની શુધ્ધિ રેતી ગસીને કરવી. ૬ . લાકડાંના પાત્રની શુધ્ધિ છોલવવાથી કે રંદો લગાવવાથી થાય છે. ૭. વાંસના ટોપલા—ટોપલી, છાબડીની શુધ્ધિ ગોમૂત્રથી થાય છે.૮. સુવાવડીનાં એઠાં પાત્રો દશ દિવસની અંદરનાં—ચાંદી સિવાયનાં--નાંખી દેવા યા વેચી, અથવા પતરાવળીનો ઉપયોગ કરવો. ત્યાર પછીનાં પાત્રોને તપાવી એકત્રીસ વાર માંજવાથી શુધ્ધ થાય છે; છંતા અપરસમાં કામ આવે નહી, ચાંદીનાં કામમાં આવે. ૯. પાત્રમાં ગાયે મોં ઘાલ્યુ હોય તો તપાવવું અજાશ્વ મુખતો મેંધ્યે ગાવો મેધ્યાસ્તુપૃષ્ઠત ઃ આ વાક્યનુસાર બકરી અને ઘોડાનું મોઢું પવિત્ર છે, જ્યારે ગાયનું પુચડું પવિત્ર છે ગાયનું મુખ અપવિત્ર છે.૧૦. તાંબાનાં પાત્રમાં દૂધ—દહીં પડે તો મંદિરા સમાન ગણાય.

૯. પથારી આસન વગેરેનો શુધ્ધિવિચાર

૧. આસન, પથારી, વાહન, વહાણ, રસ્તો અને ઘાંસ આ બધાની શુધ્ધિ પવન તથા સૂર્યના કિરણોથી થયા કરે છે. ૨. પ્રવાસમાં બીજાની શય્યાનો ઉપયોગ કરવો પડે તો તે ઉપર કંબલ આદિ બિછાવવું.

૧૦. ધાન્યાદિનો શુધ્ધિવિચાર

૧. જેને એકથી વધારે માણસ ઉપાડી શકે તેટલા પ્રમાણમાં ધાન્ય હોય યા કપડાંનો ઢગલો અને તેને બહારવાળો અડકી જાય તો જલથી પ્રોક્ષણ કરવું. થોડા પ્રમાણમાં હોય તો જલથી ધોઈ લેવું. ૨. લાકડાંના ઢગલાને બહારવાળો અડકી જાય તો ધોઈને સૂકવવા. પરંતુ એક પુરૂષથી ઉપાડી ન શકાય તો પ્રોક્ષણ કરવું. ૩. દૂધ—ઘી ગોવાળના પાત્રમાં હોય ત્યાં સુધિ શુધ્ધ જ છે. ૪. બડીજાતવાળાના પાત્રનું દૂધ લઈ શકાય નહી. પરંતુ શાક ફળ વગેરે તેની પાસેથી લેવામાં વાંધો નથી. ૫. છાણ્યં: (ગાળ્યા) વિનાનું દૂધ ઉપયોગમાં ન લેવાય. ૬. કારીગરોનો હાથ સદા પવિત્ર છે कारुहस्तः सदा शुचिः ।

૧૧. રાંધેલા અન્નની શુધ્ધિના વિચાર

૧. જ્ઞાતિભોજન અથવા મોટો મનોરથ હોય અને પકવાન અધમણથી વધારે હોય અને તેમાં કાગડા અથવા કૂતરાએ મોઢું ઘાલયું હોય તો તે બધું અન્ન છોવાય નહી, પણ જેટલા ભાગમાં મોઢું ઘાલ્યું હોય તેટલાને કાઢી નાખી જલથી પ્રોક્ષણ કરી ઉપયોગમાં લેવું. ૨. દેવયાત્રા, વિવાહ, યજ્ઞ, ઉત્સવમાં કાગડો અથવા કૂતરું રાંધેલ અન્નને અડકી જાય તો તેટલો ભાગ કાઢી નાખી બાકીનાને જલથી પ્રોક્ષણ કરી ઉપયોગમાં લેવું. ૩ ગાયે જેમાં મોઢું ઘાલ્યું હોય તે અન્ન ગાયને જ ખવરાવવું. ૪. રજસ્વલા કે પતિતની દષ્ટિ જેના ઉપર પડી હોય અથવા કોઈ પ્રાણીનું ઉચ્છિષ્ટ હોય તેવું અન્ન પ્રભુને ધરી શકાય નહિ.

૧૨. ઘી દૂધ વગેરેની શુધ્ધિનો વિચાર

૧. ઘી દૂધ શેરડીનો રસ ગોળ વગેરે શુદ્રના વાસણમાંથી અપરસના વાસણમાં અધ્ધરથી આવે તો ઉપયોગમાં આવી શકે. ૨. ગાભણી થવાની હોય અને જેને વિયાયે દશ દિવસ થયા હોય તેવી ગાયનું દૂધ ઉપયોગમાં લઈ ન શકાય. કેમ કે. ગાભણી થવાવાળી ગાય ઋતુમતી છે અને

૧૭.પરચુરણ શુધ્ધિનો વિચાર

૧. કારીગરનો હાથ અને દુકાનમાં વેંચવા મુકેલી વસ્તુ સદા પવિત્ર છે.૨. સામાન્ય રીતે જલનાં બિંદુ પવિત્ર છે; પરંતુ નખાગ્ર (નખના આગળના ભાગ)નું જલબિંદુ,વાળમાંથી ટપકતું જલનું ટીપું, ધોવાતા કપડાનો છાંટો, નાહવા માટે પહેરેલા વસ્ત્રનો છેડો નિચોવતાં ઉડેલો છાંટોઆ અપવિત્ર છે. ૩. અપરસમાં નાહયા પછી માથું એવી રીતે પોંછવું જોઈએ કે વાળમાંથી જલનું ટીપું શરીર પર ન પડે; નહી તો અપરસ જાય. ૪. મુખનો છાંટો અગર વાળ પ્રભુની સામગ્રીમાં કે ફૂલમાલામાં ન પડે તેની સેવા કરનારે સાવધાની રાખવી. એટલા માટે શ્રી નાથજી,જગન્નાથજી આદિ મોટા સ્થળોમાં સેવા કરનારનાં મુખ કપડાંથી બાંધીને જ સેવા કરવાનો રિવાજ છે. ૫. પવન શુધ્ધ છે, પણ કપડાથી કરવામાં આવતો પવન અશુધ્ધ છે. સૂપડાનો,વસ્ત્રોના છેડાનો તેમજ મુખનો પવન અશુધ્ધ છે. ૬. ધુમાડો કોઈ સ્થાને અપવિત્ર નથી, પણ પ્રભુને અપ્રિય હોવાથી જ્યાં ધુમાડો ન જાય ત્યાં નિજમંદિર રાખવું,૭. શ્રીઠાકોરજીની ઝારીજી ઉપર સૂતકીની દૃષ્ટિ પડે તો જલ ઠાલવી એને શુધ્ધ કરવી પડે.

૧૮.આત્મ શુધ્ધિનો વિચાર

૧. શ્રવણ મનન વગેરે આત્મશુધ્ધિ કરનારાં છે, છતાં બધાં શાસ્ત્રોનો સાર એ છે કે ભગવદ્‌ભક્તિ જ આત્મશુધ્ધિ કરનારી છે.

૨. લિંગશરીર અથવાસૂક્ષ્મ શરીરની શુધ્ધિ આહારશુધ્ધિથી થાય છે. અહારશુધ્ધિથી અંતઃકરણની શુધ્ધિ થાય છે, અને તેથી ભગવત્સ્મૃતિ દઢ થાય છે. માટે ભગવત્પ્રસાદથી જ શરીરનું પોષણ કરવું.

—: સમાપ્ત :—



॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥ ॥ શ્રી યજ્ઞનારાયણ હરિર્વિજયતે ॥ ॥ જગદ્ગુરૂ શ્રીવલ્લભાચાર્ય વિજયતે ॥

વધાઈ **વધાઈ**

શ્રી વિરાટ સોમયજ્ઞ મહોત્સવ

શ્રી નાથજી

પૂ.પા. ગોસ્વામી શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રી

પરમાનન્દકંદ પૂર્ણ પુરૂષોતમ પ્રભુની અસીમ કૃપા અને શુભાશીર્વાદ ના ફલસ્વરૂપ પરમપુજ્ય પવિત્ર શ્રી દ્વારકાધામ માં શ્રી વિરાટ સોમયજ્ઞ મહોત્સવ જગદ્ ગુરૂ પીઠાધીશ્વર વેદવેદાન્ત ધર્મશાસ્ત્રોના પ્રકાણ્ડ વિદ્વાન બે વખત રાષ્ટ્રપતિ પુરસ્કાર, સ્વર્ણ ચન્દ્રકથી વિભૂષિત શ્રેષ્ઠ કલા આચાર્ય અનંત શ્રી વિભૂષિત પૂ. પા. ગોસ્વામી શ્રી ગોકુલોત્સવજી મહારાજ શ્રી અ.સૌ.શ્રી વ્રજલક્ષ્મી બહુજી ના ચરણકમલો દ્વારા શુક્રવાર તા. ૨૯–૧૧–૨૦૦૨ થી બુધવાર તા. ૪–૧૨–૨૦૦૨ સુધિ કરવામાં આવ્યો. આ પવિત્ર અને ભગીરથ આયોજનમાં સભ્ય મહાનુભાવો નરસીભાઈ કાનાની દ્વારકા, પરિમલભાઈ ઘેલાની રાજકોટ, કાકુભાઈ પોપટ લોનાવાલા, સંજયભાઈ મોર ઝરિયા (લંડન), ધીરૂભાઈ બગદાઈ (આટાવાલા) રાજકોટ, ચમ્પકભાઈ મોરઝરિયા (કેનેડા), અરવિંદભાઈ એમ. પોપટ (જામનગર), કીરીટભાઈ મોદી (મુંબઈ) વીગેરેએ તનમનથી સેવા આપી કાર્ય સફળ બનાવ્યું

તા. ૨૯નાં સવારે શ્રી દ્વારકાધીશ તથા શ્રી મહાપ્રભુજીની બેઠકથી ભવ્ય શોભાયાત્રાની શરૂઆત થઈ જેમાં શ્રીનાથજી શ્રી મહાપ્રભુજી શ્રી યમુનાજી નાં ચીત્રજી રથમાં પધરાવી અસંખ્ય કળશ ધારી બહેનો સાથે ચાલતાં હતા. આગળ નાચગાન વાજીંત્રો અને જયનાદના નારા સાથે ભકતજનો ચાલતા હતા અને મદયમાં પુજ્ય બાવા શ્રી જનાના તથા આપના લાલબાવા ખુલ્લા ચરણાગારવિંદથી ચાલતા હતા. અસંખ્ય ભાવિકજનો વરણાગીમાં જોડાયા હતા. તેઓ બધાને રેશમી પીળા ઉપરણા ઓઢાળી સનમાનવામાં આવ્યા, રસ્તામાં ફુલની વૃષ્ટિઓ થતી હતી. આમ શોભાયાત્રા યજ્ઞમંડપના દવારે આવતાં કંકુ અક્ષત તથા ફુલહારથી પુજ્ય મહારાજ શ્રીનું સ્વાગત કરી યજ્ઞ મંડપમાં પધરાવ્યા બાવાશ્રીએ શ્રી હસ્તથી ત્રણેસ્વરૂપોને રથમાંથી મંડપની વચ્ચે આસન ઉપર પધરાવ્યાં અને સોમયજ્ઞના મહત્વ વિષે આપશ્રીએ વચનામૃત કર્યા બાદ વેદમંત્રોના ઉચ્ચાર દવારા અલૌકિક અગ્નિ પ્રજવિત કર્યો અને વિદવાન બ્રાહ્મણો દવારા વેદમંત્રોથી મંડપ ગાજી ઉઠયો. તે છ દીવસ સુધિ સવારથી સાંજ સુધિ વેદમંત્રોની દવની ચાલુ રહી વચ્ચે વચ્ચે પુજ્ય બાવાશ્રી આપના વચનામૃત કરતા હતા અને વેદ મંત્રીત પીળા અક્ષતથી આખા મંડપમાં ફરી આર્શીવાદ પ્રદાન કરતા હતા. તે સો ભાવિકજન ઉભા થઈ પોતાના ખોળામાં ઝીલતા હતા અને જેમ બલીરાજાના યજ્ઞમાં ભગવાન વામન રૂપ ધારણ કરી માગવા આવેલા તે પ્રમાણે બાવાશ્રી મંડપમાં ફરી ભકતજનો પાસેથી ભીક્ષાગ્રહણ કરતા હતા. આ સૌમયજ્ઞ સાથે ગોપાલ યજ્ઞમાં પણ ઘણા ભાવીક ભકતોએ હોમ કરવાનો લાભ લીધો અને આ સોમયજ્ઞને પરિક્રમા કરવાનો પણ હજારો વૈષ્ણવોએ લાભ લીધો. કોઈ કોઈ તો ૧૦૮ પરિક્રમા કરતા હતા પછી વિષ્ણુ ભગવાનના પ્રાગટયદીવસે ભવ્ય નંદમહોત્સવ મનાવવામાં આવ્યો જેમાં કૃષ્ણ જન્મની વધાઈના કીર્તનની રમઝટ સાથે નંદઘેર આનંદભયો જે કનૈયા લાલકી ના નાદથી મંડપ ગાજી

ઉડાડયા આવા અલૌકિક આનંદ થી સો ભાવવિભોર બની નાચવા લાગ્યા અને નંદઘેર આનંદ ભયો ના તાનમાં મશગુલ ગઈ ગયા અને છેલ્લે બાણ છોડવામાં આવ્યા. અને આપ શ્રી રથમાં બીરાજી પ્રદક્ષિણા કરી અને ૧૭ ફુટ ઉચા મંચ ઉપર બીરાજી સૌને આર્શીવાદ પાઠવ્યાં આ યજ્ઞમાં આવનાર દરેક વૈષ્ણવો માટે ઉતારા ચા—પણી તથા બંને ટાઈમ મહાપ્રસાદની પુરતી વ્યવસ્થા રાખવામાં આવેલી જેમાં હજારો વૈષ્ણવોએ પ્રસાદ ગ્રહણ કર્યો આ યજ્ઞની પુરી વિગત તો આ પુસ્તકમાં પણ ન સમાય. પરંતુ ટુંકમાં જ વર્ણન કરીએ, બાકી સોમયજ્ઞનો હેતુ બાવા શ્રીએ આપના વચનામૃત દવારા જણાવ્યો છે. સોમયજ્ઞ શ્રી મહાપ્રભુજીના વડવા શ્રી યજ્ઞ નારાયણ ભટજીએ પહેલો કર્યો ત્યારે યજ્ઞના છેલ્લા દીવસે યજ્ઞ વેદી માંથી સાક્ષાત પુષ્ટિ પુરૂષોતમપુર્ણ બ્રહ્મપરમાત્મા (શ્રીમદન મોહનજી) નું સ્વરૂપ સાક્ષાત પ્રગટ થયું અને યજ્ઞ નારાયણ ભટજીને આજ્ઞા કરી કે તમારા વંશમાં જે એકસો સોમયજ્ઞો પુરા કરશે તેને ત્યાં મારૂં પ્રાગટય થશે ત્યાર બાદ યજ્ઞનારાયણના વંશજો સોમયજ્ઞ કરતા રહયા શ્રી લક્ષ્મણભટજીએ છેલ્લા પાંચ યજ્ઞ પુરા કરી સો સોમયજ્ઞ પુરા કર્યા. તેના ફલરૂપે આપને ત્યાં ચંપારણ્યમાં અગ્નિકુંડમાંથી શ્રી મહાપ્રભુજીનું પ્રાગટય થયું. એ શ્રી વલ્લભ પુર્ણ બ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ જેણે ખુલા ચરણાવિંદથી ત્રણ વખત પુથ્વી પરી કૃપા કરી એના અનુસંધાનમાં હાલ સોમયજ્ઞ ની પરંપરા ચાલુ છે. માટે આ સોમયજ્ઞ પુષ્ટિમાર્ગને અનુસરીને અહિંસાત્મક યજ્ઞ છે.

શ્રી નાથજી શ્રી મહાપ્રભુજીનું પ્રથમ મિલન



ગુરૂદેવ–ગો–૧૦૮– શ્રી વ્રજભુષણ લાલજી મહારાજ (જામનગર) ગો–વા–૫–ભ–ઠા–નારણદાસ હેમરાજ વીઠલાણી, ગં.સ્વ. સવીતાબેન નારણદાસ, ચત્રભુજ નારણદાસ, અ.સૌ. રંજનબેન ચત્રભુજ નિતિનકુમાર નારણદાસ,અ.સૌ. પ્રેમીલાબેન નિતિનકુમાર, ગં.સ્વ. મંજુલાબેન વિનોદરાય દેવાણી વેરાવળ, અ.સૌ. ઉષાબેન દિલિપકુમાર ખંધેડીયા ધોરાજી, અ.સૌ. અંજનાબેન લલીતકુમાર માખેચા માણાવદર,દર્શનાબેન, નિશિતકુમાર ભાટેલીયા દ્વારકા તથા વિઠલાણી પરિવારનાંશ્રીગુરૂદેવના ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ, મે. હેમરાજ કાલીદાસ રાજકોટ, માર્કેટીગ યાર્ડ શોપ નં. H–૨૫ ફોન–(ઓ) ૨૭૦૨૩૩૪,૨૭૦૪૪૩૪,૨૨૯૬૨૩૪,રે. ચત્રભુજ ૨૪૫૫૪૬૮,૨૬૯૭૩૬૫. નિતિન–૨૪૫૭૯૨૦

……

ગુરૂદેવ–ગો–૧૦૮– શ્રી કિશોરચંદ્ર મહારાજ (જુનાગઢ) ગો–વા– ક્રિમા હરેશકુમાર જુઠાણી. જન્મ તા. ૩–૩–૮૫,ગો–વા–તા.૪–૮–૯૮ હઃ ૫–ભ–હરેશકુમાર પ્રવિણચંદ્ર જુઠાણી અ.સૌ.મીનાક્ષીબેન હરેશકુમાર,ચિ.હીરલબેન,ચિ.વિરલભાઈ તથા જુઠાણી પરિવારનાં શ્રીગુરૂદેવનાં ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ. માધવકુંજ છાપરા સોસાયટી માંગરોલ–૩૬૨૨૨૫. ફોન–૨૨૨૫૧૭.

……

ગુરૂદેવ–ગો–૧૦૮ શ્રી પુરૂષોતમ લાલજી મહારાજ જુનાગઢ ગો–૧૦૮શ્રી માધવરાય મહારાજ–મથુરા–પોરબંદર ૫–ભ–ઠા–ચુનીલાલ નારણદાસ જોબનપુત્રા, અ.સૌ. દયાબેન ચુનીલાલ, હઃ૫–ભ–ભરતભાઈ ચુનીલાલ, અ.સૌ. સુધાબેન ભરતભાઈ તથા ચિ. નિકેત, ખુશ્બુ તથા જોબનપુત્રા પરિવારનાં શ્રી ગુરૂદેવના ચરણોમાં દંડવત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રી કૃષ્ણ યમુનાશ્રય ઋષભનગર શારદા સોસાયટી પાસે મોરબી–૩૬૩૬૯૨. ફોન–(૦૨૮૨૨)૨૨૦૦૨૨, રે.૨૪૧૦૨૫.

……

ગુરૂદેવ –ગો–૧૦૮ શ્રી નટવરલાલજી મહારાજ દ્વારકા ગો–વા–૫–ભ– જમનાદાસ (વસરામ) ગોરધનદાસ દાવડા,ગં.સ્વ.માણેકબેન વશરામ, ઠૂઃ૫–ભ–મંગળદાસ જમનાદાસ, અ.સૌ. ગીતાબેન મંગળદાસ,અનીલકુમાર જમનાદાસ, અ.સૌ. શીલાબેન અનીલકુમાર, ગં.સ્વ. શાન્તાબેન છગનલાલ દતાણી, અ.સૌ. કુસુમબેન અમૃતલાલ,રાચ્છ,દીપકકુમાર મંગલદાસ દાવડા,અ.સૌ. વિણાબેન દિપકકુમાર, સુભાષ મંગલદાસ,અ.સૌ.શીલ્પાબેન સુભાષ, અ.સૌ.કુંદનબેન શૌલેષ કુમાર હીરાણી, કુ. જલ્પા,રૂપલ,રવી,લખન,અનીલકુમાર, અ.સૌ.નર્મદાબેન નરસીદાસ દતાણી, જામખંભાળીયા,આહીત–ધ્રુવ,દર્શન,દિપકકુમાર,મનન,સુભાષ તથા દાવડા પરિવારનાં શ્રી ગુરૂદેવના ચરણોમાં દંડવંત તથા સર્વ વૈષ્ણવોને જય શ્રીકૃષ્ણ.મે. દીપકકુમાર વ્રજલાલ એન્ડ કું. જનરલ મરચન્ટ એન્ડ કમિશન એજન્ટ જોધપુર ગેઈટ જામખંભાળીયા ફોન–૨૩૪૦૮૧,રે. ૨૩૪૦૯૬.